ધો. ૬-૭, થર્ડગ્રેડ, મેટ્રિક વગેર પરીક્ષાના ઉમેદવારોને
ખાસ ઉપયોગી.

ગોખલેકૃત ગણિત ભાગ ૩ જાનો ખુલાસો.

તૈયાર કરનાર.

બાપાલાલ મનસુખરામ દવે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બી. સી. એન. નો કંપની-મહેમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત. ૨૦૦૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ. દેવીદાસ છગનલાલે છાપ્યો.

સને ૧૯૦૭.

કિંમત ૧૨ આના.

પ્રસ્તાવના.

હાલમાં ગુજરાતી ભાષામાં કેટલાંએક અંકગણિત બહાર પડેલાં છે, તેમાં ગોખલેકૃત અંકગણિત પણ છે. આ અંકગણિતમાં ગણિતના લગભગ તમામ વિષયોનો સમાવેશ થએલો છે. એ અંકગણિતની અગત્યતા જેણે તે જોયું છે તે પૂર્ણ સમજે છે જેથી તે બાબત અત્રે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી; પરંતુ એટલું તો કહેવાની જરૂર છે કે એ ગણિતમાં વિદ્યાર્થીઓની બુદ્ધિ ખીલે એવાં ઉદાહરણો એક પછી એક ઘણાં સારાં આપેલાં છે, અને ખરેખર મેકમીલન કંપનીએ એ ગણિત બહાર પાડી ગુજરાતને ઘણું આભારી કર્યું છે.

એ ગણિતનો પ્રચાર હાલમાં કેટલીક નિશાળોમાં થવા માંડયો છે. પરંતુ સાંભળવા પ્રમાણે એમાંના કેટલાક દાખલા અઘરા હોવાથી કેટલીક નિશાળોમાં હજુ તેનો પ્રચાર થયો નથી. વળી તેમાંના કેટલાક દાખલા બરાબર સમજીને બુદ્ધિ પૂર્વક ગણે તોજ ગણી શકાય તેવા છે. આવા પ્રકારનાં ગણિત ગણવામાં ગણિતના કેટલાક નિયમો કારણ સાથે સમજવા જોઇએ છીએ. આવા નિયમો સને ૧૯૦૩થી ૧૯૦૫ સુધી હું પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કાલેજમાં સ્કૉલર તરીકે રહ્યો તે વખતના ત્યાંના ગણિત શિક્ષક પાસેથી કલાસમાં શીખેલો; તેના પરિણામે ગોખલે કૃત ગણિત ભાગ ૩ જાના તમામ દાખલા ગણી મેં નોંધ કરેલી હતી. પરંતુ ઉપર જણાવ્યું છે તેમ તે ગણિતના દાખલા અઘરા છે એમ સમજી કેટલાક શિક્ષકો હજુ તેનો વાપર કરતા નથી. આ કારણને લીધે તથા કેટલાક વિદ્યાર્થીઓને હિસાબ ગણવાની એવી ટેવ હોય છે કે માત્ર આંકડા મૂકી કંઇ પણ સમજુતિ તથા પદ્ધતિ વગર હિસાબ ગણવા. આવા વિદ્યાર્થીઓ પદ્ધતિસર હિસાબ ગણેલું પુસ્તક જુએ તો તે પ્રમાણે હિસાબ ગણવાની ટેવ પડે. આ બે કારણો ધ્યાનમાં લઇ ગોખલેકૃત ગણિત ભાગ ૩ જાનો ખુલાસો છપાવવાની જરૂર જણાઇ છે.

ટ્રેનિંગ કોલેજના અભ્યાસના પ્રતાપે માપકરણના પણ કેટલાક નવીન નિયમો આ પુસ્તકમાં દાખલ કરેલા છે તે ઉદા. ૧૨ ના દાખલા ૧૪૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮ અને ૧૫૦ જોવાથી જણાશે. તેમજ આકૃતિથી સમજવાલાયક માપકરણના હિસાબોની આકૃતિઓ પણ આપેલી છે.

વળી આ પુસ્તકમાં ગમે તે મૂળ કાઢવાના નિયમો તથા હોડીના હિસાબોના કેટલાક નિયમો પૃષ્ટ ૨૫૪ તથા ૨૫૭ મે આપેલા છે.

સદરહુ પુસ્તકમાં સમજાવેલા દાખલાઓ ધો. ૬, ૭, થર્ડ ગ્રેડ (વર્નાક્યુલર ફાઇનલ), પ્રાવેશિક, મેટ્રિક, સ્કુલફાઇનલ વગેરે પરીક્ષાના ઉમેદવારોને ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત તેમની વિશેષ અનુકુળતાની ખાતર કેટલીક પરીક્ષાઓના ગણિતના સવાલો પણ પાછલા ભાગમાં આપવામાં આવેલા છે.

ગણિતનો વિષય સંપૂર્ણ કરવાને ગોખલેકૃત ગણિતમાં ગણિતપાશની રીત તથા દાખલા આપેલા છે; પરંતુ હાલ ચાલતાં ધોરણો તથા કોલેજોમાં તેનો ઉપયોગ થતો નહિ હોવાથી તે દાખલા આ ખુલાસામાં લીધેલા નથી.

આમાં જે રીતે દાખલા ગણી બતાવ્યા છે તે કરતાં સેહેલી રીતે કોઇ દાખલો જે ગૃહસ્થ ગણી બતાવશે તથા હસ્તદોષ થએલો જણાવશે તો તેમનો ઉપકાર માનવામાં આવશે.

પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગકોલેજમાં ત્રણ વર્ષ અભ્યાસ કરી આ પુસ્તક લખવા હું શક્તિમાન થયો તે બાબત મે. રા. સા. પ્રિન્સિપાલ સાહેબ તથા ત્યાંના શિક્ષક વર્ગનો અંતઃકરણથી આભાર માનું છું.

આ ખુલાસો બનાવવામાં મહેમદાવાદ મુખ્ય સ્કુલના માસ્તર છગનલાલ મોતીરામ તથા દેશાઈ નાથાલાલ પુરૂષોત્તમદાસે મને ઘણી મદદ કરેલી છે માટે તેમનો ઉપકાર માનું છું.

તા. ૫ ઑગસ્ટ ૧૯૦૭
મહેમદાવાદ.

બાપાલાલ મનસુખરામ દવે.

ગોખલે કૃત અંકગણિત ભાગ. ૩ જાનો ખુલાસો.

ઉદાહરણ સંગ્રહ ૧.

સરાસરી અને શતમાન.

કોઈ એકજ જાતની અનેક સંખ્યા ભેગી કરી હોય તો તેના સંબંધના બીજા કોઈ એક પરિમાણને ભાગે તેમાંની કેટલી આવશે એ બતાવનારી ત્રીજી સંખ્યાને સરાસરી સંખ્યા કહે છે.

સરાસરી કાઢવાની રીતઃ—આપેલી સંખ્યાનો સરવાળો કરવો અને તેને જેટલી સંખ્યાનો સરવાળો કર્યો હોય તેટલાએ ભાગવા ભાગાકાર આવશે તે સરાસરી સંખ્યા આવશે.

૧. સોમવારની હાજરી ૩૪, મંગળવારની ૩૬, અને બુધવારની ૨૩ હતી તો ત્રણે વારની ભેગી થઈને ૩૪+૩૬+૨૩=૯૩. ૯૩ હાજરી ત્રણે વારની થઈ પણ એક વારની કાઢવી છે માટે તેને ત્રણે ભાગ્યા તો ૯૩÷૩=૩૧.

જવાબ. ૩૧ તે વર્ગની સરાસરી હાજરી.

૨. પહેલા માણસની વય ૪૭ વર્ષ, બીજાની ૫૫, ત્રીજાની ૨૯ અને ચોથાની ૭૭ વર્ષ છે તો ચારે માણસની ૨૦૮ વર્ષ થઇ માટે એક માણસની સરાસરી કાઢવા તેને ચારે ભાગ્યા તો ૨૦૮÷૪=૫૨

જવાબ. સરાસરી વય ૫૨ વર્ષ.

૩. પહેલા વર્ગમાં ૪૧ છોકરા, બીજામાં ૩૯, ત્રીજામાં ૪૨, ચોથામાં ૩૬, પાંચમામાં ૩૮ છોકરા છે તો પાંચે વર્ગમાં થઇને ૪૧+૩૯+૪૨+૩૬+૩૮=૧૯૬ છોકરા થયા. હવે દરેક વર્ગના સરાસરી છોકરા કાઢવા છે માટે તેને પાંચે ભાગ્યા તો ૧૯૬÷૫=૩૯·૨

જવાબ. દરેક વર્ગના સરાસરી છોકરા ૩૯·૨.

૪. પહેલા શહેરની વસ્તી ૨૫૭૯૧, બીજાની ૨૮૭૬૩૨ અને ત્રીજાની ૯૫૫૧ માણુસની છે તો ત્રણે શહેરની ૨૫૭૯૧+૨૮૭૬૩૨+૯૫૫૧=૩૨૨૯૭૪ માણુસની થઈ. એક શહેરની સરાસરી કાઢવી છે માટે તેને ત્રણે ભાગ્યા તો ૩૨૨૯૭૪÷૩=૧૦૭૬૫૮

જવાબ. ૧૦૭૬૫૮ માણુસની એક શહેરની સરાસરી વસ્તી.

૫. એક વખત ગરમી માપવાથી ૬૦°, બીજી વખત ૬૨°, ત્રીજી વખત ૬૫° ચોથી વખત ૬૮°, પાંચમી વખત ૬૩° છઠ્ઠી વખત ૫૯° અને સાતમી વખત ૫૭° છે તો સાતે વખત (આખા દિવસમાં) થઇને ૪૩૪° થયા તો એક વખતની સરાસરી કાઢવા માટે તેને ૭ ભાગવાં. માટે ૪૩૪°÷૭=૬૨°

જવાબ. તે દિવસની સરાસરી ગરમી ૬૨°.

ટીપ:—આ હિસાબમાં ૬૩° એટલે ૬૩ અંશ સમજવા.

૬. પહેલે દિવસે ૨ માઈલ, બીજે $૨\frac{૧}{૪}$ ત્રીજે $૨\frac{૧}{૨}$, ચોથે ૩ અને પાંચમે દિવસે ૪ માઈલ જાય છે. તો પાંચે દિવસમાં થઇને $૨+૨\frac{૧}{૪}+૨\frac{૧}{૨}+૩+૪=૧૩\frac{૩}{૪}$ માઇલ થયા પણ આપણે એક દિવસના સરાસરી માઇલ કાઢવા છે તો તેને પાંચે ભાગ્યા તો $૧૩\frac{૩}{૪}÷૫=૨\frac{૩}{૪}$ માઈલ.

જવાબ. $૨\frac{૩}{૪}$ એક દિવસના સરાસરી માઈલ.

૭. એક છોકરાની સરાસરી ઉમ્મર ૧૨·૫ છે તો ૫૦ છોકરાની ૧૨·૫×૫૦=૬૨૫ વર્ષ આવી તેમાંથી ૨૦ છોકરાની ઉમ્મર ૧૪×૨૦=૨૮૦ વર્ષ બાદ કરી તો બાકી ૬૨૫−૨૮૦=૩૪૫ ત્રીસ છોકરાની ઉમ્મર આવી માટે એક છોકરાની ઉમ્મર કાઢવા ૩૪૫÷૩૦=૧૧·૫ વર્ષ.

જવાબ. બાકીના દરેક છોકરાની સરાસરી વય ૧૧·૫

૮. દરેક જણનો પગાર સરાસરી ૫૦ રૂપીઆ છે તો ત્રણે જણનો થઇને ૫૦×૩=૧૫૦ રૂ. પગાર अ+ब+क નો થયો તેમાં अનો ૪૦ અને बનો પગાર રૂ. ૩૦ આપ્યો છે એટલે अ+ब નો પગાર ૪૦+૩૦=૭૦ રૂ. થયો તે બાદ કરતાં એકલા क ના ૧૫૦−૭૦=૮૦ રૂ. રહ્યા.

જવાબ. कનો દર મહિનાનો પગાર રૂ. ૮૦

૯. ब+क+ड નો પગાર ૫૦×૩=૧૫૦ રૂપીઆ છે તેમાંથી ड નો પગાર રૂ. ૬૦ બાદ કર્યા તો ब+क નો પગાર ૧૫૦−૬૦=૯૦ રૂપીઆ રહ્યા. अ+ब+क નો પગાર ૪૦×૩=૧૨૦ રૂપીઆ છે તેમાથી ब+क નો પગાર ૯૦ રૂપીઆ બાદ કર્યા તો બાકી ૧૨૦−૯૦=૩૦ રૂ. अ નો પગાર રહ્યા.

જવાબ. अ નો દર મહિનાનો પગાર રૂ. ૩૦

૧૦. દરેક છોકરાનું સરાસરી વજન ૧૦૦ પૌન્ડ છે તો ૩૦ છોકરાનું ૧૦૦×૩૦=૩૦૦૦ પૌન્ડ વજન. શિક્ષક સાથે છોકરાઓનું વજન ૧ પૌન્ડ વધારે છે. એટલે ૧૦૦+૧=૧૦૧ પૌન્ડ એક જણનું વજન પણ શિક્ષક અને છોકરા થઇને તો ૩૦+૧=૩૧ માણસ થયાં માટે તે બધાનું થઇને ૧૦૧×૩૧=૩૧૩૧ પૌન્ડ વજન થયું. શિક્ષક સાથે છોકરાઓનું વજન ૩૧૩૧ પૌન્ડ છે તેમાંથી છોકરાઓનું વજન ૩૦૦૦ પૌન્ડ બાદ કર્યું તો બાકી ૩૧૩૧−૩૦૦૦=૧૩૧ પૌન્ડ શિક્ષકનું વજન રહ્યું.

જવાબ. ૧૩૧ પૌન્ડ શિક્ષકનું વજન.

૧૧. દરેક છોકરાની સરાસરી ઉમ્મર ૧૫ વર્ષ છે તો ૪૦ છોકરાની ઉમ્મર ૪૦×૧૫=૬૦૦ વર્ષ થઇ. બીજી વખત ૧૪·૮૭૫ છે તો ૪૦ છોકરાની ૧૪·૮૭૫×૪૦=૫૯૫ વર્ષ થય. એક છોકરો ઓછો થવાથી ૬૦૦−૫૯૫=૫ વર્ષ ઘટી માટે નવા છોકરાની ઉમર ૫ વર્ષ ઓછી હશે એટલે ૧૮−૫=૧૩ વર્ષ હશે. નવા છોકરાની ઉમ્મર ૧૩ વર્ષ જવાબ

૧૨. ૮૦૦૦૦ માણુસે ૨૦૦૦ માણુસ મરી ગયાં એમ કહ્યું છે. તે ઉપરથી સેંકડે કેટલાં મરી ગયાં એમ માગ્યું છે. તો ૮૦૦૦૦ મા. : ૧૦૦ મા. :: ૨૦૦૦ મા. : ૨·૫

જવાબ. ૨·૫ સેંકડે મરણનું પ્રમાણ.

૧૩. સેંકડે વીસ છે તે ઉપરથી ૧૫૦૦૦ કેટલાં તે માગ્યાં છે તો ૧૦૦ મા. : ૧૫૦૦૦મા. :: ૨૦મા. : ઇષ્ટ=૩૦૦૦

જવાબ. ૩૦૦૦ માણુસ ૩૦ કરતાં વધારે વયનાં.

૧૪. પાંત્રીસ કરતાં વધારે વર્ષની ઉમ્મરના સેંકડે ૨૫ છે તો ૫૦૦ એ પ્રથમ કેટલા તે કાઢવું તો. ૧૦૦ મા. : ૫૦૦ મા. :: ૨૫ મા. : ઇષ્ટ

$\frac{૨૫×૫૦૦}{૧૦૦}$=૧૨૫ માણુસ ૩૫ કરતાં વધારે વર્ષની ઉમ્મરના છે તો બાકીના એટલે ૫૦૦−૧૨૫=૩૭૫ પાંત્રીસ કરતાં ઓછા વર્ષની ઉમ્મરના.

જવાબ ૩૭૫ સિપાઈ ૩૫ વર્ષ કરતાં ઓછી ઉમ્મરના.

૧૫. સેંકડે ૨૦ છોકરા માફી ભણનારા છે તો ૩૫ છોકરામાં માફી કેટલા તે પ્રથમ શોધી કાઢવા માટે ૧૦૦ છો. : ૩૫ છો. :: ૨૦ છો. : ઇષ્ટ

$\frac{૨૦×૩૫}{૧૦૦}$=૭ છોકરા. માફી

૩૫ છોકરામાં ૭ છોકરા માફી તો બાકીના ૩૫−૭=૨૮ છોકરા ફી ભરનાર.

જવાબ. ૨૮ છોકરા ફી ભરનાર.

૧૬. ૧૦૦ માણુસ ગામમાં હોય તો પંદર માણુસે મરી જાય પણ

આતો ૨૮૫ માણુસ મરી ગયાં છે ત્યારે તે ગામમાં માણુસ કેટલાં તે કાઢવા માટે

૧૫મા. મરે :૨૮૫ મા. મરે :: ૧૦૦ મા. વસ્તી : ઇષ્ટપદ $\frac{20 \times 85}{1}$ =૧૯૦૦

જવાબ. ૧૯૦૦ માણુસ તે ગામની વસ્તી.

૧૭. સેંકડે સાત માણુસની વસ્તી વધે એટલે ૧૦૦ માણુસની વસ્તી હોય તો ૧૦૦+૭=૧૦૭ થાય પણ આતો ૪૦૦૦૦ માણુસની વસ્તી છે તો કેટલી થાય તે કાઢવા માટે

૧૦૦ મા. : ૪૦૦૦૦ મા. :: ૧૦૭ મા. : ઇષ્ટપદ $\frac{107 \times 40000}{100}$=૪૨૮૦૦

જવાબ. ૪૨૮૦૦ માણુસની વસ્તી તે ગામમાં થઇ.

૧૮. દર સાલ ૧૦૦ એ દશ માણુસ વધે એટલે ૧૦૦+૧૦=૧૧૦ થાય પણ આતો ૧૦૦૦ માણુસ છે તો કેટલાં થાય તો

૧૦૦ : ૧૦૦૦ :: ૧૧૦ = $\frac{110 \times 1000}{100}$=૧૧૦૦ માણુસ પહેલે વરસે થયાં.

૧૦૦ : ૧૧૦૦ :: ૧૧૦ = $\frac{110 \times 1100}{100}$=૧૨૧૦ માણુસ બીજે વરસે થયાં.

૧૦૦ : ૧૨૧૦ :: ૧૧૦ = $\frac{110 \times 1210}{100}$=૧૩૩૧ માણુસ ત્રીજે વરસે થાય.

જવાબ ત્રણે વરસે થઇને ૧૩૩૧ માણુસ થાય.

૧૯. સેંકડે ૧૬ ગેરહાજર રહે છે તો ૫૦ છોકરે ગેરહાજર કેટલા તે પ્રથમ કાઢવા માટે ૧૦૦ છો. : ૫૦ છો. :: ૧૬ ગે. : ઇષ્ટપદ

$\frac{16 \times 50}{100}$=૮ છોકરા ગેરહાજર

હવે ગેરહાજર રહેલા છોકરામાંના સેંકડે ૨૫ છોકરા મરી ગયા તો આઠે કેટલા મરી ગયા એ કાઢવા ૧૦૦ છો. : ૮ છો. :: ૨૫ મરી = ૨ છોકરા મરી ગયા.

કુલ છોકરા ૫૦ માંથી ૨ મરી ગયેલા બાદ કર્યા તો બાકી ૪૮ રહ્યા.

જવાબ. ૪૮ છોકરા તે વર્ગમાં રહ્યા.

૨૦. ૨૫૦ ના ૩૦૦ થયા એટલે ૩૦૦−૨૫૦=૫૦ વધ્યા. ૨૫૦ છોકરે ૫૦ વધ્યા તો ૧૦૦ છોકરે કેટલા વધ્યા તે કાઢવા માટે

૨૫૦ છો. : ૧૦૦ છો. :: ૫૦ છો. : ઈષ્ટપદ $\frac{૫૦ \times ૧૦૦}{૨૫૦} = ૨૦$

જવાબ સેંકડે ૨૦ છોકરા બીજે વરસે વધ્યા.

૨૧. સોએ ૧૮ ચોથા ધોરણમાં તો ૮૦૦ એ ચોથા ધોરણમાં કેટલા તે કાઢવા માટે ૧૦૦ છો : ૮૦૦ છો :: ૧૮ છો. ચો.

$\frac{૧૮ \times ૮૦૦}{૧૦૦}$=૧૪૪ છોકરા ચોથા ધોરણમાં.

સેંકડે ૨૨ ત્રીજા ધોરણમાં છે તો ૮૦૦ એ કેટલા હશે. એ કાઢવા માટે
૧૦૦ છો. : ૮૦૦ છો. :: ૨૨ ત્રી. ધો.

$\frac{૨૨ \times ૮૦૦}{૧૦૦}$ = ૧૭૬ છોકરા ત્રીજા ધોરણમાં

સેંકડે ૨૮ બીજા ધોરણમાં છે તો ૮૦૦ એ કેટલા હશે એ કાઢવા માટે
૧૦૦ છો. : ૮૦૦ છો. :: ૨૮ બી. ધો.

$\frac{૨૮ \times ૮૦૦}{૧૦૦}$=૨૨૪ છોકરા બીજા ધોરણમાં

૧૪૪ છોકરા ચોથામાં, ૧૭૬ છોકરા ત્રીજામાં, અને ૨૨૪ છોકરા બીજા ધોરણમાં છે તો ત્રણે ધોરણમાં થઈને ૧૪૪+૧૭૬+૨૨૪=૫૪૪ છોકરા છે તો બાકીના ૮૦૦−૫૪૪=૨૫૬ છોકરા પહેલા ધોરણમાં.

જવાબ. ૧૪૪ છોકરા ચોથા ધોરણમાં, ૧૭૬ ત્રીજા ધોરણમાં, ૨૨૪ બીજા ધોરણમાં અને ૨૫૬ છોકરા પહેલા ધોરણમાં.

૨૨. જો બે આના =$\frac{૧}{૮}$ રૂપીઓ દલાલી મળે તો ૧૦૦ રૂ.નો માલ હોય પણ આતો ૧૦ રૂ. ૧ આ. ૩ પાઈ દલાલી મળી ત્યારે માલ કેટલાનો તે કાઢવા માટે ૧૦ રૂ. ૧ આ. ૩ પા.=$\frac{૬૪૫}{૬૪}$ રૂ. $\frac{૧}{૮}$ રૂ. દલાલી : $\frac{૬૪૫}{૬૪}$ દલાલી :: ૧૦૦ રૂ. માલ=૮૦૬૨ રૂ. ૮ આ. જવાબ.

૨૩. ૧૦૦ ગ્યાલન દારૂ હોય તેમાંથી ૪ ગ્યાલન દારૂ જતો રહે તો

બાકી ૧૦૦–૪=૯૬ ગ્યાલન રહે એ રીતે ૧૦૦ ગ્યા. : ૫૦૦ ગ્યા. :: ૯૬ ગ્યા. = ૪૮૦

જવાબ. ૪૮૦ ગ્યાલન દારૂ બાકી.

૨૪. ૭૦૦ ગ્યાલન દારૂ હોય તો ૧૪ ગ્યાલન જતો રહે પણ ૧૦૦ ગ્યાલન હોય તો કેટલો જતો રહે તે કાઢવા માટે

૭૦૦ ગ્યાલન : ૧૦૦ ગ્યા. :: ૧૪ ગ્યા.=૨ ગ્યાલન.

જવાબ સેંકડે ૨ ગ્યાલન જતો રહે.

૨૫. એક ઘડીઆળના ૪૦ રૂ.પ્રમાણે ૨૦ ઘડીઆળના ૪૦×૨૦=૮૦૦ રૂ. થયા તેના ઉપર સેંકડે ૧૦ રૂ. કમીશન ભરશે એટલે કમીશનના

૧૦૦ રૂ. : ૮૦૦ રૂ. :: ૧૦ રૂ. ક. ૮૦૦ રૂ. ઘડીઆળના.

$\frac{\text{૧૦×૮૦૦}}{\text{૧૦૦}}$ = ૮૦ રૂ.કમીશન ૮૦ રૂ. કમીશન

જવાબ એકંદર ૮૮૦ રૂ.થાપણ રોકવી પડશે. ૮૮૦ રૂ.થાપણ રોકવી પડે

૨૬. ૧૦૦ રૂ. માલની કિંમત હોય તો ૧૦ ટકા જકાતના થાય એટલે કુલ ૧૧૦ રૂ. થાય. એટલે ૧૧૦ રૂ. થાય તો ૧૦૦ રૂ. ઘડીઆળની નક્કી કીંમત હોય પણ આતો ૧૨૧ રૂ. કુલ કીંમત થાય તો તેની નક્કી કીંમત કેટલી તે કાઢવા માટે ૧૧૦ રૂ. : ૧૨૧ રૂ :: ૧૦૦ રૂ.=૧૧૦ રૂ.

જવાબ ૧૧૦ રૂ. ઘડીઆળની કીંમત.

૨૭. ૧૦૦ શેરે ૨૦ શેર નુકસાન એટલે ૮૦ શેર ખરૂં વજન. ૧૦૦ શેર ખો. વ. : ૧ શે : ૮૦ શે. ખ. વ.=$\frac{\text{૪}}{\text{૫}}$ શેર ઓછા શેરનું વજન. જવાબ.

૨૮. ૧૦૦ રૂ. આવક હોય તો ૮ રૂ. કર આપે એટલે ૯૨ રૂ. ચોખ્ખી આવક રહે. એટલે ૯૨ રૂ. ચોખ્ખી આવક રહે તો ૧૦૦ રૂ. તેની આવક કહેવાય પણ આતો ૨૪૦૦૦ ચોખ્ખી આવક રહે છે ત્યારે તેની આવક કેટલી કહેવાય તે કાઢવા માટે.

૯૨ રૂ. : ૨૪૦૦૦ રૂ. :: ૧૦૦ રૂ. $\frac{\text{૧૦૦ (૨૫)×૨૪૦૦૦}}{\text{૯૨ (૨૩)}}=\frac{\text{૬૦૦૦૦૦}}{\text{૨૩}}$=૨૬૦૮૬$\frac{\text{૨૨}}{\text{૨૩}}$

જવાબ ૨૬૦૮૬ $\frac{૨૨}{૬૩}$ તે માણસની આવક.

૨૯.

વર્ષ.	પરીક્ષા આપવા સારૂ જેણે અરજી મોકલી હોય તેની સંખ્યા:	પરીક્ષામાં જે બેઠા તેની સંખ્યા.	પાસ થયા તેની સંખ્યા.	પાસ થએલાનું સેંકડે પ્રમાણ.	
				જેની અરજી આવેલી તેનું.	પરીક્ષામાં જે બેઠા હોય તેનું.
૧૮૯૪	૪૪૦	૪૩૫	૪૧૦	૯૩·૧૮	૯૪·૨૫
૧૮૯૫	૬૫૦	૬૧૮	૫૬૪	૮૬·૭૬	૯૧·૨૬
૧૮૯૬	૫૬૮	૫૬૬	૪૯૨	૮૬·૬૧	૮૬·૯૨
૧૮૯૭	૭૨૩	૭૨૨	૭૦૦	૯૬·૮૧	૯૬·૯૫
૧૮૯૮	૮૧૪	૮૧૨	૭૨૪	૮૮·૯૪	૮૯·૧૬
૧૮૯૯	૯૨૫	૯૧૫	૮૨૫	૮૯·૯૧	૯૦·૩૨
એકંદર	૪૧૨૦	૪૦૬૮	૩૭૧૫	૯૦·૧૬	૯૧·૩૨

ઉપરના હિસાબ ઉપરથી જણાય છે કે ૪૪૦ છોકરા બેઠા છે અને ૪૧૦ છોકરા પાસ છે તો ૧૦૦ છોકરે કેટલા પાસ તે કાઢવા માટે ૪૪૦ છો.: ૧૦૦ છો. :: ૪૧૦ છો. પા.

$$\frac{૪૧૦ \times ૧૦૦}{૪૪૦} = \frac{૧૦૨૫}{૧૧} = ૯૩·૧૮$$

૪૩૫ બેઠેલા છે તેમાંથી ૪૧૦ પાસ છે તો ૧૦૦ એ કેટલા તે કાઢવા માટે ૪૩૫ બેઠા : ૧૦૦ બેઠા :: ૪૧૦ પાસ.

$$\frac{૪૧૦ \times ૧૦૦}{૪૩૫} = \frac{૮૨૦૦}{૮૭} = ૯૪·૨૫$$

એજ રીતે બીજા બધા કર્યા તોઃ—

૬૫૦ અરજીઃ ૧૦૦ અરજી :: ૫૬૪ પાસ $\frac{१००\times५६४}{६५०} = \frac{११२८}{१३} = ८६\cdot७६$

૬૧૮ બેઠાઃ ૧૦૦ બેઠા :: ૫૬૪ પાસ $\frac{५६४\times१००}{६१८} = \frac{५६४००}{१०३} = ९१\cdot२६$

ઉપર પ્રમાણેજ દરેક વરસને માટે ત્રિરાશીઓ મૂકવાથી જવાબ આવશે.

૩૦. સેંકડે ૨૫ નાપાસ થયા તો બાકીના ૧૦૦–૨૫=૭૫ પાસ થયા હશે.

૧૦૦ છો. : ૪૬૦ છોકરા :: ૭૫ પાસ. $\frac{७५\times४६०}{१००} = $ ૩૪૫ પહેલી નિશાળમાં પાસ

બીજી નિશાળમાં સેંકડે ૩૫ નાપાસ થયા તો ૧૦૦–૩૫=૬૫ પાસ થએલા.

૧૦૦ છો. :૫૪૦ છો.:: ૬૫ પાસ $\frac{६५\times५४०}{१००} = $ ૩૫૧ બીજી નિશાળમાં પાસ

તો બન્ને નિશાળમાં થઇને ૩૪૫+૩૫૧=૬૯૬ પાસ પણ તે નિશાળમાં બધા થઇને ૪૬૦+૫૪૦=૧૦૦૦ છોકરા હતા માટે

૧૦૦૦ છો. : ૧૦૦ છો. ::૬૯૬ પાસ $\frac{६९६\times१००}{१०००} = \frac{६९६}{१०} = ६९\cdot६$ છોકરા પાસ

જવાબ. બન્ને નિશાળમાં થઇને સેંકડે ૬૯·૬ છોકરા પાસ

૩૧. સેકડે ૨૦ ટકા પ્રમાણે જે ઘટ જાય છે તે ન જાય પણ જો ૪ ટકા પ્રમાણે ઘટ જાય તો ૫ લાખ મણ લોટ ન લાવવો પડે માટે ૨૦–૪=૧૬ મણ વધારે થાય તે ૧૦૦ મણની બરાબર છે માટે—

૧૬ મ. : ૫૦૦૦૦૦ મણ :: ૧૦૦ મણ : ઇષ્ટમણ=૩૧૨૫૦૦૦ જવાબ.

૩૨. જો **ब** નો પગાર ૧૦૦ હોય તો **अ** નો ૧૦૦+૪૦=૧૪૦

રૂ. થાય એટલે अ નો ૧૪૦ રૂ. તો ब નો ૧૦૦ રૂ. એટલે ब ને ૧૪૦−૧૦૦=૪૦ રૂ. ઓછી આવક.

$$૧૪૦\text{ રૂ.} : ૧૦૦\text{ રૂ.} :: ૪૦\text{ રૂ.} \quad \frac{૪૦\times૧૦૦}{૧૪૦}=\frac{૨૦૦}{૭}=૨૮\frac{૪}{૭}$$

જવાબ $૨૮\frac{૪}{૭}$ अ ના કરતાં સેંકડે ઓછી.

૩૩. જો ત્રીજી સંખ્યા ૧૦૦ હોય તો પહેલી સંખ્યા ૧૦૦+૨૫=૧૨૫ થાય જો ત્રીજી સંખ્યા ૧૦૦ હોય તો બીજી સંખ્યા ૧૦૦+૨૦=૧૨૦ થાય. હવે પહેલી સંખ્યા ૧૨૫ છે અને બીજી ૧૨૦ છે માટે બીજી પહેલી કરતાં ૧૨૫−૧૨૦=૫ ઓછી છે માટે ૧૨૫: ૧૦૦ :: ૫=૪ પહેલી સંખ્યા કરતાં બીજી સંખ્યા સેંકડે ઓછી. જવાબ.

૩૪. ઉમેદવારને ૨૧૦ દોકડા મળ્યા હતા પણ જો ૪૦ દોકડા વધારે હોય એટલે ૨૧૦+૪૦=૨૫૦ દોકડા હોય તો તે માણસ પાસ થાય તેમજ તેને સેંકડે ૪૦ દોકડા મળ્યા કહેવાય. જો સેંકડે ૪૦ પ્રમાણે દોકડા મેળવવા હોય તો ૨૫૦ દોકડા જોઇએ પણ જો પુરેપુરા મેળવવા હોય તો કેટલા દોકડા જોઇએ તે કાઢવા ૪૦ દો. : ૧૦૦ દો. :: ૨૫૦ દો. : ૬૨૫ દોકડા=૬૨૫ દોકડા જોઇએ. જવાબ.

૩૫. સેંકડે ૨૫ દોકડા મળે તો ૮૦ દોકડા ખૂટતા રહે પરંતુ જો સેંકડે ૩૫ દોકડા મળે તો ૧૦ દોકડા વધે. આ ઉપરથી જણાય છે કે પહેલા ઉમેદવારને સેંકડે ૧૦ દોકડા બીજા કરતાં ઓછા મળ્યા તો ૮૦+૧૦ = ૯૦ દોકડાનો તફાવત બન્ને વચ્ચે રહ્યો. આ ઉપરથી પરીક્ષામાં કુલ દોકડા કેટલા જોઇએ તે ઉપરની રીતેજ કાઢવા. ૧૦ દો. : ૧૦૦ દો. :: ૯૦ દો. : ૯૦૦ દોકડા=૯૦૦ દોકડા પરીક્ષામાં કુલ જોઇશે. પહેલા ઉમેદવારને પાસ થવાને સેંકડે ૨૫ કરતાં ૮૦ દોકડા ખૂટતા રહે છે તે પ્રમાણે સેંકડે ૨૫ ટકા પ્રમાણે ગણતાં કેટલા જોઇએ તો ૧૦૦

દો. : ૯૦૦ દો. :: ૨૫ દો. : ૪૯ દોકડા=૨૨૫ દોકડા પહેલા ઉમેદવાર મળ્યા તો પણ પાસ થવાને ૮૦ ખુટયા એટલે જો તેને ૨૨૫+૮૦=૩૦૫ દોકડા મળ્યા હોત તો પાસ થાત.

જવાબ પાસ થવાને ૩૦૫ દોકડા જોઇએ.

૩૬. વર્ષની આખરે સેંકડે ૨૦ પુરૂષ વધ્યા એટલે ૧૦૦ પુરૂષ હોય તો ૧૦૦+૨૦=૧૨૦ પુરૂષ થાય પણ આતો ૨૬૦ પુરૂષ છે. તો પુરૂષ કેટલા થાય તે કાઢવા માટે ૧૦૦ પુ. : ૨૬૦ પુ ::૧૨૦ પુ : ૭૮ પુરૂષ=૩૧૨ પુરૂષ થાય.

સ્ત્રીઓ સેંકડે ૧૦ ઘટે એટલે ૧૦૦−૧૦=૯૦ સ્ત્રીઓ થાય પણ આતો ૧૨૦ સ્ત્રીઓ છે. તો કેટલી થાય તે કાઢવા માટે ૧૦૦ સ્ત્રી : ૧૨૦ સ્ત્રી :: ૯૦ સ્ત્રી : ૪૭૮સ્ત્રીઓ.=૧૦૮ સ્ત્રીઓ થાય એટલે પ્રથમ પુરૂષ+સ્ત્રી મળી ૩૮૦ કેદી હતા. તે વર્ષ આખરે ૩૧૨+૧૦૮=૪૨૦ કેદી થયા એટલે ૪૨૦−૩૮૦=૪૦ કેદી કુલ વધ્યા. તે ૩૮૦ ઉપર વધ્યા પણ સેંકડે કાઢવા માટે ૩૮૦ કેદી : ૧૦૦ કેદી :: ૪૦ કે. વધ્યા=૭૮કેદી : ૧૦$\frac{10}{19}$ કેદી સેંકડે બીજે વર્ષે વધ્યા. જવાબ.

ઉદાહરણ સંગ્રહ ૨.

વીમો.

૧. વીમાનો દર સેંકડે ૨$\frac{1}{2}$ ટકા પ્રમાણે છે એટલે દર ૧૦૦ રૂપીઆના માલપર ૨$\frac{1}{2}$ રૂપીઆ વીમા ખર્ચ આપવું પડે છે તે પ્રમાણે ૧૮૫૨૫ રૂપીઆના માલનું શું વીમા ખર્ચ આપવું પડશે તે કાઢવા માટે— ૧૦૦ રૂ. :૧૮૫૨૫ રૂ. ::$\frac{5}{2}$ રૂ.:૪૯ રૂપીઆ વીમા ખર્ચ.=૪૬૩ રૂ. ૨ આ.જ.

૨. વીમાનો દર સેંકડે ૫ ટકા પ્રમાણે છે. એટલે દર ૧૦૦ રૂપીઆના કે. પૌન્ડના માલપર ૫ રૂપીઆ કે પૌન્ડ વીમા ખર્ચ આપવું પડે

તે પ્રમાણે ૬૪૦ પૌન્ડપરં શું આપવું પડશે તે કાઢવા માટે ૧૦૦ પા. : ૬૪૦ પૌ :: ૫ પૌન્ડ : ઇષ્ટ પૌન્ડ વીમા ખર્ચ.=૩૨ પૌન્ડ **જવાબ.**

૩. વીમાનો દર સેકડે ૨ ટકા પ્રમાણે છે એટલે દર સો રૂપીઆના માલપર એક વર્ષે ૨ રૂપીઆ વીમા ખર્ચનું આપવું પડે તે પ્રમાણે ૨૫ વર્ષનું વીમા ખર્ચ શું આપવું પડે તે કાઢવા માટે:—

રૂા.	રૂ.	રૂ.
૧૦૦ : ૨૫૦૦૦		:: ૨ = ૧૨૫૦૦ રૂપીઆ જવાબ.
વરસ	વરસ	
૧ = ૨૫		

૪. સેંકડે ૫ રૂપીઆ પ્રમાણે ૧૦૦ રૂપીઆના માલની કિંમત ૧૦૦ રૂપીઆજ નોંધાવી હોય તો વીમા ખર્ચ ૫ રૂપીઆ પડે છે અને માલનો નાશ થાય તો નોંધાવેલી કીંમત મુજબ ૧૦૦ રૂપીઆજ પાછા મળે છે પરંતુ માલની કિંમત ૯૫ રૂપીઆ હોય અને ૧૦૦ રૂપીઆ નોંધાવી હોય તો નોંધાવેલી કિંમતપર વીમા ખર્ચ પડે છે અને નોંધાવેલી કિંમત રૂ. ૧૦૦ મળે છે. એટલે માલની મૂળ કિંમત અને વીમા ખર્ચ મળીને (૯૫+૫) ૧૦૦ રૂા. પાછા મળે છે. માટે જો માલનો નાશ થયે માલની મુળ કિંમત અને વીમા ખર્ચ લેવું હોય તો ૯૫ ના માલે ૧૦૦ રૂપીઆનો વીમો ઉતરાવવો. માટે ત્રિરાશીથી ૯૫ રૂ. : ૨૦૦૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂપીઆનો વીમો ઉતરાવવો.=$\frac{૪૦૦૦૦}{૧૯}$

હવે વીમા ખર્ચ ૧૦૦ રૂપીઆના માલે ૫ રૂપીઆ પડે છે તો $\frac{૪૦૦૦૦}{૧૯}$ ના માલ ઉપર કેટલું પડે તે કાઢવા માટે:—

૧૦૦ રૂ. : $\frac{૪૦૦૦૦}{૧૯}$ રૂ. :: ૫ રૂ. : ઇષ્ટ રૂપીઆ=૧૦૫$\frac{૫}{૧૯}$ રૂ. જવાબ.

૫. વીમા ખર્ચ ઓછું બેસવા માટે ૧૦૦ રૂપીએ ૮૬.૬ રૂપીઆનો માલ નોંધાવ્યો તે પ્રમાણે ૫૦૦૦ રૂપીઆના માલનો વીમો ૪૩૩૩$\frac{૧}{૩}$ રૂ. એ ઉતરાવ્યો. ૧૦૦ રૂ. : $\frac{૧૩૦૦૦}{૩}$ રૂ :: ૪ રૂ. : ઇષ્ટ રૂપીઆ=૧૭૩$\frac{૧}{૩}$ રૂ. વીમા ખર્ચ આપેલું.

૫૦૦૦ રૂ. નો માલ અને ૧૭૩$\frac{૧}{૩}$ રૂપીઆ વીમા ખર્ચ આપ્યું એટલે કુલ તે માણસને ૫૦૦૦+૧૭૩$\frac{૧}{૩}$=૫૧૭૩$\frac{૧}{૩}$ રૂપીઆ ખર્ચ થયું તેને બદલે તેને ૪૩૩૩$\frac{૧}{૩}$ રૂપીઆ પાછા મળ્યા એટલે તેને ૫૧૭૩$\frac{૧}{૩}$-૪૩૩૩$\frac{૧}{૩}$=૮૪૦ રૂ. ની ખોટ ગઈ જવાબ.

૬ જો ૫ રૂપીઆ વીમા ખર્ચ ભરે ત્યારે ૧૦૦ રૂ. નો માલ નંધાવેલા હોય પણ આતો ૬૩ રૂ. વીમા ખર્ચ ભર્યું છે. ત્યારે કેટલી કિંમત નોંધાવેલી તે કાઢવા માટે ૫ રૂ : ૬૩ રૂ. : ૧૦૦ રૂ. : ઇષ્ટ=૧૨૬૦ રૂ. નોંધાવેલી કિંમત. આ ૧૨૬૦ રૂપીઆ તેના માલની કિંમત+વીમા ખર્ચના ૬૩ રૂ. મળી થએલા છે તો ૬૩ રૂપીઆ બાદ કરવાથી માલની મુળ કિંમત આવશે એટલે ૧૨૬૦-૬૩=૧૧૯૭ માલની મુળ કિંમત જવાબ.

૭ સેંકડે ૧ પોં. ૧૨ શી. એટલે ૧$\frac{૩}{૫}$ પોન્ડ વીમા ખર્ચ છે અને વીમો એવી રીતે ઉતરાવવો છે કે માલનો નાશ થયે વીમા ખર્ચ અને માલની મુળ કિંમત મળે માટે જો ૧૦૦-૧$\frac{૩}{૫}$=૯૮$\frac{૨}{૫}$=$\frac{૪૯૨}{૫}$ પોન્ડનો માલ હોય તો ૧૦૦ પોન્ડનો વીમો ઉતરાવવો. એ હિસાબે ૧૩૧૨ પોન્ડનો માલ છે તેનો વીમો કેટલા પોન્ડથી ઉતરાવવો એ કાઢવા માટે.
$\frac{૪૯૨}{૫}$ પો. : ૧૩૧૨ પો. :: ૧૦૦ પોન્ડ : ઇષ્ટ પોન્ડ=૧૩૩૩ પો. ૬ શિ. ૪ પેન્સ. જવાબ.

૮. સેંકડે ૪$\frac{૧}{૨}$ ટકા પ્રમાણે વીમા ખર્ચ ભરતાં ૪૫ પોન્ડ વીમા ખર્ચના ભર્યા તો કેટલા રૂપીઆનો વીમો ઉતરાવ્યો હશે તે કાઢવા માટે.
$\frac{૯}{૨}$ પો. :૪૫ પો.:: ૧૦૦ પોડ :ઇષ્ટ પોન્ડ=૧૦૦૦ પોન્ડનો વીમો ઉતરાવેલો. માટે ૧૦૦૦ પોન્ડ એ ૪૫ પો. વીમા ખર્ચ+૫૫ પો. નફો+માલની કિંમત થઈ થએલા છે તો માલની કિંમત કાઢવા માટે ૧૦૦૦-૪૫-૫૫=૯૦૦ જવાબ.

૯ વીમા ખર્ચ સેંકડે ૫ રૂપીઆ પ્રમાણે છે વળી માલનો નાશ થયે

માલની મૂળ કિંમત તથા વીમા ખર્ચ લેવું છે માટે ૧૦૦-૫=૯૫ રૂપીઆનો માલ હોય તો પણ ૧૦૦ રૂપીઆનો વીમો ઉતરાવવો પણ આતો ૨૫૦૦ રૂપીઆનો માલ છે ત્યારે કેટલા રૂપીઆનો વીમો ઉતરાવવો તે કાઢવા માટે ૯૫ રૂ. : ૨૫૦૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂપીઆનો વીમો ઉતરાવવો=૨૬૧૩ રૂ. ૯ આ. ૩$\frac{૩}{૧૯}$ પાઇ. જવાબ.

૧૦ જો ૫ રૂપીઆ વીમા ખર્ચ ભરેતો ૧૦૦ રૂપીઆનો વીમો ઉતરાવેલો હોય પણ આતો ૫૨૫ રૂપીઆ વીમા ખર્ચ ભરેલુંછે તો કેટલાનો વીમો ઉતરાવેલો તે કાઢવા માટે ૫ રૂ. : ૫૨૫ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂપીઆનો વીમો ઉતરાવેલો=૧૦૫૦૦ રૂ. નો વીમો ઉતરાવેલો પણ તે રૂપીઆ તો માલની કિંમત+૫૨૫ રૂ. વીમા ખર્ચ થઇને થએલા છે તેમાંથી વીમાખર્ચના ૫૨૫ રૂ. બાદ કરીએ તો ૧૦૫૦૦-૫૨૫=૯૯૭૫ રૂ. આવે તે માલની કિંમત. જવાબ.

૧૧. વીમા ખર્ચ સેંકડે ૧૦ રૂપીઆ પ્રમાણે છે વળી ઘર બળી ગયે ઘરની મૂળ કિંમત તથા વીમા ખર્ચ લેવું છે માટે ૧૦૦-૧૦=૯૦ રૂ. નું ઘર હોયતો ૧૦૦ રૂ. નો વીમો ઉતરાવવો પણ આતો ૪૦૦૦૦ રૂપીઆનો માલ છે તો કેટલા રૂપીઆનો વીમો ઉતરાવવો એ પ્રથમ કાઢવું માટે ૧૦૦-૧૦=૯૦. ૯૦ રૂ. : ૪૦૦૦૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂપીઆનો વીમો ઉતરાવવો.=$\frac{૪૦૦૦૦૦}{૯}$ નો વીમો ઉતરાવવો.

હવે વીમા ખર્ચ સેંકડે ૧૦ ટકા છે માટે.

૧૦૦ રૂ. : $\frac{૪૦૦૦૦૦}{૯}$ રૂ. :: ૧૦ : ઇષ્ટ રૂપીઆ વીમા ખર્ચ.=૪૪૪૪$\frac{૪}{૯}$ રૂ. જવાબ.

૧૨ ૧૦૦ રૂપીએ ૧¼ રૂપીઆ અથવા પૌન્ડ પ્રમાણે ૧૨૦૦ ની માલનું વીમા ખર્ચ શું આપવું પડે તે કાઢવા માટે:—

૧૦૦ પૌ. : ૧૨૦૦ પૌ. :: $\frac{૫}{૪}$ પૌ. : ઇષ્ટ પૌન્ડ વીમા ખર્ચ.=૧૫ પૌન્ડ

૬૩ પૌન્ડ ભાડું આવે તેમાંથી ૧૫ પૌન્ડ વીમા ખર્ચના જતા રહે

એટલે ૬૩−૧૫=૪૮ પૌન્ડ ૧૨૦૦ પોન્ડ ઉપર વ્યાજના રહે પણ આ-પણે ૧૦૦ ઉપર કાઢવું છે માટે—

૧૨૦૦ પૌ. : ૧૦૦ પા. :: ૪૮ પૌન્ડ ; ૪૮ પૌન્ડ=૪ વ્યાજ જવાબ.

૧૩ તે માણસ ૧૧ મો હપ્તો ભરવાને દિવસે મરી ગયો એટલે તેને ૧૧ હમાના ૧૧×૩૦૦=૩૩૦૦ રૂ. ભરવા પડશે અને ૫૦૦૦ રૂ. આવશે એટલે ૫૦૦૦−૩૩૦૦=૧૭૦૦ રૂપીઆ નફો થશે. જવાબ.

૧૪. ૧૫૦૦૦ રૂા. નો વીમો ઉતારાવ્યો છે તેમાં ૨$\frac{૧}{૨}$ ટકા પ્રમાણે વીમા ખર્ચ આપવું પડે છે માટે ૧૦૦ રૂા. : ૧૫૦૦૦ રૂા. :: $\frac{૫}{૨}$ રૂા. : ૪૪ રૂા. = ૩૭૫ રૂા. દર વરસે ભરવા પડે. પહેલે વર્ષે ૩૭૫ રૂા. ભરેલા તેનું ૩ વર્ષ સુધીનું ચક્રવૃદ્ધિ વ્યાજ મુદલ કાઢવું પડશે. બીજે વરસે ભરેલા ૩૭૫ રૂા. નું બે વર્ષનું ચક્રવૃદ્ધિ રીતે વ્યાજ મુદલ કાઢવું પડશે અને ત્રીજે વર્ષે ભરેલા રૂા. નું એક વર્ષનું વ્યાજ મુદલ કાઢવું પડશે માટે—

૧૦૦ રૂા. : ૧ રૂા. :: ૫ રૂા. : $\frac{૧}{૨૦}$ વ્યાજ+૧ મુદલ=$\frac{૨૧}{૨૦}$ વ્યાજ મુદલ.

$\frac{૨૧}{૨૦} \times \frac{૨૧}{૨૦} \times \frac{૨૧}{૨૦} \times \frac{૩૭૫}{૧} = \frac{૨૭૭૮૩}{૬૪}$ રૂ. વ્યા. મુ. ત્રણ વર્ષનું.

$\frac{૨૧}{૨૦} \times \frac{૨૧}{૨૦} \times \frac{૩૭૫}{૧} = \frac{૬૬૧૫}{૧૬}$ રૂા. વ્યા. મુ. બે વર્ષનું.

૧૦૦ રૂા. : ૩૭૫ રૂ. :: ૧૦૫ રૂા. = $\frac{૧૫૭૫}{૪}$ રૂા. વ્યા. મુ. ૧ વર્ષનું.

$\frac{૨૭૭૮૩}{૧૪} + \frac{૬૬૧૫}{૧૬} + \frac{૭૫૧૫}{૪} = \frac{૧૦૩૪૪૩}{૬૪}$=૧૬૧૬ રૂા. ૪ આ. ૯ પાઈ તે માણસે ભર્યા અને મરી ગયો ત્યારે ૧૫૦૦૦ રૂા. મળ્યા માટે:—

૧૫૦૦૦ રૂા.	૦	૦
૧૬૧૬	૪	૯
૧૩૩૮૩	૧૧	૩ નફો જવાબ.

૧૫. તે માણસ ૫૫−૪૫=૧૦ વર્ષ જીવ્યો એટલે તેણે દર વરસે દર સેંકડે ૮ ટકા પ્રમાણે ૮૦૦૦ રૂપીઆનું ૧૯ વર્ષ સુધી કેટલું વીમા ખર્ચ ભર્યું તે કાઢવા માટે

રૂ. રૂ.
૧૦૦ : ૮૦૦૦
વ. વ.
૧ : ૧૦
} :: ૮ : ક્ષ રૂપીઆ. = ૬૪૦૦ રૂ. વીમા ખર્ચ ભર્યું.

૧૦૦ રૂ. : ૮૦૦૦ રૂ. :: ૮ રૂ. : ક્ષ રૂપીઆ = ૬૪૦ રૂ. એક વર્ષે વીમા ખર્ચ ચઢે.

પહેલે વરસે જે ૬૪૦ રૂ. વીમા ખર્ચના ભરેલા તેનું દશ વરસ સુધી વ્યાજ ચઢશે. બીજે વરસે આપેલા તેનું ૯ વર્ષ સુધી. તે પ્રમાણે અનુક્રમે ૧૦+૯+૮+૭+૬+૫+૪+૩+૨+૧+૦= ૫૫ વર્ષનું ૬૪૦ રૂ. નું સાદુ વ્યાજ ચઢશે. તે કાઢવા માટે.

વ. વ.
૧ : ૫૫
રૂ. રૂ.
૧૦૦૦ : ૬૪૦
} ટકા :: ૬ : ક્ષ રૂપીઆ = ૨૧૧૨ રૂ. વ્યાજના ભરશે.

તે માણસ ૨૧૧૨ રૂપીઆ વ્યાજના ભરશે અને ૬૪૦૦ રૂ. વીમા ખર્ચ ભરશે એટલે એકંદર ૬૪૦૦+૨૧૧૨=૮૫૧૨ રૂપીઆ ભરશે અને તેના વારસોને ૮૦૦૦ રૂપીઆ મળશે એટલે તેમને ૮૫૧૨−૮૦૦૦=૫૧૨ રૂ. ખોટ જશે. જવાબ.

ઉદાહરણ સંગ્રહ ૩.

પ્રમાણ ભાગ.

૧. ૪ અને ૩ નું જે ગુણોત્તર છે તેજ પહેલા અને બીજા ભાગનું હોવું જોઇએ ૪ અને ૩ નું જે ગુણોત્તર છે તેજ ગુણોત્તર પ્રમાણે ભાગ પાડવા છે માટે ઉપર પ્રમાણે ભાગ પાડવાથી મૂળ રકમ (૪+૩) = ૭ હોવી જોઇએ પણ આતો મૂળ રકમ ૪૯ છે માટે.

૭ : ૪૯ :: ૪ : ક્ષ ભાગ = ૨૮ પહેલો ભાગ

બે ભાગ થઈને ૪૯ છે તેમાંનો પ્રથમ ભાગ ૨૮ છે તો બીજો ભાગ ૪૯-૨૮=૨૧. જવાબ. ૨૮, ૨૧

૨. મૂળ રકમ ૨+૫+૧૨=૧૯ હોય તો પ્રમાણ ભાગ અનુક્રમે ૨, ૫, ૧૨ હોય પણ આતો મૂળ રકમ ૭૬ છે તો દરેક ભાગ કેટલો તે કાઢવા માટે

૧૯ : ૭૬ :: ૨ : ઇષ્ટ ભાગ. = ૮ પહેલો ભાગ.
૧૯ : ૭૬ :: ૫ : ઇષ્ટ ભાગ = ૨૦ બીજો ભાગ.
૧૯ : ૭૬ :: ૧૨ : ઇષ્ટ ભાગ = ૪૮ ત્રીજો ભાગ. } જવાબ

૩. મૂળ રકમ ૧+૨+૩+૫=૧૧ હોય તો પ્રમાણ ભાગ અનુક્રમે ૧, ૨, ૩, ને ૫ ભાગ હોય પણ આતો મૂળ રકમ ૧૧૨૨ છે તો દરેક ભાગ કેટલો તે કાઢવા માટે.

૧૧ : ૧૧૨૨ :: ૨ : ઇષ્ટ ભાગ = ૨૦૪
૧૧ : ૧૧૨૨ :: ૧ : ઇષ્ટ ભાગ = ૧૦૨
૧૧ : ૧૧૨૨ :: ૩ : ઇષ્ટ ભાગ = ૩૦૬
૧૧ : ૧૧૨૨ :: ૫ : ઇષ્ટ ભાગ = ૫૧૦ } જવાબ

૪. ૨, ૩ ને ૫નું જે ગુણોત્તર છે તેજ પહેલા ત્રણ ભાગનું હોવું જોઇએ ૨, ૩ ને ૫ નું જે ગુણોત્તર છે તેજ ગુણોત્તર ૨ રૂપીઆ, ૩ રૂપીઆ અને ૫ રૂપીઆનું છે માટે પહેલો ભાગ ૨ રૂપીઆનો હોય તો બીજો ૩ રૂપીઆ અને ત્રીજો ૫ રૂપીઆનો હોય અને મૂળ રકમ (૨ રૂ. + ૩ રૂ. + ૫ રૂ.) ૮ રૂ. હોવી જોઇએ ઉપલા ઉદાહરણમાં ૪૫ રૂપીઆની રકમના ભાગ કરવા છે માટે નીચે પ્રમાણે પ્રમાણ આવે છે.

૧૦ રૂ. : ૪૫ રૂ. :: ૨ રૂ. = ૯ રૂ.
૧૦ રૂ. : ૪૫ રૂ. :: ૩ રૂ. = ૧૩ રૂ. ૮ આ.
૧૦ રૂ. : ૪૫ રૂ. :: ૫ રૂ. = ૨૨ રૂ. ૮ આ. } જવાબ

૫. મૂળ રકમ $\frac{૧}{૨}+\frac{૧}{૩}+\frac{૧}{૪}=\frac{૧૩}{૧૨}$ હોય તો તેના ભાગ અનુક્રમે

$\frac{૧}{૨}$ $\frac{૧}{૩}$ અને $\frac{૧}{૪}$ થાય પણ આ તો મૂળ રકમ ૫૦ છે તો તેના ભાગ કાઢવા માટે નીચે મુજબ પ્રમાણ જોઇએ.

$\frac{૧૩}{૧૨}$ રૂ. : ૫૦ રૂ. :: $\frac{૧}{૨}$: ૪૯૫૬=૨૩ રૂ. ૧૧ આ. $\frac{૧૨}{૧૩}$ પા
$\frac{૧૩}{૧૨}$ રૂ. : ૫૦ રૂ. :: $\frac{૧}{૩}$: ૪૯૫૬=૧૮ રૂ. ૭ આ. ૪$\frac{૮}{૧૩}$ પાઇ
$\frac{૧૩}{૧૨}$ રૂ. : ૫૦ રૂ. :: $\frac{૧}{૪}$: ૪૯૫૬=૧૩ રૂ. ૧૩ આ. ૫$\frac{૬}{૧૩}$ પા. } જવાબ

૭. જો **व** ને ૧ રૂપીઓ મળે તો **अ** ને ૨ રૂપીઆ મળવા જોઇએ એટલે કુલ રકમ ૨+૧=૩ રૂપીઆ થાય પણ આ તો કુલ રકમ ૫૦ રૂ. છે માટે નીચે મુજબ પ્રમાણ જોઇએ.

૩ રૂ. : ૫૦ રૂ. :: ૧ રૂ. = **व** ને ૧૬ રૂ. ૧૦ આ. ૮ પા.
૩ રૂ. : ૫૦ રૂ. :: ૨ રૂ. = **अ** ને ૩૩ રૂ. ૫ આ. ૪ પા } જવાબ

૮. જો **क** ને ૧ રૂ. મળે તો **व** ને બમણા એટલે ૨ રૂ. મળે અને **व** ને ૨ મળે તો **अ** ને ૪ મળે એ પ્રમાણે ગણતાં કુલ ૪+૨+૧=૭ રૂ. જોઇએ પણ આતો ૨૭૦ રૂ. છે તો દરેકને ભાગ કેટલા આવશે તે કાઢવા માટે.

૭ રૂ.: ૨૭૦ રૂ :: ૧ રૂ.= ૩૮ રૂ. ૯ આ. ૧$\frac{૫}{૭}$ પા. **क** ને
૭ રૂ.: ૨૭૦ રૂ :: ૨ રૂ.= ૭૭ રૂ. ૨ આ. ૨$\frac{૩}{૭}$ પા. **व** ને
૭ રૂ.: ૨૭૦ રૂ. :: ૪ રૂ.= ૧૫૪ રૂ. ૪ આ. ૯$\frac{૬}{૭}$ પા. **अ** ને } જવાબ

૯. ૨૮૩ પૌ. ૬ શિ. ૮ પે. = $\frac{૮૫૦}{૩}$ પૌ. જો **क** ને ૪ પૌ. મળેતો **ब** ને ૨ પૌંડ મળે અને **अ** ને ૧ પૌ મળે. કુલ ૧+૨+૪=૭ પૌ. જોઇએ પણ આતો કુલ $\frac{૮૫૦}{૩}$ પૌ. છે ત્યારે દરેકને ભાગે શું આવશે તે કાઢવા માટે.

૭ પૌ. : $\frac{૮૫૦}{૩}$ પૌ. :: ૧ પૌ.= ૪૦ પૌ. ૯ શિ ૬$\frac{૨}{૭}$ પે. **अ**ને
૭ પૌ. : $\frac{૮૫૦}{૩}$ પૌ :: ૨ પૌ.= ૮૦ પૌ. ૧૮ શિ. ૦$\frac{૪}{૭}$ પે. **व**ને
૭ પૌ. : $\frac{૮૫૦}{૩}$ પૌ.:: ૪ પૌ.= ૧૬૧ પૌ. ૧૮ શિ ૧$\frac{૧}{૭}$ પે.**क** ને }. જવાબ

૧૦. પહેલાને ૧ રૂ. બીજાને ૨ રૂ. અને ત્રીજાને ૩ રૂ. મળે છે. તો કુલ ૧+૨+૩ = ૬ રૂ. થાય પણ આતો ૬૦૦ રૂ. છે માટે

૬ રૂ. : ૬૦૦ રૂ. :: ૧ : ઉ૦ રૂ. = ૧૦૦
૬ રૂ. : ૬૦૦ રૂ. :: ૨ : ઉ૦ રૂ. = ૨૦૦
૬ રૂ. : ૬૦૦ રૂ. :: ૩ : ઉ૦ રૂ. = ૩૦૦ } જવાબ

૧૧. **अ** ને ૨ રૂ. મળે તો **ब** ને ૩ રૂ. મળે પણ જો **ब** ને ૬ રૂ. મળે તો **क** ને ૯ રૂ. મળે પણ **ब** ને ૩ રૂ. મળે છે ત્યારે **क** ને શું મળશે તે કાઢવા માટે.

૬ રૂ. : ૩ રૂ. :: ૯ રૂ : ઉ૦ રૂ.=૪॥ રૂ. **क** ને મળે એટલે કુલ ૨+૩+૪॥=૯॥ રૂ. વહેંચવાના થયા. પણ આતો ૫૭૦ રૂ. વહેંચવાના છે. ત્યારે દરેકને ભાગે શું આવશે તે કાઢવા માટે

૧૯/૨ રૂ. : ૫૭૦ રૂ. :: ૨ રૂ. : ઉ૦ રૂ. = ૧૨૦ રૂ. **अ** ને.
૧૯/૨ રૂ. : ૫૭૦ રૂ. :: ૩ રૂ. : ઉ૦ રૂ. = ૧૮૦ રૂ. **ब** ને.
૧૯/૨ રૂ. : ૫૭૦ રૂ. :: ૯/૨ રૂ. : ઉ૦ રૂ. = ૨૭૦ રૂ. **क** ને.

જવાબ. **अ** ને ૧૨૦, **ब** ને ૧૮૦, ને **क** ને ૨૭૦ રૂ.

૧૨. ૧૯ પા. ૧૬ શિ. ૮ પે. = ૫૮/૩ પા. જો **क** ને ૪ રૂ. મળે તો **अ** ને નીમે એટલે ૪ ÷ ૨ = ૨ રૂ. મળે અને તે **ब** થી બમણા છે એટલે **ब** નો ૧ રૂપીઓ જોઇએ. માટે ૨+૧+૪=૭ રૂપીઆ હોય તો **अ** ને ૨, **ब** ને ૧ ને **क** ને ૪ રૂ. મળે પણ આ તો કુલ ૫૮/૩ પૌન્ડ છે ત્યારે દરેકને શું મળશે તે કાઢવા માટે.

૭ પૌ : ૫૮/૩ પૌ :: ૨ પૌ=૫ પૌ. ૧૦ શિ. ૫ ૫/૭ પે. **अ** ને
૭ પૌ : ૫૮/૩ પૌ :: ૧ પૌ=૨ પૌ. ૧૫ શિ. ૨ ૬/૭ પે. **ब** ને
૭ પૌ : ૫૮/૩ પૌ :: ૪ પૌ=૧૧ પૌ. ૦ શિ. ૧૧ ૪/૭ પે. **क** ને } જવાબ

૧૩. $૧૬\frac{૮}{૧૨} = \frac{૫૦}{૩}\times\frac{૭૩}{૨૦} = ૬૦\frac{૫}{૬} = \frac{૩૬૫}{૬}$

૧ સિક્કો ક્રાઉનનો = $\frac{૫}{૨૦}$ પાં.
૧ „ શીલીંગનો = $\frac{૧}{૨૦}$ પૌન્ડ
૧ „ પેન્સનો = $\frac{૧}{૨૪૦}$ પૌન્ડ.

} $\frac{૫}{૨૦}+\frac{૧}{૨૦}+\frac{૧}{૨૪૦}=\frac{૭૩}{૨૪૦}$ પૌં. દરેક જાતનો એકેક સિક્કો લેવાથી થાય છે પણ અહીં તો $\frac{૩૬૫}{૬}$ પૌન્ડ આપેલા છે ત્યારે શીક્કા કેટલા તે કાઢવા માટે.

$\frac{૭૩}{૨૪૦}$ પૌ : $\frac{૩૬૫}{૬}$ પૌ :: ૧ સિક્કો=૨૦૦ સિક્કા. જવાબ.

૧૪. ધારો કે તે ગામમાં ૧૨ ઝાડ છે તો તેના $\frac{૨}{૩}$ એટલે $\frac{૧૨\times૧}{૩}$ = ૮ ઝાડ નાળિએરીનાં અને $\frac{૧૨\times૧}{૪}$ = ઝાડ ખજુરીનાં અને બાકીનાં ૪ + ૩ = ૭. ૧૨−૭=૫ ઝાડ કેળનાં રહે પણ આ તો ૩૦ ઝાડ છે ત્યારે કુલ ઝાડ કેટલાં તે કાઢવા માટે

૫ ઝાડ : ૩૦ ઝાડ :: ૧૨ ઝાડ : ૭૨ ઝાડ = ૭૨ ઝાડ જવાબ.

૧૫. ધારો કે તે ગામમાં ૧૨૦ બ્રાહ્મણ છે તો તેના એટલે $\frac{૧૨૦\times૩}{૫}$=૭૨ ઔદિચ બ્રાહ્મણ. $\frac{૧૨૦\times૧}{૬}$ = ૨૦ મેવાડા બ્રાહ્મણ. $\frac{૧૨૦\times૩}{૨૦}$ = ૧૮ મોઢ અને બાકીના ૧૨૦—૭૨—૨૦—૧૮=૧૦ શ્રીમાળી બ્રાહ્મણ રહે. પણ અહીંતો ૫ રહે છે માટે

૧૦ શ્રી. બ્રા. : ૫ શ્રી :: ૭૨ ઔ. = ૩૬ ઔ. બ્રા.
૧૦ શ્રી. બ્રા. : ૫ શ્રી. :: ૨૦ મે. બ્રા. = ૧૦ મે. બ્રા.
૧૦ શ્રી. બ્રા. : ૫ શ્રી. :: ૧૮ મો. બ્રા. = ૯ મો. બ્રા. } જવાબ

૧૬. ૬૬ ભાગ સુરોખાર + ૧૪ ભાગ કોયલા + ૧૦ ભાગ ગંધક થઇને કુલ ૬૬ + ૧૪ + ૧૦ = ૯૦ પૌન્ડ થાય પણ આપણે તો ૩૬૦ પૌન્ડ દારૂ કરવો છે માટે તેમાં કેટલા કોયલા જોઇએ તે કાઢવા માટે

૯૦ પૌ. દા.:૩૬૦ પૌ દા. :: ૧૪ પૌ. કો.=૫૬ પૌન્ડ કોયલા જવાબ

૧૭. તે માણસને ૪૦૦૦ રૂ. **અ** ના + ૨૭૨૫ રૂ. **બ** ના +

૩૨૫ રૂ. **क** ના મળી કુલ ૭૦૫૦ રૂ. દેવું છે. અને ૪૭૦ રૂપીઆ પુંજી છે તો તે ૪૭૦ રૂ. માં ૭૦૫૦ રૂ. નું દેવું વાળે છે તો દરેક માગનારને શું મળશે તે કાઢવા માટે.

૭૦૫૦ રૂ. : ૪૦૦૦ રૂ. :: ૪૭૦ રૂ=૨૬૬રૂ. ૧૦ આ. ૮ પાઈ.

૭૦૫૦ રૂ. : ૨૭૨૫ રૂ. :: ૪૭૦ રૂ.=૧૮૧ રૂ. ૧૦ આ ૮ પાઈ.

૭૦૫૦ રૂ. : ૩૨૫ રૂ. :: ૪૭૦ રૂ.=૨૧ રૂ. ૧૦ આ. ૮ પાઈ.

જવાબ **अ** ને ૨૬૬ રૂ. ૧૦ આ. ૮ પા. **ब** ને ૧૮૧ રૂ. ૧૦ આ. ૮ પા. **क** ને ૨૧ રૂ. ૧૦ આ. ૮ પાઈ.

૧૮. **क** ને **ड** ના $\frac{3}{4}$ જેટલા પૌ. મળ્યા છે પણ **ड** ને ૪૦ પૌ. મળ્યા છે તો **क** ને $\frac{\overset{10}{\cancel{40}}\times 3}{\cancel{4}}$ = ૩૦ પૌન્ડ મળ્યા હશે.

ब ને **क** ના $\frac{2}{3}$ મળવાના છે પણ **क** ને ૩૦ મળ્યા છે માટે **ब** ને $\frac{\overset{10}{\cancel{30}}\times 2}{\cancel{3}}$ = ૨૦ પૌ. મળે.

अ ને **ब** ના તીમે મળે છે પણ **ब** ને ૨૦ મળે છે તો **अ** ને ૨૦÷૨=૧૦ મળે **अ** ૧૦, **ब** ૨૦, **क**, ૩૦ ને **ड** ને ૪૦ પૌન્ડ મળે છે તો કુલ ૧૦+૨૦+૩૦+૪૦=૧૦૦ પૌન્ડ વહેંચવાના હશે. જવાબ.

૧૯. **अ** ને **ब** ના કરતાં જે ૧૧ પૌન્ડ વધારે મળવાના છે તે બાદ કરીએ તો બન્નેને સરખો હિસ્સો મળે ∴ ૪૦−૧૧=૨૯ પૌન્ડ બન્ને વચ્ચે સરખે હિસ્સે વહેંચવાના રહ્યા માટે ૨૯÷૨=૧૪$\frac{1}{2}$ **अ** તથા **ब** ને સરખે સરખા મળવાના હોય તો મળે પણ **अ** ને ૧૧ વધારે મળે છે માટે, ૧૪॥+૧૧=૨૫॥ **अ** ને

જવાબ **अ** ને ૨૫॥ પૌન્ડ, **ब** ને ૧૪॥ પૌન્ડ.

૨૦. **ब** ને **क** ના કરતાં ૮ પૌન્ડ વધારે મળવાના.

अ ને **क** ના કરતાં ૫ પૌન્ડ વધારે મળવાના.

∴ अ ને क ના કરતાં ૫+૮ = ૧૩ પૌન્ડ વધારે મળવાના અને ब ને ૮ વધારે મળે એટલે કુલ ૧૩+૮=૨૧ પૌન્ડ વધારાના બાદ કરીએ તો ત્રણે જણના સરખા હિસ્સા રહે માટે ૬૦−૨૧=૩૯ પૌન્ડ ત્રણ જણ વચ્ચે સરખે હિસ્સે રહ્યા માટે ૩૯÷૩=૧૩ પૌન્ડ अ, ब, क ને ઓછામાં ઓછા મળે માટે क ને ૧૩ પૌન્ડ મળે. ब ને क કરતાં ૮ પૌન્ડ વધારે મળે છે માટે ब ને ૧૩+૮=૨૧ પૌન્ડ મળશે અને अ ને ब કરતાં ૫ પૌન્ડ વધારે મળે છે માટે ૨૧+૫=૨૬ પૌન્ડ अ ને મળે.

જવાબ अ ને ૨૬, ब ને ૨૧ અને क ને ૧૩ પૌન્ડ.

૨૧. મોટાને જે ૨૦ પૌન્ડ વધારે મળ્યા તે બાદ કરીએ તો બાકી જે ૧૫૬૦−૨૦=૧૫૪૦ પૌન્ડ રહ્યા તે તે બન્નેના સરખા હિસ્સાના રહ્યા માટે ૧૫૪૦÷૨=૭૭૦ પૌન્ડ નાનાને અને મોટાને ૨૦ પૌન્ડ વધારે છે માટે ૭૭૦+૨૦=૭૯૦ પૌન્ડ.

જવાબ ૭૯૦, ૭૭૦ પૌન્ડ.

૨૨. ૧૧૦ પૌન્ડ ૫ શી. = $૧૧૦\frac{૫}{૨૦}$ = $\frac{૪૪૧}{૪}$ પૌન્ડ.

જો પહેલાને ૭ શીલીંગ વધારે મળે તો તે ૧ પૌન્ડ વધારે માગતો હોય પણ આતો $\frac{૪૪૧}{૪}$ પૌન્ડ વધારે મળેલા છે ત્યારે કેટલા પૌન્ડ વધારે માગતો હશે તે કાઢવા માટે

૭ શિલીંગ = $\frac{૭}{૨૦}$ પૌન્ડ.

$\frac{૭}{૨૦}$ પૌ. : $\frac{૪૪૧}{૪}$ પૌ. :: ૧ પૌ દેવું : ઇ૯ પૌન્ડ = ૩૧૫

પહેલો માણસ ૩૧૫ પૌન્ડ વધારે માગતો હશે તે બાદ કર્યા તો ૬૦૦−૩૧૫=૨૮૫ પૌન્ડ બન્ને જણના સરખે હિસ્સે રહ્યા માટે બીજાને ભાગ ૨૮૫÷૨=૧૪૨॥ પૌન્ડ આવશે. હવે બીજા કરતાં પહેલો ૩૧૫ પૌન્ડ વધારે માગે છે માટે ૧૪૨॥+૩૧૫=૪૫૭॥ પૌન્ડ પહેલો માણસ માગે.

જવાબ ૪૫૭ પોં. ૧૦ શી. ૧૪૨ પો.-૧૦ શી.

૨૩. જો ब ને ૧ પોન્ડ મળે તો अ ને ૧ પોન્ડ મળે તથા તે ઉપર ૧ પોન્ડ વધારે મળે એટલે अ ને ૧+૧=૨ પોન્ડ મળે. अ ને ૨ પોન્ડ અને ब ને ૧ પોન્ડ મળે એટલે કુલ ૩ પોન્ડ વહેંચવાના થાય પણ, આતો વહેંચવાના ૪૪ છે માટે

૩ પો. : ૪૪ પો. :: ૨ પો. = ૨૯ પો. ૬ શિ. ૮ પેન્સ अ ને }
૩ પો. : ૪૪ પો. :: ૧ પો. = ૧૪ પો. ૧૩ શિ. ૪ પે. ब ને } ઉત્તર

૨૪. ઉપર પ્રમાણે.

૨૫. अ ને ब ના ૩$\frac{1}{2}$ ગણી રકમ વધારે મળવાની એટલે ब ને મળે તે તો अ ને મળે તે ઉપરાન્ત તેના ૩$\frac{1}{2}$ ગણી રકમ વધારે મળે.

જો ब ને ૧ રૂ. મળે તો अ ને ૧+ ૩$\frac{1}{2}$=૪$\frac{1}{2}$ રૂપીઆ મળે એટલે બન્ને જણને થઇને ૪$\frac{1}{2}$+૧=૫$\frac{1}{2}$ રૂ. જોઇએ પણ આતો ૧૫૦ રૂ. છે માટે દરેકને શું મળશે તે કાઢવા સારૂ

$\frac{11}{2}$ રૂ. : ૧૫૦ રૂ. :: $\frac{9}{2}$: ઈષ્ટ રૂ.=૧૨૨ રૂ. ૧૧ આ. ૭$\frac{7}{11}$ પા. अ ને }
$\frac{11}{2}$ રૂ. : ૧૫૦ રૂ. :: ૧ રૂ. : ઈષ્ટ રૂ.=૨૭ રૂ. ૪ આ. ૪$\frac{4}{11}$ પા. ब ને } ઉત્તર

૨૬. જો अ ને ૬ રૂપીઆ મળે તો ब ને એટલા રૂપીઆ મળવા જોઇએ કે अ ના નીમે (૬÷૨) ૩ તે ब ને જે મળે તેના $\frac{1}{3}$ ની બરાબર છે માટે ब ને $\frac{3\times3}{1}$ = ૯ રૂ. મળવા જોઇએ. अ ને ૬ રૂ.+ब ને ૯ રૂ.=૧૫ રૂ.

૧૫ રૂ. : ૫૦ રૂ. :: ૬ રૂ. : ઈષ્ટ રૂપીઆ.=૨૦ अ ને }
૧૫ રૂ. : ૫૦ રૂ. :: ૯ રૂ. : ઈષ્ટ રૂપીઆ.=૩૦ ब ને } ઉત્તર

૨૭. દરેક જણને એટલા રૂપીઆ મળવા જોઇએ કે अ ને જે મળે તેને $\frac{1}{2}$ એ ગુણીએ અને જે આવે તે ब ને જે મળે તેના $\frac{2}{3}$ ની બરાબર થાય. તેમજ ब ના $\frac{2}{3}$, क ના $\frac{3}{4}$ ની બરાબર થાય. ધારો કે

अ ના હિસ્સાને $\frac{૧}{૨}$ એ ગુણીએ તો ૧૨ આવે છે તો ब ના હિસ્સાના $\frac{૨}{૩}$ પણ ૧૨ આવવા જોઇએ.

હવે કઈ રકમને $\frac{૧}{૨}$ એ ગુણીએ તો ૧૨ આવે તેમજ કઇ રકમને $\frac{૨}{૩}$ એ ગુણીએ તો બાર આવે તે કાઢવા માટે $\frac{૧૨\times૨}{૧}=૨૪$ $\frac{૧૨\times૩}{૨}=૧૮$ એટલે अ ને ૨૪ રૂ. મળે તો ब ને ૧૮ રૂ. મળે તેમજ ब ને ૧૮ મળે તો તેના $\frac{૨}{૩}=\frac{૧૮\times૨}{૩}=૧૨$ આવે તે કઈ રકમને $\frac{૩}{૪}$ ગુણવાથી આવે તે કાઢવા માટે $\frac{૧૨\times૪}{૩}=૧૬$ રૂ. क ને મળે એટલે કુલ ૨૪+૧૮+૧૬=૫૮ રૂ મળવા જોઇએ પણ આતો ૧૪૫ રૂ. છે માટે દરેકને શું મળવું જોઇએ તે કાઢવા માટે

૫૮ રૂ. : ૧૪૫ રૂ. :: ૨૪ રૂ. : ઇઇ રૂ.=૬૦ अ ને
૫૮ રૂ. : ૧૪૫ રૂ. :: ૧૮ રૂ. : ઇઇ રૂ.=૪૫ ब ને
૫૮ રૂ. : ૧૪૫ રૂ. :: ૧૬ રૂ. : ઇઇ રૂ=૪૦ क ને

૨૮. अ ને મળે તેના $\frac{૩}{૪}$ તે, ब ને જે મળે તેના $\frac{૪}{૫}$ ની બરાબર થાય છે ધારો કે अ ને જે રૂપીઆ મળે તેના $\frac{૩}{૪}$ ૧ રૂ. થાય છે તો ब ને જે મળે તેના $\frac{૪}{૫}$ પણ ૧ રૂ. થવો જોઇએ તો કઇ રકમને $\frac{૩}{૪}$ ગુણીએ તો ૧ આવે તેમજ કઇ રકમને $\frac{૪}{૫}$ ગુણીએ તો ૧ આવે તે કાઢવું પડશે માટે $\frac{૧\times૪}{૩}=\frac{૪}{૩}$ अ ને મળે અને $\frac{૧\times૫}{૪}=\frac{૫}{૪}$ ब ને મળે. હવે ब ને જે મળે છે તેના $\frac{૫}{૬}$ એટલે $\frac{૫}{૪}\times\frac{૫}{૬}=\frac{૨૫}{૨૪}$ क ને જે મળે તેના $\frac{૭}{૮}$ ની બરાબર છે માટે કઈ રકમને $\frac{૭}{૮}$ એ ગુણીએ તો $\frac{૨૫}{૨૪}$ આવે તે કાઢવા માટે $\frac{૨૫}{૨૪}\times\frac{૮}{૭}=\frac{૨૫}{૨૧}$ क નો હિસ્સો. એટલે ત્રણે જણના મળીને $\frac{૪}{૩}+\frac{૫}{૪}+\frac{૨૫}{૨૧}=\frac{૩૧૭}{૮૪}$ રૂ. થાય પણ અહીં તો ૯૫૧ રૂ. આપેલા છે માટે દરેકને શું મળે તે કાઢવા માટે

$\frac{૩૧૭}{૮૪}$ રૂ. : ૯૫૧ રૂ. :: $\frac{૪}{૩}$ રૂ. : ૯૯ રૂ.=૩૩૬ अ ને.
$\frac{૩૧૭}{૮૪}$ રૂ. : ૯૫૧ રૂ. :: $\frac{૫}{૪}$ રૂ. : ૯૯ રૂ.=૩૧૫ ब ને.
$\frac{૩૧૭}{૮૪}$ રૂ. : ૯૫૧ રૂ. :: $\frac{૨૫}{૨૧}$ રૂ. : ૯૯ રૂ.=૩૦૦ क ને.
} જવાબ

૨૯. ૬૩ ખાંડી = ૬૩ × ૨૦ = ૧૨૬૦ મણ તે શેઠે સ્ત્રી પુરૂષને આપેલા પુરૂષને ૪ મણ+સ્ત્રીને ૧ મણ=૫ મણ ૧ પુરૂષને ૧ સ્ત્રી વચ્ચે જાય. માટે ૫ મણ : ૧૨૬૦ મણ :: ૧ પુ. અને ૧ સ્ત્રી=૨૫૨ પુરૂષ અને સ્ત્રી જવાબ.

૩૦. દરેક પ્રકારનો અકેકો સિક્કો લીધો તો ૧ કાઉન = ૫ શીલીંગ માટે અર્ધો કાઉન = $\frac{૫}{૨}$ શીલીંગ = $\frac{૧}{૮}$ પૌન્ડ.

૧ અર્ધો કાઉન = $\frac{૧}{૮}$ પૌન્ડ.
૧ શીલીંગ = $\frac{૧}{૨૦}$ પૌન્ડ
૧ અર્ધો શીલીંગ = $\frac{૧}{૪૦}$ પૌન્ડ.

} દરેક પ્રકારનો અકેક સીક્કો લીધો તો તેની કિંમત $\frac{૧}{૮}+\frac{૧}{૨૦}+\frac{૧}{૪૦}=\frac{૧}{૫}$ પૌન્ડ થાય પણ આતો ૪૩ પૌન્ડ આપેલા છે માટે દરેક જાતના શિક્કા કેટલા તે કાઢવા માટે.

$\frac{૧}{૫}$ પૌ. : ૪૩ પૌ. :: ૧ સિક્કો = ૨૧૫ દરેક જાતના સિક્કા જવાબ.

૩૧. ૧ પુરૂષને ૮ આના અને એક સ્ત્રી ને ૬ આના મળે એટલે બધા થઇને ૧૪ આના ૧ પુરૂષ + ૧ સ્ત્રી વચ્ચે થઇને ૧ દિવસના મળે એટલે ૯ દિવસના $\frac{૭}{૮}\times\frac{૯}{૧}=\frac{૬૩}{૮}$ રૂ. મળે. પણ આતો ૯૪ રૂ. ૮ આ. $=\frac{૧૮૯}{૨}$ રૂા. મળે છે માટે પુરૂષ અને સ્ત્રી કેટલાં તે કાઢવા માટે.
$\frac{૬૩}{૮}$: $\frac{૧૮૯}{૨}$ :: ૧ પુ. અને સ્ત્રી = ૧૨ પુરૂષ અને ૧૨ સ્ત્રી. જવાબ.

૩૨. अ ને ब થી બમણા પૌ. મળવાના છે એટલે જો ब ને ૧ પૌ. મળે તો अ ને ૨ પૌ. મળે. હવે क ને अ તથા ब ના હિસ્સાના સરવાળા જેટલી રકમ મળવાની છે એટલે તેને ૨+૧=૩ પૌ. મળશે. એટલે બધાને થઇને ૨+૧+૩=૬ પૌન્ડ થાય પણ આતો ૫૦૦ પૌન્ડ છે માટે દરેકને શું મળશે તે કાઢવા માટે.

૬ પૈ. : ૫૦૦ પૈ. :: ૨ પૈ. : ઈષ્ટ પૌન્ડ=૧૬૬ પૈ. ૧૩ શિ. ૪પે. अ ને } ઉત્તર
૬ પૈ. : ૫૦૦ પૈ. :: ૧ પૈ. : ઈષ્ટ પૌન્ડ=૮૩ પૈ. ૬ શિ. ૮પે. ब ને
૬ પૈ. : ૫૦૦ પૈ. :: ૩ પૈ. : ઈષ્ટ પૌન્ડ=૨૫૦ પૈ. क ને

૩૩. अ ને ब થી નીમે મળવાના છે તેથી જો ब ને ૮ પૌન્ડ મળે તો अ ને ૪ પૌન્ડ મળે. क ને अ તથા ब ના સરવાળાના નીમે મળવાના છે તેથી ૮+૪÷૨=૬ મળશે. એટલે કુલ ૪+૮+૬=૧૮ પૌન્ડ વહેંચવાના થયા પણ આપેલા છે ૮૦૦ માટે દરેકને શું મળશે તે કાઢવા.

૧૮ પૈ. : ૮૦૦ પૈ. :: ૪ પૈ. =૧૭૭ પૈ. ૧૫ શિ. ૬$\frac{2}{3}$પે. अ ને } ઉત્તર
૧૮ પૈ. : ૮૦૦ પૈ. :: ૮ પૈ. =૩૫૫ પૈ. ૧૧ શિ. ૧$\frac{1}{3}$પે. ब ને
૧૮ પૈ. : ૮૦૦ પૈ. :: ૬ પૈ. =૨૬૬ પૈ. ૧૩ શિ. ૪ પે. क ને

૩૪. क ને ड ના બમણા પૌન્ડ મળવાના છે. માટે ड ને ૧ પૌન્ડ મળે તો क ને ૨ પૌન્ડ મળે. ब ને क ને ड ના હિસ્સાના સરવાળા જેટલા મળવાના છે. તેમાં क ને ૨ ને ड ને ૧ પૌન્ડ મળે છે. તો ब ને ૨+૧=૩ પૌન્ડ મળે. अ ને ब+क+ड ના હિસ્સાના સરવાળા જેટલા મળવાના છે તેથી अ ને ૩+૨+૧=૬ પૌન્ડ મળે તો ચારે જણના થઈને ૬+૩+૨+૧=૧૨ પૌન્ડ થયા પણ અહીં તો ૧૫૦૦ પૌન્ડ આપેલા છે. તો દરેકને શું મળશે. તે કાઢવા માટે.

૧૨ પૈ. : ૧૫૦૦ પૈ. :: ૬ : ઈષ્ટ પૌન્ડ.=૭૫૦ પૌન્ડ अ ને } ઉત્તર
૧૨ પૈ. : ૧૫૦૦ પૈ. :: ૩ : ઈષ્ટ પૌન્ડ.=૩૭૫ પૌન્ડ ब ને
૧૨ પૈ. : ૧૫૦૦ પૈ. :: ૨ : ઈષ્ટ પૌન્ડ=૨૫૦ પૌન્ડ क ને
૧૨ પૈ. : ૧૫૦૦ પૈ. :: ૧ : ઈષ્ટ પૌન્ડ.=૧૨૫ પૌન્ડ ड ને

૩૫. ब ને क થી બમણા પૌન્ડ મળવાના છે એટલે क ને ૧ પૌન્ડ મળે તો ब ને ૨ પૌન્ડ મળે. હવે ब ને क ના હિસ્સાનો સરવાળો કરી તેને બમણા કરીએ તો अ ને ब નો હિસ્સો આવે એટલે ૧+૨

=૩ ૩×૨=૬ अ+ब નો હિસ્સો આવ્યો તેમાંથી ब ના ૨ બાદ કર્યા તો ૬-૨ =૪ अ ના રહ્યા.

એટલે કુલ એકંદર ત્રણે જણના થઇને अ ૪+ब ૨+क ૧=૭ પૌન્ડ થયા પણ અહીં તો ૨૦૦૦ પૌન્ડ આપેલા છે માટે દરેકને ભાગ શું આવશે તે કાઢવા માટે.

૭ પૌ : ૨૦૦૦ પૌ :: ૪ પૌ. : ઈષ્ટ પૌન્ડ.=૧૧૪૨$\frac{6}{7}$ अ ને.
૭ પૌ : ૨૦૦૦ પૌ :: ૨ પૌ. : ઈષ્ટ પૌન્ડ=૫૭૧$\frac{3}{7}$ ब ને.
૭ પૌ : ૨૦૦૦ પૌ :: ૧ પૌ. : ઈષ્ટ પૌન્ડ=૨૮૫$\frac{5}{7}$ क ને.
} ઉત્તર.

૩૬ ब નો ભાગ क થી બમણો છે એટલે क ને ૧ પૌન્ડ મળે તો ब ને ૨ પૌન્ડ મળે. ड નો ભાગ ब + क ના ભાગની બરાબર છે. તો ड નો ભાગ ૨+૧=૩ પૌન્ડ થાય. અને ब નો ભાગ क+ड ના ભાગ ૧+૩=૪ પૌન્ડની બરાબર છે તેમાંથી ब ના ૨ પૌન્ડ બાદ કર્યા તો ૪-૨=૨ પૌન્ડ अ ના રહ્યા એટલે બધાના થઈ ૨ + ૨ + ૧ + ૩=૮ પૌન્ડ થાય પણ અહીં તો ૪૦૦૦ પૌન્ડ આપેલા છે માટે દરેકને ભાગ શું આવશે તે કાઢવા માટે—

૮ પૌ. : ૪૦૦૦ પૌ. :: ૨ પૌ. : ઈષ્ટ પૌન્ડ=૧૦૦૦ अ ને
૮ પૌ. : ૪૦૦૦ પૌ. :: ૨ પૌ. : ઈષ્ટ પૌન્ડ=૧૦૦૦ ब ને
૮ પૌ. : ૪૦૦૦ પૌ. :: ૧ પૌ. : ઈષ્ટ પૌન્ડ=૫૦૦ क ને
૮ પૌ. : ૪૦૦૦ પૌ. :: ૩ પૌ. : ઈષ્ટ પૌન્ડ=૧૫૦૦ ड ને
} ઉત્તર.

૩૭. જો अ ને ૧ રૂ. મળે તો ब, क ને ड ને અનુક્રમે ૨ ૩ ને ૪ રૂ. મળે હવે क ને ૩ અને ड ને ૪ રૂપીઆ મળે તેની વચ્ચે અંતર ૧ રૂપીઓ પડે છે અને કુલ રૂપીઆ ૧+૨+૩+૪=૧૦ થાય છે પણ હિસાબમાં અંતર ૨૦ રૂપીઆ આપેલું છે તો કુલ રૂપીઆ કેટલા રોકાયા હશે તે કાઢવા માટે—

૧ રૂ. : ૨૦ રૂ. :: ૧૦ રૂ. : ૪૦૮ રૂ.=૨૦૦ રૂા. કુલ રકમ
૧૦ રૂ. : ૨૦૦ રૂ. :: ૧ રૂ : ૪૦૮ રૂ.=૨૦ રૂ. **अ** ને
૧૦ રૂ. : ૨૦૦ રૂ. :: ૨ રૂ. : ૪૦૮ રૂ=૪૦ રૂ. **ब** ને.
૧૦ રૂ. : ૨૦૦ રૂ. :: ૩ રૂ. : ૪૦૮ રૂ.=૬૦ રૂ. **क** ને.
૧૦ રૂ. : ૨૦૦ રૂ. :: ૪ રૂ. : ૪૦૮ રૂ.=૮૦ રૂ. **ड** ને.
જવાબ.

૩૮. **अ** ને ૧ પૈ. મળે તો **ब**, **क** ને **ड** ને અનુક્રમે ૩, ૪ ને ૮ પૌન્ડ મળે. હવે **ब** અને **क** ના ભાગનો સરવાળો ૩+૪=૭ છે અને **अ** તથા **ड** ભાગનો સરવાળો ૧+૮=૯ છે અને તેઓની વચ્ચે અંતર ૯-૭=૨ પૌન્ડ થાયછે. પણ હિસાબમાં ૩૦ પૌન્ડ આપેલા છે. ત્યારે દરેકને શું મળશે તે કાઢવા માટે—

૨ પૈ. : ૩૦ પૈ. :: ૧ પૈ. **अ** : ૪૯ પૌન્ડ=૧૫ પૌન્ડ **अ** ને
૨ પૈ. : ૩૦ પૈ. :: ૩ પૈ. **ब** : ૪૯ પૌન્ડ=૪૫ પૌન્ડ **ब** ને
૨ પૈ. : ૩૦ પૈ. :: ૪ પૈ. **क** : ૪૯ પૌન્ડ=૬૦ પૌન્ડ **क** ને
૨ પૈ. : ૩૦ પૈ. :: ૮ પૈ. **ड** : ૪૯ પૌન્ડ=૧૨૦ પૌન્ડ **ड** ને
જવાબ.

૧૫+૪૫+૬૦+૧૨૦=૨૪૦ પૈ. વહેંચવાની રકમ જવાબ.

૩૯. ૧ સ્ત્રીને ૧ રૂ. મળે તો ૧ પુરૂષને ૧¼ રૂ. મળે એ હિસાબે પુરૂષને ૧૨×૧¼=૧૫ રૂ. મળે અને સ્ત્રીને ૧૦×૧=૧૦ રૂ. મળે એટલે કુલ ૧૫+૧૦=૨૫ રૂ. જોઇએ પણ હિસાબમાં તો ૧૫ આપ્યા છે તો દરેકને શું મળશે તે કાઢવા માટે.

૨૫ રૂ. : ૧૫ રૂ. :: ૧૫ રૂ. : ૪૯ રૂપીઆ=૯ રૂ. પુરૂષને અને બાકીના ૧૫-૯=૬ રૂ સ્ત્રીઓને. જવાબ પુ. ને. ૯ અને સ્ત્રીને ૬.

૪૦. બાયડીને છોકરા કરતાં બમણા પૈ. મળે માટે જો છોકરાને ૧ પૈ. મળે તો બાયડીને ૨ પૈ. મળે. પુરૂષને બાયડીના કરતાં બમણા પૈ. મળે પણ બાયડીને ૨ પૈ. મળે છે તો પુરૂષને ૪ પૈ. મળે ત્યારે પુરૂષને ૪, સ્ત્રીને ૨, અને છોકરાને ૧ પૈ મળે તો૪ પુરૂષને

૪×૪=૧૬ પૈ. મળે, ૬ બાયડીને ૬×૨=૧૨ પૈ. મળે અને ૮ છોકરાને ૮×૧=૮ પૈ. મળે એટલે કુલ ૧૬+૧૨+૮=૩૬ પૈ. જોઇએ પણ હિસાબમાં તો ૬૦ પૈ. આપેલા છે તો દરેકને શું મળે તે કાઢવા માટે.

૩૬ પૈ. : ૬૦ પૈ. :: ૧૬ પૈ. = પૈ. ૨૬ $\frac{૨}{૩}$ પુરૂષને.
૩૬ પૈ. : ૬૦ પૈ. :: ૧૨ પૈ. = પૈ. ૨૦ સ્ત્રી ને.
૩૫ પૈ : ૬૦ પૈ. :: ૮ પૈ. = પૈ. ૧૩$\frac{૧}{૩}$ છોકરાને. } જવાબ

૪૧. સ્ત્રી કરતાં એક પુરૂષને ૨ રૂપીઆ વધારે મળે તો ૬ પુરૂષને ૬×૨=૧૨ રૂ. વધારે મળે તે ૫૪ રૂ. માંથી બાદ કરતાં ૫૪−૧૨=૪૨ રૂપીઆ બન્ને વચ્ચે સરખા લેવામાં રહે. ધારો કે પુરૂષ ૧ રૂપીઓ લેતો સ્ત્રી પણ એકજ રૂપીઓ લેશે એ હિસાબે ૬ પુરૂષ ૬ રૂપીઆ લે અને ૮ સ્ત્રીઓ ૮ રૂ. લે એટલે કુલ ૮+૬=૧૪ રૂ. લે પણ વહેંચવાના તો ૪૨ રૂ. છે ત્યારે દરેક શું લે તે કાઢવા માટે—

૧૪ રૂ. : ૪૨ રૂ. :: ૬ રૂ. :: ઇષ્ટ રૂપીઆ. = ૧૮ રૂપીઆ પુરૂષના ને તેને ૧૨ રૂપીઆ વધારે મળે એટલે ૧૮+૧૨=૩૦ રૂ. તેને મળશે અને સ્ત્રીને ૫૪−૩૦=૨૪ રૂ. મળે. **જવાબ** પુરૂષને ૩૦ રૂા. અને સ્ત્રીને ૨૪ રૂા.

૪૨. છોડી કરતાં એક છોકરાને ૩ કેરી વધારે મળે તો ૫ છોકરાને ૫×૩=૧૫ કેરી વધારે મળે. તે ૭૫ કેરીમાંથી બાદ કરતાં ૭૫−૧૫=૬૦ કેરી બન્નેને સરખી લેવામાં રહે. ધારો કે છોકરો એક લે તો છોડી પણ એકજ કેરી લેશે એ હિસાબે છોકરા ૫×૧=૫ કેરી લે અને છોડી ૧૦×૧=૧૦ કેરી લે. બન્ને થઇને ૫+૧૦=૧૫ કેરી કુલ લે પણ આતો ૬૦ કેરી છે માટે દરેક જણ શું લેશે તે કાઢવા માટે—

૧૫ કેરી : ૬૦ કેરી :: ૫ કેરી : ઇષ્ટ કેરી = ૨૦ કેરી છોકરાને મળે અને તેને ૧૫ કેરી વધારે મળવાની છે માટે તેને ૨૦+૧૫=૩૫

કેરી મળે અને છોડીઓને ૭૫-૩૫=૪૦ કેરીઓ મળે. **જવાબ.**

૪૩. ૧ સ્ત્રીને ૧ પુરૂષ કરતાં ૧ પૌ. ૧૩ શી. ૪ પે. ઓછા મળે છે એટલે $\frac{૫}{૪}$ પૌન્ડ ઓછા મળે તો ૧૨ સ્ત્રી ને કેટલા ઓછા મળશે, તે કાઢવા માટે $\frac{૫}{૪}\times\frac{૧૬}{૧}$=૨૦ પૌન્ડ ઓછા મળશે તે ૧૬૦ પૌન્ડમાં ઉમેરવાથી દરેક જણ સરખા પ્રમાણમાં વહેંચશે, એટલે પુરૂષ ૧ પૌન્ડ લે તો સ્ત્રી પણ ૧ પૌન્ડ લે. એટલે પુરૂષ ૮×૧=૮ પૌન્ડ અને સ્ત્રી ૧૨×૧=૧૨ પૌન્ડ લે એટલે. કુલ ૮+૧૨=૨૦ પૌન્ડ લે. પણ હિસાબમાં ૧૮૦ પૌન્ડ વહેંચવાના છે તો એક પુરૂષને ભાગ શું આવે તે કાઢવા માટે ૨૦ પૌ. : ૧૮૦ પૌ. :: ૧ પૌ. પુ. : ઈષ્ટ પૌન્ડ=૯ પૌન્ડ પુરૂષને મળે. **જવાબ.**

૪૪. છોકરા કરતાં સ્ત્રીને ૨ રૂ. વધારે મળે છે અને સ્ત્રી કરતાં પુરૂષને ૨ રૂપીઆ વધારે મળે છે. માટે છોકરા કરતાં પુરૂષ ૨+૨=૪ રૂ. વધારે લે. એ હિસાબે પુરૂષ ૮×૪=૩૨ રૂ. વધારે લે અને સ્ત્રી ૧૨×૨= ૨૪ રૂપીઆ વધારે લે એટલે કુલ ૩૨+૨૪=૫૬ રૂપીઆ વધારે ગયા તે ૨૪૦ રૂપીઆમાંથી બાદ કરીએતો ૨૪૦-૫૬=૧૮૪ રૂપીઆ પુરૂષ, સ્ત્રી અને છોકરા સરખે હિસ્સે લે, એટલે પુરૂષ ૧ રૂ. લે તો સ્ત્રી અને છોકરો પણ એક એક રૂપીઓ લે. એટલે પુરૂષ ૮×૧=૮ રૂ. લે, સ્ત્રી ૧૨×૧ =૧૨ રૂ. લે અને છોકરા ૧૬×૧=૧૬ રૂપીઆ લે એટલે બધા થઈને ૮+૧૨+૧૬=૩૬ લેવાના થાય. પણ ત્રણે જણાએ સરખે હિસ્સેતો ૧૮૪ રૂ. લેવાના છે. માટે દરેક જણ કેટલા લે તે કાઢવા માટે

૩૬ રૂ. : ૧૮૪ રૂ. :: ૮ રૂ. : ઈષ્ટ રૂ.=૪૦$\frac{૮}{૯}$ રૂપીઆ પુરૂષને મળે પણ તેને તો ૩૨ રૂ. વધારે લેવાના છે માટે ૪૦$\frac{૮}{૯}$+૩૨=૭૨$\frac{૮}{૯}$ પુરૂષના, ૩૬ રૂ. : ૧૮૪ રૂ. :: ૧૨ રૂ. : ઈષ્ટ રૂપીઆ=૬૧$\frac{૧}{૩}$ રૂપીઆ સ્ત્રીને મળે પણ તેને તો ૨૪ રૂપીઆ વધારે લેવાના છે માટે ૬૧$\frac{૧}{૩}$+૨૪=૮૫$\frac{૧}{૩}$ રૂપીઆ સ્ત્રીના. ૩૬. રૂ. : ૧૮૪ રૂ. :: ૧૬ રૂ. : ઈષ્ટ રૂપીઆ=૮૧$\frac{૭}{૯}$ છોકરાના

જવાબ. ૭૨$\frac{૬}{૧૭}$ પુ. ૮૫$\frac{૧}{૧૭}$ રૂા. સ્ત્રી. ૮૧$\frac{૭}{૧૭}$ છોકરાંને.

૪૫. પુરૂષ અને સ્ત્રીને થઇને અઠવાડીએ ૨૧૦ રૂપીઆ મળે છે તો એક દિવસે ૨૧૦÷૭=૩૦ રૂ. મળે. હવે સ્ત્રીને ૧ રૂ. મળેતો પુરૂષને ૧×$\frac{૪}{૩}$=$\frac{૪}{૩}$ રૂપીઆ મળે. એ હિસાબે પુરૂષને $\frac{૧૫×૪}{૩}$=૨૦ રૂપીઆ મળે અને બાયડીને ૨૦×૧=૨૦ રૂ. મળે માટે પુરૂષ તથા સ્ત્રી બન્નેને થઇને ૨૦+૨૦=૪૦ મળે પણ હિસાબમાં તો ૩૦ મળવાના કહે છે તો એક પુરૂષની દરરોજની મજૂરી કેટલી તે કાઢવા માટે—

૪૦ રૂ. : ૩૦ રૂ. :: $\frac{૪}{૩}$ રૂ. : ઇષ્ટ રૂપીઆ=૧ રૂ. જવાબ.

૪૬. ૧૦ ઘોડા અને ૧૫ બળદની એટલી કીંમત થાય છે તેટલીજ કીંમત ૮ઘોડા અને ૧૮બળદનીથાય છે તે ઉપરથી જણાય છે કે ૧૦ ઘોડા+૧૫ બળદ=૮ઘોડા+૧૮ બળદ છે. એટલે પહેલામાં ૨ઘોડા વધારે છે તો બીજા પ્રમાણમાં ૩ બળદ વધારે છે તે ઉપરથી એ પ્રમાણ નીકળે છે કે ૨ ઘોડા=૩ બળદ. હવે પહેલા પદમાં ૧૦ ઘોડા અને ૧૫ બળદ છે તે બધાના બળદ કર્યા તો ૨ ઘો. : ૧૦ ઘો. :: ૩ બળદ : ઇષ્ટ બળદ=૧૫બળદ અને તેની સાથેજ બીજા૧૫બળદ છે એટલે બધા થઇ ૧૫+૧૫=૩૦ બળદ થયા તેની કીંમત ૧૨૦ રૂ. છે તો ૧ બળદની કીંમત ૧૨૦÷૩૦=૪ રૂ. હવે પહેલા પદમાં ૧૦ ઘોડા અને ૧૫ બળદની કીંમત ૧૨૦ રૂ. છે તેમાંથી ૧૫ બળદની કીંમત ૧૫×૪=૬૦ રૂ. બાદ કરી તો બાકી ૬૦ રૂ. રહ્યા તે ૧૦ ઘોડાના રહ્યા માટે ૧ ઘોડાના ૬૦÷૧૦=૬ રૂ. જવાબ. ૬ રૂ. ઘોડાના અને ૪ રૂ. બળદના.

૪૭. ૧૬ ઘો. + ૨૦ બળદની જે કિંમત થાય તેજ કીંમત ૧૨ ઘોડા + ૨૫ બળદની થાય છે તે ઉપરથી જણાય છે કે ૧૬ ઘોડા + ૨૦ બળદ=૧૨ ઘોડા + ૨૫ બળદ છે માટે બાદબાકીથી જણાય છે કે ૪ ઘોડા=૫ બળદ છે.૧ ઘો. + ૧૦ બ=૧૦ રૂ. છે તેમાં બધાના બળદ

કર્યા તો ૪ ઘોડા : ૧ ઘોડા :: ૫ બળદ : ઇઇ બળદ=$\frac{૫}{૪}$ બળદ+૧ બળદ પહેલાનો છે=૧+$\frac{૫}{૪}$ $\frac{૯}{૪}$ બળદના ૧૦ પૌન્ડ કીંમત થઇ માટે $\frac{૯}{૪}$ બળદના : ૧ બળદના :: ૧૦ પૌન્ડ=૪$\frac{૪}{૯}$ પૌન્ડ ૧ બળદની કીંમત. ૧ બળદ+૧ ઘોડાની કિંમત ૧૦ પૌન્ડ છે તેમાંથી ૧ બળદની કિંમત ૪$\frac{૪}{૯}$ પૌન્ડ બાદ કરી તો બાકી ૧૦−૪$\frac{૪}{૯}$=૫$\frac{૫}{૯}$ પૌન્ડ ૧ ઘોડાની કિંમત
જવાબ. ૫$\frac{૫}{૯}$ પૌન્ડ ઘોડાના. ૪$\frac{૪}{૯}$ પૌન્ડ બળદના.

૪૮. ૧૦ ઘોડા + ૧૮ બળદ=૨૦ ટટ્ટુ + ૨૫ ગાય.
૮ ,, + ૨૦ ,, =૧૯ ,, + ૨૫ ,,

ઘોડાની કિંમત ૨૦ રૂપીઆ અને બળદની કિંમત ૧૨ રૂપીઆ આપેલી છે તે ઉપરથી જણાય છે કે
૨૦૦ રૂ. + ૨૧૬ રૂ.=૨૦ ટટ્ટુ + ૨૫ ગાય એટલે ૪૧૬ રૂ.=૨૦ ટટ્ટુ + ૨૫ ગાય
૧૬૦ + ૨૪૦ =૧૯ + ૨૫ ,, ૪૦૦ =૧૯ + ૨૫
૧૬ રૂ.=૧ ટટ્ટુ

૧૬ રૂ. = ૧ ટટ્ટુ આવ્યું માટે ૧ ટટ્ટુની કીંમત ૧૬ રૂા. જવાબ.

૪૯. અઠવાડીઆની મજુરી ૧૬૦ રૂ. છે તો દરરોજની મજુરી ૧૬૦÷૭=$\frac{૧૬૦}{૭}$ રૂા. થાય. પુરૂષને ૪ આના વધારે મળે છે એ રીતે ૨૦ પુરૂષને ૫ રૂ. વધારે મળે છે તે બાદ કરીએ તો બન્નેને ભાગે સરખી રીતે પંત્યાળો વહેંચાય હવે જો પુરૂષને ૧ રૂ. મળે તો સ્ત્રી ને ૧ રૂા. મળે એ રીતે ૨૦×૧=૨૦ રૂ. પુરૂષને અને ૩૦×૧=૩૦ રૂ. સ્ત્રી ને મળે. કુલ ૨૦+૩૦=૫૦ રૂ. થાય પણ અહીં તો $\frac{૧૨૫}{૭}$ છે માટે પુરૂષની દરરોજની મજુરી કાઢવાને ૫૦ રૂ. : $\frac{૧૨૫}{૭}$ રૂ. :: ૧ રૂ. : ઇઇ રૂ =૫$\frac{૫}{૭}$ આના સ્ત્રી ને મળે માટે ૫$\frac{૫}{૭}$+૪=૯$\frac{૫}{૭}$ આના પુરૂષને મળે. જવાબ.

૫૦. બાયડીને છોકરા કરતાં ૪ પાઈ વધારે મળે છે અને પુરૂષને બાયડી કરતાં ૨ પાઈ વધારે મળે છે તો પુરૂષને છોકરા કરતાં ૪+૨=૬

યાર્ડ વધારે મળે એ હિસાબે ૩૬ પુરૂષને ૩૬×૬=૨૧૬ યાર્ડ વધારે મળે અને ૨૪ સ્ત્રીને ૨૪×૪=૯૬ યાર્ડ વધારે મળે એટલે કુલ ૨૧૬+૯૬=૩૧૨ યાર્ડ વધારે મળે તે ૪૦૦ યાર્ડ વહેંચવાનું છે તેમાંથી બાદ કર્યું તો ૪૦૦−૩૧૨=૮૮ યાર્ડ રહ્યું તે સરખા પ્રમાણમાં લેશે. એટલે પુરૂષ ૧ યાર્ડ સ્ત્રી ૧ યાર્ડ અને છોકરો ૧ યાર્ડ લે તો ૩૬ પુ+૨૪ સ્ત્રી અને ૨૮ છોકરાં મળી કુલ ૩૬+૨૪+૨૮=૮૮ યાર્ડ લે અને વહેંચવાનું પણ ૮૮ યાર્ડ છે માટે પુરૂષ ૩૬ યાર્ડ લે +૨૧૬ યાર્ડ વધારાનું=૨૫૨ યાર્ડ લે, સ્ત્રી૨૪ યાર્ડ લે + ૯૬ યાર્ડ વધારાનું=૧૨૦ યાર્ડ લે અને છોકરો ૨૮ યાર્ડ લે.

જવાબ પુરૂષ ૨૫૨ યાર્ડ, સ્ત્રી ૧૨૦ યાર્ડ અને છોકરો ૨૮ યાર્ડ.

૫૧. તે કારખાનામાં ૧ પુરૂષ હોયતો ૨ સ્ત્રી હોય હવે પુરૂષને ૧૨ આના મળે તો ૧ પુરૂષને ૧×૧૨=૧૨ આના મળે અને એક સ્ત્રીને ૮ આના મળેતો ૨ સ્ત્રીને ૮×૨=૧૬ આના મળે એટલે કુલ ૧૨+૧૬= ૨૮આના=$\frac{૭}{૪}$ રૂા. ખર્ચ થાય. પણ અહીંતો ૭ રૂા. ખર્ચ થાય છે. માટે પુરૂષ કેટલા તે કાઢવા માટે.

$\frac{૭}{૪}$ રૂ. : ૭ રૂ. :: ૧ પુ : ૪૯ પુરૂષ=૪ પુરૂષ. જવાબ.

૫૨. તે કારખાનામાં ૬ પુરૂષ હોયતો ૬÷૨=૩ બાયડીઓ હોય અને ૬÷૩=૨ છોકરા હોય હવે પુરૂષને ૧ રૂ. મળેતો ૬ પુરૂષને ૬×૧= ૬ રૂ. મળે. સ્ત્રીને ૧૨ આના મળેતો ૩ સ્ત્રી ને $\frac{૯}{૪}$ રૂ. મળે. છોકરાને ૪ આના મળેતો બે છોકરાને $\frac{૧}{૨}$ રૂ. મળે. કુલ $\frac{૬}{૧}+\frac{૯}{૪}+\frac{૧}{૨}=\frac{૩૫}{૪}$ રૂ. થાય તો કારખાનામાં ૨ છોકરા હોય પણ આતો ૫૨ રૂ ૮ આના=૫૨$\frac{૧}{૨}$=$\frac{૧૦૫}{૨}$ રૂ થાય છે. ત્યારે કારખાનામાં છોકરા કેટલા તે કાઢવા માટે.

$\frac{૩૫}{૪}$ રૂ. : $\frac{૧૦૫}{૨}$ રૂ. :: ૨ છો : ૪૯ છોકરા.=૧૨ છોકરા. જવાબ.

૫૩. એક પુરૂષને ૩ પૌન્ડ મળે તો એક સ્ત્રીને ૨ પૌન્ડ મળે અને એક છોકરાને એક પૌન્ડ મળે, એ રીતે ગણતાં ૧૫ પુરૂષને ૧૫×

૩=૪૫ પૌન્ડ, ૨૦ બાયડીને ૨૦×૨=૪૦ પૌન્ડ અને ૨૫ છોકરાને ૨૫× ૧=૨૫ પૌન્ડ મળે એટલે એકંદર ૪૫+૪૦+૨૫=૧૧૦ પૌન્ડ જોઇએ પણ અહીં તો ૪૦૦ પૌન્ડ છે માટે દરેકને શું મળશે તે કાઢવા માટે

૧૧૦ પૌ. : ૪૦૦ પૌ :: ૪૫ પૌ. : ઇષ્ટપૌ.=૧૬૩$\frac{૭}{૧૧}$ પૌ. પુરૂષને
૧૧૦ પૌ. : ૪૦૦ પૌ. :: ૪૦ પૌ. : ઇષ્ટપૌ.=૧૪૫$\frac{૫}{૧૧}$ પૌ. સ્ત્રીને
૧૧૦ પૌ. : ૪૦૦ પૌ. :: ૨૫ પૌ. : ઇષ્ટપૌ.=૯૦$\frac{૧૦}{૧૧}$ પૌ. છોકરાને
} જવાબ

૫૪. મંદીરમાં જેટલા પુરૂષ હોય તેના કરતાં બાયડીઓ ૨૦ વધારે હોય છે. અને બાયડી કરતાં છોકરાં ૧૫ વધારે છે માટે પુરૂષ કરતાં છોકરા ૨૦+૧૫=૩૫ વધારે. હવે જેટલી બાયડી અને જેટલા છોકરા વધારે છે તેને આપવાની રકમ બાદ કરીએ તો બાકી રહેલી રકમ પુરૂષ, બાયડી અને છોકરાની સરખી સંખ્યાની રહી. માટે ૨૦ સ્ત્રીના ૨૦×૧॥ =૩૦ પૌ. અને છોકરાના ૩૫×૧=૩૫ પૌન્ડ. એટલે કુલ ૩૦+૩૫=૬૫ પૌન્ડ વધારાના છે તે બાદ કર્યા તો બાકી ૧૦૫−૬૫=૪૦ પૌન્ડ પુરૂષ સ્ત્રી અને છોકરાની સરખી સંખ્યાના રહ્યા માટે ધારોકે એક પુરૂષ, એક સ્ત્રી. અને એક છોકરો છે તો તેઓને આપવાની રકમ ૨॥+૧॥+૧=૫ પૌન્ડ થાય પણ અહીંતો ૪૦ પૌન્ડ થાય છે માટે પુરૂષ કેટલા તે કાઢવા સારૂ ૫ પૌન્ડ : ૪૦ પૌન્ડ :: ૧ પુ. : ઇષ્ટ પુરૂષ.=૮ પુરૂષ.

પુરૂષ કરતાં સ્ત્રી ૨૦ વધારે છે માટે ૮+૨૦=૨૮ સ્ત્રી. સ્ત્રી કરતાં છોકરા ૧૫ વધારે છે માટે ૨૮+૧૫=૪૩ છોકરા.

જવાબ. ૮ પુ. ૨૮ સ્ત્રી અને ૪૩ છોકરા.

૫૫. **અ** ને ૪ શીલીંગ વધારે આપ્યા અને **વ** ને ૫ શિલિંગ વધારે આપ્યા એટલે કુલ ૪+૫=૯ શિલિંગ વધારે આપ્યા. તે ન આપ્યા હોત છો ૪૬+૯=૫૫ શિલિંગ વધત. ધારો કે તે માણસ પાસે ૧ શિલિંગ હોય તો **અ** ને $\frac{૧×૧}{૪}=\frac{૧}{૪}$ શિલિંગ આપે અને **વ** ને $\frac{૧×૧}{૫}=\frac{૧}{૫}$ શિલિંગ આપે એટલે કુલ $\frac{૧}{૪}+\frac{૧}{૫}=\frac{૯}{૨૦}$ શિલિંગ **અ** તથા **વ** ને થઇને આપી દે

તો તેની પાસે $\frac{1}{1}-\frac{9}{20}=\frac{11}{20}$ શિલિંગ વધે પણ અહીં તો ૫૫ શિલિંગ વધે છે તો તેની પાસે શું હશે તે કાઢવા માટે.
$\frac{11}{20}$ શિ. : ૫૫ શિ. :: ૧ શિ. : $\frac{5500}{55}$ શિલિંગ=૧૦૦ શિલિંગ તે માણસ પાસે હશે. જવાબ.

૫૬. ધારો કે ૧૮૦૦ પહેલા ભાગમાં આવે છે તો તેના ૮ ગણા ૧૮૦૦×૮=૧૪૪૦૦ થાય પણ હિસાબમાં તો ૧૭૬૦૦ આપેલા છે માટે તે બે વચ્ચે ૧૭૬૦૦−૧૪૪૦૦=૩૨૦૦ નો તફાવત પડ્યો. આ તફાવત પડવાનું કારણ એ છે કે પહેલા ભાગના ૮ ગણા અને બીજા ભાગના ૧૨ ગણા વચ્ચે ૧૨−૮=૪ ગણાનો તફાવત પડે છે માટે
૪ ગણા : ૩૨૦૦ :: ૧ ભા : $\frac{3200}{4}$ ભાગ=૮૦૦ બીજો ભાગ

બે ભાગ થઈને ૧૮૦૦ છે તેમાંથી બીજો ભાગ ૮૦૦ બાદ કરીએ તો ૧૮૦૦−૮૦૦=૧૦૦૦ પહેલો ભાગ.

ટીપઃ—આવા ધારેલા હિસાબોમાં જે ભાગનું પ્રમાણ ધાર્યું હોય તેથી ઉલટા ભાગનો જવાબ આવે એ ખાસ કરીને યાદ રાખવું.

૫૭. સંખ્યા = ૧ ધારીએ અને તેના એકજ ભાગ કરીએ તો ૧ થાય અને તેની ૫ ગણાઇ કરીએ તો ૧×૫=૫ થવીજ જોઇએ પણ હિસાબમાં તો સંખ્યાની ૭ ગણાઈ એટલે ૧×૭=૭ ગણાઇ થવાની કહી છે માટે ૭−૫=૨ ગણાઇ બાકી રહી કારણ કે પહેલા અને બીજા ભાગ વચ્ચે ૧૮−૫=૧૩ ગણાઇનો ફેર છે માટે પહેલો તથા બીજો ભાગ કેટલો તે કાઢવા સારૂ—

૧૩ : ૨ :: ૧ = $\frac{2}{13}$ બીજો ભાગ.

આખી સંખ્યા ૧ છે તેમાંથી બીજો ભાગ $\frac{2}{13}$ છે તો પહેલો ભાગ $\frac{1}{1}-\frac{2}{13}=\frac{11}{13}$ હશે માટે પહેલો ભાગ $\frac{11}{13}$ હોય તો બીજો ભાગ $\frac{2}{13}$ થાય. માટે ૧૧ : ૨ તેના ભાગોનું ગુણોત્તર. જવાબ.

૫૮. પહેલા ભાગની ૪ ગણાઈ અને બીજા ભાગની ૮ ગણાઇનો

સરવાળો મુળ સંખ્યા ૫૦ ના ૫ગણાથી ૧૦ વધારે થાય છે એટલે ૫૦×૫=૨૫૦+૧૦=૨૬૦ થાય. હવે ધારો કે ૫૦ એ પહેલા ભાગના ધારીએ તો તેના ચાર ગણા ૫૦×૪=૨૦૦ થાય પણ હિસાબમાં ૨૬૦ કહે છે તેથી તે બે વચ્ચે ૨૬૦-૨૦૦=૬૦ નો તફાવત રહ્યો તેનું કારણ પહેલા ભાગની ચાર ગણાઇ અને બીજા ભાગની ૮ ગણાઇ વચ્ચે ૮-૪=૪ ગણાઇનો ફેર છે માટે દરેક રકમ કાઢવા.

૪ ગ. : ૬૦ ગ :: ૧ ભા. : ૪૫ ભાગ=૧૫ બીજો ભાગ.

આખી સંખ્યા ૫૦ છે તેમાંથી બીજો ભાગ ૧૫ બાદ કરી તો પહેલો ભાગ ૫૦-૧૫=૩૫.

જવાબ ૩૫ પહેલો ભાગ અને ૧૫ બીજો ભાગ.

૫૯. ધારો કે ૪૦૦ ખુરશી ૪ રૂ. દરની હતી તો તેના રૂપીઆ ૪૦૦×૪=૧૬૦૦ રૂ. થયા પણ હિસાબમાં ૧૩૫૦ રૂપીઆ કિંમત આપેલી છે તો તે બે વચ્ચ તફાવત ૧૬૦૦-૧૩૫૦=૨૫૦ રૂપીઆનો પડ્યો. તેનું કારણ એ છે કે બન્ને ખુરશીના ભાવ વચ્ચે ૪-૩=૧ રૂપીઆનો ફેર પડે છે માટે

૧ રૂ. ફેર : ૨૫૦ રૂ. ફેર :: ૧ ખુરશી : ૪૫ ખુરશી=૨૫૦ ખુરશી ૩ રૂ. ના દરની. બધી મળી ખુરશી ૪૦૦ છે તેમાંથી ૩ રૂ. દરની ૨૫૦ બાદ કરી તો બાકીની ૪૦૦-૨૫૦=૧૫૦ ખુ. ૪ રૂ. દરની રહી.

જવાબ ૧૫૦ ખુરશી ૪ રૂ. દરની અને ૨૫૦ ખુરશી ૩ રૂ. દરની.

૬૦. ઉપર પ્રમાણેજ.

૬૧. ઉપર પ્રમાણે.

૬૨. ઉપરની રીતેજ કરવો.

૬૩. ૫ શિલિંગ ૩ પેન્સ=$૫\frac{૩}{૧૨}$=$૫\frac{૧}{૪}$ શિલિંગ.

ચહાનો મિશ્ર ભાવ $૫\frac{૧}{૪}$ શિલિંગ થાય છે અને બીજા બે ભાવ ૪

શિ. અને ૬ શિ. છે માટે તેની મિશ્રરાશી કાઢી તો—

૫¼	૪	$\frac{3}{4}=\frac{3}{4}$	એટલે પહેલા ભાવની $\frac{3}{4}$ રતલ હોય તો બીજા
	૬	૧$\frac{1}{4}=\frac{5}{4}$	ભાવની $\frac{5}{4}$ રતલ થાય તેનો જવાબ પૂર્ણાંકમાં

લાવવા માટે બન્નેને ૪ ગુણ્યા તો $\frac{3}{4}\times\frac{4}{1}=$૩ અને $\frac{5}{4}\times\frac{4}{1}=$૫
જવાબ ૩:૫

૬૪. દારૂનો મિશ્રભાવ ૧૪¼ શિલિંગ થાય છે અને બીજા બે ભાવ ૧૫ શિ. અને ૧૨ શિ. છે. માટે મીશ્રરાશી કાઢી તો.

૧૪¼	૧૫	૨$\frac{1}{4}=\frac{9}{4}$	એટલે પહેલા ભાવનો $\frac{9}{4}$ ગેલન હોયતો બીજા ભાવનો
	૧૨	$\frac{3}{4}=\frac{3}{4}$	$\frac{3}{4}$ ગેલન થાય પણ તેનો જવાબ પૂર્ણાંક લાવ-

વા માટે બન્નેને ૪ એ ભાગ્યા તો ૯ : ૩ નું પ્રમાણુ આવ્યું. આ પ્રમાણુમાં સમછેદ થાય છે માટે તેને ૩ એ ભાગ્યા તો ૯÷૩=૩, ૩÷૩ =૧ માટે. જવાબ ૩:૧

૬૫. ૬ પૈસા=૧½ આનો.

ખાંડનો મિશ્ર ભાવ ૨ આ. ૬ પાઇ=૨½ આના છે અને બીજા બે ભાવ ૧½ આનો અને ૬ આના છે માટે તેની મિશ્ર રાશી કાઢી તો

૨½	૧½	૩½	જો પહેલી જાતની ૩½ શેર ખાંડ લઇએ તો
	૬	૧	બીજી જાતની ૧ શેર લેવી પડે પણ અહીં તો

બીજી જાતની ૨૦ શેર લીધી છે ત્યારે પહેલી જાતની કેટલી તે કાઢવા માટે.

૧ શેર : ૨૦ શેર :: $\frac{7}{2}$ શેર : ૭૦ શેર$=\frac{7}{2}\times\frac{20}{1}=$૭૦ શેર.

જવાબ. ૭૦ શેર ખાંડ પહેલી જાતની લેવી.

૬૬. ઘઉં નો મિશ્રભાવ ૫૪ શિલિંગ છે અને બીજા બે ભાવ ૮૦ શિલિંગ અને ૫૦ શિલિંગ છે માટે તેની મિશ્રરાશી કાઢી તો.

૫૪	૮૦	૪	એટલે પહેલી જાતના ૪ ક્વાટર લઇએ તો
	૫૦	૨૬	બીજી જાતના ૨૬ ક્વાટર લેવા જોઇએ. પણ

આતો પહેલી જાતના ૮૦ ક્વાટર લે છે તો બીજી જાતના કેટલા ઘઉં લે તે કાઢવા માટે.

૪ ક્વા. : ૮૦ ક્વા. :: ૨૬ ક્વા. : ૪૭૮ ક્વાટર=૫૨૦ ક્વાટર, જવાબ.

૬૭. પહેલા પ્રકારના ૭ માસા સોનાનો કસ ૭×૧૪=૯૮

બીજા	,,	૮I	,,	૮I×૩=૨૬
ત્રીજા	,,	૧૦	,,	૧૦×૬=૬૦
ચોથા	,,	૧૦III	,,	૧૦III×૧૬=૧૭૨
				૩૯૬

∴ ૩૬ માસા મિશ્રણ સોનાનો કસ=૩૯૬

∴ મિશ્રણ સોનાનો કસ ૩૯૬÷૩૬=૧૧ આવ્યો. જવાબ.

૬૮. બધા થઈને ૧૬ ગદીઆણા સોનું થયું અને તેનો કસ ૧૬×૧૨=૧૯૨ થાય છે.

પહેલા પ્રકારના ૮ ગદીઆણા સોનાનો કસ ૮×૧૦=૮૦

બીજા	,,	૨	,,	૨×૧૧=૨૨
				૧૦૨

∴ ૧૦ ગદીઆણા મિશ્રણનો કસ=૧૦૨ થયો

તે ૧૬ ગદીઆણા મિશ્રણના કસ ૧૯૨માંથી ૧૦૨ બાદ કરો તો બાકી ૧૯૨−૧૦૨=૯૦ તે ૬ ગદીઆણાનું રહ્યું માટે ૧ ગદીઆણાનું કાઢવા ૯૦÷૬=૧૫ જવાબ

૬૯. ધારો કે ૮૦ ઔંસ સોનું હતું તો તેની કિંમત ૮૦×૪=૩૨૦ પૌન્ડ થાય પણ હિસાબમાં ૧૦૪ પૌન્ડ કહેલા છે માટે તે બે વચ્ચે તફાવત ૩૨૦−૧૦૪=૨૧૬નો પડયો કારણ કે સોના અને રૂપાની ૧ ઔંસની કિંમત વચ્ચે ૪ પૌ. ઓછા ૮ શી=૩ પો.−૧૨ શી=$\frac{1}{5}$ પૌ. નો તફાવત છે.

$\frac{1}{4}$ પૈ : ૨૧૬ પૈ :: ૧ ઔં. : ૬૭૨ ઔંસ=૬૦ ઔંસ રૂપું અને ૮૦–૬૦=૨૦ ઔંસ સોનું.

સોના જેટલું રૂપું હોય તો ૨૦ ઔંશ રૂપું થાય અને રૂપા જેટલું સોનું હોય તો ૬૦ ઔંસ સોનું થાય તો તેની કિંમત ૬૦×૪=૨૪૦ પૌન્ડ અને રૂપાની કિંમત $\frac{૪૦×૮}{૪૦}$=૮ પૌન્ડ માટે ૨૪૦+૮=૨૪૮ પૈ. તે ઢાળકીની કિંમત. જવાબ.

૭૦. ધારોકે તે બધાંએ બકરાં હોય તો તેની કિંમત ૨૦૦×૧=૨૦૦ રૂપીઆ પડે પણ હિસાબમાં તો ૫૦૦ રૂપીઆ કહેલા છે એટલે તેની વચ્ચે ૫૦૦—૨૦૦=૩૦૦ રૂપીઆનો ફેર પડયો. તેનું કારણ એ છે કે એક બકરૂં અને એક ઘેટાની કિંમત વચ્ચે ૪–૧=૩ રૂપીઆનો ફેર છે. માટે ૩ રૂ. : ૩૦૦ રૂ. : ૧ ઘેટું : ૪૯ ઘેટાં=૧૦૦ ઘેટાં.

બધાં થઈ ૨૦૦ જનાવર હતાં તેમાંથી ૧૦૦ ઘેટાં બાદ કર્યાં તો બાકી ૨૦૦–૧૦૦=૧૦૦ બકરાં રહ્યાં. હવે બકરાં જેટલાં ઘેટાં હોય એટલે ૧૦૦ ઘેટાં હોયને ૧૦૦ બકરાં હોય તો પણ તેની કિંમત તેની તેજ આવશે

જવાબ તેટલીજ (.૫૦૦ રૂપીઆ) કિંમત

૭૧. હિસાબ ૫૯ પ્રમાણે.

૭૨. ધારો કે તે માણસે ૩૦ કેરી અને ૬ કેળાં મળી ૩૬ નંગ ૩$\frac{1}{2}$ આને લીધાં હશે પણ બીજી વખતે કેરી જેટલાં કેળાં અને કેળાં જેટલી કેરી લે છે એટલે ૬ કેરી અને ૩૦ કેળાં લે છે તો તેની કિંમત ૪ આના પડે છે એટલે કુલ ૩૬ કેરી+૩૬ કેળાંની કિંમત ૭$\frac{1}{2}$ આના થયા. ૩૬ કેરી અને ૩૬ કેળાંની કિંમત ૭$\frac{1}{2}$ આના છે તો ૧ કેરી+૧ કેળાંની કિંમત કેટલી તે કાઢવા માટે ૩૬+૩૬ કેરી+કેળાં : ૧ કેરી+૧ કેળું :: ૭॥ આ. : ૪૯ આના=૨$\frac{1}{2}$ પાઇ ૧ કેરીઅને ૧ કેળાની કિંમત.

૧ કેળું+૨ કેરીની કિંમત ૪ પાઇ આપી છે અને ૧ કેળું+૧ કેરીની

કિમંત ૨$\frac{1}{2}$ પાઇ થઇ માટે તેઓની બાદબાકી કરીતો

કેળું		કેરી		પાઇ	
૧	+	૨	=	૪	બાદબાકી કરી તો.
૧	+	૧	=	૨॥	

૧ કેરી=૧॥ પાઈ. એક કેરીની કિંમત ૧$\frac{1}{2}$ પાઇ આવી

૧ કેરી + ૧ કેળાની કિંમત ૨$\frac{1}{2}$ પાઇ છે તેમાંથી ૧ કેરીની કિંમત ૧$\frac{1}{2}$ પાઇ બાદ કરી તો બાકી ૨$\frac{1}{2}$−૧$\frac{1}{2}$=૧ પાઇ ૧ કેળાની કિંમત આવી.

ધારો કે હવે ૩૬ કેળાં છે તો તેની કિંમત ૩૬×૧=૩૬ પાઇ થાય એટલે ૩૬÷૧૨=૩ આના થાય પણ હિસાબમાં ૩$\frac{1}{2}$ આના કહેલા છે તેથી તે બે વચ્ચે ૩$\frac{1}{2}$−૩=$\frac{1}{2}$ આનાનો તફાવત પડ્યો કારણ કે એક કેળું અને એક કેરીની કિંમત વચ્ચે ૧$\frac{1}{2}$−૧=$\frac{1}{2}$ પાઇનો તફાવત છે માટે $\frac{1}{2}$ પાઈ : ૬ પાઇ :: ૧ કેરી : ઇ૦૮ કેરી=૧૨ કેરી

કેળાં અને કેરી થઈ ૩૬ નંગ છે તેમાંથી ૧૨ કેરી બાદ કરી તો બાકી ૩૬−૧૨=૨૪ કેળાં રહ્યાં. જવાબ. ૧૨ કેરી અને ૨૪ કેળાં.

૭૩. ગાંધીએ કેટલીક ચા અને કેટલીક કાફી લીધી ત્યારે તેને ૨૭ શિલિંગ બેસે છે પણ ચા જેટલી કાફી અને કાફી જેટલી ચા લીધી હોત તો તેને ૨ શિલિંગ વધારે બેસત એટલે ૨૭+૨=૨૯ શિલિંગ બેસત. હવે જો આ બન્ને મિશ્રણ ભેગું કરીએ તો પ્રથમ ચા અને કાફી થઇને જેટલું તોલ થતું હતું તેટલીજ ચા અને તેટલીજ કાફી થઇને ૨૭+૨૯=૫૬ શિલિંગ બેસે (આ રીત ૭૨ મા હિસાબ પેઠે કરી જોવી) હવે એક રતલ ચા અને ૧ રતલ કાફીની કિંમત ૧$\frac{1}{2}$+૨$\frac{1}{2}$=૪ શિલિંગ થાય છે ત્યારે જો ૪ શિ : ૫૬ શિ :: ૧ ચા + ૧ કાફી : ઇ૦૮ ચા+કાફી=૧૪ પૌન્ડ ચા અને ૧૪ પૌન્ડ કાફી તે મિશ્રણમાં હશે માટે પહે-

લી વખત કોરી અને ચા મળીનેજ ૧૪ રતલ થશે. ધારો કે ૧૪ રતલ ચાજ છે તો તેની કિંમત ૧૪×$૧\frac{૧}{૨}$=૨૧ શિલિંગ થાય પણ હિસાબમાં ૨૭ શિલિંગ કહે છે માટે તે બે વચ્ચે ૨૭–૨૧=૬ શિલિંગનો ફેર પડે છે કારણ કે ૧ પૌન્ડ કોરી અને ૧ પૌન્ડ ચાની કિંમત વચ્ચે $૨\frac{૧}{૨}$–$૧\frac{૧}{૨}$=૧ શિલિંગનો ફેર પડે છે તો કોરી અને ચા કેટકેટલી તે કાઢવા માટે ૧ શિ : ૬ શિ :: ૧ કોરી : ઇષ્ટ કોરી=૬ રતલ કોરી.

કોફી અને ચા થઇને ૧૪ રતલ છે તેમાંથી ૬ રતલ કોરી બાદ કરી તો ૧૪–૬=૮ રતલ ચા જવાબ ૮ રતલ ચા અને ૬ રતલ કોફી

૭૪. ૫ ઘોડાની કિંમત જેટલી પડે છે તેટલીજ કિંમત આપવાથી ૭ બળદ આવે તેમજ ૯ ગાયો આવે. આ ઉપરથી જણાય છે કે ૫ ઘોડા=૭ બળદ=૯ ગાય.

૧ ઘોડા + ૧ બળદ + ૧ ગાયની કિંમત ૧૪૩ રૂપીઆ આપેલી છે માટે ઉપરના પ્રમાણ ઉપરથી ૧ ઘોડો + ૧ બળદની કિંમત ગાયમાં કાઢી તો ૫ ઘો. : ૧ ઘો. :: ૯ ગાય : ઇષ્ટ ગાય=$\frac{૯}{૫}$ ગાય ૧ ઘોડાની. ૭ બળદ : ૧ બળદ :: ૯ ગાય : ઇષ્ટ ગાય=$\frac{૯}{૭}$ ગાય ૧ બળદની બરોબર થઇ એટલે ૧ ઘોડો + ૧ બળદ + ૧ ગાય=$\frac{૯}{૫}+\frac{૯}{૭}+\frac{૧}{૧}=\frac{૧૪૩}{૩૫}$ ગાયો થઇ અને તેની કિંમત ૧૪૩ રૂપીઆ આપી છે તો ૧ ગાયની કિંમત કાઢવા માટે $\frac{૧૪૩}{૩૫}$ ગાય : ૧ ગાય :: ૧૪૩ રૂ. : ઇષ્ટ રૂપીઆ=૩૫ રૂ. ૧ ગાયની કીંમત. જવાબ.

૭૫. કેટલાક ઘોડા અને કેટલાક બળદની કિંમત ૮૦૦ પૌંડ આપે છે પણ બળદ જેટલાજ ઘોડા અને ઘોડા જેટલાજ બળદ લે તો તેની કિંમત ૮૦૦–૧૦૫=૬૯૫ પૌન્ડ પડે. એ બન્નેનો સરવાળો કરીએ તો પ્રથમ જેટલાં બળદ અને ઘોડા થઇને જનાવર હતાં તેટલાજ ઘોડા અને તેટલાજ બળદની કિંમત ૮૦૦+૬૯૫=૧૪૯૫ પૌન્ડ પડે. પણ એક ઘોડો અને ૧ બળદની કિંમત ૧૫+૮=૨૩ પૌન્ડ પડેછે માટે

૨૩ પૌન્ડ : ૧૪૯૫ પૌંડ :: ૧ ઘો. અને ૧ બળદ=૬૫. બન્ને વખતનાં જાનવર થઇને ૬૫ ઘોડા અને ૬૫ બળદ હશે તો પહેલી વખતે ઘોડા અને બળદ થઇને ૬૫ જનાવર હશે. ધારો કે તે ૬૫ ઘોડા છે તો તેની કિંમત ૬૫×૧૫=૯૭૫ પૌન્ડ પડે પણ હિસાબમાંતો ૮૦૦ પૌન્ડ કહે છે માટે તે બે વચ્ચે ૯૭૫-૮૦૦=૧૭૫ પૌન્ડનો તફાવત પડયો કારણ કે ૧ ઘોડાની અને ૧ બળદની કિંમત વચ્ચે ૧૫-૮=૭ પૌંડનો તફાવત છે માટે

૭ પૌન્ડ : ૧૭૫ પૌન્ડ :: ૧ બળદ=૨૫ બળદ. ઘોડા અને બળદ થઇને ૬૫ જનાવર છે તેમાંથી ૨૫ બળદ બાદ કર્યા તો ૬૫-૨૫=૪૦ ઘોડા રહ્યા. જવાબ. ૨૫ બળદ ને ૪૦ ઘોડા.

<table>
<tr><td>૭૬. ૧૦ પુરૂષ + ૧૫ બાયડી=૬૦ રૂ.
૮ ,, + ૧૦ ,, =૪૪ ,,</td><td>} બાયડીઓનું પદ ઉડાડવા માટે નીચેના સમાન પદને દોઢા</td></tr>
</table>

કર્યા; કારણ કે સમ રકમોને ગમે તેટલા ગણી કરીએ તો પણ સમ રહે.

<table>
<tr><td>૧૦ પુરૂષ + ૧૫ બાયડી=૬૦ રૂ.
૧૨ + ૧૫ =૬૬</td><td>} બન્નેની બાદબાકી કરી તો</td></tr>
</table>

૨ પુરૂષને ૬ રૂ. મળે. તો ૧ પુરૂષને ૧ અઠવાડીએ ૬÷૨=૩ રૂ. મળે માટે દરરોજ ૩÷૭=$\frac{૩}{૭}$ રૂ. =૬$\frac{૬}{૭}$ આના મળે ૧૦ પુ. અને ૧૫ બાયડીને ૬૦ રૂ. મળે તેમાંથી ૧૦ પુરૂષના ૧૦×૩=૩૦ રૂ. બાદ કર્યા તો ૧૫ બાયડીને અઠવાડીએ ૬૦−૩૦=૩૦ રૂ. મળે માટે એક બાયડીને દરરોજ $\frac{૩૦}{૧૫×૭}$=$\frac{૨}{૭}$ રૂ. = ૪$\frac{૪}{૭}$ આના મળે.

જવાબ. પુરૂષને ૬$\frac{૬}{૭}$ આના, અને સ્ત્રીને ૪$\frac{૪}{૭}$ આના.

૭૭. ૩ ભાગ પાણી+૭ ભાગ દૂધ એટલે કુલ ૧૦ ભાગ મિશ્રણમાં ૩ ભાગ પાણી થયું તો. ૧ ભાગમાં ૧૦ ભા. : ૧ ભા. :: ૩ પાણી : ૯૯=$\frac{૩}{૧૦}$ ભાગ પાણી ૧ ભાગ મિશ્રણમાં હોય બીજા વાસણમાં ૩ ભાગ

પાણી+૮ ભાગ દૂધ એટલે કુલ ૧૧ ભાગ મિશ્રણમાં ૩ ભાગ પાણી થયું તો ૧ ભાગમાં કેટલું કાઢવા. ૧૧ ભા. : ૧ ભાગ :: ૩ ભા. પાણી : ઇષ્ટ =$\frac{૩}{૧૧}$ ભાગ પાણી ૧ ભાગ મિશ્રણમાં હોય. નવું મિશ્રણ તૈયાર કર્યું તેમાં ૨ ભાગ પાણી+૫ ભાગ દૂધ છે. એટલે કુલ ૭ ભાગ મિશ્રણે ૨ ભાગ પાણી થયું તો ૧ ભાગમાં પાણી કેટલું તે કાઢયું તો.

૭ ભા. : ૧ ભા. :: ૨ ભા. પા. : ઇષ્ટ ભાગ પાણી=$\frac{૨}{૭}$ ભાગ પાણી ૧ ભાગ મિશ્રણમાં હોય.

$\frac{૨}{૭}$	$\frac{૩}{૧૦}$	$\frac{૧}{૭૭}$	એટલે પહેલા વાસણમાંથી $\frac{૧}{૭૭}$ કાઢીએતો બીજા
	$\frac{૩}{૧૧}$	$\frac{૧}{૭૦}$	વાસણમાંથી $\frac{૧}{૭૦}$ કાઢવું પડે તેને પુર્ણાંકમાં લાવવામાં

માટે દરેકને ૭૭૦ ગુણ્યા તો $\frac{૧}{૭૭}\times\frac{૭૭૦}{૧}=૧૦$. $\frac{૧}{૭૦}\times\frac{૭૭૦}{૧}=૧૧$. પહેલા વાસણમાંથી ૧૦ ભાગ લઇએ તો બીજામાંથી ૧૧ ભાગ લેવા.

જવાબ ૧૦ : ૧૧

૭૮. ૪ ભાગ દૂધ+૧ ભાગ પાણી એટલે કુલ ૫ ભાગ મિશ્રણમાં ૪ ભાગ દૂધ થયું તો ૧ ભાગમાં કેટલું તે કાઢવા માટે

૫ ભા. : ૧ ભા. :: ૪ ભા. દૂ : ઇષ્ટ ભાગ દૂધ =$\frac{૪}{૫}$ ભાગ દૂધ.

૫ ભાગ દૂધ અને ૨ ભાગ પાણી એટલે ૭ ભાગ મિશ્રણમાં ૫ ભાગ દૂધ થયું તો ૧ ભાગમાં કેટલું તે કાઢવા માટે.

૭ ભા. : ૧ ભા. :: ૫ ભા. દૂ. : ઇષ્ટ ભાગ દૂધ.=$\frac{૫}{૭}$ ભાગ દૂધ.

નવું મિશ્રણ તૈયાર કર્યું તેમાં ૭ ભાગ દૂધ અને ૨ ભાગ પાણી. એટલે કુલ ૯ ભાગ મિશ્રણમાં ૭ ભાગ દૂધ થયું તો ૧ ભાગ મિશ્રણમાં દૂધ કેટલું તે કાઢવા માટે.

૯ ભા. : ૧ ભા. :: ૭ ભા. દૂ. : ઇષ્ટ ભાગ દૂધ.=$\frac{૭}{૯}$ ભાગ દૂધ.

$\frac{૭}{૯}$	$\frac{૪}{૫}$	$\frac{૪}{૬૩}$	એટલે પહેલામાંથી $\frac{૪}{૬૩}$ ભાગ લઇએતો બીજામાંથી
	$\frac{૫}{૭}$	$\frac{૧}{૪૫}$	$\frac{૧}{૪૫}$ ભાગ લેવું જોઇએ તેને પુર્ણાંકમાં લાવવા માટે

૩૧૫ ગુણ્યા તો $\frac{૪}{૬૩}\times\frac{૩૧૫}{૧}=૨૦$, $\frac{૧}{૪૫}\times\frac{૩૧૫}{૧}=૭$ જવાબ. ૨૦ : ૭

૭૯. ૮ ભાગ દારૂ+૧ ભાગ પાણી એટલે કુલ ૯ ગ્યાલન દારૂનું મિશ્રણ હોયતો તેમાં ૧ ગ્યાલન પાણી હોય પણ આતો ૬૩ ગ્યાલન મિશ્રણ છે. માટે તેમાં પાણી કેટલું તે કાઢવા.

૯ ગ્યા. મિ. : ૬૩ ગ્યા. મિ :: ૧ ગ્યા. પાણી : ઇષ્ટ ગ્યાલન પાણી =૭ ગ્યાલન પાણી. ૬૩ ગ્યાલન મિશ્રણમાંથી ૭ ગ્યાલન પાણી બાદ કર્યું તો ૬૩−૭=૫૬ ગ્યાલન દારૂ રહ્યો. એમ કહેલું છે કે દારૂ એટલોને એટલોજ રાખતાં પાણી કેટલું ઉમેરીએ કે ૭ ગ્યાલન દારૂ+૧ ગ્યાલન પાણી થાય. એટલે કુલ ૮ ગ્યાલન મિશ્રણ થાય.

૭ ગ્યાલન દારૂ. : ૫૬ ગ્યા દારૂ. :: ૧ ગ્યા. પાણી : ઇષ્ટ ગ્યા. પાણી =૮ ગ્યાલન પાણી. પ્રથમ ૭ ગ્યાલન પાણી હતું તે હવે ૮ ગ્યાલન જોઈએ માટે ૮−૭=૧ ગ્યાલન પાણી ઉમેરવું જોઇએ. જવાબ.

૮૦. બદલો કર્યા પછી.

	મા.	લિ.	મોતી.	હિરો.	
પહેલા પાસે	૫	૧	૧	૧	એમ જાગો થયાં.
બીજા પાસે	૧	૭	૧	૧	,, ,, ,,
ત્રીજા પાસે	૧	૧	૯૭	૧	,, ,, ,,
ચોથા પાસે	૧	૧	૧	૨	,, ,, ,,

વેચાણના પૈસા સરખા આવ્યા એ ઉપરથી દરેકની પાસે વેચવાનો માલ સરખી કિંમતનો થયો એ દેખીતું છે. હવે દરેકની પાસેથી ૧ માણેક, ૧ લીલમ, ૧ મોતી અને ૧ હીરો લઇ લીધો તો સરખી કિંમતનો માલ રહેશે માટે.

૪ માણેક, ૬ લીલમ, ૯૬ મોતી અને ૧ હીરાની કિંમત સરખી થઇ અને એ ઉપરથી ૧ માણેક, ૧ લીલમ, ૧ મોતી અને ૧ હીરાની કિંમત ૪, ૬, ૯૬ અને ૧ એ સંખ્યાના વ્યસ્ત પ્રમાણમાં એટલે $\frac{1}{4}$, $\frac{1}{6}$, $\frac{1}{96}$, $\frac{1}{1}$ ના પ્રમાણમાં હોવી જોઇએ તેથી

૧ માણેકની કિંમત : ૧ લીલમની કિંમત : ૧ મોતીની કિંમત: ૧ હિરાની કિંમત :: $\frac{1}{4}$: $\frac{1}{6}$: $\frac{1}{96}$: $\frac{1}{1}$ એટલે :: ૨૪ : ૧૬ : ૧ : ૯૬ ના પ્રમાણમાં થઇ.

જવાબ ૨૪ : ૧૬ : ૧ : ૯૬.

ઉદાહરણ સંગ્રહ ૪.

કાળ કામ અને વેગ.

૧. **અ** આખું કામ ૮ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં = $\frac{1}{8}$ કામ કરે. **વ** આખું કામ ૧૨ દિવસમાં કરે છે. તો ૧ દિવસમાં = $\frac{1}{12}$ કામ કરે.

અ $\frac{1}{8}$ કામ કરે અને **વ** $\frac{1}{12}$ કામ કરે તો તે બન્ને જણ થઇને $\frac{1}{8}+\frac{1}{12}=\frac{5}{24}$ કામ ૧ દિવસમાં કરે પણ કરવું છે ૧ કામ માટે.

$\frac{5}{24}$ કામ : ૧ કામ :: ૧ દિ. : ઇષ્ટ દિવસ=૪$\frac{4}{5}$ દિવસ. જવાબ.

૨. આખો ઘડો એક પુરૂષને ૨૫ દિવસ ચાલે તો ૧ દિવસમાં $\frac{1}{25}$ ઘડો તે પુરૂષ ખાય. બીજા પુરૂષને તે ઘડો ૩૦ દિવસ ચાલે તો એક દિવસમાં $\frac{1}{30}$ ઘડો તે પુરૂષ ખાય. તો બન્ને પુરૂષ થઇને $\frac{1}{25}+\frac{1}{30}=\frac{11}{150}$ ઘડો ૧ દિવસમાં ખાય પણ ખાવો છે આખો ઘડો માટે—

$\frac{11}{150}$: ૧ ઘડો :: ૧ દિ. : ઇષ્ટ દિવસ = ૧૩$\frac{7}{11}$ દિ. જવાબ.

૩. પુરૂષ ૪૮ દિવસમાં આખું કામ કરે છે તો ૧ દિવસમાં $\frac{1}{48}$ કામ કરે. છોકરો ૭૨ દિવસમાં ૧ કામ કરે છે તો ૧ દિવસમાં $\frac{1}{72}$ કામ કરે. તો બન્ને જણ થઇને $\frac{1}{48}+\frac{1}{72}=\frac{5}{144}$ કામ ૧ દિવસમાં કરે પણ કરવું છે આખું કામ તો $\frac{5}{144}$ કામ : ૧ કામ :: ૧ દિ. : ઇષ્ટ દિવસ. = ૨૮ $\frac{4}{5}$ દિવસ જવાબ.

૪. **अ** ૮ દિવસમાં આખું કામ કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૮}$ કામ કરે.
ब ૧૦ „ „ „ $\frac{૧}{૧૦}$ „
क ૧૨ „ „ „ $\frac{૧}{૧૨}$ „
તો ત્રણે જણ થઈને $\frac{૧}{૮}+\frac{૧}{૧૦}+\frac{૧}{૧૨}=\frac{૩૭}{૧૨૦}$ કામ કરે પણ કરવું છે ૧ કામ માટે $\frac{૩૭}{૧૨૦}$ કામ : ૧ કામ : ૧ દિ. : ? દિવસ=૩$\frac{૯}{૩૭}$ દિવસ જવાબ.

૫. **अ+ब** ૧ કામ ૬ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૬}$ કામ કરે.
क ૧ કામ ૮ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૮}$ કામ કરે.
તો તે ત્રણે જણ થઈને $\frac{૧}{૬}+\frac{૧}{૮}=\frac{૭}{૨૪}$ કામ કરે પણ કરવું છે ૧ કામ માટે $\frac{૭}{૨૪}$ કામ : ૧ કામ :: ૧ દિ. : ? દિવસ=૩$\frac{૩}{૭}$ દિવસ. જવાબ.

૬. **अ** ને **ब** આખું કામ ૪ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૪}$ કામ કરે. **क** ને **ड** આખું કામ ૩ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૩}$ કામ કરે તો તે ચારે જણા થઈને $\frac{૧}{૪}+\frac{૧}{૩}=\frac{૭}{૧૨}$ કામ કરે. પણ કરવું છે ૧ કામ માટે—

$\frac{૭}{૧૨}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૧$\frac{૫}{૭}$ દિવસ. જવાબ.

૭. **अ** ને **ब** એક કામ ૮ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૮}$ કામ કરે. **अ** ૧ કામ ૧૫ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૫}$ કામ કરે. **अ** ને **ब** $\frac{૧}{૮}$ કામ કરે છે તેમાંથી **अ** $\frac{૧}{૧૫}$ કામ કરે છે તે બાદ કર્યું તો **ब** નું ૧ દિવસનું કામ $\frac{૧}{૮}-\frac{૧}{૧૫}=\frac{૭}{૧૨૦}$ આવ્યું માટે $\frac{૭}{૧૨૦}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૧૭$\frac{૧}{૭}$ દિવસ. જવાબ.

૮. **अ** ને **ब** ૧ કામ ૧૨ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૨}$ કામ કરે. **ब** ૧ કામ ૨૦ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૨૦}$ કામ કરે. **अ** ને **ब** $\frac{૧}{૧૨}$ કામ કરે છે તેમાંથી **ब** નું $\frac{૧}{૨૦}$ કામ બાદ કર્યું તો $\frac{૧}{૧૨}-\frac{૧}{૨૦}=\frac{૧}{૩૦}$ કામ **अ** ૧ દિવસમાં કરે.

ब ને **क** ૧ કામ ૮ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૮}$ કામ કરે. તેમાંથી **ब** નું $\frac{૧}{૨૦}$ કામ બાદ કર્યું તો $\frac{૧}{૮}-\frac{૧}{૨૦}=\frac{૩}{૪૦}$ કામ **क** કરે.

अ $\frac{૧}{૩૦}$ કામ કરે અને क $\frac{૩}{૪૦}$ કરે તો તે બંને જણ થઇને $\frac{૧}{૩૦}+\frac{૩}{૪૦}$ $=\frac{૧૩}{૧૨૦}$ કામ કરે પણ કરવું છે ૧ કામ માટે—

$\frac{૧૩}{૧૨૦}$ કામ : ૧ કામ :: ૧ દિ $=૯\frac{૩}{૧૩}$ દિવસ જવાબ.

૯. अ+ब+क+ड ૧ કામ ૪૦ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૪૦}$ કામ કરે. अ+ब ૧ કામ ૧૦૦ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૦૦}$ કામ કરે. क ૧ કામ ૧૨૦ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૨૦}$ કામ કરે. अ+ब $\frac{૧}{૧૦૦}$ કામ કરે અને क $\frac{૧}{૧૨૦}$ કામ કરે તો ત્રણે જણ થઇને $\frac{૧}{૧૦૦}+\frac{૧}{૧૨૦}=\frac{૧૧}{૬૦૦}$ કામ કરે.

अ+ब+क+ड $\frac{૧}{૪૦}$ કામ કરે તેમાંથી अ+ब+क નું $\frac{૧૧}{૬૦૦}$ કામ બાદ કર્યું તો $\frac{૧}{૪૦}-\frac{૧૧}{૬૦૦}=\frac{૧}{૧૫૦}$ કામ ड ૧ દિવસમાં કરે તો $\frac{૧}{૧૫૦}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૧૫૦ દિવસ. જવાબ.

૧૦. अ+ब+क ૨૦ દિવસમાં ૧ કામ કરે તો ૧ દિવસમાં $\frac{૧}{૨૦}$ કામ કરે.

अ ૫૦ દિવસમાં ૧ કામ કરે તો ૧ દિવસમાં $\frac{૧}{૫૦}$ કામ કરે.

ब ૬૦ દિવસમાં ૧ કામ કરે તો ૧ દિવસમાં $\frac{૧}{૬૦}$ કામ કરે.

अ $\frac{૧}{૫૦}$ કામ કરે અને ब $\frac{૧}{૬૦}$ કામ કરે તો अ+ब $\frac{૧}{૫૦}+\frac{૧}{૬૦}$ $=\frac{૧૧}{૩૦૦}$ કામ કરે.

अ+ब+क $\frac{૧}{૨૦}$ કામ કરે છે તેમાંથી $\frac{૧૧}{૩૦૦}$ કામ अ+ब નું બાદ કર્યું તો બાકી $\frac{૧}{૨૦}-\frac{૧૧}{૩૦૦}=\frac{૪}{૩૦૦}$ કામ क કરે માટે

$\frac{૪}{૩૦૦}$ કામ : ૧ કામ :: ૧ દિ=૭૫ દિવસ જવાબ.

૧૧. अ ૮ કલાકમાં ૧ કામ કરે તો ૧ કલાકમાં $\frac{૧}{૮}$ કામ કરે.

ब ૧૦ કલાકમાં ૧ કામ કરે તો ૧ કલાકમાં $\frac{૧}{૧૦}$ કામ કરે.

क ૧૨ કલાકમાં ૧ કામ કરે તો ૧ કલાકમાં $\frac{૧}{૧૨}$ કામ કરે.

ब $\frac{૧}{૧૦}$ કામ કરે અને क $\frac{૧}{૧૨}$ કામ કરે તો બંને જણ થઇને $\frac{૧}{૧૦}+\frac{૧}{૧૨}=\frac{૧૧}{૬૦}$ કામ કરે. $\frac{૧૧}{૬૦}$ કામ : ૧ કામ :: ૧ ક.$=૫\frac{૫}{૧૧}$ કલાકમાં

व + क થઇને ૧ કામ કરે.

अ $\frac{1}{8}$ કામ કરે અને व $\frac{1}{10}$ કામ કરે તો તે બંને જણ થઇને $\frac{1}{8}+\frac{1}{10}=\frac{9}{40}$ કામ કરે, $\frac{9}{40}$ કામ : ૧ કામ :: ૧ દિ.=$4\frac{4}{9}$ કલાક. अ+ब ને લાગે. તો $\frac{62}{11}-\frac{40}{9}=1\frac{1}{99}$ કલાક. જવાબ.

૧૨. अ+ब+क ૮ દિવસમાં ૧ કામ કરેછે તો ૧ દિવસમાં $\frac{1}{8}$ કામ કરે. ब+क ૧૨ દિવસમાં ૧ કામ કરે છે તો ૧ દિવસમાં $\frac{1}{12}$ કામ કરે. ब ૨૦ દિવસમાં ૧ કામ કરે છે તો ૧ દિવસમાં $\frac{1}{20}$ કામ કરે.

अ+ब+क $\frac{1}{8}$ કામ કરે છે તેમાંથી ब+क $\frac{1}{12}$ કામ કરે છે તે બાદ કર્યું તો $\frac{1}{8}-\frac{1}{12}=\frac{1}{24}$ કામ अ કરે. $\frac{1}{24}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૨૪ દિવસ अ ને જોઇએ.

ब+क $\frac{1}{12}$ કામ કરેછે તેમાંથી ब $\frac{1}{20}$ કામ કરે છે તે બાદ કર્યું તો $\frac{1}{12}-\frac{1}{20}=\frac{1}{30}$ કામ क કરે. $\frac{1}{30}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૩૦ દિવ-સ क ને જોઇએ. જવાબ अ ને ૨૪ દિવસ, क ને ૩૦ દિવસ.

૧૩. अ ૧૦ દિવસમાં ૧ કામ કરે છે તો ૪ દિવસમાં ૧૦ દિ. : ૪ દિ. :: ૧ કામ=$\frac{2}{5}$ કામ કર્યું પછી તે ગયો તો બાકીનું $(\frac{1}{1}-\frac{2}{5})$ $\frac{3}{5}$ કામ ब એ કર્યું. ब ૧૫ દિવસમાં ૧ કામ કરે તો $\frac{3}{5}$ કામ કરવા કેટલા દિવસ જોઇએ તે કાઢવા ૧ કામ : $\frac{3}{5}$ કામ :: ૧૫ દિ.=૯ દિવસ લાગે અને ૪ દિવસ अ ને લાગ્યા તો બધા થઇને ૯+૪=૧૩ દિવસ થયા, જવાબ.

૧૪. अ ૬ કલાકમાં ૧ કામ કરે છે પણ તેણે તો ૨ કલાક કર્યું ત્યારે તેણે ૬ ક : ૨ કલાક :: ૧ કામ=$\frac{1}{3}$ કામ કર્યું.

ब ૮ કલાકમાં ૧ કામ કરે છે પણ તેણે તો ૨ કલાક કર્યું ત્યારે તેણે ૮ ક. : ૨ કલાક :: ૧ કામ=$\frac{1}{4}$ કામ કર્યું.

क ૧૦ કલાકમાં ૧ કામ કરે છે પણ તેણે તો ૨ કલાક કામ કર્યું છે ત્યારે તેણે ૧૦ કલાક :: ૨ કલાક :: ૧ કામ=$\frac{1}{5}$ કામ કર્યું.

अ એ $\frac{૧}{૩}$, ब એ $\frac{૧}{૪}$ અને क એ $\frac{૧}{૫}$ કામ કર્યું તો તે ત્રણે જ-ણાએ થઇને $\frac{૧}{૩}+\frac{૧}{૪}+\frac{૧}{૫}=\frac{૪૭}{૬૦}$ કામ કર્યું પણ કરવાનું છે આખું કામ માટે $\frac{૧}{૧}-\frac{૪૭}{૬૦}=\frac{૧૩}{૬૦}$ કામ બાકી રહ્યું તે क ને કરતાં ૧ કામ : $\frac{૧૩}{૬૦}$ કામ ૧૦ કલાક=૨$\frac{૧}{૬}$ કલાક જોઇએ + ૨ કલાક अ ને + ૨ કલાક ब+क ને=૨$\frac{૧}{૬}$+૨+૨=૬$\frac{૧}{૬}$ કલાક જોઇએ. જવાબ

૧૫. अ $\frac{૩}{૪}$ કામ ૫ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં કેટલું કરશે તે કાઢવા માટે ૫ દિ. : ૧ દિ. :: $\frac{૩}{૪}=\frac{૩}{૨૦}$ કામ अ ૧ દિવસમાં કરે.

ब $\frac{૨}{૩}$ કામ ૯ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં કેટલું કરશે તે કાઢવા માટે ૯ દિ. : ૧ દિ. :: $\frac{૨}{૩}$ કામ=$\frac{૨}{૨૭}$ કામ ब ૧ દિવસમાં કરે. अ $\frac{૩}{૨૦}$ કામ કરે ને ब $\frac{૨}{૨૭}$ કામ કરે તો બન્ને જણ થઇને $\frac{૩}{૨૦}+\frac{૨}{૨૭}$ =$\frac{૧૨૧}{૫૪૦}$ કામ કરે પણ કરવું છે ૧ કામ માટે.

$\frac{૧૨૧}{૫૪૦}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૪$\frac{૫૬}{૧૨૧}$ દિ. જવાબ.

૧૬. अ એ $\frac{૧}{૩}$ કામ કર્યું તો બાકીનું ૧-$\frac{૧}{૩}$=$\frac{૨}{૩}$ કામ ब એ કર્યું હશે. તો अ ને $\frac{૧}{૩}$ કામ કરતાં કેટલા દિવસ લાગે.

૧ કામ. : $\frac{૧}{૩}$ કામ. :: ૨૪ દિવસ.=૮ દિવસ अ ને
૧ કામ. : $\frac{૨}{૩}$ કામ. :: ૩૦ દિવસ.=૨૦ દિવસ ब ને } જવાબ.

૧૭. अ ૧ કામ ૧૫ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૫}$ કામ કરે. ब ૧ કામ ૨૦ દિવસમાં કરેછે તો ૧ દિવસમાં $\frac{૧}{૨૦}$ કામ કરે. अ $\frac{૧}{૧૫}$ કામ કરે અને ब $\frac{૧}{૨૦}$ કામ કરે તો તે બન્ને થઇને $\frac{૧}{૧૫}+\frac{૧}{૨૦}=$ $\frac{૭}{૬૦}$ કામ કરે. તેઓને $\frac{૩}{૫}$ કામ કરવું છે માટે $\frac{૭}{૬૦}$ કામ. : $\frac{૩}{૫}$ કામ. :: ૧ દિ=૫$\frac{૧}{૭}$ દિવસ अ + ब ને $\frac{૩}{૫}$ કામ કરતાં થાય. અને બાકીનું ($\frac{૧}{૧}-\frac{૩}{૫}$) $\frac{૨}{૫}$ કામ રહ્યું તે ब ને કરવાનું છે માટે ૧ કામ. : $\frac{૨}{૫}$ કામ. :: ૨૦ દિ.=૮ દિવસ અને પ્રથમ ૫$\frac{૧}{૭}$ દિવસ લાગ્યા છે તો બધા થઇને ૮+૫$\frac{૧}{૭}$= ૧૩$\frac{૧}{૭}$ દિવસ લાગે. જવાબ.

૧૮. **अ** ૪૦ દિવસમાં ૧ કામ કરે છે. તો ૧ દિવસમાં $\frac{૧}{૪૦}$ કામ કરશે. **ब** ૫૯ દિવસમાં ૧ કામ કરેછે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૫૯}$ કામ કરશે.

अ $\frac{૧}{૪૦}$ કામ કરે અને **ब** $\frac{૧}{૫૯}$ કામ કરે તો તે બન્ને જણ થઇને $\frac{૧}{૪૦}+\frac{૧}{૫૯}=\frac{૯૯}{૨૩૬૦}$ કામ ૧ દિ. માં કરે પણ તેમણે તો ૧૦ દિવસ કર્યું છે તો ૧ દિ : ૧૦ દિ. :: $\frac{૯૯}{૨૩૬૦}=\frac{૯૯}{૨૩૬}$ કામ **अ+ब** એ ૧૦ દિવસમાં કર્યું. **ब** ૧ દિવસમાં $\frac{૧}{૫૯}$ કામ કરે છે તો તેણે ૨૦ દિવસમાં $\frac{૧}{૫૯}\times\frac{૨૦}{૧}=\frac{૨૦}{૫૯}$ કામ કર્યું. પ્રથમ $\frac{૯૯}{૨૩૬}$ કામ થયું છે અને હવે $\frac{૨૦}{૫૯}$ કામ થયું ત્યારે બધું થઇને $\frac{૯૯}{૨૩૬}+\frac{૨૦}{૫૯}=\frac{૧૭૯}{૨૩૬}$ કામ થયું પણ આખું કામ કરવાનું છે માટે $\frac{૧}{૧}-\frac{૧૭૯}{૨૩૬}=\frac{૫૭}{૨૩૬}$ કામ બાકી રહ્યું તે **अ+ब** બન્ને જણ કરશે માટે $\frac{૯૯}{૨૩૬૦}$ કામ : $\frac{૫૭}{૨૩૬}$ કામ. :: ૧ દિ. = ૫$\frac{૨૫}{૩૩}$ દિવસ અને પહેલાં **ब** ને ૨૦ દિવસ થયા છે માટે બધા થઇને ૫$\frac{૨૫}{૩૩}$+૨૦=૨૫$\frac{૨૫}{૩૩}$ દિવસ જોઇએ. જવાબ.

૧૯. **अ+ब+क** ૮ દિવસમાં ૧ કામ કરેછે તો ૧ દિવસમાં $\frac{૧}{૮}$ કામ કરે
अ+ब ૧૦ દિવસમાં ૧ કામ કરેછે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૦}$ કામ કરે.
ब+क ૧૫ દિવસમાં ૧ કામ કરેછે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૫}$ કામ કરે.

अ+ब+क $\frac{૧}{૮}$ કામ કરેછે તેમાંથી **अ+ब** નું $\frac{૧}{૧૦}$ કામ બાદ કર્યું તો $\frac{૧}{૮}-\frac{૧}{૧૦}=\frac{૧}{૪૦}$ કામ **क** ૧ દિવસમાં કરે $\frac{૧}{૪૦}$ કામ. : ૧ કામ :: ૧ દિ. : ૪૦ દિવસ. $\frac{૧\times૧\times૪૦}{૧}$=૪૦ દિવસ **क** ને જોઇએ.

अ+ब+क $\frac{૧}{૮}$ કામ કરે છે તેમાંથી **ब+क** નું $\frac{૧}{૧૫}$ કામ બાદ કર્યું તો $\frac{૧}{૮}-\frac{૧}{૧૫}=\frac{૭}{૧૨૦}$ કામ **अ** નું રહ્યું. $\frac{૭}{૧૨૦}$ કામ. : ૧ કામ. :: ૧ દિ.= ૧૭$\frac{૧}{૭}$ દિવસ **अ** ને જોઇએ.

अ+ब $\frac{૧}{૧૦}$ કામ કરે તેમાંથી **अ** નું $\frac{૭}{૧૨૦}$ કામ બાદ કર્યું તો $\frac{૧}{૧૦}-\frac{૭}{૧૨૦}=\frac{૫}{૧૨૦}$ કામ **ब** ૧ દિવસમાં કરે $\frac{૫}{૧૨૦}$ કામ. : ૧ કામ :: ૧ દિ.=૨૪ દિવસ **ब** ને જોઇએ. જવાબ **अ** ૧૭$\frac{૧}{૭}$, **ब** ૨૪. **क** ૪૦ દિ.

૨૦. अ+ब+क ૪ કલાકમા ૧ કામ કરેછે તો ૧ કલાકમાં $\frac{૧}{૪}$ કામ કરે
अ+ब ૬ કલાકમાં ૧ કામ કરેછે તો ૧ કલાકમાં $\frac{૧}{૬}$ કામ કરે
अ+क ૮ કલાકમાં ૧ કામ કરેછે તો ૧ કલાકમાં $\frac{૧}{૮}$ કામ કરે

अ+ब+क $\frac{૧}{૪}$ કામ કરેછે. તેમાંથી अ+ब $\frac{૧}{૬}$ કામ કરેછે. તે બાદ કર્યું તો $\frac{૧}{૪}-\frac{૧}{૬}=\frac{૧}{૧૨}$ કામ क ૧ દિવસમાં :કરે તો $\frac{૧}{૧૨}$ કામ : ૧ કામ. :: ૧ દિ.=૧૨ દિ. क ને જોઇએ.

अ+ब+क $\frac{૧}{૪}$ કામ કરે છે. તેમાંથી अ+क નું $\frac{૧}{૮}$ કામ બાદ કર્યું તો $\frac{૧}{૪}-\frac{૧}{૮}=\frac{૧}{૮}$ કામ ब ૧ દિવસમાં કરે તો $\frac{૧}{૮}$ કામ. : ૧ કામ. :: ૧ દિ.=$\frac{૮}{૧}$ દિવસ. $\frac{૧\times૮}{૧}$=૮ દિવસ ब ને જોઇએ.

$\frac{૧}{૮}$ કામ अ+क કરેછે. તેમાંથી $\frac{૧}{૧૨}$ કામ क નું બાદ કર્યું તો $\frac{૧}{૮}-\frac{૧}{૧૨}=\frac{૧}{૨૪}$ કામ अ ૧ દિવસમાં કરેતો $\frac{૧}{૨૪}$ કામ. : ૧ કામ. :: ૧ દિ. =૨૪ દિવસ अ ને જોઇએ.

જવાબ. ૨૪ દિવસ अ ને, ૮ દિવસ ब ને, ૧૨ દિવસ क ને,

૨૧. अ+ब ૮ દિવસમાં ૧ કામ કરે તો ૧ દિવસમાં $\frac{૧}{૮}$ કામ કરે. ब+क ૧૨ દિવસમાં ૧ કામ કરે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૨}$ કામ કરે. अ+क ૧૬ દિવસમાં ૧ કામ કરે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૬}$ કામ કરે.

તેનો સરવાળો કર્યો તો ૨ अ+૨ ब+૨ क થઇને $\frac{૧}{૮}+\frac{૧}{૧૨}+\frac{૧}{૧૬}=\frac{૨૬}{૯૬}$ કામ કરે માટે अ+ब+क $\frac{\overset{૧૩}{૨૬}}{૯૬}\times\frac{૧}{૨}=\frac{૧૩}{૯૬}$ કામ કરે. अ+ब+क $\frac{૧૩}{૯૬}$ કામ કરે છે તેમાંથી अ+ब નું $\frac{૧}{૮}$ કામ બાદ કરીએ તો બાકી $\frac{૧૩}{૯૬}-\frac{૧}{૮}=\frac{૧}{૯૬}$ કામ રહ્યું તે क કરે માટે $\frac{૧}{૯૬}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૯૬ દિવસ क ને જોઇએ.

अ+ब+क $\frac{૧૩}{૯૬}$ કામ કરે છે તેમાંથી ब+क નું $\frac{૧}{૧૨}$ કામ બાદ કરીએ તો બાકી $\frac{૧૩}{૯૬}-\frac{૧}{૧૨}=\frac{૫}{૯૬}$ કામ अ ૧ દિવસમાં કરે માટે $\frac{૫}{૯૬}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૧૯$\frac{૧}{૫}$ દિવસ अ ને જોઇએ.

अ+क+ब $\frac{૧૩}{૯૬}$ કામ કરે છે તેમાંથી अ+क નું $\frac{૧}{૧૬}$ બાદ કરીએ તો બાકી $\frac{૧૩}{૯૬}-\frac{૧}{૧૬}=\frac{૭}{૯૬}$ કામ રહ્યું તે ब ૧ દિવસમાં કરે માટે.
$\frac{૭}{૯૬}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૧૩$\frac{૫}{૭}$ દિવસ ब ને જોઇએ.

જવાબ ૧૯$\frac{૧}{૫}$ દિ. अ ને, ૧૩$\frac{૫}{૭}$ દિ. बने, ૯૬ क ने

૨૨. ઉપર પ્રમાણે.

૨૩. अ+ब દરરોજના ૬ કલાક પ્રમાણે કામ કરતાં ૪ દિવસમાં એક કામ પુરૂં કરે છે એટલે તે ૬×૪=૨૪ કલાકમાં કામ પુરૂં કરે તેવી-જ રીતે ब+क ૫×૪=૨૦ કલાકમાં પુરૂં કરે, અને अ+क ૪×૪=૧૬ કલાકમાં પુરૂં કરે.

अ+ब ૨૪ કલાકમાં ૧ કામ કરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૨૪}$ કામ કરે.
ब+क ૨૦ કલાકમાં ૧ કામ કરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૨૦}$ કામ કરે
अ+क ૧૬ કલાકમાં ૧ કામ કરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૧૬}$ કામ કરે.

તેનો સરવાળો કર્યો તો ૨ अ+૨ ब+૨ क $\frac{૧}{૨૪}+\frac{૧}{૨૦}+\frac{૧}{૧૬}=\frac{૩૭}{૨૪૦}$ કામ કરે તો अ+ब+क $\frac{૩૭}{૨૪૦}\times\frac{૧}{૨}=\frac{૩૭}{૪૮૦}$ કામ કરે. अ+ब+क $\frac{૩૭}{૪૮૦}$ કામ કરે છે તેમાંથી अ+ब નું $\frac{૧}{૨૪}$ કામ બાદ કર્યું તો $\frac{૩૭}{૪૮૦}-\frac{૧}{૨૪}=\frac{૧૭}{૪૮૦}$ કામ ૧ કલાકમાં क કરે માટે.

$\frac{૧૭}{૪૮૦}$ કામ : ૧ કામ :: ૧ કલાક=$\frac{૪૮૦}{૧૭}$ કલાક क ને જોઇએ. પણ ૮ કલાકનો દિવસ ગણવાનો છે માટે ૮ કલાક : $\frac{૪૮૦}{૧૭}$ ક. :: ૧ દિવ-સ=૩$\frac{૯}{૧૭}$ દિવસ क ને જોઇએ.

क ની માફકજ अ અને ब ના દિવસ કાઢ્યા તો ૪$\frac{૮}{૧૩}$ દિ. अ ના અને ૮$\frac{૪}{૭}$ દિ. ब ના આવશે.

જવાબ. ૪$\frac{૮}{૧૩}$ દિ. अ ને, ૮$\frac{૪}{૭}$ દિ. ब ને ૩ $\frac{૯}{૧૭}$ દિ. क ને.

૨૪ अ ને ब દરરોજ ૪ કલાક કામ કરે તો ૧૦ દિવસમાં ૧ કામ પુરૂં કરે છે એટલે તે કુલ ૧૦×૪=૪૦ કલાકમાં પુરૂં કરે છે. તે

બીજી રીતે ब+क ૧૨×૩=૩૬ કલાકમાં અને अ+क ૧૫×૨=૩૦ કલાકમાં પૂરૂં કરે છે.

अ+ब ૪૦ કલાકમાં ૧ કામ કરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૪૦}$ કામ કરે.
ब+क ૩૬ કલાકમાં ૧ કામ કરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૩૬}$ કામ કરે.
अ+क ૩૦ કલાકમાં ૧ કામ કરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૩૦}$ કામ કરે.

સરવાળો કર્યો તો ૨ अ+૨ ब+૨ क $\frac{૧}{૪૦}+\frac{૧}{૩૬}+\frac{૧}{૩૦}=\frac{૩૧}{૩૬૦}$ કામ કરે તો अ+ब+क $\frac{૩૧}{૩૬૦}\times\frac{૧}{૨}=\frac{૩૧}{૭૨૦}$ કામ ૧ કલાકમાં કરે.

$\frac{૩૧}{૭૨૦}$ કામ : ૧ કામ :: ૧ કલાક = $\frac{૭૨૦}{૩૧}$ કલાક ત્રણે જણને જોઈએ. ૬ કલાક : $\frac{૭૨૦}{૩૧}$ :: ૧ દિ. = ૩ $\frac{૨૭}{૩૧}$ દિવસ. જવાબ.

૨૫ अ+ब ૮ દિવસમાં $\frac{૨}{૩}$ કામ કરે છે તો ૧ દિવસમાં $\frac{૨}{૩}\times\frac{૧}{૮}=\frac{૧}{૧૨}$ કામ કરે. ब+क ૯ દિવસમાં $\frac{૩}{૪}$ કામ કરે છે માટે ૧ દિવસમાં $\frac{૩}{૪}\times\frac{૧}{૯}=\frac{૧}{૧૨}$ કામ કરે. अ+क ૧૨ દિવસમાં $\frac{૪}{૫}$ કામ કરે છે માટે ૧ દિવસમાં $\frac{૪}{૫}\times\frac{૧}{૧૨}=\frac{૧}{૧૫}$ કામ કરે.

માટે ૨ अ+૨ ब+૨ क $\frac{૧}{૧૨}+\frac{૧}{૧૨}+\frac{૧}{૧૫}$ $\frac{૧૪}{૬૦}$ કામ કરે માટે अ+ब+क $\frac{૧૪}{૬૦}\times\frac{૧}{૨}=\frac{૭}{૬૦}$ કામ કરે.

अ+ब+क $\frac{૭}{૬૦}$ કામ કરે તેમાંથી ब+क $\frac{૧}{૧૨}$ કામ કરે તે બાદ કર્યું તો બાકી $\frac{૭}{૬૦}-\frac{૧}{૧૨}=\frac{૨}{૬૦}$ કામ अ કરે. $\frac{૨}{૬૦}$ કામ : ૧ કામ :: ૧ દિ. $\frac{૧\times૬૦}{૨}=૩૦$ દિવસ अ ને જોઈએ. अ+ब+क ને $\frac{૭}{૬૦}$ કામ કરે તે માંથી अ+क $\frac{૧}{૧૫}$ કામ કરે તે બાદ કર્યું તો $\frac{૭}{૬૦}-\frac{૧}{૧૫}=\frac{૩}{૬૦}$ કામ ब ૧ દિવસમાં કરે $\frac{૩}{૬૦}$ કામ : ૧ કામ :: ૧ દિ=૨૦ દિવસ ब ને જોઈએ. अ+ब+क $\frac{૭}{૬૦}$ કામ કરે તેમાંથી अ+ब $\frac{૧}{૧૨}$ કામ કરે તે બાદ કર્યું તો $\frac{૭}{૬૦}-\frac{૧}{૧૨}=\frac{૨}{૬૦}$ કામ क ૧ દિવસમાં કરે. $\frac{૨}{૬૦}$ કામ : ૧ કામ :: ૧ દિ.= ૩૦ દિવસ क ને જોઈએ.

જવાબ. ૩૦ દિવસ अ ને, ૨૦ દિવસ ब ને, ૩૦ દિવસ क ને.

૨૬ **अ+ब** ૧ કામ ૮ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૮}$ કામ કરે. **अ, ब** થી બમણું કામ કરે છે તેથી તે કામ કરતાં **अ** ને જેટલા દિવસ થાય તેથી બમણા દિવસ **ब** ને થાય જો **अ** ને ૧ દિવસ થાય તો **ब** ને ૨ દિવસ થાય. એટલે **अ** ૧ દિવસમાં ૧ કામ કરે તો **ब** ૧ દિવસમાં $\frac{૧}{૨}$ કામ કરે એટલે બન્ને જણ થઇને $૧+\frac{૧}{૨}=૧\frac{૧}{૨}=\frac{૩}{૨}$ કામ કરે $\frac{૩}{૨}$ કામ : $\frac{૧}{૮}$ :: ૧ કામ=$\frac{૧}{૧૨}$ **अ** ૧ દિવસમાં કરે. $\frac{૧}{૧૨}$ કામ : ૧ કામ : ૧ દિ. = ૧૨ દિવસ **अ** ને થાય અને **ब** ને તેથી બમણા થાય એટલે ૧૨×૨=૨૪ દિવસ થાય.

જવાબ. **अ** ને ૧૨, દિવસ **ब** ને ૨૪ દિવસ.

૨૭. **अ+ब** ૯ દિવસમાં $\frac{૩}{૫}$ કામ કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૫}$ કામ કરે.

अ ब થી ત્રણ ગણું કામ કરે છે એટલે **अ** ને ૧ કામ કરતાં જેટલો વખત લાગે તેથી ત્રણ ગણો વખત **ब** ને લાગે. જો **अ** ને ૧ દિવસ લાગે તો **ब** ને ૩ દિવસ લાગે. **अ** ૧ દિવસમાં ૧ કામ કરે તો **ब** $\frac{૧}{૩}$ કામ કરે; એટલે બન્ને જણ થઇને $૧+\frac{૧}{૩}=\frac{૪}{૩}$ કામ કરે.

$\frac{૪}{૩}$ કામ : $\frac{૧}{૧૫}$ કામ :: ૧ કામ=$\frac{૧}{૨૦}$ કામ **अ** ૧ દિવસમાં કરે. $\frac{૧}{૨૦}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૨૦ દિવસ **अ** ને જોઇએ અને **ब** ને તેથી ત્રણ ગણા એટલે ૨૦×૩=૬૦ દિવસ જોઇએ.

જવાબ. ૨૦ દિવસ **अ** ને, ૬૦ દિવસ **ब** ને.

૨૮. તે કામ **अ, ब** અને **क** એ દરેક જણે ૩ દિવસ કર્યું.
अ ૮ દિવસમાં આખું કામ કરે છે તો ૩ દિવસમાં $\frac{૩}{૮}$ કામ કરે.
ब ૬ દિવસમાં આખું કામ કરે છે તો ૩ દિવસમાં $\frac{૧}{૨}$ કામ કરે.
अ $\frac{૩}{૮}$ કામ કરે અને **ब** $\frac{૧}{૨}$ કામ કરે તો તે બંને જણાએ થઇને $\frac{૩}{૮}+\frac{૧}{૨}=\frac{૭}{૮}$ કામ કર્યું હશે અને બાકીનું $\frac{૧}{૧}-\frac{૭}{૮}=\frac{૧}{૮}$ કામ **क** એ કર્યું હશે.

૧ કામના : $\frac{૩}{૮}$ કામના :: ૩૦ રૂ.=૧૧$\frac{૧}{૪}$ રૂ. **अ** ને.
૧ કામ : $\frac{૧}{૨}$ કામ :: ૩૦ રૂ.=૧૫ રૂ. **ब** ને.
૧ કામ : $\frac{૧}{૮}$ કામ :: ૩૦ રૂ.=૩$\frac{૩}{૪}$ રૂ. **क** ને.
જવાબ.

૨૯. **अ** તથા **ब** એ પ્રથમના ૩ દિવસ અને પછીના ૫ દિવસ મળી કુલ ૮ દિવસ કામ કર્યું એટલે **अ** એ ૮ દિવસમાં $\frac{૨}{૫}$ કામ કર્યું અને **ब** એ ૮ દિવસમાં $\frac{૮}{૧૫}$ કામ કર્યું તો બન્ને જણાએ થઇને $\frac{૨}{૫}+\frac{૮}{૧૫}=\frac{૧૪}{૧૫}$ કામ કર્યું અને બાકીનું $\frac{૧}{૧}-\frac{૧૪}{૧૫}=\frac{૧}{૧૫}$ કામ **क** એ કર્યું.

૧ કામ : $\frac{૨}{૫}$ કામ :: ૫૦ રૂ.=૨૦ રૂ. **अ**ને.
૧ કામ : $\frac{૮}{૧૫}$ કામ :: ૫૦ રૂ.=૨૬$\frac{૨}{૩}$ રૂ. **ब**ને.
૧ કામ : $\frac{૧}{૧૫}$ કામ :: ૫૦ રૂ.=૩$\frac{૧}{૩}$ રૂ. **क**ને.
જવાબ.

૩૦. પ્રથમ **अ** એ ૪ દિવસ કામ કર્યું અને **ब** એ ૪ દિવસ કામ કર્યું. **अ** ૧૬ દિવસમાં ૧ કામ કરે છે તો ૪ દિવસમાં $\frac{૧}{૪}$ કામ કરે. **ब** ૧૨ દિવસમાં ૧ કામ કરે છે તો ૪ દિવસમાં $\frac{૧}{૩}$ કામ કરે. **अ** એ $\frac{૧}{૪}$ કામ કર્યું અને **ब** એ $\frac{૧}{૩}$ કામ કર્યું એટલે બન્ને જણાએ થઇને $\frac{૧}{૪}+\frac{૧}{૩}=\frac{૭}{૧૨}$ કામ કર્યું અને બાકીનું $\frac{૧}{૧}-\frac{૭}{૧૨}=\frac{૫}{૧૨}$ કામ **ब**+**क** એ કર્યું.

ब ૧ દિવસમાં $\frac{૧}{૧૨}$ કામ કરે છે અને **क** $\frac{૧}{૮}$ કામ કરે છે તો તે બન્ને જણ $\frac{૧}{૧૨}+\frac{૧}{૮}=\frac{૫}{૨૪}$ કામ કરે. $\frac{૫}{૨૪}$ કામ : $\frac{૫}{૧૨}$ કામ :: $\frac{૧}{૧૨}=\frac{૧}{૬}$ કામ **ब** કરે. **ब** એ પ્રથમ $\frac{૧}{૩}$ કામ કર્યું હતું અને હવે $\frac{૧}{૬}$ કામ કર્યું તો બધું થઇને $\frac{૧}{૩}+\frac{૧}{૬}=\frac{૧}{૨}$ કામ કર્યું અને **अ** એ $\frac{૧}{૪}$ કામ કર્યું એટલે **अ** + **ब** એ થઈ $\frac{૧}{૪}+\frac{૧}{૨}=\frac{૩}{૪}$ કામ કર્યું અને બાકીનું $\frac{૧}{૧}-\frac{૩}{૪}=\frac{૧}{૪}$ કામ **क** એ કર્યું.

૧ કામ : $\frac{૧}{૪}$ કામ :: ૮૦ રૂ.=૨૦ રૂ. **अ** ને.
૧ કામ : $\frac{૧}{૨}$ કામ :: ૮૦ રૂ.=૪૦ રૂ. **ब**ને.
૧ કામ : $\frac{૧}{૪}$ કામ :: ૮૦ રૂ.=૨૦ રૂ. **क**ને.
જવાબ.

૩૧. **अ**, **ब** અને **क** એ દરેક જણે ૩ દિવસ કામ કર્યું. પણ

તે ત્રણે જણ સાથે કામ કરે તો ૮ દિવસમાં પુરૂં કરે છે તો ૩ દિવસ-માં $\frac{૩}{૮}$ કામ કર્યું હશે. બાકીનું કામ क એ ૧૦ દિવસ અને व એ ૧૦ દિવસ કરીને પુરૂં કર્યું. क ૨૪ દિવસમાં આખું કામ કરે છે તો તેણે ૧૦ દિવસમાં $\frac{૫}{૧૨}$ કામ કર્યું. પ્રથમ $\frac{૩}{૮}$ કામ ત્રણે જણાએ કર્યું હતું અને क એ $\frac{૫}{૧૨}$ કામ કર્યું તો કુલ મળીને $\frac{૩}{૮}+\frac{૫}{૧૨}=\frac{૧૯}{૨૪}$ કામ થયું અને બાકીનું $\frac{૧}{૧}-\frac{૧૯}{૨૪}=\frac{૫}{૨૪}$ કામ व એ ૧૦ દિવસમાં કર્યું તો આખું કામ કરવાને $\frac{૫}{૨૪}$ કામ : ૧ કામ :: ૧૦ દિવસ=૪૮ દિવસ જોઇએ. જવાબ.

૩૨. अ, व થી બમણું અને क થી ૩ ગણું કામ કરે છે તો क દરરોજ ૧ કામ કરે તો व ૧$\frac{૧}{૨}$ કામ કરે અને अ ૩ કામ કરે એટલે કુલ ૩+૧॥+૧=૫$\frac{૧}{૨}$=$\frac{૧૧}{૨}$ કામ થાય પણ અહીં તો ત્રણે જણા થઇને $\frac{૧}{૧૦}$ કામ કરે છે માટે.

$\frac{૧૧}{૨}$ કામ : $\frac{૧}{૧૦}$ કામ :: ૩ કામ=$\frac{૩}{૫૫}$ કામ अ દરરોજ કરે.
$\frac{૧૧}{૨}$ કામ : $\frac{૧}{૧૦}$ કામ :: $\frac{૩}{૨}$ કામ=$\frac{૩}{૧૧૦}$ કામ व દરરોજ કરે.
$\frac{૧૧}{૨}$ કામ : $\frac{૧}{૧૦}$ કામ :: ૧ કામ=$\frac{૨}{૫૫}$ કામ क દરરોજ કરે.

ત્રણે જણાએ ૩ દિવસ કામ કર્યું એટલે $\frac{૩\times૧}{૧૦}=\frac{૩}{૧૦}$ કામ થયું પ-છી अ ગયો. व $\frac{૩}{૧૧૦}$ કામ કરે છે અને क $\frac{૧}{૫૫}$ કામ કરે છે. તો તે બન્ને થઇને $\frac{૩}{૧૧૦}+\frac{૧}{૫૫}=\frac{૧}{૨૨}$ કામ એક દિવસમાં કરે પણ તેમણે ૫ દિ-વસ કર્યું છે તો $\frac{૧}{૨૨}\times\frac{૫}{૧}=\frac{૫}{૨૨}$ કામ થયું અને $\frac{૩}{૧૦}$ કામ પ્રથમ થએલું છે તો બધું થઇને $\frac{૫}{૨૨}+\frac{૩}{૧૦}=\frac{૫૮}{૧૧૦}$ કામ થયું તો બાકી $\frac{૧}{૧}-\frac{૫૮}{૧૧૦}=\frac{૫૨}{૧૧૦}$ કામ રહ્યું તે क પુરૂં કરે.

$\frac{૧}{૫૫}$ કામ : $\frac{૫૨}{૧૧૦}$ કામ :: ૧ દિ.=૨૬ દિવસ. જવાબ.

૩૩. ૨ પુરૂષ અથવા ૩ બાયડી એક કામ ૮ દિવસમાં કરે છે એટલે ૨ પુરૂષ તે કામ કરે તો ૮ દિવસ થાય અને ૩ બાયડી હોય તો પણ ૮ દિવસ થાય તે ઉપરથી જણાય છે કે ૨ પુ.=૩ બાયડી હોય.

૧ પુરૂષ અને ૧ બાયડી છે તેની બાયડીઓ કરી તો—

૨ પુ. : ૧ પુ. :: ૩ બાયડી=$\frac{૩}{૨}$ બાયડી +૧=$\frac{૫}{૨}$ બાયડી.
$\frac{૫}{૨}$ બા.: ૩ બા. :: ૮ દિવસ=૯$\frac{૩}{૫}$ દિવસ. જવાબ.

૩૪. ૫ પુરૂષ=૧૦ બાયડી=૧૫ છોકરા આ પ્રમાણુ આપેલું છે તે ઉપરથી ૨ પુરૂષ, ૩ બાયડી અને ૪ છોકરાના છોકરા કર્યા.

૫ પુ. : ૨ પુ. :: ૧૫ છોકરા=૬ છોકરા. ૧૦ બાયડી : ૩ બાયડી :: ૧૫ છોકરા=૪॥ છોકરા. ૬+૪॥+૪=૧૪$\frac{૧}{૨}$ છોકરા થયા.

$\frac{૨૯}{૨}$ છો. : ૧૫ છો. :: ૧૬ દિવસ.=૧૬$\frac{૧૬}{૨૯}$ દિવસ. જવાબ.

૩૫. ૨ પુરૂષ+૩ બાયડી ૧ દિ. માં $\frac{૧}{૨૪}$ કામ કરે
૩ પુરૂષ+૨ બાયડી ૧ દિ. માં $\frac{૧}{૨૦}$ કામ કરે
} સ્ત્રીનું પ્રમાણ ઉડાડવા બીજા પદને ૧$\frac{૧}{૨}$ ગણા કર્યા તો.

૨ પુ+૩ બાયડી ૧ દિ.માં $\frac{૧}{૨૪}$ કામ કરે.
૪॥ પુ+૩ ,, ૧ દિ માં $\frac{૩}{૪૦}$ કામ કરે.
} બાદબાકી કરી.

૨॥ પુરૂષ ૧ દિ.માં $\frac{૧}{૩૦}$ કામ કરે તો ૧ પુરૂષ ૧ દિવસમાં $\frac{૧}{૭૫}$ કામ કરે. $\frac{૧}{૭૫}$ કામ. : ૧ કામ :: ૧ દિ.=૭૫ દિવસ પુરૂષને થાય. ૨ પુરૂષ+૩ બાયડી $\frac{૧}{૨૪}$ કામ કરે છે. તેમાંથી ૧ પુરૂષ $\frac{૧}{૭૫}$ કામ કરે તે લેખે ૨ પુરૂષ ($\frac{૧}{૭૫}\times\frac{૨}{૧}=\frac{૨}{૭૫}$) કામ કરે તે બાદ કર્યું તો બાકી ૩ બાયડી ($\frac{૧}{૨૪}-\frac{૨}{૭૫}$) $\frac{૯}{૬૦૦}$ કામ કરે માટે ૩ બાયડી : ૧ બાયડી :: $\frac{૯}{૬૦૦}$ કામ=$\frac{૧}{૨૦૦}$ કામ ૧ સ્ત્રી ૧ દિ.માં કરે. $\frac{૧}{૨૦૦}$ કામ : ૧ કામ :: ૧ દિ.=૨૦૦ દિવસ ૧ બાયડીને થાય.

જવાબ. પુરૂષને ૭૫ દિ. અને બાયડીને ૨૦૦ દિવસ.

૩૬. પુરૂષના ૮ દિવસ=સ્ત્રીના ૧૨ દિવસ એટલે ૮ પુરૂષ જેટલું કામ કરે તેટલુંજ કામ ૧૨ બાયડી કરે. ૮ પુ. : ૧ પુ. :: ૧૨ બાયડી=$\frac{૩}{૨}$ બાયડી+૧=$\frac{૫}{૨}$ બાયડી. $\frac{૫}{૨}$ બાયડી : ૧ બાયડી :: ૨૦ દિ.=૮ દિવસ જવાબ.

૩૭. છોકરો ૮ દિવસમાં $\frac{૧}{૩}$ કામ કરે છે ત્યારે ૫ દિવસમાં $\frac{૫}{૨૪}$

કરે માટે તેજ કામ ૧ પુરૂષ ૩ દિવસમાં કરશે. $\frac{૧}{૩}$ કામ છોકરે કર્યું છે અને $\frac{૧}{૧}-\frac{૧}{૩}=\frac{૨}{૩}$ કામ બાકી છે તે પુરૂષ કરશે માટે.

$\frac{૫}{૨૪}$ કામ : $\frac{૨}{૩}$ કામ :: ૩ દિ $=૯\frac{૩}{૫}$ દિવસ. જવાબ.

૩૮. પુરૂષ છોકરાથી ૩ ગણું કામ કરે છે એટલે જો પુરૂષને ૧ દિવસ લાગે તો છોકરાને ૩ દિવસ લાગે તો તે બે વચ્ચે ૩−૧=૨ દિવસનું અંતર પડ્યું પણ હિસાબમાં $૪\frac{૧}{૨}$ દિવસનું અંતર આપેલુંછે માટે

૨ દિ. : $\frac{૯}{૨}$ :: ૧ દિ. $=૨\frac{૧}{૪}$ દિવસ પુરૂષને.
૨ દિ. : $\frac{૯}{૨}$ :: ૩ દિ. $=૬\frac{૩}{૪}$ દિવસ છોકરાને. } જવાબ

૩૯ છેલ્લા બે દિવસ **અ** એ કામ ન કર્યું એટલે તે બે દિવસ એકલા **બ** એ કામ કર્યું એટલે **બ** એ ૨ દિ. માં $\frac{૨}{૯}$ કામ કર્યું અને બાકીનું $\frac{૧}{૧}-\frac{૨}{૯}=\frac{૭}{૯}$ કામ બન્ને જણાએ કર્યું તે બન્ને જણા થઇને ૧ દિવસમાં $\frac{૧}{૬}+\frac{૧}{૯}=\frac{૫}{૧૮}$ કામ કરે છે માટે.

$\frac{૫}{૧૮}$ કામ : $\frac{૭}{૯}$ કામ :: ૧ દિ $=૨\frac{૪}{૫}$ દિવસ અને **બ** ને છેલ્લા બે દિવસ થએલા છે માટે કુલ $૨\frac{૪}{૫}+૨=૪\frac{૪}{૫}$ દિ. જવાબ.

૪૦ **અ** ૩ દિવસ પહેલાં ગયો માટે **બ** એ ૩ દિવસ વધારે કામ કર્યું. પણ તે ૨૦ દિવસમાં ૧ કામ કરે છે માટે ૩ દિવસમાં $\frac{૩}{૨૦}$ કામ કર્યું અને બાકીનું $\frac{૧}{૧}-\frac{૩}{૨૦}=\frac{૧૭}{૨૦}$ કામ **અ+બ** એ મળી કર્યું. હવે **અ** $\frac{૧}{૧૫}$ કામ કરે અને **બ** $\frac{૧}{૨૦}$ કામ કરે તો તે બન્ને થઇને $\frac{૧}{૧૫}+\frac{૧}{૨૦}=\frac{૭}{૬૦}$ કામ કરે.

$\frac{૭}{૬૦}$ કામ : $\frac{૧૭}{૨૦}$ કામ :: $\frac{૧}{૧૫}$ કામ **અ** કરે $=\frac{૧૭}{૩૫}$ કામ **અ** એ કર્યું તો તેને શું આપવું તે કાઢવા માટે.

૧ કામ : $\frac{૧૭}{૩૫}$ કામ :: ૨૫ શિલિંગ $=૧૨\frac{૧}{૭}$ શિ. **અ** ને આપવી. **અ** અને **બ** વચ્ચે ૨૫ શિલિંગ આપવાની છે તેમાંથી **અ** ને $૧૨\frac{૧}{૭}$ મળે તે બાદ કરી તો $૨૫-૧૨\frac{૧}{૭}=૧૨\frac{૬}{૭}$ શિલિંગ **બ** ને મળે.

૪૧. આખું કામ કરે તેને ૪૫ શિલિંગ આપવાની છે પણ **क** ને ભાગ ૪ શી. ૬ પે. આવ્યા છે તો **क** એ કેટલું કામ કર્યું તે કાઢવા માટે.

૪૫ શિ. : $\frac{૯}{૨}$ શિ. :: ૧ કામ=$\frac{૧}{૧૦}$ કામ **क** એ ૩ દિવસમાં કર્યું હશે. માટે આખું કામ કરવાને તેને

$\frac{૧}{૧૦}$ કામ : ૧ કામ :: ૩ દિ=૩૦ દિવસ થાય.

આખું કામ કરવાનું છે તેમાંથી **क** એ $\frac{૧}{૧૦}$ કામ કર્યું તો બાકી $\frac{૧}{૧}-\frac{૧}{૧૦}=\frac{૯}{૧૦}$ કામ રહ્યું તે **अ** અને **ब** એ મળીને ૧૫ દિવસમાં કર્યું હશે. પણ **अ** તો ૨૫ દિવસમાં ૧ કામ કરે છે તો ૧૫ દિવસમાં.

૨૫ દિ. : ૧૫ દિ. :: ૧ કામ=$\frac{૩}{૫}$ કામ કર્યું હશે.

अ અને **ब** એ મળીને $\frac{૯}{૧૦}$ કામ કરવાનું તેમાંથી **अ** એ $\frac{૩}{૫}$ કામ કર્યું તે બાદ કર્યું તો $\frac{૯}{૧૦}-\frac{૩}{૫}=\frac{૩}{૧૦}$ કામ **ब** એ ૧૫ દિવસમાં કર્યું માટે ૧ કામ કરવાને કેટલા દિવસ જોઇએ તે કાઢવા માટે.

$\frac{૩}{૧૦}$ કામ : ૧ કામ :: ૧૫=૫૦ દિવસ **ब** ને જોઇએ.

જવાબ ૫૦ દિવસ **ब** ને, ૩૦ દિવસ **क** ને.

૪૨. ૧ પુ + ૨ બા. + ૩ છો. ૧ દિ માં $\frac{૧}{૨૪}$ કામ કરે. } બન્નેનો સરવાળો
૩ „ + ૨ „ + ૧ છો. ૧ „ $\frac{૧}{૧૬}$ „ „ } કર્યો.

૪ પુ.+ ૪ બા. + ૪ છો. ૧ દિ. માં $\frac{૫}{૪૮}$ કામ કરે.

પણ આપણે તો ૫ પુ. + ૫ બાયડી + ૫ છોકરાં ૧ દિવસમાં કેટલું કામ કરે તે કાઢવું છે માટે ૫ પુ. + ૫ બાયડી + ૫ છોકરાં એ ૪ પુરૂષ + ૪ બાયડી + ૪ છોકરાંથી ૧$\frac{૧}{૪}$ ગણાં છે તો તે કામ પણ $\frac{૫}{૪૮}$ થી ૧$\frac{૧}{૪}$ ગણું એટલે $\frac{૫}{૪૮}\times\frac{૫}{૪}=\frac{૨૫}{૧૯૨}$ કામ ૧ દિવસમાં કરશે. પણ આપણે તો આખું કામ કરવું છે માટે—

$\frac{૨૫}{૧૯૨}$ કામ : ૧ :: ૧ દિ=૭$\frac{૧૭}{૨૫}$ દિવસ. જવાબ.

૪૩. ૨૦ દિવસમાં આખું કામ કરવાનું છે પણ તેમણે ૮ દિવસમાં $\frac{1}{4}$ કામ કર્યું છે તો બાકીનું $1-\frac{1}{4}=\frac{3}{4}$ કામ ૨૦−૮=૧૨ દિવસમાં કરવું પડશે માટે.

$$\left.\begin{array}{l} ૧૨ \text{ દિ} : ૮ \text{ દિ} \\ \frac{1}{4} \text{ કામ} : \frac{3}{4} \text{ કામ} \end{array}\right\} :: ૧૬ \text{ મા} = ૩૨ \text{ માણુસ જોઇએ.}$$

પણ ૧૬ માણુસ છે તો ૩૨−૧૬=૧૬ માણુસ વધારે જોઇએ. જવાબ

૪૪. ૧૫ માણુસનું ૪૦ દિવસનું કામ તે પ્રથમના માણુસના ૨૦ દિવસના કામ બરાબર છે માટે ૨૦ દિ : ૪૦ દિ :: ૧૫ મા=૩૦ માણુસ જવાબ.

૪૫. ૮ માણુસનું ૨૪ દિવસનું કામ તે પ્રથમના માણુસના ૩૨−૨૪=૮ દિવસના કામની બરાબર છે.

૮ દિ : ૨૪ દિ :: ૮ મા =૨૪ માણુસ જોઇએ.

જો ૩૨ દિવસમાં કરવું હોય તો ૨૪ માણુસ જોઇએ પણ આપણે તો ૧૬ દિવસમાં કરવું છે માટે ૧૬ દિ : ૩૨ દિ :: ૨૪ મા =૪૮ માણુસ જોઇએ. જવાબ.

૪૬. ૬૦ માણુસનું ૧૦ દિવસનું કામ તે ૨૦ માણુસોનું પ્રથમના દિવસ−૧૦ દિવસના કામની બરાબર છે ∴ ૨૦ મા : ૬૦ મા :: ૧૦ દિ = ૩૦ દિવસ.

૩૦ દિવસ આવ્યા તે ૧૦ દિવસ ઓછા કરવાથી આવેલા માટે પ્રથમ ૩૦ + ૧૦ = ૪૦ દિવસ જોઇએ. જવાબ.

૪૭. ૩૦ માણુસનું ૬ દિવસનું કામ તે ૧૦ માણુસના પ્રથમના દિવસના કામ બરાબર છે. ∴ ૧૦ મા : ૩૦ મા :: ૬ દિ=૧૮ દિવસ ૪૦ માણુસને જોઇએ તો ૬૦ માણુસને કેટલા દિવસ જોઇએ તે કાઢવા સારૂ ૬૦ મા : ૪૦ મા :: ૧૮ દિ = ૧૨ દિવસ. જવાબ.

૪૮. ૨૪ દિવસમાં આખું કામ કરે છે તો તેઓએ ૬ દિવસમાં $\frac{૧}{૪}$ કામ કર્યું હવે $\frac{૩}{૪}$ કામ ૨૪−૬=૧૮ દિવસમાં થતું હતું તે માણસ વધવાથી ૨૧−૬=૧૫ દિવસમાં થશે માટે ૧૫ દિ : ૧૮ દિ :: ૨૦ મા =૨૪ માણસ જોઇએ પણ ૨૦ માણસ તો હતાં માટે ૨૪−૨૦ = ૪ માણસ વધારે જોઇએ. જવાબ.

૪૯. ૩૦ દિવસમાં કામ પુરું કરે પણ ૧૦ દિવસ તો ગયા એટલે એટલે ૩૦−૧૦=૨૦ દિવસમાં કરવાનું કામ માણસ જવાથી ૩૩$\frac{૧}{૩}$ દિવસમાં થયું માટે.

$\frac{૧૦૦}{૩}$ દિ : ૨૦ દિ :: ૧૦ મા =૬ માણસ. માણસ ગયા પછી રહ્યાં હશે માટે પ્રથમ ૧૦ માણસ હતાં અને ૬ રહ્યાં તો ૧૦−૬= ૪ માણસ જતાં રહ્યાં. જવાબ.

૫૦. પુરૂષ + બાયડી ૧ કામ ૩૦ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૩૦}$ કરે.

૪ પુરૂષ + બાયડી ૧ કામ ૧૨ દિવસમાં કરે છે તો ૧ દિવસમાં $\frac{૧}{૧૨}$ કામ કરે તેની બાદબાકી કરી તો ૩ પુરૂષ $\frac{૧}{૧૨}-\frac{૧}{૩૦}=\frac{૧}{૨૦}$ કામ કરે. ૩ પુરૂષ $\frac{૧}{૨૦}$ કામ કરે તો ૧ પુરૂષ $\frac{૧}{૨૦}\times\frac{૧}{૩}=\frac{૧}{૬૦}$ કામ કરે.

પુરૂષ + બાયડી $\frac{૧}{૩૦}$ કામ કરે તેમાંથી પુરૂષનું $\frac{૧}{૬૦}$ બાદ કર્યું તો $\frac{૧}{૩૦}-\frac{૧}{૬૦}=\frac{૧}{૬૦}$ કામ સ્ત્રી ૧ દિવસમાં કરે.

$\frac{૧}{૬૦}$ કામ : ૧ કામ :: ૧ દિ. = ૬૦ દિવસ. જવાબ.

૫૧. ૨ પુરૂષ+૩ બાયડી ૧ દિ. માં $\frac{૧}{૧૮}$ કામ કરે તો તેથી ૩ ગણા પુરૂષ અને ૩ ગણી બાયડીઓ તેથી ત્રણ ગણું કામ કરે એટલે ૬ પુ. + ૯ બાયડી ૧ દિ. મા $\frac{૧}{૬}$ કામ કરે.

૫ બાયડી અને ૭ છોકરા ૧ દિવસમાં $\frac{૧}{૨૪}$ કામ કરે તો તેથી બમણી બાયડી અને બમણા છોકરા તેથી બમણું કામ કરે એટલે ૧૦

બાયડી + ૧૪ છોકરા ૧ દિ. માં $\frac{૧}{૧૨}$ કામ કરે તે બન્નેનો સરવાળો કર્યો તો. ૬ પુ. + ૯ બા. ૧ દિ. માં $\frac{૧}{૬}$ કામ કરે

૧૦+૧૪ છો ,, $\frac{૧}{૧૨}$ કામ કરે

૬ + ૧૯+૧૪. ૧ દિ. માં $\frac{૧}{૪}$ કામ કરે

$\frac{૧}{૪}$ કામ : ૧ કામ :: ૧ દિ. = ૪ દિવસ. જવાબ

૫૨. પહેલા ૭ દિવસ ૪૫ માણુસ હાજર રહેશે માટે તે.

૩૦ દિ. : ૬ દિ. :: ૧ કામ = $\frac{૧}{૫}$ કામ ૬ દિવસમાં થયું.

બીજા ૭ દિવસમાં ૫ માણુસ જશે એટલે ૪૫–૫=૪૦ માણુસ રહેશે.

૪૫ મા. : ૪૦ મા.
૩૦ દિ. : ૬ દિ. } :: ૧ કામ=$\frac{૮}{૪૫}$ કામ ૫ દિવસમાં થશે.

ત્રીજા ૭ દિવસમાં ૪૦–૫=૩૫ માણુસ રહેશે માટે

૪૫ મા. : ૩૫ મા.
૩૦ દિ. : ૬ દિ. } :: ૧ કામ = $\frac{૭}{૪૫}$ કામ ૬ દિવસમાં થાય.

ચોથા ૭ દિવસમાં ૩૫-૫=૩૦ માણુસ રહેશે માટે

૪૫ મા. : ૩૦ મા.
૩૦ દિ. : ૬ દિ } :: ૧ કામ = $\frac{૨}{૧૫}$ કામ ૬ દિવસમાં થાય

પાંચમા ૭ દિવસમાં ૩૦–૫=૨૫ માણુસ રહેશે માટે

૪૫ મા. : ૨૫ મા.
૩૦ દિ. : ૬ દિ. } :: ૧ કામ = $\frac{૧}{૯}$ કામ ૬ દિવસમાં થાય

છઠ્ઠા ૬ દિવસમાં ૨૫–૫=૨૦ માણુસ રહેશે માટે

૪૫ મા. : ૨૦ મા.
૩૦ દિ. : ૬ દિ. } :: ૧ કામ = $\frac{૪}{૪૫}$ કામ ૬ દિવસમાં થાય.

સાતમા ૬ દિવસમાં ૨૦–૫=૧૫ માણુસ રહેશે માટે

૪૫ મા. : ૧૫ મા.
૩૦ દિ. : ૬ દિ. } :: ૧ કામ = $\frac{૧}{૧૫}$ કામ ૬ દિવસમાં થાય.

આઠમા ૬ દિવસમાં ૧૫−૫=૧૦ માણુસ રહેશે માટે

૪૫ મા. : ૧૦ મા.
૩૦ દિ. : ૬ દિ. } :: ૧ કામ = $\frac{२}{४५}$ કામ ૬ દિવસમાં થાય.

નવમા ૬ દિવસમાં ૧૦−૫=૫ માણુસ રહેશે માટે

૪૫ મા. : ૫ મા
૩૦ દિ. : ૬ દિ. } :: ૧ કામ = $\frac{१}{४५}$ કામ ૬ દિવસમાં થાય.

૭ ૭ દિવસના નવ હપતે થઇને ૧ કામ પુરૂં થયું એટલે કુલ ૫૪ દિવસ જોઇએ. જવાબ.

૫૩. ૧૦ अના દિ.+૧૦ દિ. बના,+ ૦ દિ. कના=૧ કામ
૧૨ દિ. ब ના+૧૨ દિ. क ના=૧ કામ } સરવાળો કર્યો.

૧૦ દિ +૨૨ દિ.+૧૨ દિ. = ૨ કામ.

હવે अ એ ૪ દિ.+ब એ ૨૦ દિ.+क એ ૫ દિવસ કામ કર્યું. ત્યારે ૧ કામ થયું તેને ૨॥ ગણા કર્યા તો.

अના ૧૦ દિ.+बના ૫૦ દિ.+कના ૧૨॥ દિ.= ૨॥ કામ
૧૦ ,,+ ,, ૨૨ ,,+ ,, ૧૨ ,, = ૨ ,, } બાદબાકી કરી

૨૮ દિ.+૦॥ = $\frac{१}{२}$ કામ

એટલે ब ૨૮ દિવસ કામ કરે અને क $\frac{१}{२}$ દિવસ કામ કરે તો $\frac{१}{२}$ કામ થાય તો ૫૬ દિવસ बના+૧ દિવસ कનો=૧ કામ થાય
૧૨ ,, ,, + ૧૨ ,, ,, =૧ ,, ,, } બાદબાકી કરી

૪૪ દિવસ ब ના= ૧૧ દિવસ क ના,

ब ૧૨ દિવસ કામ કરે + क ૧૨ દિવસ કામ કરે તો ૧ કામ થાય તો क એકલો તે કામ કેટલા દિવસમાં કરે છે તે કાઢવા માટે—

૪૪ દિ बના : ૧૨ દિ. ब :: ૧૧ દિ. क=૩ દિવસ ब ના કામના+૧૨ દિવસ પોતાના એટલે કુલ ૧૨+૩=૧૫ દિવસ क ને જોઇએ.

ब ૧૨ દિવસ કામ કરે+क ૧૨ દિવસ કામ કરે તો ૧ કામ થાય

તો ब એકલો તે કામ કેટલા દિવસમાં કરે તે કાઢવા માટે

૧૧ દિ. कના. : ૧૨ દિ.क :: ૪૪ દિ.==૪૮ દિ.क નું કામ કરતાં +૧૨ દિ. પોતાના એટલે કુલ ૪૮+૧૨=૬૦ દિવસ ब ને જોઇએ. એટલે ब ૧ દિવસમાં $\frac{૧}{૬૦}$ કામ કરે अ અને ब $\frac{૧}{૧૦}$ કામ કરેછે તેમાંથી ब નું $\frac{૧}{૬૦}$ બાદ કર્યું તો $\frac{૧}{૧૦}-\frac{૧}{૬૦}=\frac{૫}{૬૦}$ કામ अ ૧ દિવસમાં કરે. •

$\frac{૫}{૬૦}$ કામ. : ૧ કામ. :: ૧ દિ.=૧૨ દિવસ अ ને

જ. अને ૧૨, ब ને ૬૦ અને क ને ૧૫ દિવસ જોઈએ.

૫૪. अ અને ब થઇને એક કામ ૨૪ દિવસમાં કરે છે એટલે अ ૨૪ દિવસ કરે અને ब ૨૪ દિવસ કરે તો તે કામ પુરૂં થાય. પણ આતો ब ૨૭$\frac{૧}{૫}$ દિવસ અને अ (૨૭$\frac{૧}{૫}$–૬) ૨૧$\frac{૧}{૫}$ દિવસમાં પુરૂં કરે છે.

अ ને ૨૪ દિવસ કરવાનું તેને બદલે ૨૧$\frac{૧}{૫}$ દિવસ કર્યું એટલે ૨૪–૨૧$\frac{૧}{૫}$=૨$\frac{૪}{૫}$ દિ. ઓછું કર્યું તેના બદલામાં ब એ ૨૭$\frac{૧}{૫}$–૨૪=૩$\frac{૧}{૫}$ દિવસ વધારે કર્યું એટલે તે કામ પુરૂ થયું તે ઉપરથી જણાય છે કે अ ના ૨$\frac{૪}{૫}$ દિ.=ब ના ૩$\frac{૧}{૫}$ દિ. છે.

अ ૨૪ દિવસ કરે અને ब ૨૪ દિવસ કરે તો ૧ કામ થાય છે ત્યારે એકલો ब કેટલા દિવસમાં કરશે તે કાઢવા માટે.

$\frac{૧૪}{૫}$ દિ. : ૨૪ દિ. :: $\frac{૧૬}{૫}$=૨૭$\frac{૩}{૭}$ દિવસ अ નું કામ કરતાંથાય અને પોતાનું કામ કરતાં ब ને ૨૪ દિવસ થાય તો કુલ ૨૭$\frac{૩}{૭}$+૨૪=૫૧$\frac{૩}{૭}$ દિવસ ब ને થાય. જવાબ.

૫૫. પહેલા નળ વાટે ૧૦ કલાકમાં આખો હોજ ભરાય છે તો ૧ કલાકમાં $\frac{૧}{૧૦}$ હોજ ભરે.

બીજો નળ ૧૫ કલાકમાં આખો હોજ ભરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૧૫}$ ભરે તો બન્ને નળ થઇને $\frac{૧}{૧૦}+\frac{૧}{૧૫}=\frac{૧}{૬}$ હોજ ૧ કલાકમાં ભરે

$\frac{૧}{૬}$ હોજ : ૧ હોજ :: ૧ કલાક=૬ કલાક જોઇએ. જવાબ.

૫૬. अ નળ ૧૦ કલાકમાં આખી ટાંકી ભરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૧૦}$ ટાંકી ભરે.

ब નળ ૧૫ કલાકમાં આખી ટાંકી ભરે છે તો ૧ કલાકમાં $\frac{૧}{૧૫}$ ટાંકી ભરે.

• क નળ ૮ કલાકમાં આખી ટાંકી ખાલી કરે તો ૧ કલાકમાં $\frac{૧}{૮}$ ખાલી કરે. માટે अ+ब બન્ને નળ થઈને $\frac{૧}{૧૦}+\frac{૧}{૧૫}=\frac{૧}{૬}$ ટાંકી ભરે. અને क નળ $\frac{૧}{૮}$ ટાંકી ખાલી કરે છે તો $\frac{૧}{૬}-\frac{૧}{૮}=\frac{૧}{૨૪}$ ટાંકી ત્રણે નળ થઇ ૧ કલાકમાં ભરે પણ ભરવી છે આખી ટાંકી તો $\frac{૧}{૨૪}$ ટાંકી : ૧ ટાંકી :: ૧ કલાક=૨૪ કલાક. જવાબ.

૫૭. પહેલો નળ ૧ કલાકમાં $\frac{૧}{૪}$ ભરે અને બીજો ૧ કલાકમાં $\frac{૧}{૬}$ ભરે તો તે બન્ને થઈને $\frac{૧}{૪}+\frac{૧}{૬}=\frac{૫}{૧૨}$ ભરે અને ત્રણે નળ થઇને $\frac{૧}{૨૪}$ ભરે છે તો $\frac{૧૦}{૨૪}-\frac{૧}{૨૪}=\frac{૯}{૨૪}$ ત્રીજો નળ ૧ કલાકમાં ખાલી કરે માટે

$\frac{૯}{૨૪}$ ખાલી : ૧ ખાલી :: ૧ કલાક=૨$\frac{૨}{૩}$ કલાકમાં ત્રીજો નળ તે ટાંકી ખાલી કરે. જવાબ.

૫૮. પહેલો નળ ૧ મિનિટમાં $\frac{૧}{૬૦}$ ટાંકી ભરે. બીજો નળ ૧ મિનિટમાં $\frac{૧}{૪૮}$ ખાલી કરે તો તે બન્ને સાથે છોડવાથી $\frac{૧}{૪૮}-\frac{૧}{૬૦}=\frac{૧}{૨૪૦}$ ખાલી કરે.

પણ આપણે તો અડધી ટાંકી ભરેલી છે તે ખાલી કરવી છે માટે—

$\frac{૧}{૨૪૦}$ ટાંકી : $\frac{૧}{૨}$ ટાંકી :: ૧ મિ=૪૦ મિનિટ જોઇએ. જવાબ.

૫૯. હોજ કાણો ન હોય તો ૮ કલાકમાં ભરે એટલે ૧ કલાકમાં $\frac{૧}{૮}$ ભરે અને કાણો હોવાથી ૮+૨=૧૦ કલાકમાં ભરે એટલે ૧ કલાકમાં $\frac{૧}{૧૦}$ ભરે

પ્રથમ $\frac{૧}{૮}$ ભરે અને બીજી વખત $\frac{૧}{૧૦}$ ભરે એટલે $\frac{૧}{૮}-\frac{૧}{૧૦}=\frac{૧}{૪૦}$

પાણી દર કલાકે જતું રહે માટે—

$\frac{૧}{૪૦}$ જવા. : ૧ જવા. :: ૧ ક.=૪૦ કલાક. જવાબ.

૬૦. अ નળ ૨૦ મિનિટમાં ૧ ટાંકી ભરે તો ૧ મિનિટમાં $\frac{૧}{૨૦}$ ભરે. व નળ ૨૫ મિનિટમાં ૧ ટાંકી ભરે તો ૧ મિનિટમાં $\frac{૧}{૨૫}$ ભરે. क નળ ૧૦ મિનિટમાં ૧ ટાંકી ખાલી કરે તો ૧ મિનિટમાં $\frac{૧}{૧૦}$ ખાલી કરે. अ $\frac{૧}{૨૦}$ ભરે અને व $\frac{૧}{૨૫}$ ભરે તો તે બન્ને થઇને $\frac{૧}{૨૦}+\frac{૧}{૨૫}=\frac{૯}{૧૦૦}$ ભરે. તે બન્ને એ ૫ મિનિટ ટાંકી ભરી છે તો ૫ મિનિટમાં $\frac{૯}{૧૦૦}\times\frac{૫}{૧}=\frac{૯}{૨૦}$ ભરી. બીજી વખત પાછા તે બન્ને નળ ૧૦ મિનિટ ભરે છે તો $\frac{૯}{૧૦૦}\times\frac{૧૦}{૧}=\frac{૯}{૧૦}$ ભરી. બધી થઇને $\frac{૯}{૨૦}+\frac{૯}{૧૦}=\frac{૨૭}{૨૦}$ ભરાઈ. પરંતુ તે દરમ્યાન क નળે ૧૦ મિનિટમાં $\frac{૧}{૧૦}\times\frac{૧૦}{૧}=૧$ ખાલી કરી તો બાકી $\frac{૨૭}{૨૦}-\frac{૧}{૧}=\frac{૭}{૨૦}$ ભરેલી રહી.

હવે व ને क બેજ નળ રહે છે તો તે બે થઇને $\frac{૧}{૨૫}-\frac{૧}{૧૦}=\frac{૩}{૫૦}$ ખાલી કરે છે માટે.

$\frac{૩}{૫૦}$ ખાલી : $\frac{૭}{૨૦}$ ખાલી :: ૧ મિ.=૫$\frac{૫}{૬}$ મિનિટ. જવાબ.

૬૧. ૫૦ દિવસ ચાલતું હતું પણ ગળી જવાથી ૧૦ દિવસ ઓછું ચાલ્યું એટલે ૫૦−૧૦=૪૦ દિવસ ચાલ્યું અને તેટલાજ દિવસ પાંચ પાંચ ગાગર જતી રહી હશે તો કુલ ૪૦×૫=૨૦૦ ગાગર પાણી જતું રહ્યું હશે. એ ૨૦૦ ગાગર ગયું માટે ૧૦ દિવસ ન ચાલ્યું માટે ૧ દિવસમાં ૨૦૦÷૧૦=૨૦ ગાગર પાણી પીએ. ૧ દિવસમાં ૨૦ ગાગર પાણી પીએ તો ૫૦ દિવસમાં ૫૦×૨૦=૧૦૦૦ ગાગર પાણી પીએ માટે તેટલું પાણી કુલ હશે.

૨૦ ગાગર પાણી પીએ અને ૨૫ ગાગર જતું રહે એટલે દરરોજ ૪૫ ગાગર પાણી જાય તો ૧૦૦૦ ગાગર પાણી કાઢવાને ત્રીરાશી પ્રમાણે

૪૫ ગાગર : ૧૦૦૦ ગાગર :: ૧ દિ. ૨૨$\frac{૨}{૯}$ દિ. જવાબ.

૬૨. ૬૦ દિવસ સુધી ચાલે ત્યારે ૬૦×૧૦=૬૦૦ ગાગર પાણી ગળી જાય અને જ્યારે ૫૫ દિવસ સુધી ચાલે ત્યારે ૫૫×૧૫=૮૨૫ ગાગર પાણી ગળી જાય એ ઉપરથી એમ સ્પષ્ટ દેખાય છે કે ૮૨૫−૬૦૦ =૨૨૫ ગાગર વધારે ગળી જવાને લીધે ૬૦−૫૫=૫ દિવસ ઓછું ચાલે છે માટે ૫ દિવસ ચાલે તેટલું પાણી ૨૨૫ ગાગર છે એ ઉપરથી ૬૦ દિવસ ચાલે એટલું પાણી કાઢવાને ત્રિરાશી પ્રમાણે.

૫ દિ. : ૬૦ દિ. :: ૨૨૫ ગાગર = ૨૭૦૦ ગાગર.

૨૭૦૦ ગાગર અને ૧૦ ગાગર પ્રમાણે ૬૦ દિવસ સુધી ગળી ગયેલું પાણી ૬૦+૧૦=૬૦૦ ગાગર એટલે હોજમાં ૨૭૦૦+૬૦૦=૩૩૦૦ ગાગર પાણી માય છે.

જવાબ ૩૩૦૦ ગાગર.

૬૩. બન્ને જણ સામસામા આવે છે એટલે બન્ને જણ થઇને ૩+૪=૭ માઇલ ૧ કલાકે કાપશે પણ કાપવાનું અંતર ૩૫ માઇલછેમાટે.

૭ મા. : ૩૫ મા. :: ૧ કલાક = ૫ કલાક બન્ને જણ ચાલે. અ કલાકે ૩ માઇલ ચાલે છે તો તે ૫×૩=૧૫ માઇલ ચાલ્યો હશે.

જવાબ (૧) નીકળ્યા પછી ૫ કલાકે ભેગા થશે.

(૨) अ ૧૫ માઇલ ચાલશે ત્યારે ભેગા થશે.

૬૪. ब કરતાં अ ૨૦ માઇલ આગળ છે એટલે બે વચ્ચે ૨૦ માઇલનું અંતર છે તે ब ને ભાગવું પડશે. ब ૫ માઇલ ચાલે છે અને अ ૪ માઇલ ચાલે છે તો તે બે વચ્ચે કલાકે ૫−૪=૧ માઇલનું અંતર પડે છે.

૧ મા : ૨૦ મા :: ૧ કલાક = ૨૦ કલાક. જવાબ.

૬૫. अ અને ब બન્ને જણ વિરૂદ્ધ દિશામાં જાય છે તેથી તે બે વચ્ચે એક કલાકે ૩½+૪½=૮ માઇલનું અંતર પડે પણ ૨૮ માઇલનું અંતર પાડવું છે તો ૮ મા : ૨૮ :: ૧ કલાક = ૩½ કલાક. જવાબ.

૬૬. કુતરો ૧૦ યાર્ડ ચાલે અને સસલો ૮ યાર્ડ ચાલે તો તે બે વચ્ચે કલાકે બે યાર્ડનું અંતર પડે તો ૧૪ યાર્ડનું અંતર પાડવા માટે ૨ યાર્ડ : ૧૪ યાર્ડ :: ૧ કલાક = ૭ કલાક. જવાબ.

૬૭. ચોર કલાકે ૬ માઇલ ચાલે છે તો ૩ કલાકમાં તે ૬×૩= ૧૮ માઇલ ચાલી ગયો. હવે ફોજદાર તેને પકડવા નીકળ્યો માટે તેને ૧૮ માઇલનું અંતર ભાગવું પડશે. પણ તે કલાકે ૮−૬=૨ માઇલનું અંતર ભાગે છે. માટે ૨ માઇલ : ૧૮ માઇલ :: ૧ કલાક=૯ કલાક ફોજદારના નીકળ્યા પછી થાય, અને ચોર ૩ કલાક વધારે ચાલ્યો માટે ૯+૩= ૧૨ કલાક ચોરના નીકળ્યા પછી થાય. જવાબ (૧) ફોજદારના નીકળ્યા પછી ૯ કલાકે. (૨) ચોરના નીકળ્યા પછી ૧૨ કલાકે.

૬૮. **અ** ૨ કલાક આગળ નીકળ્યો છે માટે તે ૩×૨=૬ માઇલ ચાલી ગયો. એટલે કુલ $૫૨\frac{૧}{૨}$−૬=$૪૬\frac{૧}{૨}$=$\frac{૯૩}{૨}$ માઇલ જવાનું રહ્યું. બન્ને જણ સામ સામા આવે છે તેથી વેગનો સરવાળો કર્યો તો કલાકે ૩+ $૩\frac{૧}{૨}$=$૬\frac{૧}{૨}$ = $\frac{૧૩}{૨}$ માઇલ ચાલે. $\frac{૧૩}{૨}$ મા : $\frac{૯૩}{૨}$ :: ૧ કલાક = $૭\frac{૨}{૧૩}$ કલાક **વ** ને, અને **અ** ને ૨ કલાક વધારે એટલે $૭\frac{૨}{૧૩}$+૨=$૯\frac{૨}{૧૩}$ કલાક થાય. જવાબ **અ** નીકળ્યા પછી $૯\frac{૨}{૧૩}$ કલાકે.

૬૯. દર કલાકે $૨\frac{૧}{૨}$ માઇલ પ્રમાણે ચાલે છે માટે $\frac{૫}{૨}$: ૪ મા :: ૧ ક=$\frac{૮}{૫}$ કલાક ૪ માઇલ જવા થાય.

હવે જો $૨\frac{૨}{૩}$ માઇલ પ્રમાણે ચાલે તો તેને ૪ માઇલ જવાને $\frac{૮}{૩}$ મા : ૪ મા :: ૧ ક=$\frac{૩}{૨}$ કલાક થાય.

પ્રથમ $\frac{૮}{૫}$ કલાક થતા હતા અને હવે $\frac{૩}{૨}$ કલાક થાય છે માટે તે માણસ $\frac{૮}{૫}$−$\frac{૩}{૨}$=$\frac{૧}{૧૦}$ કલાક=૬ મિનિટ વહેલો જાય. જવાબ.

૭૦. દર કલાકે ૧૫ માઇલ ચાલે તો ૩ કલાક અને ૨૦ મિનિટમાં ૫૦ માઇલ ચાલે. હવે જો ૧૮ મા. પ્રમાણે ચાલે તો ૫૦ માઇલ

ચાલવાને ૧૮ મા : ૫૦ મા :: ૧ ક = $\frac{૨૫}{૯}$ ક. થાય. $\frac{૩૦}{૯}-\frac{૨૫}{૯}=\frac{૫}{૯}$ ક. = ૩૩ $\frac{૧}{૩}$ મિનિટ વહેલી જાય. જવાબ.

૭૧. ૭ મા : ૮ મા :: ૧ ક = $\frac{૮}{૭}$ કલાક ૮ માઇલ જતાં થાય. $\frac{૧૩}{૪}$ મા : ૪ મા :: ૧ ક $\frac{૧૬}{૧૩}$ કલાક ૪ માઇલ જતાં થાય.

એટલે કુલ ૮+ ૪ = ૧૨ માઇલ જતાં $\frac{૮}{૭}+\frac{૧૬}{૧૩}=\frac{૨૧૬}{૯૧}$ કલાક થાય પણ ૨૦ માઇલ ૫ કલાકમાં જવું છે તો ૨૦−૧૨ = ૮ માઇલ જવાને ૫−$\frac{૨૧૬}{૯૧}$ = $\frac{૨૩૯}{૯૧}$ કલાક થાય.

$\frac{૨૩૯}{૯૧}$ ક : ૧ કલાક :: ૮ મા=$\frac{૭૨૮}{૨૩૯}$ = ૩ $\frac{૧૧}{૨૩૯}$ માઇલ દર કલાકે જાય. જવાબ.

૭૨. ૧ માઇલ દોડવાનું છે એટલે ૧૭૬૦ યાર્ડ જવાનું છે. **अ** ૧ મિનિટમાં ૩૦૦ યાર્ડ ચાલે છે તો ૧૭૬૦ યાર્ડ જવાને $\frac{૮૮}{૧૫}$ મિ. થાય.

ब ૧૭૬૦÷૨=૮૮૦ યાર્ડ મિનિટના ૨૮૦ યાર્ડ પ્રમાણે ચાલેછે તો તેને ૨૮૦ યાર્ડ. : ૮૮૦ યાર્ડ. :: ૧ મિ =$\frac{૨૨}{૭}$ મિનિટ થાય. બાકીના ૮૮૦ યાર્ડ કલાકના ૩૨૦ યાર્ડ પ્રમાણે ચાલેછે તો તેને ૩૨૦ યાર્ડ. : ૮૮૦ યાર્ડ :: ૧ મિ.=$\frac{૧૧}{૪}$ મિનિટ થાય. એટલે **ब** ને કુલ $\frac{૨૨}{૭}+\frac{૧૧}{૪}=\frac{૧૬૫}{૨૮}$ મિનિટ થાય, અને **अ** ને $\frac{૮૮}{૧૫}$ મિનિટ થાય છે. તો $\frac{૮૮}{૧૫}-\frac{૧૬૫}{૨૮}=\frac{૧૧}{૪૨૦}$ મિ. =૧$\frac{૪}{૭}$ સેકન્ડ જવાબ.

૭૩. એક માઇલની સરતમાં **ब** ૨૦ માઇલ પાછળ રહે છે તો **अ** ૧૭૬૦ યાર્ડ ચાલે તેટલામાં **ब** ૧૭૬૦-૨૦=૧૭૪૦ યાર્ડ ચાલે, અને **क** ૪૦ યાર્ડ પાછળ પડે છે તો ૧૭૬૦−૪૦=૧૭૨૦ યાર્ડ ચાલે. જો **ब** ૧૭૬૦ યાર્ડ ચાલે તો ૧૭૬૦ યાર્ડ : ૧૭૨૦ યાર્ડ. :: ૧૭૨૦ યાર્ડ. : ?યાર્ડ $\frac{૪૩ \times ૪૩૦}{૧૧}=\frac{૧૮૪૯૦}{૧૧}$=૧૬૮૦$\frac{૧૦}{૧૧}$ યાર્ડ **क** ચાલે પણ **अ** ૧૭૬૦ યાર્ડ ચાલે છે. માટે **अ** ૧૭૬૦−૧૬૮૦$\frac{૧૦}{૧૧}$=૭૯$\frac{૧}{૧૧}$ યાર્ડ આગળ જશે. જવાબ.

૭૪. જો ब ૧૭૬૦ યાર્ડ ચાલે તો अ ૧૭૬૦−૧૦=૧૭૫૦ યાર્ડ ચાલે ब૨ માઈલની સરતમાં क ની પાછળ ૩૦ યાર્ડ રહેછે તો ૧ માઈલની સરતમાં ૧૫ યાર્ડ પાછળ રહે. એટલે क ૧૭૬૦ યાર્ડ ચાલે તો ब ૧૭૪૫ યાર્ડ ચાલે. ૧૭૬૦ યાર્ડ ब ચાલે તેટલામાં अ ૧૭૫૦ યાર્ડ ચાલે પણં આ વખતે તો ब ૧૭૪૫ યાર્ડ ચાલે છે માટે ૧૭૬૦ યાર્ડ : ૧૭૪૫ યાર્ડ. :: ૧૭૫૦ યાર્ડ=$\frac{૩૦૫૩૭૫}{૧૭૬}$=૧૭૩૫$\frac{૧૫}{૧૭૬}$ યાર્ડ अ ચાલે પણ તેટલામાં क ૧૭૬૦ યાર્ડ ચાલે છે માટે ૧૭૬૦−૧૭૩૫$\frac{૧૫}{૧૭૬}$=૨૪$\frac{૧૬૧}{૧૭૬}$ યાર્ડ अ क ની પાછળ રહે. જવાબ.

૭૫. બંને જણાએ ૧ માઈલની સરત કરી છે માટે अ ને ૧ માઈલ ચાલતાં $\frac{૧}{૬}$ કલાક થાય અને ब ને $\frac{૧}{૮}$ કલાક થાય માટે ब ના પહોંચ્યા પછી $\frac{૧}{૬}$−$\frac{૧}{૮}$=$\frac{૧}{૨૪}$ કલાકે अ પહોંચશે માટે अ એ $\frac{૧}{૨૪}$ કલાક =૨$\frac{૧}{૨}$ મિનિટ આગળ નીકળવું. જવાબ.

૭૬. ब ૧ કલાકે ૮ માઈલ જાય છે એટલે ૧ માઈલ જવાને $\frac{૧}{૮}$ કલાક=૪૫૦ સેકન્ડ થાય. अ ब ના કરતાં ૪૦ સેકન્ડ આગળ દોડે છે એટલે ૪૫૦+૪૦=૪૯૦ સેકન્ડ ચાલે માટે તે તેટલી સેકન્ડમાં કેટલા માઈલ ચાલે તે કાઢવા સારૂ.

૩૬૦૦ સે. : ૪૯૦ સે. :: $\frac{૧૩}{૨}$ મા.=૧૫૫૭$\frac{૧}{૯}$ યાર્ડ ચાલે અને ब ૧૭૬૦ યાર્ડ ચાલે માટે ब ૧૭૬૦−૧૫૫૭$\frac{૧}{૯}$=૨૦૨$\frac{૮}{૯}$ યાર્ડ આગળ જાય. જવાબ.

૭૭. अ ૧૭૬૦ યાર્ડ ચાલે તો ब ૨૦ યાર્ડ પાછળ રહે એટલે ૧૭૬૦−૨૦=૧૭૪૦ યાર્ડ ચાલે.

૧ માઈલની સરતમાં ब क ના કરતાં ૪ સેકન્ડ આગળ જઈ પહોંચે છે માંટે ब ૧૭૪૦ યાર્ડ ચાલે તો क ૧૭૨૦ યાર્ડ ચાલે પણ ब ૧૭૬૦ યાર્ડ ચાલે તો ૧૭૪૦ યાર્ડ : ૧૭૬૦ યાર્ડ :: ૧૭૨૦=૧૭૩૯$\frac{૬૭}{૮૭}$ क ચાલે પણ ब ૧૭૬૦ યાર્ડ ચાલે છે તો क ૪ સેકંન્ડમાં ૧૭૬૦−૧૭૩૯$\frac{૬૭}{૮૭}$ =૨૦$\frac{૨૦}{૮૭}$ યાર્ડ ચાલે.

$\frac{૧૭૬૦}{૮૭}$ યાર્ડ : ૧૭૨૦ યાર્ડ :: ૪ સેકન્ડ=૫ મિ. ૪૦$\frac{૧}{૧૧}$ સેકન્ડ.

એટલે ૫ મીનિટ અને ૪૦$\frac{૧}{૧૧}$ સેકન્ડમાં **क** ૧૭૨૦ યાર્ડ ચાલે પણ તેટલા વખતમાં **अ** ૧ માઇલ ચાલે છે માટે **अ** ને ૧ માઇલ ચાલતાં ૫ મિ. ૪૦$\frac{૧}{૧૧}$ સેકન્ડ થાય.

क ને ૧૭૨૦ યાર્ડ ચાલતાં $\frac{૩૭૪૧}{૧૧}$ સેકન્ડ થાય તો ૧ માઇલ =૧૭૬૦ યાર્ડ ચાલતાં કેટલો વખત થાય તે કાઢવા માટે ૧૭૨૦ યાર્ડ : ૧૭૬૦ યાર્ડ :: [illegible]=૫ મિનિટ ૪૮ સેકન્ડ.

क ને ૫ મિનિટ ૪૮ સેકન્ડ થાય તો **ब** ને તેના કરતાં ૪ સેકન્ડ ઓછી થાય એટલે ૫ મિ. ૪૮ સેકન્ડ–૪ સેકન્ડ=૫ મિનિટ ૪૪ સેકન્ડ

જવાબ **अ** ૫ મિ. ૪૦$\frac{૧}{૧૧}$ સે. **ब** ને ૫ મિ. ૪૪ સે, **क** ને ૫ મિ. ૪૮ સેકન્ડ.

૭૮. **ब** વધારે વેગ વાળો છે માટે **ब** આખું ચક્કર (૨૦૦ યાર્ડ) ફરશે ત્યારે **अ** થોડું ફરશે એટલે **ब** અને **अ** વચ્ચે **अ** ચાલ્યો હશે તે અંતર રહેશે માટે તેટલુંજ અંતર ભાગવું પડશે માટે.

૩ યાર્ડ : ૨૦૦ યાર્ડ :: ૧ સે.=$\frac{૨૦૦}{૩}$ સેકન્ડે **ब** આખું ચક્કર ફરે તેટલા વખતમાં **अ** $\frac{૨૦૦}{૩}\times\frac{૫}{૨}\times\frac{૫૦૦}{૩}$ યાર્ડ ફરે. એટલે નીકળ્યા પછી $\frac{૨૦૦}{૩}$ સેકન્ડે **अ** અને **ब** વચ્ચે $\frac{૫૦૦}{૩}$ યાર્ડનું અંતર રહેશે તે ભાગવાનું છે. **ब** ૩ યાર્ડ ચાલે અને **अ** ૨$\frac{૧}{૨}$ યાર્ડ ચાલે છે તો તે બે વચ્ચે ૧ સેકન્ડે ૩–૨$\frac{૧}{૨}$=$\frac{૧}{૨}$ યાર્ડનું અંતર રહે. $\frac{૧}{૨}$ યાર્ડ : $\frac{૫૦૦}{૩}$ યાર્ડ :: ૧ સે= $\frac{૧૦૦૦}{૩}$ સેકન્ડ થાય અને $\frac{૨૦૦}{૩}$ પ્રથમ થએલી છે એટલે કુલ $\frac{૧૦૦૦}{૩}$+ $\frac{૨૦૦}{૩}$=$\frac{૧૨૦૦}{૩}$=૪૦૦ સેકન્ડ=૬$\frac{૨}{૩}$ મિનિટે ભેગા થશે. જવાબ.

૭૯. **अ** ૬ કલાકમાં ૧૫ માઇલ આગળ ગયો એટલે તે ૧ કલાકે ૧૫÷૬=૨$\frac{૧}{૨}$ માઇલ **ब** ની આગળ જાય હવે તેણે ૧$\frac{૧}{૨}$ વેગ ઓછો કર્યો તેથી તે **ब** કરતાં ૨$\frac{૧}{૨}$–૧$\frac{૧}{૨}$=૧ માઇલજ આગળ જશે **ब** એ ૧$\frac{૧}{૨}$

માઇલ વેગ વધાર્યો તેથી તે $1\frac{1}{2}-1=\frac{1}{2}$ માઇલ અ કરતાં આગળ ચાલશે. હવે અ અને વ ની વચ્ચે ૧૫ માઇલનું અંતર છે તે ભાગવાનું છે અને કલાકે $\frac{1}{2}$ માઇલનું અંતર ભાગે છે માટે.

$\frac{1}{2}$ માઇલ : ૧૫ માઇલ :: ૧ કલાક = ૩૦ કલાક જવાબ.

ટીપ:—ઘડિઆળના હિસાબમાં કલાક અને મિનિટ કાંટો સામસામી લાવવો હોય તો જેટલા વાગ્યા પછી કહ્યા હોય તેમાં ૬ કલાક ઉમેરવા સરવાળા જેટલાં ઘર એટલે તેને ૫ એ ગુણીએ તેટલી મિનિટ મિનિટ કાંટો ચાલે ત્યારે તે સામસામા આવે કારણ કે બન્ને કાંટા સામસામા આવવાને ૬ ઘરનું અંતર જોઇએ.

ઘડિઆળમાં કાંટા કાટખૂણે બે વખત આવે છે. કાટખૂણે લાવવામાં ત્રણ ઘરનું અંતર જોઇએ એટલે જેટલા કલાક વાગી ગયા પછી કહ્યું હોય તેમાં ત્રણ ઘર ઉમેરીએ એટલે જેટલો સરવાળો આવે તેટલાં ઘર અથવા તેને ૫એ ગુણીએ તેટલી મિનિટ મિનિટ કાંટો ચાલશે ત્યારે કાટખૂણે આવશે. બીજો જવાબ કાઢવા માટે જેટલા કલાક વાગી ગયા કહ્યા હોય તેમાંથી ત્રણ બાદ કરવાને બાદ બાકીને ૫ એગુણીએ તે ગુણાકાર આવે એટલી મિનિટ મિનિટ કાંટો ચાલશે ત્યારે બન્ને કાંટા કાટખૂણે આવશે.

બન્ને કાંટા ઉપરા ઉપરી લાવવા હોય તો જેના ઉપર કલાક કાંટો હોય તે ઉપરજ મિનિટ કાંટો આવવાથી બન્ને ઉપરા ઉપરી આવશે માટે જેટલા વાગ્યા હોય તેટલાં ઘર એટલે તેને ૫ એ ગુણીએ તેટલી મિનિટ મિનિટ કાંટાને કાપવી પડશે.

૮૦. કલાક કાંટો ૫ મિનિટ ચાલે તેટલામાં મિનિટ કાંટો ૬૦ ચાલશે માટે તે બે વચ્ચે ૬૦−૫=૫૫ મિનિટનું અંતરપડે પણ અંતર પાડવું છે ૧૫ મિનીટનું માટે ૫૫ મિ. : ૧૫ મિ. :: ૬૦ મિ.=$16\frac{4}{11}$ મિનટ. જવાબ ૩ ઉપર $16\frac{4}{11}$ મિનિટ.

૮૧. ઉપર પ્રમાણે ૧ કલાક ચાલતાં બન્ને કાંટા વચ્ચે ૫૫ મિનિટનું અંતર પડશે પણ અંતર પાડવું છે ૧૦×૫ = ૫૦ મિનિટનું માટે ૫૫ મિ. : ૫૦ મિ. :: ૬૦ મિ.=૫૪$\frac{૬}{૧૧}$ મિનિટ. જવાબ.

૮૨. સામ સામા લાવવા છે માટે ૭+૬ =૧૩−૧૨ = ૧×૫=૫ મિનિટનું અંતર પાડવાનું છે પણ ઉપર પ્રમાણે ૧ કલાક ચાલતાં બન્ને કાંટા વચ્ચે ૫૫ મિનિટનું અંતર પડશે માટે ૫૫ મિ. : ૫ મિ. :: ૬૦ મિ. = ૫$\frac{૫}{૧૧}$ મિનિટ. જવાબ.

૮૩. કાટખૂણે બે વખત આવશે માટે પહેલો જવાબ કાઢવા સારૂ ૪+૩=૭×૫ = ૩૫ મિનિટનું અંતર પાડવું જોઇએ માટે ૫૫ મિ. : ૩૫ મિ. :: ૬૦ મિ. = ૩૮ $\frac{૨}{૧૧}$ મિનિટ ૪ ઉપર (૧ લો જવાબ) બીજો જવાબ કાઢવા માટે ૪−૩=૧×૫=૫ મિનિટનું અંતર પાડવું જોઇએ. માટે ૫૫ મિ. : ૫ મિ. :: ૬૦ મિ. =૫ $\frac{૫}{૧૧}$ મિનિટ ૪ ઉપર. જવાબ.

૮૪. સામ સામા લાવવા છે માટે ૫+૬=૧૧×૫=૫૫ મિનિટનું અંતર પાડવું પડે.

૫૫ મિ. : ૫૫ મિ. :: ૬૦ મિ=૬૦ મિનિટ=૧ કલાક. ૫ ઉપર ૧ કલાક એટલે ૫+૧=૬ કલાક. જવાબ.

૮૫. એક કલાકમાં ૫૫ મિનિટનું અંતર પડે છે.

બે વાગ્યા ત્યારે કલાક અને મિનિટ કાંટા વચ્ચે ૧૦ મિનિટનું અંતર છે અને ૨૦ મિનિટનું અંતર પાડવું છે એટલે કુલ ૧૦+૨૦=૩૦ મિનિટનું અંતર પાડવું જોઇએ માટે ૫૫ મિ. : ૩૦ મિ. :: ૬૦ મિ.= ૩૨ $\frac{૮}{૧૧}$ મિનિટ. જવાબ.

૮૬. ૩ વાગ્યા ત્યારે કલાક અને મિનિટ કાંટા વચ્ચે ૧૫ મિનિટનું અંતર છે અને ૬ મિનિટનું અંતર પાડવું છે માટે ૧૫+૬=૨૧ મિનિટનું અંતર જોઇએ પણ એક કલાકમાં ૫૫ મિનિટનું અંતર પડે

છે માટે ૫૫ મિ. : ૨૧ મિ. :: ૬૦ મિ.=૨૨$\frac{૧૦}{૧૧}$ મિનિટ. જવાબ. ૩ ઉપર ૨૨$\frac{૧૦}{૧૧}$ મિનિટ.

૮૭. ૫ વાગ્યા ત્યારે ૨૫ મિનિટનું અંતર હતું અને પછી ૧૬ મિનિટનું પડ્યું છે માટે કુલ ૨૫+૧૬=૪૧ મિનિટનું અંતર જોઇએ પણ એક કલાકે ૫૫ મિનિટનું અંતર પડે છે માટે ૫૫ મિ. : ૪૧ મિ. :: ૬૦ મિ.=૪૪$\frac{૮}{૧૧}$ મિનિટ. જવાબ. ૫ વાગ્યા ઉપર ૪૪$\frac{૮}{૧૧}$ મિનિટ.

૮૮. અગીઆર વાગ્યા ત્યારે કલાક અને મિનિટ કાંટા વચ્ચે એક તરફથી ૫ મિનિટ અને બીજી તરફથી ૫૫ મિનિટનું અંતર છે હવે જો મિનિટ કાંટો ૫૦ મિનિટનું અંતર ભાગે તો બે વચ્ચે ૫ મિનિટનું અંતર રહે માટે ૫૫ મિ. : ૫૦ મિ. :: ૬૦ મિ.=૫૪$\frac{૬}{૧૧}$ મિનિટ. જવાબ. ૧૧ ઉપર ૫૪$\frac{૬}{૧૧}$ મિનિટ.

૮૯. ૭ કલાક અને ૩૯ મિનિટ = $\frac{૧૫૩}{૨૦}$ કલાક તે ઘડિઆળ ચાલ્યું ત્યારે તે (૭ ક. − ૪૦ મિ) − (૭−૩૯)=૧ મિનિટ વહેલું ચાલે માટે $\frac{૧૫૩}{૨૦}$ ક : ૨૪ :: ૧ મિ = ૩$\frac{૭}{૫૧}$ મિનિટ વહેલું ચાલે. જવાબ.

૯૦. દરરોજ ૨ મિનિટ વહેલું ચાલે એટલે ૨૪ કલાકમાં ૨ મિનિટ વહેલું ચાલે તો ૧૦ કલાકમાં $\frac{૫}{૬}$ મિનિટ વહેલું ચાલે માટે તેટલું પાછળ મૂકવું. જવાબ.

૯૧. સવારના ૮ વાગ્યાથી રાતના ૮ ક. ૪૦ મિ. સુધી ૧૨ કલાક ૪૦ મિનિટ થઇ તો તેટલા વખતમાં તે ઘડિઆળ ૧ મિનિટ પાછળ પડ્યું. દિવસના ૮ થી તે બીજા દિવસના ૬ સુધી ૨૨ કલાક થયા માટે તેટલા વખતમાં તે ઘડિઆળ કેટલું પાછળ પડશે તે કાઢવા માટે. ૧૨ ક. ૪૦ મિ.= $\frac{૩૮}{૩}$ કલાક. $\frac{૩૮}{૩}$ ક : ૨૨ ક :: ૧ મિ.= ૧$\frac{૧૪}{૧૯}$ મિનિટ પાછળ પડે માટે (૬ કલાક ૦ મિનિટ) − (૦ કલાક ૧$\frac{૧૪}{૧૯}$ મિનિટ) = ૫ કલાક ૫૮$\frac{૫}{૧૯}$ મનિટ. જવાબ.

૯૨. ખરા ઘડિઆળમાં ૧૦ વાગ્યા તે વખતે એક ઘડિઆળમાં

૧૨ માં ૨૦ મિ. ઓછા એટલે ૧૧ ક. ૪૦ મિ. થઇ હતી અને બીજા ઘડિઆળમાં ૧૨ કલાકને ૨૦ મિ. થઇ હતી. હવે ખરી ઘાડઆળ પ્રમાણે ૨ કલાક સુધી બંન્ને ઘડિઆળ બંધ રાખ્યાં એટલે ખરાં ઘડિઆળમાં ૧૦+૨=૧૨ વાગેલા તે વખતે એક ઘડિઆળમાં ૧૧ ક. ૪૦ મિનિટ થઇ હતી અને બીજામાં ૧૨ ઉપર ૨૦ મિનિટ થઇ હતી. દશ વાગ્યાથી બીજા દિવસના ૧૦ વાગતા સુધી ૨૨ કલાક થયા તે દરમ્યાન પહેલું ઘડિઆળ ૨૦ મિનિટ ઉતાવળું ચાલ્યું અને બીજું ૨૦ મિનિટ ધીમું ચાલ્યું તો દર કલાકે કેટલું ચાલે તે કાઢવા માટે ૨૨ ક. : ૧ ક. :: ૨૦ મિ.=$\frac{૧૦}{૧૧}$ મિનિટ.=૫૪$\frac{૬}{૧૧}$ સેકન્ડ.

જવાબ. પહેલું ઘડિઆળ ૫૪$\frac{૬}{૧૧}$ સેકન્ડ ઉતાવળું અને બીજું તેટલુંજ ધીમું.

૯૩. પહેલું ઘડિઆળ દરરોજ ૩ મિનિટ આગળ ચાલે એટલે તેમાં ૨૪ ક. ૩ મિ. થાય. બીજું ઘડિઆળ દરરોજ ૨ મિનિટ આગળ ચાલે એટલે તેમાં ૨૪ ક. ૨ મિ. થાય.

સવારના ૧૦ થી રાતના ૮ ક. ૧૦ મિ. સુધી ૧૦ કલાક ૧૦ મિ. થયા એટલે ૧૦$\frac{૧}{૬}$=$\frac{૬૧}{૬}$ કલાક થાય, બીજા ઘડિઆળમાં ૨૪ કલાક ૨ મિનિટ થઇ એટલે ૨૪$\frac{૧}{૩૦}$=$\frac{૭૨૧}{૩૦}$ થાય,

$\frac{૭૨૧}{૩૦}$ ક. : $\frac{૬૧}{૬}$ ક. :: $\frac{૪૯૧}{૨૦}$=૧૦ ક. ૧૦$\frac{૩૦૫}{૭૨૧}$ મિનિટ.

(૧૦ કલાક. ૧૦$\frac{૩૦૫}{૭૨૧}$ મિ.)+(૧૦ કલાક)=(૨૦ કલાક. ૧૦$\frac{૩૦૫}{૭૨૧}$ મિ.)−(૧૨ કલાક.)=૮ કલાક. ૧૦$\frac{૩૦૫}{૭૨૧}$ મિ. થઇ હશે. જવાબ.

૯૪. દરરોજ ૩૦ સેકન્ડ વહેલું જાય તો ૩ દિવસે ૧$\frac{૧}{૨}$ મિ. આગળ જાય. મોટામાં ૭ ક. અને ૫૫ મિ. થઇ હતી તે ૩ દિવસે ૭ ક. ૫૮ મિ. થઇ માટે ૩ મિ. ૩ દિવસે=૭૨ કલાકે આગળ ચાલે. માટે ૭૨ ક. ૧॥ મિ. :: ૭૨ ક. : ૩ મિ.=૭૨$\frac{૭૨}{૨૮૮૧}$ ખરો વખત થવો જોઇએ પણ થાય છે. ૭૨ કલાક માટે $\frac{૭૨}{૨૮૮૧}$ ક. પાછળ ગયું. માટે ૨૭$\frac{૭૨}{૨૮૮૧}$ ક. :

૨૪ ક. :: $\frac{૯૨}{૨૯૯}$ ક. =૨૮$\frac{૧૪૧૧}{૧૪૯૫}$ સેંકડ પાછળ જવાબ.

૯૫. ઘેરથી ૧૦ અને ૨૦ મિનિટે નીકળ્યો અને ૧૧ વાગે નિશાળમાં પહોંચ્યો માટે ૧૧ ક.-(૧૦ ક. ૨૦ મિ.)=૪૦ મિ. થઇ.

નિશાળમાંથી ૫ વાગે નીકળ્યો અને ૫ ક.-૩૦ મિનિટે ઘેર પહોંચ્યો માટે (૫ ક.-૩૦ મિ.)-(૫ ક.)=૩૦ મિનિટનું અંતર પડ્યું. પ્રથમની ૪૦ મિનિટ+૩૦ મિનિટ=૭૦ મિનિટ કુલ જતાં આવતાં થઇ, માટે જતાં અથવા આવતાં ૭૦÷૨=૩૫ મિનિટ થાય. નિશાળમાંથી ઘેર જતાં ૩૫ મિનિટ થાય અને ૫ વાગે નીકળેલો માટે ઘેર જાય ત્યારે ૫ ક. ૩૫ મિ. થવી જોઇએ પણ ૫ ક. ૩૦ મિ. થઇ છે માટે ૫ મિનિટ તે ઘડિઆળ પાછળ મૂકેલું. જવાબ.

૯૬. બન્ને ઘડિઆળના પહેલા ટકોરા સાથે વાગશે તેથી પહેલા ઘડિઆળના ૮-૧=૭ ટકોરા વાગતાં ૧૪ સેકન્ડ થાય માટે ૧ ટકોરો વાગતાં ૧૪÷૭=૨ સેકન્ડ થાય તેમજ બીજાના ૭ ટકોરા વાગતાં ૧૦½ સેકન્ડ થાય માટે ૧ ટકોરો વાગતાં ૧૦½÷૭=૧½ સેકન્ડ થાય.

હવે બન્ને ઘડિઆળના પાંચમા ટકોરા વાગતાં કેટલો વખત થશે તે કાઢવું છે. બન્ને ઘડિઆળનો ૧ લો ટકોરો સાથે વાગે છે તો બાકી ૫-૧=૪ ટકોરા વાગતાં પહેલા ઘડિઆળમાં ૪×૨=૮ મિનિટ થશે અને બીજા ઘડીઆળને ૪×૧॥=૬ સેકન્ડ થશે. માટે બીજા ઘડીઆળમાં ૫ ટકોરા વાગ્યા પછી પહેલા ઘડિઆળમાં ૨ સેકન્ડે વાગશે. જવાબ.

૯૭. બન્નેના પહેલા ટકોરા સાથે વાગે છે માટે પહેલાના ૧૧ ટકોરા વાગવામાં ૧૮ સેકન્ડ જોઇએ છીએ. માટે તેનો ૧ ટકોરો વાગવા ૧૮÷૧૧=$\frac{૧૮}{૧૧}$ સેકન્ડ જોઇએ. પહેલાના ૧ ટકોરા વાગવા જેટલો વખત થાય તેટલોજ વખત બીજાના બે ટકોરા વાગવા થશે. માટે એક ટકોરો વાગતાં $\frac{૧૮}{૧૧}\times\frac{૧}{૨}=\frac{૯}{૧૧}$ સેકન્ડ થાય.

બન્નેના ૧૧ ટકોરા વગાડવા છે તેના પહેલા ટકોરા સાથે વાગશે માટે ૧૧−૧=૧૦ ટકોરામાં કેટલું અંતર પડશે તે કાઢવા.

$\frac{૧૮}{૧૧}\times\frac{૧૦}{૧}=\frac{૧૮૦}{૧૧}$ સેકન્ડ પહેલી ઘડિઆળને થાય. $\frac{૯}{૧૧}\times\frac{૧૦}{૧}=\frac{૯૦}{૧૧}$ સેકન્ડ બીજા ઘડિઆળને થાય તો તે બે વચ્ચે $\frac{૧૮૦}{૧૧}-\frac{૯૦}{૧૧}=\frac{૯૦}{૧૧}=૮\frac{૨}{૧૧}$ સેકન્ડનો તફાવત પડશે. જવાબ.

૯૮. ૧ ટકોરાનું અંતર હોય ત્યારે ત્રણ ટકોરા થવા જોઇએ ત્રણ આંતો ૩ ટકોરાનું અંતર પડે છે માટે ૩×૩=૯ ટકોરા થવા જોઇએ અને પહેલો ટકોરો સાથેજ વાગે છે એટલે ૯+૧ = ૧૦ વાગેલા હોવા જોઇએ. જવાબ.

૯૯. **અમદાવાદ**થી ગાડી સવારના ૧૧ વાગે નીકળે છે અને રાતના સાત વાગે પહોંચે છે એટલે તે ૮ કલાક ચાલે છે.

અમદાવાદ વાળી ગાડી **સુરત** પહોંચતા પહેલાં જ્યાં **સુરત**વાળી ગાડીના ભેગી થઇ તે જગાએથી **સુરત** પહોંચતાં ૧ કલાક થયો તે ગાડી ૭ વાગે **સુરત** પહોંચે છે તો ૭−૬=૧ કલાક ભેગા થયા પછી **સુરત** પહોંચતાં થાય. કુલ ૮ કલાક થાય છે તેમાંથી ૧ કલાક બાદ કર્યો તો ૮−૧=૭ કલાક **અમદાવાદ**થી ક્રોસ થતા સુધી જતાં થાય તેટલુંજ અંતર **સુરત** વાળી ગાડીને ચાલતાં કેટલા કલાક થયા તે નીચે મુજબ.

સુરતવાળી ગાડી **અમદાવાદ** રાતના ૧ કલાક અને ૫૬ મિનિટે પહોંચી પરંતુ તે ગાડી સાંજના ૭ વાગે **સુરત** પાસે જ્યાં ક્રોસ થયો ત્યાં હતી માટે ક્રોસ થયા પછી **અમદાવાદ** આવતાં ૧૨+(૧ ક. ૫૬ મિ)=(૧૩ ક. ૫૬ મિ.)−૬ કલાક = ૭ કલાક ૫૬ મિનિટ થઇ. એટલે **અમદાવાદ** વાળીને જેટલું અંતર ચાલતાં ૭ કલાક થયા તેટલુંજ અંતર કાપતાં **સુરત** વાળી ગાડીને ૭ કલાક ૫૬ મિનિટ થઇ તો **અમદાવાદ** વાળી ગાડીને **સુરત** પહોંચતાં ૮ કલાક થાય તો **સુરત** વાળીને **અમદાવાદ** પહોંચતાં કેટલો વખત થશે. ૭ ક−૫૬ મિ=$૭\frac{૧૪}{૧૫}$ ક.

૭ ક. : ૮ ક. :: $\frac{૧૧૯}{૧૫}$ ક. = ૯ કલાક ૪ મિનિટ.

૯ કલાક ૪ મિનિટ તેને સુરતથી અમદાવાદ જતાં થાય અને અમદાવાદ રાતના ૧ કલાક ૫૬ મિનિટે તે પહોંચે છે માટે (૧૩ ક. ૫૬ મિ.)–(૯ ક. ૪ મિ.) = ૪ ક ૫૨ મિનિટે તે ગાડી નીકળેલી. જવાબ.

૧૦૦. **अ** અને **व** સ્ટેશન વચ્ચે ૪૦૦ માઇલનું અંતર છે પણ **अ** સ્ટેશનેથી ઉપડેલી ગાડી **व** સ્ટેશનથી ૭૫ માઇલ ઉપર ભેગી થાય છે માટે તે ગાડી ૪૦૦-૭૫=૩૨૫ માઇલ ચાલી પણ તે કલાકે ૨૩ માઇલ ચાલે છે માટે ૨૩ માઇલ : ૩૨૫ માઇલ :: ૧ કલાક=૧૪$\frac{૩}{૨૩}$ કલાક તે ગાડીને પહોંચતાં થાય. પણ બીજી ગાડી $\frac{૧}{૨}$ કલાક પછી નીકળી છે માટે તે $\frac{૩૨૫}{૨૩}$–$\frac{૧}{૨}$ = $\frac{૬૨૭}{૪૬}$ કલાકમાં બીજી ગાડી ૩૨૫ માઇલ ચાલશે માટે દર કલાકે કેટલું ચાલે તે કાઢવા માટે $\frac{૬૨૭}{૪૬}$ ક. : ૧ ક. :: ૩૨૫ મા. = ૨૩ $\frac{૫૨૯}{૬૨૭}$ માઇલ બીજી ગાડી દર કલાકે ચાલે. જવાબ.

૧૦૧. બે કલાક તે ગાડી અસલના વેગે ચાલી એટલે તે ૨૪×૨ =૪૮ માઇલ ચાલી ગઈ હવે તેને અકસ્માત થવાથી ૨૦ મિનિટ ખોટી થઇ તેમજ પ્રથમના કરતાં $\frac{૨}{૩}$ વેગે ચાલવા માંડયું તેથી તે ૪૫ મિનિટ મોડી પહોંચી પણ જો ૨૦ મિનિટ ખોટી થઇ ન હોતતો વેગ ઓછો કર્યો તેથી ૪૫–૨૦=૨૫ મિનિટજ મોડી પહોંચત ધારોકે અકસ્માત થયા પછી માત્ર એકજ માઇલ ચાલવાનું હોય તો $\frac{૨}{૩}$ વેગે ચાલવા માંડયું એટલે $\frac{૨૪×૨}{૩}$=૧૬ માઇલના વેગથી ચાલવા માંડયું તો ૧ માઇલ ચાલવાને $\frac{૧}{૧૬}$ કલાક થાત પરંતુ જો પ્રથમના વેગે એટલે ૨૪ માઇલના વેગે ચાલવા માંડયું હોતતો $\frac{૧}{૨૪}$ કલાક થાતતો અકસ્માત થવાથી $\frac{૧}{૧૬}$–$\frac{૧}{૨૪}$=$\frac{૧}{૪૮}$ કલાક=$\frac{૫}{૪}$ મિનિટ વધારે થઇ પણ અહીંતો ૨૫ મિનિટ વધારે થવાની કહે છે. માટે $\frac{૫}{૪}$ મિ. ૨૫ મિ. :: ૧ માઇલ=૨૦ માઇલ અકસ્માત થયા પછી ચાલી અને ૪૮ માઇલ પ્રથમ ચાલી હતી એટલે બધું થઇને ૨૦+

૪૮=૬૮ માઈલ ચાલવાનું હશે.

હવે જો બધા (૬૮) માઈલ ૨૪ માઈલનાજ વેગે ચાલી હોત તો તેને કેટલા કલાક થાય તે કાઢવા માટે ૨૪ માઈલ : ૬૮ માઈલ :: ૧ કલાક.=૨ કલાક. ૫૦ મિ.

જવાબ (૧) ૬૮ માઈલ. (૨) ૨ કલાક ૫૦ મિનિટ.

૧૦૨. પેસેન્જર ગાડી સવારના ૭ વાગે નીકળી અને રાતના આઠ વાગે પહોંચી તેથી તે ૧૪ કલાક ચાલી. જો તે ગાડી ઉભી રહી નહોત તો ૪૦ માઈલ વધારે ચાલત એટલે ૨૪૦+૪૦=૨૮૦ માઈલ ચાલત. તો ૧ કલાકમાં કેટલું ચાલે તે કાઢવા માટે ૧૪ કલાક : ૧ કલાક. :: ૨૮૦ માઈલ.=૨૦ માઈલ પેસેન્જર ગાડી દર કલાકે ચાલે.

મેલ ગાડી પેસેન્જર કરતાં બે કલાક પછી નીકળી છે અને ૩ કલાક વહેલી પહોંચી છે માટે તે ૫ કલાક ઓછું ચાલી હશે એટલે ૧૪–૫=૯ કલાક ચાલેલી પરંતુ ૨÷૨=૧ કલાક તો અટકવામાં ગયો છે માટે જો અટકી ન હોત તો ૯–૧=૮ કલાકમાં ૨૪૦ માઈલ ગઈ હોત તો ૧ કલાકમાં કેટલું ચાલે તે કાઢવા માટે ૮ કલાક. : ૧ કલાક. :: ૨૪૦ માઈલ.=૩૦ માઈલ દર કલાકે મેલ ગાડી ચાલે.

જવાબ. (૧) ૨૦ માઈલ પાસેન્જર ગાડી ચાલે. (૨) ૩૦ માઈલ મેલ ગાડી ચાલે.

૧૦૩. પ્રથમ ૩૦ માઈલ ચાલતી હતી તે હવે ૫ માઈલ ઓછી ચાલે છે એટલે ૩૦–૫=૨૫ માઈલ ચાલે છે

તે ૨૫ માઈલ પ્રમાણે ચાલે છે તો ૫ ક. ૫૪ મિનિટમાં કેટલું ચાલે તે કાઢવા માટે ૫ ક. ૫૪ મિ.=$\frac{૫૯}{૧૦}$ કલાક.

૧ ક. : $\frac{૫૯}{૧૦}$ ક. :: ૨૫ માઈલ.=૧૪૭$\frac{૧}{૨}$ માઈલ ચાલી તો પણ મુંબાઇ જવાને ૬૨$\frac{૧}{૨}$ માઈલ બાકી રહ્યા માટે મુંબાઇ અને સોલાપુર વચ્ચે ૧૪૭$\frac{૧}{૨}$+૬૨$\frac{૧}{૨}$=૨૧૦ માઈલનું અંતર હશે.

સોલાપુર વાળી ગાડી **મુંબાઈથી** ૪૮ માઇલ પર ભેગી થઇ એટલે ૨૧૦−૪૮=૧૬૨ માઇલ ચાલી તો તેટલું ચાલવાને (પ્રથમના વેગે) કેટલો વખત થયો તે કાઢવા ૩૦ મા. : ૧૬૨ મા. :: ૧ ક.=૫ કલાક ૨૪ મિનિટ.

૫ કલાક ૨૪ મિનિટ થાય અને પ્રથમ ૫ કલાક ૫૪ મિનિટ થતી હતી એટલે તે બે વચ્ચે (૫ ક. ૫૪ મિ.)−(૫ ક. ૨૪ મિ.)=૩૦ મિનિટનું અંતર રહ્યું એટલે $\frac{૧}{૨}$ કલાકમાં મુંબાઇ વાળી ગાડી ૬૨॥−૪૮ =૧૪$\frac{૧}{૨}$ માઇલ ચાલી હશે માટે એક કલાકે ૧૪$\frac{૧}{૨}$×૨=૨૯ માઇલ મુંબાઇ વાળી ગાડી દર કલાકે ચાલે. જવાબ.

૧૦૪. તે માણસ પહેલાં જેટલું ચાલતો હતો તેના કરતાં કલાકે ૧$\frac{૧}{૯}$ માઇલ વધારે ચાલે તો પહેલાંના $\frac{૩}{૪}$ વખતમાં પહોંચે માટે પહેલાંનો વેગ જેટલો હતો તેના $\frac{૪}{૩}$ હાલનો વેગ થયો એટલે મૂળના વેગનો $\frac{૧}{૩}$ વધાર્યો એમ કહેવાય. અને હિસાબમાં કલાકે ૧$\frac{૧}{૯}$ માઇલ વેગ વધાર્યો એમ કહ્યું છે માટે $\frac{૧}{૩}$ વેગ=૧$\frac{૧}{૯}$ માઇલ માટે $\frac{૧}{૩}$ વેગ : ૧ વેગ :: $\frac{૧૦}{૯}$ માઇલ=ઉ. પ. $\frac{૧૦}{૯}\times\frac{૩}{૧}=\frac{૧૦}{૩}$ મૂળનો વેગ થયો.

બીજી વખતે મૂળના વેગ કરતાં તે $\frac{૨}{૩}$ માઇલ એક કલાકે ઓછું ચાલ્યો એટલે $\frac{૧૦}{૩}-\frac{૨}{૩}=\frac{૮}{૩}$ મૈલ ચાલ્યો. તેમ ચાલવાથી તેને ૮ કલાક વધારે લાગ્યા. એટલે $\frac{૮}{૩}\times૮=\frac{૬૪}{૩}$ મૈલ ચાલવાનું બાકી રહેલું તે વખતે તેને મૂળનો ટાઇમ પુરો થઇ ગએલો.

મૂળ ૧ કલાકમાં જેટલું ચાલતો હતો તેના કરતાં હાલ ૧ કલાકમાં $\frac{૨}{૩}$ મૈલ ઓછું ચાલે છે એટલે $\frac{૨}{૩}$ માઇલ ચાલવાનું બાકી રહેતો ૧ કલાક લાગે તો $\frac{૬૪}{૩}$ મૈલ બાકી રહેતો તેને કેટલા કલાક લાગે આવો હિસાબ થયો.

$\frac{૨}{૩}$ મા. બા. : $\frac{૬૪}{૩}$ મા. બા :: ૧ કલાક લાગે ઉ૦પદ $\frac{૬૪}{૩}\times\frac{૩}{૨}$=૩૨ કલાકનો મુળનો રસ્તો. $\frac{૩૨\times૧૦}{૩}$=૧૦૬$\frac{૨}{૩}$ મૈલ સુરત અને ભરૂચ વચ્ચે અંતર.

૧૦૫. ब ૧૮ દિવસ ચાલે તેટલું अ વધારે ચાલ્યો. માટે ब ના ૨૨$\frac{૧}{૨}$+૧૮=૪૦$\frac{૧}{૨}$ દિ.=अ ના ૨૨$\frac{૧}{૨}$ દિવસ છે. अ ૨૨$\frac{૧}{૨}$×૧૮=૪૦૫ ગાઉ ચાલ્યો માટે ब તેટલાજ ગાઉ ૪૦$\frac{૧}{૨}$ દિ. માં ચાલ્યો હશે તેથી ૪૦૫÷૪૦$\frac{૧}{૨}$=૧૦ ગાઉ ब ૧ દિ. માં ચાલે. જવાબ.

૧૦૬. ब ના નીકળ્યા પછી अ ૩+૦ાા+૦ાાા+૩ાા=૭ાાા દિ. ચાલ્યો અને ब ૩+૦ાા+૩ાા=૭ દિ. ચાલ્યો. પહેલી વખત બન્નેનો મેળાપ થયા પછી ब ૪ દિ. ચાલ્યો છે અને अ ૪$\frac{૩}{૪}$ દિ. ચાલ્યો છે. માટે ब ના ૪ દિ. = अ ના ૪$\frac{૩}{૪}$ દિ. થયા. તો ब પહેલા ત્રણ દિ. ચાલ્યો તે अ કેટલા દિવસ ચાલ્યો તેની બરાબર છે તે કાઢવા સારૂ—૪ દિ. : ૩ દિ. :: $\frac{૧૯}{૪}$ દિ.=૩$\frac{૯}{૧૬}$ દિ. अ એ ચાલવું જોઇએ પણ તે ૩ દિ. અને ૨ માઇલ ચાલ્યો છે તેથી अ $\frac{૯}{૧૬}$ દિ.માં ૨ મા. ચાલે છે એમ જણાયું. માટે $\frac{૯}{૧૬}$ દિ: : ૧ દિ. :: ૨ મા.=૩$\frac{૫}{૯}$ માઇલ अ ચાલે ब अ ના કરતાં ૩ દિ.માં ૨ મા. વધારે ચાલે માટે ૧ દિ.માં $\frac{૨}{૩}$ મા. વધારે ચાલે એટલે ૩$\frac{૫}{૯}$+$\frac{૨}{૩}$=૪$\frac{૨}{૯}$ મા. ब ચાલે.

ब ૪$\frac{૨}{૯}$ મા. પ્રમાણે ૭ દિ. ચાલ્યો માટે ૪$\frac{૨}{૯}$×૭ = $\frac{૨૬૬}{૯}$ મા. ब ચાલ્યો અને $\frac{૧}{૨}$ મા. ચાલવાનું બાકી છે માટે $\frac{૨૬૬}{૯}$+$\frac{૧}{૨}$=૩૦$\frac{૧}{૧૮}$ અંતર.

જવાબ. ૩૦$\frac{૧}{૧૮}$ માઇલ અંતર, अ ૩$\frac{૫}{૯}$ માઇલ, ब ૪$\frac{૨}{૯}$ માઇલ.

૧૦૭. પુરૂષે ૫ દિ. માં $\frac{૫}{૮}$ કામ કર્યું એટલે $\frac{૧}{૧}$−$\frac{૫}{૮}$=$\frac{૩}{૮}$ કામ સ્ત્રી+છો. એ કર્યું. તે સ્ત્રી+છોકરાનું ભેગું કેટલાક દિવસનું + છોકરાના ૩ દિ. ના કામની બરાબર છે, તેમાંથી છોકરાના ૩ દિ. નું $\frac{૩}{૧૬}$ કામ બાદ કર્યું તો $\frac{૩}{૮}$−$\frac{૩}{૧૬}$=$\frac{૩}{૧૬}$ કામ સ્ત્રી+છોકરાનું રહ્યું. સ્ત્રી ૧ દિ. માં $\frac{૧}{૧૨}$ કામ કરે અને છોકરો ૧ દિ. મા $\frac{૧}{૧૬}$ કામ કરે તો તે બન્ને થઇને $\frac{૧}{૧૨}$+$\frac{૧}{૧૬}$=$\frac{૭}{૪૮}$ કામ કરે માટે $\frac{૭}{૪૮}$ કામ : $\frac{૩}{૧૬}$ કામ :: $\frac{૧}{૧૨}$ કામ સ્ત્રી = $\frac{૩}{૨૮}$ કામ સ્ત્રીએ કરેલું. જવાબ.

૧૦૮. **બ** એ તે કામ ૨૧ દિ. કર્યું અને **અ** એ થોડા દિવસ કર્યું છે માટે **બ** એ ૨૧ દિ. માં $\frac{૭}{૧૨}$ કામ કર્યું તો બાકીનું $\frac{૧}{૧}-\frac{૭}{૧૨}=\frac{૫}{૧૨}$ કામ **અ** એ કર્યું હશે. તે કરવાને **અ** ને ૧૦ દિ. થાય માટે ૨૧−૧૦ = ૧૧ દિ. પહેલાં **અ** ગયો હશે. જવાબ.

૧૦૯. ૩ પુ. = ૫ છો. છે માટે ૧૫ છો.=૯ પુ.+ ૮ પુ =૧૭ પુ. કામે લગાડ્યા. ૧ પુ. ૧ દિ. માં $\frac{૧}{૧૫૦}$ કામ કરે તો ૧૭ પુ.૧ દિ. માં $\frac{૧૭}{૧૫૦}$ કામ કરે અને ૩ દિ. માં $\frac{૧૭}{૫૦}$ કામ કરે તો બાકીનું $\frac{૧}{૧}-\frac{૧૭}{૫૦}=\frac{૩૩}{૫૦}$ કામ રહ્યું. હવે ૫ પુ. ગયા તેથી ૮−૫=૩ પુ. રહ્યા અને ૫ છો. વધ્યા તેથી ૧૫+૫ ૨૦ છો. થયા ૨૦ છો.=૧૨ પુ.+૩ પુ.=૧૫ પુ. રહ્યા તેને $\frac{૩૩}{૫૦}$ કામ કરવું પડશે તો કેટલા દિ. જોઈએ તે કાઢવા સારૂ.—

$\frac{૧}{૧૫૦}$ કામ : $\frac{૩૩}{૫૦}$ કામ } :: ૧ દિ. = ૬ $\frac{૩}{૫}$ દિ. થાય અને
૧૫ પુ : ૧ પુ. } ૩ દિ. પ્રથમના એટલે.

૬$\frac{૩}{૫}$ + ૩ = ૯ $\frac{૩}{૫}$ દિ. થાય. જવાબ.

૧૧૦. ૧ પુ.=૨ બાયડી છે માટે ૯ બાયડી=૪$\frac{૧}{૨}$ પુ. +૮ પુ. = ૧૨ $\frac{૧}{૨}$ પુ. અને ૫ બાયડી=૨$\frac{૧}{૨}$ પુ.+૪ પુ. =૬$\frac{૧}{૨}$ પુ. ૬$\frac{૧}{૨}$ પુ. ૧ કામ ૪૦ દિ. માં કરે છે તો ૨૦ દિ. માં કરવાને ૧૩ પુ. જોઇએ.

૧૨$\frac{૧}{૨}$ પુ.+૩ છો. ૪૦ દિ. માં ૧ કામ કરે. } બાદબાકી
૧૩ પુ. ૪૦ દિ. માં ૧ કામ કરે. } કરી તો.

$\frac{૧}{૨}$ પુ.=૩ છોકરાં માટે ૧ પુ.=૬ છોકરાં.

૧ પુ. : $\frac{૧૩}{૨}$ પુ. :: ૪૦ દિ.=૨૬૦ દિ. પુરૂષને
પુરૂષ કરતાં સ્ત્રીને બમણા દિ. થાય માટે ૨૬૦×૨=૫૨૦ દિને સ્ત્રી. } જવાબ
,, ,, છોકરાને છઘણા દિ. થાય માટે ૨૬૦×૬=૧૫૬૦ દિ. છો. }

૧૧૧. ૩૬ માણુસ કામે લાગે તો આખું કામ ૨૪ દિ. માં પુરૂં થાય છે પણ ૧૨ માણુસ મદદમાં આવવાથી ૨૪−૪=૨૦ દિ. માં પુરૂં

થયું. ૨૪ દિ. : ૨૦ દિ. :: ૧ કામ=૫/૬ કામ ૩૬ માણુસોએ ૨૦ દિ. કર્યું માટે બાકીનું (૧−૫/૬) ૧/૬ કામ ૧૨ માણુસોએ કેટલા દિવસમાં કર્યું હશે તે કાઢવા માટે—

૧૨ મા. : ૩૬ મા.
૧ કામ : ૧/૬ કામ } :: ૨૪ દિ. = ૧૨ દિ.

૧૨ માણુસોએ ૧૨ દિ. કામ કર્યું માટે તે ૨૦−૧૨=૮ દિ. પછી આવ્યા હશે. જવાબ.

૧૧૨. ૬ માણુસ જવાથી ૧૮+૩=૨૧ દિ. કામ ચાલ્યું માટે ૨૪−૬=૧૮ માણુસોએ ૨૧ દિ. કામ કર્યું.

૨૪ મા. : ૧૮ મા.
૧૮ દિ. : ૨૧ દિ. } :: ૧ કામ. = ૭/૮ કામ થયું.

૧−૭/૮ ૧/૮ કામ બાકી રહ્યું તે ૬ માણુસોએ કર્યું હશે માટે—

૧ કામ : ૧/૮ કામ.
૬ મા. : ૨૪ મા. } :: ૧૮ દિ. = ૯ દિવસ પછી ૬ માણુસ ગયાં હશે. જવાબ.

૧૧૩. ૨ દિ. કામ વહેલું પુરૂં થયું એટલે ૧૨−૨=૧૦ દિ.માં પુરૂં થયું. ૧૦−૪=૬ દિ.માં માણુસોએ પ્રથમનાં માણુસ ૨ દિ. માં જેટલું કામ કરે તેટલું કર્યું માટે ૧૨ દિ. : ૨ દિ. :: ૧ કામ=૧/૬ મા. એ ૬ દિ.માં કર્યું. માટે—

૧/૬ કામ. : ૧ કામ.
૧૨ દિ. : ૬ દિ. } : ૬ મા. = ૧૮ માણુસ. જવાબ.

૧૧૪. ૧૬−૪=૧૨ દિ. સુધી ૯ માણુસોએ કામ ન કર્યું તે ૧૨ ×૯=૧૦૮ મા. ૧ દિ. માં ન કરે તેની બરાબર છે. માટે પ્રથમનાં−૯ માણુસોનું ૬ દિવસનું કામ તે ૧૦૮ મા. ના ૧ દિ. ના કામની બરાબર છે એટલે જો ૧ દિ. માં કામ કરવું હોય તો ૧૦૮ મા. જોઇએ પણ ૫ દિ. માં કરવું છે માટે ૧૦૮÷૬=૧૮ માણુસ જોઇએ+૯ ગયેલાં=૨૭

માણુસ તે કામ ૧૬ દિ. માં કરતાં હશે. હવે તે કામ ૮ દિ. માં કરવું છે માટે. ૮ દિ. : ૧૬ દિ :: ૨૭ મા.=૫૪ માણસ. જવાબ.

૧૧૫. ૪ દિ. કામ પુરૂં થયું એટલે ૧૬−૪=૧૨ દિ. સુધી ૨૦ મા. એ કામ કર્યું હશે તો ૧૬ દિ. : ૧૨ દિ. :: ૧ કામ=$\frac{૩}{૪}$ કામ થયું હશે. ૧−$\frac{૩}{૪}$=$\frac{૧}{૪}$ કામ ૧૦ માણસે કેટલા દિ. માં કર્યું હશે તે કાઢવા માટે—

$$\left.\begin{matrix} ૧ \text{ કામ} : \frac{૧}{૪} \text{ કામ} \\ ૧૦ \text{ મા} : ૨૦ \text{ મા.} \end{matrix}\right\} :: ૧૬ \text{ દિ}=૮ \text{ દિ. જવાબ}$$

૧૧૬. ૨ ફ. કુ. : ૩ ફ. કુ. :: ૩ ફ. સ.=૪$\frac{૧}{૨}$ ફલંગ સસલાની. કુતરો સસલાની ૪$\frac{૧}{૨}$ ફલંગ ચાલે તેટલા વખતમાં સસલું ૪ ફલંગ ચાલે માટે કુતરો પોતાની ૩ ફલંગ અથવા સસલાની ૪$\frac{૧}{૨}$ ફલંગ ભરે તો ૪$\frac{૧}{૨}$−૪=$\frac{૧}{૨}$:ફલંગનું અંતર કપાય પણ ૫૦ ફલંગનું અંતર કાપવું છે માટે $\frac{૧}{૨}$ ફલંગ : ૫૦ ફલગ :: ૩ ફલંગ=૩૦૦ ફલંગ. જવાબ.

૧૧૭. હિસાબ ૧૦૪ પ્રમાણે.

૧૧૮. દંરરોજ ચાર ચાર ગાગર પાણી ગળી જવાથી ૧૨ દિવસ ઓછું ચાલે છે એટલે જેટલા દિવસ પાણી ચાલ્યું તેને ૪ એ ગુણીએ એટલી ગાગરો પાણી ગળી જવાથી ૧૨ દિવસ ઓછું ચાલ્યું માટે જેટલા દિવસ પાણી ચાલ્યું તેને ૪ એ ગુણીએ એટલી ગાગરો બરોબર ૧૨ દિવસનું વપરાતું પાણી હશે. (પ્રથમ જેટલા દિવસ પાણી ચાલ્યું−૮ દિવસ)×૮ ગાગર=૨૦ દિવસ વપરાતું પાણી આવ્યું. પહેલા પ્રમાણુને બમણા કર્યા તો પ્રથમ જેટલા દિવસ પાણી ચાલ્યું તેટલા દિવસ×૮=૨૪ દિ. વપરાતું પાણી આવ્યું. પહેલા પ્રમાણ કરતાં બીજા પ્રમાણમાં ૮×૮=૬૪ ગાગર પાણી વધારે છે તેથી તે ૪ દિવસ વધારે ચાલ્યું છે માટે ૪ દિવસનું વપરાતું પાણી=૬૪ ગાગર પાણી આવ્યું તેથી ૧ દિવસે ૧૬ ગાગર પાણી વપરાતું હશે. ૧૬×૧૨=૧૯૨ ગાગર પાણી ગળી જવાથી ૧૨ દિ-

વસ ઓછું ચાલતું હશે માટે ૪ ગાગર : ૧૯૨ ગાગર :: ૧ દિ.=૪૮ દિવસ સુધી ૪ ગાગર પાણી ગળી જવાથી પીતા હશે તેથી ૪૮+૧૨=૬૦ દિવસ સુધી પ્રથમ પાણી પીતા હશે. તે ૧ દિવસે ૧૬ ગાગર પાણી પીએ છે માટે ૧ દિ : ૧૬ દિ :: ૬૦ ગાગર=૯૬૦ ગાગર પાણી હશે એટલે તેટલીજ ગાગર પાણી હોજમાં હશે. જવાબ. ૯૬૦ ગાગર.

૧૧૯. ૫૦ એકર બીડનું ઘાસ ૨૦ બળદ ૯૬ દિવસમાં ચરી રહે છે, એટલે ૨૦×૯૬=૧૯૨૦ બળદને ૧ દિવસ ચાલે એટલું છે. ૩૦ બળદ ૬૦ દિવસમાં ચરી રહે છે એટલે ૩૦×૬૦=૧૮૦૦ બળદને ૧ દિવસ ચાલે એટલું છે. પહેલી સરતમાં (૧૯૨૦−૧૮૦૦) ૧૨૦ બળદ વધારે છે તેમ તે વખતે (૯૬−૬૦) ૩૬ દિવસનું ઉગેલું ઘાસ વધારે છે. માટે ૩૬ દિવસનું ઉગેલું ઘાસ ૧૨૦ બળદ ચરી રહે એટલું છે. આ ઉપરથી ૧ દિ. નું ઉગેલું ઘાસ ૩$\frac{૧}{૩}$ બળદ (અથવા ૧ બળદ ૩$\frac{૧}{૩}$ દિવસ ચરે એટલું) ચરે એટલું છે.

૧ દિવસમાં ૩$\frac{૧}{૩}$ બળદ ચરે એટલું ઉગે તો ૯૬ દિવસમાં ૯૬ × ૩$\frac{૧}{૩}$=૩૨૦ બળદ ચરે એટલું પ્રથમનું ઘાસ છે. તે ૨૪ દિ. માં ચરવું છે માટે ૧૬૦૦÷૨૪=૬૬$\frac{૨}{૩}$ બળદ જોઇએ અને ઉગતું ઘાસ ચરવાને ૩$\frac{૧}{૩}$ બળદ જોઇએ એટલે કુલ (૬૬$\frac{૨}{૩}$+૩$\frac{૧}{૩}$) ૭૦ બળદ જોઇએ. **જવાબ.**

૧૨૦. ઉપર પ્રમાણે.

૧૨૧. દાખલા **૧૧૯** પ્રમાણે ૧ દિવસનું ઉગતું ઘાસ કાઢયું તો ૧૦૬$\frac{૨}{૩}$ બળદ ચરે તેટલું નીકળ્યું.

૨૪૦ બળદમાંથી ૧૦૬$\frac{૨}{૩}$ બળદ રોજનું નવું ઉગેલું ઘાસ ચરવામાં ગયા, બાકીના ૧૩૩$\frac{૧}{૩}$ બળદ નવા ઉગતા સિવાયનું ઘાસ ચરે છે એજ પ્રમાણે ૨૦૦ બળદમાંથી રોજનું નવું ઉગતું ઘાસ ચરનાર ૧૦૬$\frac{૨}{૩}$ બાદ કર્યા એટલે બાકીના ૯૩$\frac{૧}{૩}$ બળદ બાકીનું ઘાસ ચરશે, અને બળદ

અને દિવસ વ્યસ્ત પ્રમાણુમાં છે માટે ત્રિરાશી પ્રમાણે.

૯૩$\frac{૧}{૩}$ બળદ : ૧૩૩$\frac{૧}{૩}$ બળદ :: ૪૦ દિ.=૫૭$\frac{૧}{૭}$ દિવસ, જવાબ.

૧૨૨. હું ઘરમાંથી ગયો ત્યારે કલાક કાંટો ૧ અને ૨ ની વચ્ચે હતો તે પાછો આવ્યો ત્યારે ત્યાંથી ખસીને ૨ અને ૩ ની વચ્ચે હતો તે પાછો આવ્યો. એટલે ૨-૧=૧ કલાક=૫ મિ. ભાગ ચાલ્યો. પણ મીનિટ કાંટો એક સરખા વખતમાં કલાક કાંટા કરતાં ૧૨ ગણો ચાલે છે માટે મીનિટ કાંટો ૫×૧૨=૬૦ અથવા ૧ ક.=૬૦ મિ. ભાગ ચાલ્યો. પણ કલાક કાંટો ૧ મિ. ભાગ ચાલે એટલામાં મિનિટ કાંટો ૧૨ મિ. ભાગ ચાલે છે એટલે કલાક કાંટા કરતાં ૧૩ ગણા ભાગ ચાલે છે. માટે આ દાખલામાં બંને કાંટા વચ્ચે $\frac{૬૦}{૧૩}$ મિ. ભાગનું અંતર પડયું હશે. પણ જ્યારે ઘેરથી નીકળ્યો ત્યારે ૧ વાગી ગયો હતો માટે બન્ને કાંટા વચ્ચે ૧×૫=૫ મિ. + $\frac{૬૦}{૧૩}$=$\frac{૧૨૫}{૧૩}$ મિ. નું અંતર કાપવા માટે મિનિટ કાંટો ૧૧ મિ. અં. કા. : $\frac{૧૨૫}{૧૩}$ મિ. અં. કા. :: ૧૨ મિ. ચાલે=૧૦$\frac{૭૦}{૧૪૩}$ મિ. ચાલ્યો હશે. માટે બહાર ગયો ત્યારે ૧ ને ૧૦$\frac{૭૦}{૧૪૩}$ મિ. થઇ હશે. જવાબ.

૧૨૩ ઘરમાંથી બહાર ગયો ત્યારે કેટલા વાગેલા તે દાખલા ૧૨૨ પ્રમાણે કરવું. ઘરમાંથી બહાર ગયેલો ત્યારે ૪ ઉપર ૩૬$\frac{૧૨}{૧૩}$ મિ. થએલી એટલે તે વખતે મિનિટ કાંટો ૩૬$\frac{૧૨}{૧૩}$ મિ. પર હશે. ત્યાં પાછો આવ્યો ત્યારે કલાક કાંટો હતો એટલે મિનિટ કાંટાની ૧૨ મિ. : ૩૬$\frac{૧૨}{૧૩}$ મિ. :: ૧ મિ. [ક. કાંટાની] બરાબર છે = ૩$\frac{૧}{૧૩}$ મિ. + ૨૦ મિ. ૪ ભાગ આગળ હતી તે = ૨૩$\frac{૧}{૧૩}$ મિ. એટલે ૭ વાગ્યા પછી ૨૩$\frac{૧}{૧૩}$ મિનિટે પાછો આવેલો. જવાબ.

૧૨૪. ગાડીનો થાંભલો પસાર કરી જવાનો છે એટલે તેને પોતાની લંબાઇ જેટલું = ૮૮ યાર્ડ ચાલવું પડશે માટે ૨૦ મા : $\frac{૮૮}{૧૭૬૦}$: મા. :: ૧ ક. = $\frac{૧}{૪૦૦}$ ક. = ૯ સેકન્ડ. જવાબ.

૧૨૫. ૧૩૨ યાર્ડ લાંબી ગાડી તે ૬૬ યાર્ડ લંબાઇનો પૂલ પસાર કરી જવો છે માટે તેને ૧૩૨+૬૬=૧૯૮ યાર્ડ ચાલવું પડશે. માટે ૧૫ મા. : $\frac{૧૯૮}{૧૭૬૦}$ મા. :: ૧ ક.= $\frac{૩}{૪૦૦}$ ક. = ૨૭ સેકન્ડ જવાબ.

૧૨૬. ગાડી ૬ સેકન્ડમાં પોતાની લંબાઇ જેટલું ચાલી છે, ૩૬૦૦ સે. : ૬ સે. :: ૨૨$\frac{૧}{૨}$ મા. = $\frac{૩}{૮૦}$ મા.=૬૬ યાર્ડ ગાડીની લંબાઈ. જવાબ,

૧૨૭. નિયમઃ—જો ગાડીઓ એકજ દિશામાં જતી હોય તો તેમના વેગની બાદબાકી કરવી અને વિરૂદ્ધ દિશામાં જતી હોય તો તેમના વેગનો સરવાળો કરવો. પણ બન્ને વખત ગાડીઓની લંબાઇનો સરવાળો કરવો.

બે ગાડીઓ સાગ સામી જાય છે માટે તેમને ૮૮+૪૪=૧૩૨ યાર્ડ ચાલવું પડશે પણ તે બે થઇને ૧૫+૨૦=૩૫ મા. ચાલે છે. માટે ૩૫ મા. : $\frac{૧૩૨}{૧૭૬૦}$ મા. :: ૧ ક.=૭$\frac{૫}{૭}$ મિ. જવાબ.

૧૨૮. બે ગાડીઓ એકજ દિશામાં જાય છે માટે તે બેને થઇને ૬૬+૯૯=૧૬૫ વાર અંતર કાપવું પડશે, પણ તે બે વચ્ચે ૨૫−૨૦=૫ મા. નું અંતર પડે છે માટે ૫ મા. : $\frac{૧૬૫}{૧૭૬૦}$ મા. :: ૧ ક. = ૧ મિ. ૭$\frac{૧}{૨}$ સે જવાબ.

૧૨૯. બન્ને ગાડીઓએ થઇને ૮૦+૯૬=૧૭૬ યાર્ડ અંતર ૨ સેકંડમાં કાપ્યું માટે ૨ સે. : ૩૬૦૦ સે. :: $\frac{૧૭૬}{૧૭૬૦}$ મા.=૧૮૦ મા. બે ગાડીના વેગનો સરવાળો આવ્યો.

૮ સે. : ૩૬૦૦ સે. :: $\frac{૧૭૬}{૧૭૬૦}$ મા. = ૪૫ મા. બે ગાડીના વેગની બાદબાકી. ૧૮૦+૪૫=૨૨૫÷૨=૧૧૨$\frac{૧}{૨}$ એક ગાડીનો વેગ ૧૮૦−૧૧૨$\frac{૧}{૨}$=૬૭$\frac{૧}{૨}$ બીજી ગાડીનો વેગ. જવાબ. ૬૭$\frac{૧}{૨}$ મા. ૧૧૨$\frac{૧}{૨}$ માઇલ.

૧૩૦. ગાડી ૫ મિનિટમાં જેટલું ચાલી તેટલું અંતર બીજી વખતના અવાજને ઓછું ચાલવું પડશે માટે ૧ કલાક : $\frac{૫}{૬૦}$ કલાક :: ૩૦

માઇલ=$\frac{5}{2}$ માઇલ=૧૩૨૦૦ ફૂટ અવાજને ઓછું ચાલવું પડશે. અવાજનો વેગ દર સેકન્ડે ૧૧૨૨ ફૂટ છે માટે ૧૧૨૨ ફૂટ : ૧૩૨૦૦ ફૂટ :: ૧ સેકન્ડ = ૧૧$\frac{13}{17}$ સેકન્ડ બીજા બારના અવાજને પહોંચતાં ઓછી થશે, તેથી (૫ મિનિટ-૧૧ $\frac{13}{17}$ સેકન્ડ)=૪ મિનિટ ૪૮$\frac{4}{17}$ સેકન્ડે બીજો બાર સંભળાશે. જવાબ.

૧૩૧. **अ** અને **ब** બન્ને સામસામા આવે છે તેથી તે બન્ને થઇને ૪ + ૫=૯ માઇલનું અંતર ૧ કલાકે કાપે. ૯ માઇલ : ૬૦ માઇલ :: ૧ કલાક=$\frac{20}{3}$ કલાકે બન્ને જણ **र** ગામ આગળ ભેગા થયા. **अ** દર કલાકે ૪ માઇલ ચાલે છે માટે $\frac{20}{3}\times\frac{4}{1}=\frac{80}{3}=26\frac{2}{3}$ માઇલ ચાલીને **र** ગામ આગળ તે **ब** ની ભેગો થયો એટલે **प** અને **र** ગામ વચ્ચે $\frac{80}{3}$ માઇલનું અંતર હશે. **ब** કલાકે ૫ માઇલ ચાલે છે તેથી તે ૬૦÷૫=૧૨ કલાક ચાલીને **प** ગામ પહોંચ્યો ને **अ** દર કલાકે ૪ માઇલ ચાલે છે તેથી તે ૬૦÷૪=૧૫ કલાક ચાલીને **क** ગામ પહોંચ્યો. માટે બીજી વખત **ब** ના નીકળ્યા પછી (૧૫-૧૨) ૩ કલાકે **अ** નીકળ્યો હશે તેથી **ब** ૩ કલાકમાં ૫×૩=૧૫ માઇલ ચાલી ગયો. હવે તે બન્નેને થઇને ૬૦-૧૫=૪૫ માઇલ ચાલવાનું બાકી રહ્યું. ૯ માઇલ : ૪૫ માઇલ :: ૧ કલાક=૫ કલાક ચાલીને **अ**, **ब** ના ભેગો થયો તેથી તે ૫×૪=૨૦ માઇલ ચાલ્યો એટલે **स** અને **क** ગામ વચ્ચે ૨૦ માઇલનું અંતર હશે. **प** અને **र** વચ્ચે ૨૬$\frac{2}{3}$ માઇલનું અંતર છે અને **क** અને **स** વચ્ચે ૨૦ માઇલનું અંતર છે માટે $\frac{60}{1}-26\frac{2}{3}-\frac{20}{1}=13\frac{1}{3}$ માઇલનું અંતર **र** અને **स** ગામ વચ્ચે હશે. જવાબ.

૧૩૨. **अ** મેદાનની હદ ઉપરજ ઉભો છે તેથી તેને ૧૭૬૦×૫=૮૮૦૦ યાર્ડ ચાલવું પડશે. **ब** ૪૦૦ યાર્ડ આગળ છે માટે તેને ૮૮૦૦-૪૦૦=૮૪૦૦ યાર્ડ ચાલવું પડશે. **क** **ब** થી ૩૫૦ યાર્ડ આગળ છે માટે તેને ૮૪૦૦-૩૫૦=૮૦૫૦ યાર્ડ ચાલવું પડશે. તેઓનો વગ ૨૫:

૨૪ : ૨૩ ના પ્રમાણમાં છે એટલે अ કલાકે ૨૫ યાર્ડ ચાલે તો ब ૨૪ અને क ૨૩ યાર્ડ ચાલે તેઓને પોતાની સરત પ્રમાણે ચાલવા કેટલો વખત લાગશે તે કાઢવા સારૂ.

૨૫ યાર્ડ : ૮૮૦૦ યાર્ડ :: ૧ કલાક = ૩૫૨ કલાક अ ને થાય.

૨૪ યાર્ડ : ૮૪૦૦ યાર્ડ :: ૧ કલાક = ૩૫૦ કલાક ब ને થાય.

૨૩ યાર્ડ : ૮૦૫૦ યાર્ડ :: ૧ કલાક = ૩૫૦ કલાક क ને થાય.

ब અને क ને પહોંચતાં સરખા (૩૫૦) કલાક થાય છે માટે તે બન્ને સાથે પહોંચશે. તેમના કરતાં अ ને ૨ કલાક વધારે થાય છે માટે તે પછીથી પહોચશે.

જવાબ ब ને क સાથે અને अ પછી.

૧૩૩. अ ઘડિઆળ દદરોજ ૧૦ મિ. પાછળ જાય છે એટલે ખરા ઘડિઆળમાં ૨૪ કલાક થાય ત્યારે તેમાં ૨૩ ક. ૫૦ મિ. = $\frac{૧૪૩}{૬}$ કલાક થાય.

अ નો સેકન્ડ કાંટો ૮ ભાગ ચાલે તેટલા વખતમાં ब નો સેકન્ડ કાંટો ૧૧ ભાગ ચાલે છે એટલે अ ઘડિઆળમાં ૮ વાગે ત્યારે ब ઘડિઆળમાં ૧૧ વાગે માટે ૮ ક. : $\frac{૧૪૩}{૬}$ ક. :: ૧૧ કલાક ब ઘડિઆળમાં થાય.=૩૨ કલાક ૪૬$\frac{૧}{૪}$ મિ. ब ઘડિઆળમાં થાય. પણ તે વખતે ખરા ઘડિઆળમાં ૨૪ કલાક થાય છે. માટે (૩૨ ક. ૪૬$\frac{૧}{૪}$ મિ.—૨૪ કલાક) ૮ કલાક ૪૬$\frac{૧}{૪}$ મિ. ब ઘડિઆળ આગળ રહેશે. જવાબ.

૧૩૪. अ એકલો તે કામ કરે તો ૯ દિવસ થાય પણ અહીંતો ૧૧ દિવસ થયા છે, એટલે બે દિવસ વધારે થયા કારણ કે કેટલાક દિવસ ब એ કામ કર્યું છે. હવે अ એકલો તે કામ કરે તો ૯ દિ. થાય છે અને ब એકલો કરે તો ૧૨ દિવસ થાય છે એટલે ब ને अ ના કરતાં ૧ કામ કરવાને ૧૨−૯=૩ કલાક વધારે થાય છે માટે ૩ દિ.: ૨ દિ. :: ૧ કામ = $\frac{૨}{૩}$ કામ ब એ કર્યું હશે. અને ૧−$\frac{૨}{૩}$=$\frac{૧}{૩}$ કામ अ એ કર્યું

હશે. અ ૧ કામ ૯ દિવસમાં કરે છે માટે ૧ કામ : $\frac{૧}{૩}$ કામ :: ૯ દિવસ = ૩ દિવસ તેણે કામ કર્યું હશે. જવાબ.

૧૩૫. તે આગ ગાડી ૨૧ સેકન્ડમાં ૮૮ યાર્ડ + ગાડીની લંબાઈ જેટલું ચાલે છે અને ૯ સેકન્ડમાં ગાડીની લંબાઈ જેટલું ચાલે છે માટે ૨૧−૯=૧૨ સેકન્ડમાં તે ૮૮ યાર્ડ ચાલતી હશે. ૯ સે. : ૩૬૦૦ સે. :: ૮૮ યાર્ડ = ૨૬૪૦૦ યાર્ડ = ૧૫ માઇલ તે ગાડીનો વેગ (૧ જવાબ) તે ગાડી ૯ સેકન્ડમાં પોતાની લંબાઇ જેટલું ચાલે માટે ૩૬૦૦ : ૯ સે. :: ૨૬૪૦૦ યાર્ડ=૬૬ યાર્ડ ગાડીની લંબાઇ. (૨ જો જવાબ).

૧૩૬. ૮ એકર બીડનું ઘાસ+૨૬ દિ. ઉગેલું ઘાસ ૨૩ બળદ ૨૬ દિ. માં ચરી રહે, એટલે (૨૩×૨૬) ૫૯૮ બળદ ૧ દિ. માં ચરી રહે. ૭ એકર બીડનું ઘાસ+૨૦ દિ. ઉગેલું ઘાસ ૨૫ બળદ ૨૦ દિ. માં ચરી રહે એટલે (૨૫×૨૦) ૫૦૦ બળદ ૧ દિ. માં ચરી રહે. એકરનું પદ ઉડાડવા માટે પહેલા પદને ૭ એ. અને બીજાપદને ૮ એ ગુણ્યા તો ૫૬ એકરનું+૧૮૨ દિ. ઉગેલું ઘાસ ૪૧૮૬ બળદ ૧ દિ. માં ચરે અને ૫૬ એકરનું+૧૬૦ દિ. ઉગેલું ઘાસ ૪૦૦૦ બળદ ૧ દિ. માં ચરે પહેલી સરતમાં (૪૧૮૬−૪૦૦૦) ૧૮૬ બળદ વધારે છે તેમ તે વખતે (૧૮૨−૧૬૦) ૨૨ દિ. નું ઉગેલું ઘાસ વધારે છે. માટે ૨૨ દિ. માં ઉગેલું ઘાસ ૧૮૬ બળદ ચરી રહે તેટલું છે, આ ઉપરથી જ-ણાય છે કે ૧ દિ. માં ઉગેલું ઘાસ ૮$\frac{૫}{૧૧}$ બળદ ચરી રહે એટલું છે.

૮ એકરનું+૨૬ દિ. માં ઉગેલું ઘાસ ૫૯૮ બળદ ૧ દિ. મા ચરી રહે છે તેમાથી ૨૬ દિ. મા (૨૬×૮$\frac{૫}{૧૧}$) ૨૧૯$\frac{૯}{૧૧}$ બળદ ચરે એટલું ઉગ્યું તે બાદ કર્યું તો (૫૯૮−૨૧૯$\frac{૯}{૧૧}$) ૩૭૮$\frac{૨}{૧૧}$ બળદ ચરે એટલું ઘાસ ૮ એકરમાં ઉગતું હશે માટે ૧ એકરમાં ૪૭$\frac{૩}{૧૧}$ બળદ ચરે એટલું ઉગતું હશે.

૩૩ બળદને ચરવા મૂકવાના છે તેમાંથી ૮$\frac{૫}{૧૧}$ બળદ તો દરરોજ

ઉગતું ઘાસ ખાશે માટે (૩૩−$૮\frac{૫}{૧૧}$) $૨૪\frac{૬}{૧૧}$ બળદને પ્રથમનું ઘાસ કાઢવું પડશે માટે—

$૪૭\frac{૩}{૧૧}$ બ. : $૨૪\frac{૬}{૧૧}$ બ.
૧ દિ. : $૫\frac{૭}{૯}$ દિ.
} :: ૧ એકર=૩ એકર જવાબ.

૧૩૭. હાલ કલાક અને મિનિટ કાંટા વચ્ચે જે અંતર છે તે મિનિટ કાંટા ૨૪ મિ. પાછો જવાથી જે અંતર થાય તેના $\frac{૬}{૧૭}$ છે. મિનિટ કાંટો ૨૪ મિનિટ પાછો જશે તેટલા વખતમાં કલાક કાંટો ૨ મિનિટ પાછો જશે માટે પ્રથમનો મિનિટ કાંટો અને હાલના મિનિટ કાંટા વચ્ચે જે (૨૪−૨) ૨૨ મિ. નું અંતર રહ્યું તે (૧−$\frac{૬}{૧૭}$) $\frac{૧૧}{૧૭}$ ભાગની બરાબર છે માટે $\frac{૧૧}{૧૭}$: ૧ :: ૨૨ મિ=૩૪ મિનિટ અંતર કલાક અને મિનિટ કાંટા વચ્ચે પડ્યું, માટે બીજા ગાળામાં ૬૦−૩૪=૨૬ મિનિટનું અંતર ૯ વાગ્યા પછી પાડવું જોઇએ તેથી બીજો હિસાબ બન્યો કે.

૯ વાગ્યા પછી કલાક અને મિનિટ કાંટા વચ્ચે ૨૬ મિ. નું અંતર કયારે પડશે ? તો પુરા નવ વાગ્યા હશે ત્યારે બન્ને કાંટા વચ્ચે ૧૫ મિનિટનું અંતર હશે માટે (૨૬−૧૫) ૧૧ મિ. નું અંતર પાડવાનું રહ્યું. ૧૧ મિ. : ૧૧ મિ. :: ૧૨ મિ.=૧૨ મિનિટ. મિનિટ કાંટા ૨૪ મિનિટ પાછો ખસ્યો ત્યારે ૯ અને ૧૨ મિનિટ થઇ હશે માટે હાલ ૯ અને (૨૪+૧૨) ૩૬ મિનિટ થઇ હશે. (૧ લો. જવાબ.)

ઉપરની રીતેજ મિનિટ કાંટો કલાક કાંટાની ઉપર છે એમ ધારી હિસાબ કરવો.

૧૩૮. ધારોકે સાફ સપાટ રસ્તે ૧ મણ બોજો લઇ જાય તો (૧×૩) $\frac{૩}{૭}$ મણ બોજો સીધા ટેકરાપર લઇ જવો પડશે. જો તે બોજો સપાટ રસ્તે લઇ જવો હોય તો ૧ મણ : $\frac{૩}{૭}$ મણ :: ૧૨ પાડા=$\frac{૩૬}{૭}$ પાડા જોઇએ. હવે જો તે બોજો સીધે ટેકરે લઇ જવો હોયતો (૧+$\frac{૧}{૮}$) $\frac{૯}{૮}$

ગણું વજન જોઇએ એટલે કુલ $\frac{૩૬}{૭}\times\frac{૯}{૮}=૫\frac{૧૧}{૧૪}$ પાડા જોઇએ. $૫\frac{૧૧}{૧૪}-૫=\frac{૧૧}{૧૪}$ પાડાને બદલે કેટલા બળદ લગાડવા તે કાઢવા સારૂ ૧૩ પાડા : $\frac{૧૧}{૧૪}$ પાડા :: ૨૦ બળદ $=\frac{૧૧૦}{૯૧}=૧\frac{૧૯}{૯૧}$ બળદ જોઇએ; એટલે બે બળદ લગાડવા પડશે. જવાબ.

૧૩૯. હોડી સામે વેગે જાય છે એટલે તે હોડીનો વેગ−પ્રવાહનો વેગ એટલું ચાલે છે. અને ઝાડ પ્રવાહના વેગ જેટલું ચાલે છે માટે હોડીનો વેગ−પ્રવાહનો વેગ+પ્રવાહનો વેગ=હોડીના વેગ જેટલું, ઝાડ+હોડી થઇને ચાલ્યાં માટે હોડીનો વેગ ૯ મિ. એ ૧ માઈલ એટલે ૧ મિનિટે $\frac{૧}{૯}$ માઇલ.

હોડી સામે વેગે ૩૫ મિનિટમાં ૨$\frac{૧}{૨}$ માઈલ જાય છે માટે ૧ મિનિટે $\frac{૧}{૧૪}$ માઇલ હોડી−પ્રવાહનો વેગ આવ્યો તેથી $\frac{૧}{૯}-\frac{૧}{૧૪}=\frac{૫}{૧૨૬}$ માઇલ ૧ મિ. એ પ્રવાહનો વેગ આવ્યો આપણે પ્રવાહ + હોડીનો વેગ કાઢવો છે માટે $\frac{૫}{૧૨૬}+\frac{૧}{૯}=\frac{૧૯}{૧૨૬}$ માઇલ ૧ મિ. એ આવ્યો તો ૧ કલાકે $(\frac{૧૯}{૧૨૬}\times\frac{૬૦}{૧})$ $૯\frac{૧}{૨૧}$ માઇલ હોડી પાછી આવતાં ચાલશે જવાબ.

૧૪૦. ગાડીમાં બેઠેલા માણસે પહેલો બાર સાંભળ્યો ત્યારે ગાડી જ્યાં હતી ત્યાંને ત્યાં હોતતો બીજો બાર પહેલા બાર પછી ૬ મિનિટે સાંભળત પણ ગાડી ચાલતી હોવાથી બીજો બાર ૫ મિ. ૫૧ સે. એ સાંભળ્યો એટલે અવાજ ૯ સેકન્ડમાં જેટલું ચાલ્યો તેટલુંજ ગાડી ૫ મિ. ૫૧ સે.માં ચાલી

૧ સે. : ૯ સે. :: $\frac{૧૧૨૫}{૫૨૮૦}$ માઈલ $=\frac{૬૭૫}{૩૫૨}$ માઇલ અવાજ ૯ સેકન્ડમાં ચાલ્યો તેથી ગાડી ૫ મિ. ૫૧ સે. માં તેટલાજ $(\frac{૬૭૫}{૩૫૨})$ માઈલ ચાલી હશે. ૫ મિ. ૫૧ સે : ૬૦ મિ. :: $\frac{૬૭૫}{૩૫૨}$ માઈલ $=\frac{૫૬૨૫}{૨૮૮}$ માઇલ ૬૨ કલાકે ગાડીનો વેગ.

ગાડી બે માઇલ દૂર છે. ત્યાંથી સીટી ફોડે છે માટે અવાજને બે માઇલ જવું પડશે. $\frac{૧૧૨૫}{૫૨૮૦}$ મા. : ૨ મા :: ૧ સે. $=\frac{૭૦૪}{૭૫}$ સેકન્ડ અ-

વાજતે સ્ટેશનપર પહોંચતાં થાય; માટે તેટલા વખતમાં ગાડી કેટલું ચાલી જશે તે કાઢવા સારૂ ૩૬૦૦ સે : $૭\frac{૦૪}{૭૫}$ સે. :: $\frac{૫૬૨૫}{૨૨૨૬}$ માઇલ=$\frac{૨}{૩૬}$ માઇલ ગાડી ચાલી ગઇ એટલે તેને (૨-$\frac{૨}{૩૬}$) $\frac{૭૬}{૩૬}$ માઇલ ચાલવાનું બાકી રહ્યું.

$\frac{૫૬૨૫}{૨૨૨૬}$ મા. : $\frac{૭૬}{૩૬}$ મા :: ૬૦ મિ.=૫ મિનિટ ૫૬$\frac{૫૨}{૭૫}$ સેકન્ડેરીથી સ્ટેશનપર સંભળાયા પછી ગાડી ત્યાં આવી પહોંચશે. જવાબ.

ઉદાહરણ સંગ્રહ ૫.

નફો તોટો.

સમજ:—હરકોઇ વસ્તુ વેચાતી લઇએ અને તે વખતે જે કિંમત આપીએ તે તે વસ્તુની **મૂળ કિંમત** કહેવાય.

હરકોઇ વસ્તુ વેચતાં જે રકમ ઉપજે તે તે વસ્તુની **વેચાણ કિંમત** અથવા **ઉપજેલી કિંમત** કહેવાય.

વેચાણ કિંમતમાંથી મૂળ કિંમત બાદ કરીએ તો બાકી રહે તે **નફો** કહેવાય.

મૂળ કિંમત કરતાં વેચાણ કિંમત ઓછી હોય તો મૂળ કિંમતમાંથી વેચાણ કિંમત બાદ કરીએ તો જે બાકી રહે તે **ખોટ** કહેવાય.

હરકોઇ વસ્તુ વેચવાથી નફો યા ખોટ આવે તે મૂળ કિંમત ઉપર આવે છે એ ખાસ કરીને યાદ રાખવું.

માટે જો સેંકડે નફો યા ખોટ કાઢવી હોય તો મૂળ કિંમતે આવેલો નફો યા ખોટ તો ૧૦૦ એ કેટલી તે પ્રમાણે ત્રિરાશી મૂકવી.

૧. સેંકડે ૧૦ ટકા નફો લેવો છે એટલે જો ૧૦૦ નો માલ હોય તો તે ઉપર ૧૦ વધારે લેવા એટલે ૧૦૦+૧૦=૧૧૦ લેવા પણ આ-

તો શેર ખાંડ ૪ આનાની છે માટે ૧૦૦ આ. : ૪ આના. :: ૧૧૦ આના.=૪$\frac{૨}{૫}$ આના. જવાબ.

૨. ૨૦ હંડ્રવેટ હોય તો ૧ ટન થાય પણ આતો ૩ ટન છે માટે ૩×૨૦=૬૦ હંડ્રવેટ થયા. એક હંડ્રવેટની કિંમત ૧ પૌ. ૧૫ શિ. છે તો ૬૦ હંડ્રવેટની ૧૦૫ પૌ. મૂળ કિંમત.

૧૦૫ પૌન્ડ બેઠેલા અને ૨૦ પૌન્ડ વધારે ઉપજાવવા છે માટે ૧૦૫+૨૦=૧૨૫ પૌન્ડ ૬૦ હંડ્રવેટના ઉપજાવવા પડશે. તો એક હંડ્રવેટના કેટલા તે કાઢવા માટે.

૬૦ હંડ્રવેટ : ૧ હંડ્રવેટ. :: ૧૨૫ પૌન્ડ.=૨$\frac{૧}{૧૨}$ પૌન્ડ.=૪૧$\frac{૨}{૩}$ શિલિંગ. જવાબ.

૩. ૧ રૂ. ૧૨ આને લીધું માટે તે મૂળ કિંમત. અને ૨ રૂપીએ વેચ્યું માટે તે વેચાણ કિંમત.

૨ રૂ. વેચાણ કિંમત—૧$\frac{૩}{૪}$ રૂા. મૂળ કિંમત=$\frac{૧}{૪}$ રૂ. નફો થયો માટે $\frac{૭}{૪}$ રૂા. : ૧૦૦ રૂા. :: $\frac{૧}{૪}$ = ૧૪$\frac{૨}{૭}$. જવાબ.

૪. સેંકડે ૨૦ ટકા નફો લેવો છે એટલે જો ૧૦૦ રૂા. નો માલ હોય તો ૧૦૦+૨૦=૧૨૦ ઉપજાવવા પડે પણ આતો માલ ૪ રૂ. ૪ આ. નો છે માટે. ૪ રૂ. ૪ આ. = $\frac{૧૭}{૪}$ રૂા. ૧૦૦ રૂ. : $\frac{૧૭}{૪}$ રૂા. :: ૧૨૦ રૂા. = ૫ રૂા. ૧ આ. ૭$\frac{૧}{૫}$ પાઇ જવાબ.

૫. સેંકડે ૫ ટકા નફો લેવો છે એટલે ૧૦૦ રૂા. નો માલ હોય તો ૧૦૦+૫=૧૦૫ રૂા. ઉપજાવવા પડે પણ આતો ૯૫ રૂ.નો માલછેમાટે

૧૦૦ રૂા. : ૯૫ રૂા. :: ૧૦૫ રૂા. ૯૯ રૂા. ૧૨ આના જવાબ.

૬. સેંકડે ૧૦ ટકા નફો ખાઇ વેચી એટલે ૧૦૦+૧૦=૧૧૦ વેચાણ કિંમત હોય તો ૧૦૦ મૂળ કિંમત કહેવાય પણ આતો ૧ રૂ. ૬ આ. વેચાણ કિંમત છે માટે—

૧ રૂ. ૬ આ. = $\frac{૧૧}{૮}$ રૂા. ૧૧૦ રૂ. : $\frac{૧૧}{૮}$ રૂ. :: ૧૦૦ રૂ. = ૧ રૂા. ૪ આ. મૂળ કિંમત. જવાબ.

૭. ૫૦૦ નકલના ૧૦૦ રૂા. બેઠા માટે ૧૦૦ રૂા. મૂળ કિંમત કહેવાય. ૪૦૦ નકલના ૯૦ રૂા. ઉપજ્યા અને બીજી ૧૦૦ નકલના $\frac{\cancel{૧૦૦}^{૨૫}\times ૩}{\cancel{૧૬}_{૪}}=\frac{૭૫}{૪}=૧૮\frac{૩}{૪}$ રૂા. ઉપજ્યા એટલે કુલ $૯૦+૧૮\frac{૩}{૪}=૧૦૮\frac{૩}{૪}$ રૂા. ઉપજ્યા અને બેઠા છે ૧૦૦ રૂા. માટે ૧૦૦ રૂા. એ $૮\frac{૩}{૪}$ રૂા. નફો છે માટે સેંકડે પણ તેટલોજ પડશે.

જવાબ ૮ રૂા ૧૨ આ. નફો. $૮\frac{૩}{૪}$ ટકા.

૮. બીજા હિસાબ પ્રમાણે.

૯. ધારો કે તે છોકરાએ ૧૨ કેરી લીધી તો તેને ૩ કેરી : ૧૨ કેરી :: ૧ પૈસો. મૂ. કિ. = ૪ પૈસા મૂળ કિંમત. હવે તે ૧૨ કેરી પૈસાની ૪ પ્રમાણે વેચી તો ૪ કેરી : ૧૨ કેરી :: ૧ પૈસો = ૩ પૈસા વેચાણ કિંમત. ૪−૩=૧ પૈસો ખોટ આવી માટે ૪ પૈ. : ૧૦૦ પૈ. :: ૧ પૈ. = ૨૫ ટકા ખોટ જવાબ.

૧૦. ૧૦૦ રૂા. એ ૧૭ રૂા. ખોટ ગઇ એટલે ૧૦૦−૧૭=૮૩રૂા. ઉપજે તો ૧૦૦ રૂા. મૂળ કિંમત કહેવાય પણ અહીં તો ૫ રૂા. ૩ આના ઉપજે છે તો મૂળ કિંમત કેટલી તે કાઢવા માટે. ૫ રૂા. ૩ આ.$=\frac{૮૩}{૧૬}$ રૂ.

૮૩ વે. કિ. : $\frac{૮૩}{૧૬}$ વે. કિં. :: ૧૦૦ મૂ. કિં. = ૬ રૂા. ૪ આના મૂળ કિંમત. જવાબ.

૧૧. ૧૫ ટકા નફો લીધો એટલે ૧૦૦+૧૫=૧૧૫ રૂા. ઉપજે તો ૧૦૦ રૂા. નો ઘોડો કહેવાય પણ અહીં તો ૫૭ રૂા. ૮ આના ઉપજે માટે ૫૭ રૂ. ૮ આ.$=\frac{૧૧૫}{૨}$ રૂા.

૧૧૫ રૂ. : $\frac{૧૧૫}{૨}$ રૂા. :: ૧૦૦ મૂ. કિ. : ઇઇ રૂ. મૂ. કિ.=૫૦ રૂા. મૂળ કિંમત, તે ઘોડો ૫૦ રૂા. નો છે અને ૫૦ રૂા. એ વેચે છે માટે તેને નફો ન થાય તેમજ તોટો ન થાય. જવાબ—કંઇ નહિ.

૧૨. ૧ રૂા. ની લે તો ૮ શેર ખાંડ આવે પણ આ તો ૨૫૦ ની લેછે માટે ૨૫૦×૮=૨૦૦૦ શેર ખાંડ લીધેલી. તે ખાંડ ૭ શેર પ્ર-

માણે વેચે છે માટે ૬ શેર : ૨૦૦૦ શેર :: ૧ રૂ. : ઈષ્ટ રૂ.=૩૩૩$\frac{૧}{૩}$ રૂ. ઉપજે ૩૩૩$\frac{૧}{૩}$ રૂ. ઉપજે અને ૨૫૦ રૂ. બેઠેલા છે માટે ૩૩૩$\frac{૧}{૩}$-૨૫૦ =૮૩$\frac{૧}{૩}$ રૂ. નફો. જવાબ ૮૩ રૂ.-૫ આ.-૪ પાઈ.

૧૩. ધારો કે ૧ રૂ. ની ૪ શેર સાકર લીધી તો ૧ રૂ. મૂળ કિંમત થઈ. હવે તે સાકર ૩$\frac{૧}{૨}$ શેર પ્રમાણે વેચે છે તો
$\frac{૭}{૨}$ શેર : ૪ શેર :: ૧ રૂ. : ઈષ્ટ રૂ.=૧$\frac{૧}{૭}$ રૂ. ઉપજે અને ૧ રૂ. બેઠા છે તો ૧$\frac{૧}{૭}$-૧=$\frac{૧}{૭}$ રૂ. નફો થયો પણ અહીંતો ૪ રૂ. નફો કહેછે માટે $\frac{૧}{૭}$ રૂ. : ૮૪ રૂ. :: ૧ મૂ. કિ. : ઈષ્ટ રૂ =૫૮૮ રૂપીઆ. જવાબ.

૧૪. ૫૦ રૂ. ની કેરી ખરીદી હતી અને ૩ રૂ. ૨ આના નફો થયો એટલે બધા થઈને ૫૩ રૂ. ૨ આના ઉપજ્યા માટે કેટલી કેરી લીધેલી તે કાઢવા માટે ૫૩$\frac{૧}{૮}$= $\frac{૪૨૫}{૮}$ રૂ. ઉપજ્યા ૨ પૈસા=$\frac{૧}{૩૨}$ રૂ.

$\frac{૧}{૩૨}$ રૂ. : $\frac{૪૨૫}{૮}$ રૂ. :: ૩ કેરી : ઈષ્ટ કેરી=૫૧૦૦ કેરી લીધેલી
૫૦ રૂ. : ૧ રૂ. :: ૫૧૦૦ કેરી : ઈષ્ટ કેરી=૧૦૨ કેરી ૧ રૂ. ની જવાબ.

૧૫. દર ઘોડાના ૬૦ રૂ. પ્રમાણે ૨૦ ઘોડાના ૧૨૦૦ રૂ. બેઠેલા ને ૩૦૦ રૂ. નફો થયો એટલે ૬૦ ઘોડાના (૧૨૦૦+૩૦૦) ૧૫૦૦ રૂ. ઉપજ્યા તો ૧ ઘોડાના કેટલા રૂ. ઉપજ્યા તે કાઢવા માટે ૬૦ ઘો. : ૧ ઘો. :: ૧૫૦૦ રૂ. : ઈષ્ટ રૂ.=૨૫ રૂ. જવાબ.

૧૬. ૧ પેનીનાં ૩ પ્રમાણે ૧ પેનીનીજ નારંગી લીધી. હવે સેંકડે ૨૦ ટકા નફો લેવો છે તો ૧૦૦ : ૧ :: ૧૨૦=$\frac{૬}{૫}$ પેની ૩ નારંગીની ઉપજાવવી પડશે માટે ૧ શીલિંગની કેટલી વેચવી તે કાઢવા સારૂ.

$\frac{૬}{૫}$ પે. : ૧૨ પે. :: ૩ નારંગી : ઈષ્ટ નારંગી=૩૦ નારંગી. જવાબ.

૧૭. ૨ રૂપીઆની ૧૦૦ કેરી લીધી એટલે ૨×૬૪=૧૨૮ પૈસાની ૧૦૦ લીધી હવે તેના ૧૦૦×૧=૧૦૦ પૈસા ઉપજે છે માટે ૧૨૮ -૧૦૦=૨૮ પૈસા ખોટ ગઈ.

૧૨૮ : ૧૦૦ :: ૨૮ : ઈષ્ટ ટકા=૨૧$\frac{૭}{૮}$ ટકા ખોટ. જવાબ.

૧૮. ધારોકે ૧૦૦ ફળ લીધાં તો તેની કિંમત ૧૦૦÷૨૦=૫ શિલીંગ બેઠી.

હવે તે ૧૦૦ નંગ ૧ શિલિંગનાં ૨૫ પ્રમાણે વેચ્યાં તો ૧૦૦÷૨૫ =૪ શિ. ઉપજી. ૫ શિ. બેઠી ને ૪ શિ. ઉપજી તો ૧ શિલિંગ ખોટ ગઈ.

૫ શિ. : ૧૦૦ શિ. :: ૧ ખોટ : ઇષ્ટ ખોટ=૨૦ ટકા ખોટ. જવાબ.

૧૯. સેંકડે ૨૫ ટકા નફો થવાથી ૫૦ શિ. ઉપજે છે માટે તેની મૂળ કિંમત કાઢવા સારૂ ૧૨૫ વે. કિં. : ૫૦ વે. કિં. :: ૧૦૦ મૂ. કિં. : ઇષ્ટ શિ. મૂ. કિં.=૪૦ શિલિંગનાં ૧૦૦૦ ફળ લીધેલાં. જવાબ. ૧૦૦૦ ની કિંમત ૪૦ શિલિંગ.

૨૦. ૫૫૦ રૂ. એ વેચવાથી સેંકડે ૧૨ ટકા ખોટ જાય છે તો તેની મૂળ કિંમત કાઢવા માટે ૧૦૦−૧૨=૮૮

૮૮ વે. કિં. : ૫૫૦ વે. કિં. :: ૧૦૦ મૂ. કિં. : ઇષ્ટ રૂ. મૂ. કિં.=૬૨૫ રૂપીઆ ૨૦૦ ઘેટાંની મૂળ કિંમત આવી. ૨૦૦ ઘેટાં. : ૧ ઘેટું :: ૬૨૫ રૂ. : ઇષ્ટ રૂ. =૩ રૂ. ૨ આના. જવાબ.

૨૧. ૧૦ શિલિંગ કિંમતની વસ્તુ ૮ ટકા ખોટ ખાઇને વેચવાથી શું ઉપજ્યું તે કાઢવા માટે ૧૦૦−૮=૯૨

૧૦૦ શિ. : ૧૦ શિ. :: ૯૨ શિ. : ઇષ્ટશિલિંગ.=$\frac{૪૬}{૫}$ શિ. ઉપજે.

૧૦ શિલિંગ કીંમતની વસ્તુ ૮ ટકા નફો ખાઇને વેચવાથી શું ઉપજે તે કાઢવા માટે— ૧૦૦+૮=૧૦૮

૧૦૦ શિ. : ૧૦ શિ. :: ૧૦૮ શિ. : ઇષ્ટશિ.=$\frac{૫૪}{૫}$ શિ. ઉપજે. પ્રથમ $\frac{૪૬}{૫}$ શિલિંગ ઉપજતી અને હવે $\frac{૫૪}{૫}$ શિ. ઉપજે છે માટે $\frac{૫૪}{૫}-\frac{૪૬}{૫}$ =$\frac{૮}{૫}$ શિલિંગ=૧ શિ. ૭$\frac{૧}{૫}$ પેન્સ વધારે લેવા પડે. જવાબ.

૨૨. ૨૮૦ રૂપીએ વેચવાથી ૧૨ ટકા નફો થયો તો તેની મૂળ કિંમત કેટલી તે કાઢવા માટે ૧૦૦+૧૨=૧૧૨

૧૧૨ રૂ. : ૨૮૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂ.=૨૫૦ રૂ. મૂળ કિંમત

હવે તે વસ્તુ ૧૨ ટકા ખોટ ખાઈ વેચવી છે તો શું ઉપજે તે કાઢવા માટે ૧૦૦−૧૨=૮૮. ૧૦૦ રૂ. : ૨૫૦ :: ૮૮ રૂ=૨૨૦ રૂ. ઉપજે

પ્રથમ ૨૮૦ રૂપીઆ ઉપજતા હતા અને હવે ૨૨૦ ઉપજે માટે ૨૮૦−૨૨૦=૬૦ રૂ, ઓછા લેવા. જવાબ.

૨૩. ૧૫ શિલિંગે વેચ્યાથી ૧૦ ટકા ખોટ ગઇ તો તેની મૂળ કિંમત કેટલી તે કાઢવા માટે ૧૦૦−૧૦=૯૦

૯૦ શિ. : ૧૫ શિ. :: ૧૦૦ : ઇઇશિ.=$\frac{૫૦}{૩}$=૧૬$\frac{૨}{૩}$ મૂળ કિં.

હવે તે વસ્તુ ૧૦ શિલિંગ વધારે લઇ વેચે એટલે ૧૫+૧૦=૨૫ શિલિંગે વેચે તો તેને ૨૫−૧૬$\frac{૨}{૩}$=૮$\frac{૧}{૩}$ નફો થાય તો સેંકડે કેટલો તે કાઢવા $\frac{૫૦}{૩}$: ૧૦૦ :: $\frac{૨૫}{૩}$: ઇઇ ટકા=૫૦ ટકા નફો. જવાબ.

૨૪. એકંદર સેંકડે ૨૦ ટકા નફો લેવો છે માટે ૧૦૦+૨૦=૧૨૦

૧૦૦ રૂ. : ૫૦ રૂ. :: ૧૨૦ રૂ. : ઇઇ રૂ. = ૬૦ રૂ. ઉપજાવવા. નીમે માલ એટલે અડધો માલ ૫૦÷૨=૨૫ રૂ. નો સેંકડે ૧૦ નફો ખાઇ વેચ્યો એટલે ૧૦૦ : ૨૫ :: ૧૧૦ : ઇઇ રૂ. = ૨૭ રૂ. ૮ આ ઉપજ્યા. ૬૦ રૂપીઆ ઉપજાવવાના તેમાં ૨૭ રૂ. ૮ આ. ઉપજ્યા. તો બાકીના ૬૦ રૂ.−(૨૭ રૂ. ૮ આ.) = ૩૨ રૂ. ૮ આના ઉપજાવવા જવાબ.

૨૫. એકંદર સેંકડે ૧૦ ટકા નફો લેવો છે માટે ૧૦૦+૧૦=૧૧૦

૧૦૦ રૂ. : ૩ રૂ. :: ૧૧૦ રૂ. : ઇઇ રૂપીઆ=$\frac{૩૩}{૧૦}$ રૂ. ઉપજાવવા

૨૦૦ બરૂ પટકા નફાથી વેચ્યા છે તો—

૮૦૦ બરૂ : ૨૦૦ બરૂ :: ૩ રૂ. : ઇઇ રૂ. = $\frac{૩}{૪}$ રૂ.

૧૦૦ રૂ. : $\frac{૩}{૪}$ રૂ. :: ૧૦૫ : ઇઇ રૂ. =$\frac{૬૩}{૮૦}$ રૂ. ઉપજ્યા માટે

$\frac{૩૩}{૧૦}-\frac{૬૩}{૮૦}=\frac{૨૦૧}{૮૦}=૨\frac{૪૧}{૮૦}\times\frac{૧૬}{૧}=\frac{૪૧}{૫}=૮\frac{૧}{૫}\times\frac{૧૨}{૧}=\frac{૧૨}{૫}=૨\frac{૨}{૫}$.

જવાબ. ૨ રૂ. ૮ આ. ૨$\frac{૨}{૫}$ પાઇ.

૨૬. દુકાનદાર જો ૧૦૦ રૂ. નો માલ હોય તો ૧૨૦ રૂ. કિંમત લોકોને કહે. હવે જો ઘરાક ૧૦૦ રૂ. નો માલ લેવા આવે તો દુકાનદાર ૧૦ રૂ. ઓછા લે એટલે ૧૦૦−૧૦=૯૦ રૂ. લે.

૧૦૦ રૂ. : ૧૨૦ રૂ. :: ૯૦ રૂ. : ઈષ્ટ રૂ.=૧૦૮ રૂ. લે. પણ તે માલ ૧૦૦ રૂ. નો હતો માટે ૧૦૮−૧૦૦=૮ રૂ. નફો. જવાબ.

૨૭. ૨ આને શેર વેચવાથી સેંકડે ૧૦ ટકા ખોટ જાય છે તો તેની મૂળ કિંમત કાઢવા માટે ૧૦૦−૧૦=૯૦

૯૦ આ. ઉ : ૨ આ. ઉ :: ૧૦૦ આ. : ઈષ્ટ આના=$\frac{૨૦}{૯}$ મૂ. કિં. આવી. હવે સેંકડે ૧૦ ટકા નફો લેવો છે માટે ૧૦૦+૧૦=૧૧૦

૧૦૦ આ. : $\frac{૨૦}{૯}$ આ. ::૧૧૦ આ.:ઈષ્ટ આના=૨ આ. ૫$\frac{૧}{૩}$ પાઈ.

જવાબ. દર શેરના ૨ આ. ૫$\frac{૧}{૩}$ પાઈ.

૨૮ ધારો કે ૧૧ શેર સાકરનો ૧ રૂ. બેઠો તો ૧૦ શેર સાકરનો ૧ ઉપજે તે લેખે ૧૧ શેર સાકરના કેટલા ઉપજે તે કાઢવા માટે.

૧૦ શેર : ૧૧ શેર :: ૧ રૂ. : ઈષ્ટ રૂ.=૧$\frac{૧}{૧૦}$ રૂ. ઉપજે અને ૧ રૂ. બેઠો છે, માટે $\frac{૧}{૧૦}$ રૂ. નફો થયો તો સેંકડે કેટલો નફો થાય; તે કાઢવા માટે. ૧ રૂ. : ૧૦૦ રૂ. :: $\frac{૧}{૧૦}$: ઈષ્ટ રૂ. = ૧૦ ટકા જવાબ.

૨૯. **अ** ૧૫ રૂ. નો માલ ૨૦ ટકા નફો ખાઈ વેચ્યો તો તેને કેટલા રૂ. ઉપજે તે કાઢવા માટે ૧૦૦+૨૦=૧૨૦

૧૦૦ રૂ. : ૧૫ રૂ. :: ૧૨૦ રૂ. : ઈષ્ટ રૂ.=૧૮ રૂ. **अ** ને ઉપજેલા અને **ब** એ આપેલા. **ब** એ સેંકડે ૧૫ ટકા નફો લીધો તો તેને કેટલા ઉપજે તે કાઢવા માટે ૧૦૦+૧૫=૧૧૫. ૧૦૦ રૂ. : ૧૮ રૂ. :: ૧૧૫ રૂ. : ઈષ્ટ રૂ.=$\frac{૨૦૭}{૧૦}$ રૂ. **ब** ને ઉપજેલા અને **क** એ આપેલા.

क ૧૦ ટકા નફો ખાય છે તો તેને કેટલા ઉપજે તે કાઢવા માટે ૧૦૦+૧૦=૧૧૦. ૧૦૦ રૂ. : $\frac{૨૦૭}{૧૦}$ રૂ. :: ૧૧૦ રૂ. : ઈષ્ટ રૂ. =૨૨ રૂ. ૧૨ આ. ૩$\frac{૨૧}{૨૫}$ પાઈ. જવાબ.

૩૦. ૪ શી. ૬ પે. રતલને ભાવે તેને ૫ રતલના ૫×૪$\frac{૧}{૨}$=૨૨$\frac{૧}{૨}$ શિ. બેસે. ૪ શી. રતલના ભાવની ૧૦ રતલ ચાના ૧૦×૪=૪૦ શિ. બેસે બધા થઈને ૪૦+૨૨$\frac{૧}{૨}$=૬૨$\frac{૧}{૨}$ શિલિંગ ૫+૧૦=૧૫ રતલના બેસે.

હવે તેના ઉપર ૧૦ ટકા નફો લેવો છે માટે— ૧૦૦+૧૦=૧૧૦

૧૦૦ શિ : $\frac{૧૨૫}{૨}$ શિ. :: ૧૧૦ શિ.=૬૮$\frac{૩}{૪}$ શિ. ઉપજાવવા.

૧૫ રતલ : ૧ રતલ :: $\frac{૨૭૫}{૪}$ શિ. : ઈષ્ટ શિ.=૪ શિ. ૭ પેન્સ. જવાબ.

૩૧. ૫ શિલિંગે રતલના ભાવે ૬ રતલના ૬×૫=૩૦ શિલિંગ બેસે. ૪ શિલિંગે રતલના ભાવે ૧૮ રતલ ચાના ૧૮×૪=૩૨ શિલીંગ બેસે

બધા થઇને ૭૨+૩૦–૧૦૨ શિલિંગ ૧૮+૬=૨૪ રતલના બેસે હવે તે બધી ચા ૪$\frac{૧}{૨}$ શિલિંગે રતલના ભાવે વેચે તો ૨૪×૪$\frac{૧}{૨}$=૧૦૮ શિ. ઉપજે. એટલે ૧૦૮–૧૦૨=૬શિલિંગ નફો.

૧૦૨ શિ. : ૧૦૦ શિ. :: ૬ શિ. : ઈષ્ટ શિ.=૫$\frac{૧૫}{૧૭}$ ટકા સેંકડે નફો. જવાબ.

૩૨. ઉપર પ્રમાણે. જવાબ. ૩૬$\frac{૪}{૧૧}$ ટકા નફો.

૩૩. ૩ શિ ૬ પેન્સે રતલને ભાવે ૧૫ રતલના ૧૫×$\frac{૭}{૨}$=$\frac{૧૦૫}{૨}$=૫૨$\frac{૧}{૨}$ શિ. બેશે. ૨$\frac{૧}{૨}$ શિ. રતલને ભાવે ૧૯ રતલના ૧૯×૨$\frac{૧}{૨}$=૪૭$\frac{૧}{૨}$ શિ. બેસે. બધા થઇને ૫૨$\frac{૧}{૨}$+૪૭$\frac{૧}{૨}$=૧૦૦ શિલિંગ. ૧૫+૧૯=૩૪ રતલના બેસે સેંકડે ૨ ટકા નફો લીધો છે તો ૧૦૦+૨=૧૦૨ શિલિંગ ઉપજે

૩૪ રતલ. : ૧ રતલ. :: ૧૦૨ શિ. : ઈષ્ટ શિલિંગ.=૩ શિલિંગ. જવાબ.

૩૪. ૧૮ બળદના ૫૪૦ રૂા. ઉપજ્યા તો ૩ બળદના કેટલા ઉપજે તે કાઢવા માટે ૧૮ બળદ : ૩ બળદ :: ૫૪૦ રૂ. : ઈષ્ટ રૂ. ૯૦ રૂ. નફો માટે ૫૪૦–૯૦=૪૫૦ રૂા. ૧૮ બળદના બેઠેલા તો ૧ બળદના કાઢવા માટે

૧૮ બળદ : ૧ બળદ :: ૪૫૦ રૂ. : ઈષ્ટ રૂા.=૨૫ રૂ. જવાબ

૩૫. ૧૦ રૂપીઆની ૧ મણ એટલે ૪૦ શેર સાકર લીધી તે વેચી ત્યારે ૮ શેર સાકર પડી રહી એટલે ૪૦–૮=૩૨ શેરના ૧૦ રૂપીઆ ઉપજ્યા.

૩૨ શેર : ૧ શેર :: ૧૦ રૂ. : ઇષ્ટ રૂા.=૫ આના જવાબ.

૩૬. ૨ રૂપીએ એક એ પ્રમાણે ૨૦૦ રૂપીઆનાં પુસ્તકો લીધાં તો ૨૦૦÷૨=૧૦૦ પુસ્તક લીધેલાં હવે ૬૦ પુસ્તક નફો થયો તો ૧૦૦–૬૦=૪૦ પુસ્તકના ૨૦૦ રૂા. ઉપજે એટલે ૧ પુસ્તકના કેટલા ઉપજે તે કાઢવા માટે.

૪૦ પુ. : ૧ પુ. :: ૨૦૦ રૂા. : ઇષ્ટ રૂ.=૫ રૂા. જવાબ.

૩૭. ૮૦ પુસ્તક વેચવાથી જે નફો થાય છે તે ૧૨૦ રૂ. રોકવાથી થાય છે માટે તે ઉપરથી સમજાય છે કે ૮૦ પુસ્તકની કિંમત ૧૨૦ રૂ. હશે તો ૧ પુસ્તકની કેટલી તે કાઢવા માટે ૮૦ પુ. : ૧ પુ. :: ૧૨૦ રૂ. : ઇષ્ટ રૂા.=૧ રૂ. ૮ આ. જવાબ.

૩૮. ૬૦ ઘડિઆળ વેચવાથી જે નફો થાય છે તે ૪૨૦ રૂ. રોકવાથી થાય છે માટે તે ઉપરથી સમજાય છે કે ૬૦ ઘડીઆળના ૪૨૦ રૂ. બેસે તો ૧ ઘડિઆળના ૪૨૦÷૬૦=૭ રૂ. બેસે અને ૭$\frac{1}{2}$ રૂા. ઉપજે એટલે ૬$\frac{1}{2}$–૭=$\frac{1}{2}$ રૂ. નફો.

૭ રૂ. : ૧૦૦ રૂ. :: $\frac{1}{2}$ રૂ. : ઇષ્ટ રૂ.=૭$\frac{1}{7}$ ટકા નફો. જવાબ.

૩૯. ૮૦ રીમમાંથી ૧૬ રીમ નફો થાય એટલે ૮૦+૧૬=૯૬ રીમના ૧૨૦ બેઠેલા તો ૮૦ રીમના કેટલા બેસે તે કાઢવા.

૯૬ રીમ. : ૮૦ રીમ :: ૧૨૦ રૂા. : ઇષ્ટ રૂા.=૧૦૦ રૂા. બેઠેલા ને ૧૨૦ ઉપજે માટે ૧૨૦–૧૦૦ ૨૦ નફો. જવાબ ૨૦ ટકા નફો.

૪૦. ૯૦ ખુરશી વેચવાથી ૮ ખુરશીની વેચાણ કિંમત જેટલી ખોટ ગઇ, એટલે તેને ૯૦+૮=૯૮ ખુરશીના ૩૧૫ રૂા. ઉપજ્યા હશે તો ૧ ખુરશીના કેટલા ઉપજે તે કાઢવા માટે ૯૮ ખુ. : ૧ ખુ. :: ૩૧૫ રૂા : ઇષ્ટ રૂા=૩ રૂા. ૩ આ ૫$\frac{1}{7}$ પાઈ જવાબ.

૪૧. ૧૬૦ ઘેટાં ૫૬૦ રૂા. વેચ્યાંતો ૧૦ ઘેટાંની વેચાણ કિંમત જેટલો નફો થાય છે તો ૧૦ ઘેટાંના કેટલા ઉપજે તે કાઢવા માટે—

૧૬૦ ઘેટાં : ૧૦ ઘેટાં :: ૫૬૦ રૂા. : ઉ૦રૂા. = ૩૫ રૂા. નફો.

૫૬૦ રૂા. એ વેચવાથી ૩૫ રૂા. નફો તો ૫૬૦−૩૫=૫૨૫ રૂા. ૧૬૦ ઘેટાંની કિંમત આવી તો ૧ ઘેટાની કેટલી તે કાઢવા માટે

૧૬૦ ઘેટાં : ૧ ઘેટું :: ૫૨૫ રૂા. : ઉ૦ રૂા.=૩ રૂા. ૪ આ. ૬ પાઈ. જવાબ.

૪૨. ૧૮ લાકડીના ૯ આના બેસે તો ૩ લાકડાડી કેટલા આના બેસે તે કાઢવા માટે ૧૮ લા. : ૩ લા. :: ૯ આ. : ઉ૦ આના=$\frac{૩}{૨}$ આના નફો. ૯ આના બેઠા અને ૧$\frac{૧}{૨}$ આનો નફો થાય એટલે ૯+૧$\frac{૧}{૨}$=૧૦$\frac{૧}{૨}$ આના ઉપજે ૧૮ લા. : ૧ લા. :: $\frac{૨૧}{૨}$: ઉ૦ આના=૭ પાઇ દર લાકડીની કિંમત ઉપજે. જવાબ.

૪૩. જો મૂળ કિંમત ૧ આનો હોય તો $\frac{૧×૨}{૫}$=$\frac{૨}{૫}$ નફો થાય.

૧ મૂ. કિ.+$\frac{૨}{૫}$ નફો=૧$\frac{૨}{૫}$=$\frac{૭}{૫}$ ઉપજે.

$\frac{૭}{૫}$ ઉપજે : ૧૪ ઉપજે :: ૧ મૂ. કિ. : ઉ૦ આના મૂ. કિં.=૧૦ આના મૂળ કિંમત આવી હવે તે ૧૨ આને વેચેછે તો તેને ૧૨−૧૦=૨ આના નફો થયો ૧૦ : ૧૦૦ :: ૨ : ઉ૦ ટકા=૨૦ નફો. જવાબ.

૪૪. ૧ રૂ. ૫ આ.=$\frac{૨૧}{૧૬}$ રૂા. વેચાણ કિંમત છે માટે તેના $\frac{૨}{૨૧}$ એટલે $\frac{૨૧}{૧૬}$×$\frac{૨}{૨૧}$=$\frac{૧}{૮}$ નફો થયો માટે $\frac{૨૧}{૧૬}$−$\frac{૧}{૮}$=$\frac{૧૯}{૧૬}$ મૂળ કિંમત. હવે તે વસ્તુ ૧ રૂા. વેચીએ તો ૧$\frac{૩}{૧૬}$−૧=$\frac{૩}{૧૬}$ ખોટ જાય. $\frac{૧૯}{૧૬}$: ૧૦૦ :: $\frac{૩}{૧૬}$ ઉ૦ રૂ.=૧૫$\frac{૧૫}{૧૯}$ ટકા ખોટ જવાબ.

૪૫. પહેલી વખત ૫ ટકા નફો થાય એટલે ૧૦૫ રૂ. ઉપજે.

બીજી વખત ૧૦ ટકા નફો થાય એટલે ૧૧૦ ઉપજે.

પ્રથમ ૧૦૫ ઉપજતા હતા અને હાલ ૧૧૦ ઉપજે છે તો ૧૧૦−૧૦૫=૫ વધારે લેવા પડે ૫ વધારે. : ૩ વધારે :: ૧૦૦ : ઉ૦ આના=૬૦ આના=૩$\frac{૩}{૪}$ રૂા. જવાબ.

૪૬. પહેલી વખત સેંકડે ૧૫ ટકા ખોટ ખાધી એટલે ૧૦૦−૧૫ = ૮૫ રૂા. ઉપજે. બીજી વખત સેંકડે ૧૫ ટકા નફો લીધો એટલે ૧૦૦ +૧૫=૧૧૫ રૂા. ઉપજે.

પ્રથમ ૮૫ ઉપજ્યાને હાલ ૧૧૫ ઉપજ્યા તો ૧૧૫−૮૫=૩૦ રૂા. વધારે લીધા માટે ૩૦ રૂા. : ૧૫ રૂા. :: ૧૦૦ રૂા. : ઇષ્ટ રૂા. =૫૦ રૂા. જવાબ.

૪૭. ધારોકે ૧૬ ઘડિઆળનો ૧ રૂપીઓ ખેડો છે તો ૧૫ ઘડિઆળનો ૧ રૂા. ઉપજે માટે ૧૫ ઘ. : ૧૬ ઘ. :: ૧ રૂા. : ઇષ્ટ રૂા. = ૧$\frac{૧}{૧૫}$ રૂા. ઉપજે. અને ૧ રૂા ખેઠો હતો માટે ૧$\frac{૧}{૧૫}$−૧=$\frac{૧}{૧૫}$ નફો.

૧ રૂા. : ૧૦૦ રૂા. : $\frac{૧}{૧૫}$ નફો. : ઇષ્ટનફો=૬$\frac{૨}{૩}$ ટકા નફો જવાબ.

૪૮. ૧૦૦ ઘડિઆળ હોયતો ૧૦૦+૨૫=૧૨૫ ઘડિઆળ ઉપજે. તો ૮ ઘડિઆળ ઉપજે તો મૂળ ઘડિઆળ કેટલી તે કાઢવા માટે—

૧૦૦ ઘ. : ૮ ઘ. :: ૧૨૫ ઘ. : ઇષ્ટ ઘડિઆળ=૧૦ ઘડિઆળ. જવાબ.

૪૯. ૧ રૂા. ૪ આ. = $\frac{૫}{૪}$ રૂા. સેંકડે ૫ ટકા મૂળ કિંમત પર ખર્ચ થાય એટલે કુલ ૧૦૦ ના માલના ૧૦૫ રૂા. થાય ૧૦૦ રૂા. : $\frac{૫}{૪}$ રૂા. :: ૧૦૫ રૂા. : ઈષ્ટ રૂા=$\frac{૨૧}{૧૬}$ રૂા. ખર્ચ સાથે કિંમત આવી. સેંકડે ૨૫ ટકા નફો લેવો છે એટલે ૧૨૫ રૂા. ઉપજાવવા પડશે માટે

૧૦૦ રૂા, : $\frac{૨૧}{૧૬}$ :: ૧૨૫ રૂ : ઇષ્ટ રૂા.=૧ રૂા. ૧૦ આ ૩ પાઈ જવાબ.

૫૦. ૫ શિ. ૬ પે=$\frac{૧૧}{૨}$ શિ. વેચાણ કિંમત છે માટે તેના $\frac{૧}{૧૧}$ નફો થાય એટલે $\frac{૧૧}{૨}$×$\frac{૧}{૧૧}$=$\frac{૧}{૨}$ નફો. ૫$\frac{૧}{૨}$ શિ. વેચાણ કિંમત−$\frac{૧}{૨}$ શિ. નફો = ૫ શિલિંગ. મૂળ કિંમત. તેના ઉપર સેંકડે ૨૦ ટકા નફો લેવો છે માટે ૧૦૦ શિ. : ૫ શિ. :: ૧૨૦ શિ. : ઇષ્ટ શિ. =૬ શિલિંગ જવાબ.

૫૧. જો મૂળ કિંમત ૧ હોય તો $\frac{૧}{૧૬}$ નફો થાય એટલે કુલ

$૧+\frac{૧}{૧૬}=\frac{૧૭}{૧૬}$ વેચાણ કિંમત થાય. $\frac{૧૭}{૧૬}$ વે. કિં. : ૮૫ વે. કિં. :: ૧ મૂ. કિં. : ઇષ્ટ રૂ. = ૮૦ રૂ. મૂળ કિંમત તે ઉપર ૧૦ ટકા નફો લેવો છે માટે. ૧૦૦ રૂ. : ૮૦ રૂ. :: ૧૧૦ રૂ. = ૮૮ રૂ. જવાબ.

૫૨. ૧૮ શિલિંગના ગેલન ભાવે ૪૦ ગેલનના ૪૦×૧૮=૭૨૦ શિ. બેસે તે ઉપર ૧૫ ટકા નફો લેવો છે માટે

૧૦૦ શિ : ૭૨૦ શિ :: ૧૧૫ શિ. $\frac{૭૨૦ \times ૧૧૫}{૧૦૦}$=૮૨૮ શિ. ઉપજાવવા પડશે. સેંકડે ૧૦ ગેલન જાય એટલે ૯૦ ગ્યાલન બાકી રહે.

૧૦૦ ગે : ૪૦ ગે :: ૯૦ ગે : ઇષ્ટ ગ્યાલન. = ૩૬ ગેલન રહે.

૩૬ ગે : ૧ ગે :: ૮૨૮ શિ. : ઇષ્ટ શિલિંગ = ૨૩ શિલિંગ. = ૧ પૌન્ડ ૩ શિલિંગ. જવાબ.

૫૩. દર નકલના ૩ શિલિંગ પ્રમાણે ૧૫૦૦ નકલના ૪૫૦૦ શિ = ૨૨૦ પૌંડ ઉપજે તેમાંથી ૫૦ પૌંડ આપ્યા એટલે બાકી (૨૨૫-૫૦) ૧૭૫ પૌંડ રહ્યા. ૧૨૦ પૌં. : ૧૭૫ પૌં. :: ૧૦૦ પૌં. : ઇષ્ટ પૌન્ડ = ૧૪૫ પૌં. ૧૬ શિ. ૮ પેન્સ. જવાબ.

૫૪. દર ઘોડાના ૧૫ પૌન્ડ પ્રમાણે ૫૦ ઘોડાના ૫૦×૧૫=૭૫૦ પૌન્ડ બેઠા. દશ ઘોડા મરી જવાથી ૫૦-૧૦=૪૦ ઘોડા રહ્યા તેની કિંમત ૪૦×૧૫=૬૦૦ પૌં. થઇ તે ઉપર સેંકડે ૧૬ ટકા નફો લે તો ૧૦૦ પૌં : ૬૦૦ પૌં :: ૧૧૬ પૌં : ઇષ્ટ પૌન્ડ = ૬૯૬ પૌંડ ઉપજ્યા અને ૭૫૦ પૌન્ડ બેઠા છે માટે ૭૫૦-૬૯૬=૫૪ પૌન્ડ ખોટ ગઇ તેથી

૭૫૦ પૌં. : ૧૦૦ પૌ. :: ૫૪ પૌં : ઇષ્ટ =$૭\frac{૧}{૫}$ ટકા ખોટ જવાબ.

૫૫. ધારો કે ૧૦૦ રૂ. નો ઘોડો છે તો તેના ઉપર ૧૦ ટકા નફો લે એટલે ૧૧૦ રૂ. ઉપજાવે. હવે સેંકડે ૪ ટકા ઓછા લે એટલે ૧૦૦-૪=૯૬ રૂ. લે અને તે $૮\frac{૧}{૩}$ ટકા નફાથી વેચે છે તો ૧૦૦ રૂ. : ૯૬ રૂ. :: $\frac{૩૨૫}{૩}$ રૂ. : ઇષ્ટ રૂ.=૧૦૪ ઉપજે. પ્રથમ ૧૧૦ ઉપજતા હતા

અને હાલમાં ૧૦૪ ઉપજે તો ૧૧૦-૧૦૪=૬ રૂ. ઓછા ઉપજે માટે

૬ રૂ. : ૩ રૂ. :: ૧૦૦ રૂ. : ઈષ્ટ રૂ. = ૫૦ રૂ. ઘોડાની કિંમત. જવાબ.

૫૬. ૪૮ રૂ. એ વેચવાથી ૧ રૂ. ખોટ જાય તો ૫૬ રૂપીએ વેચવાથી ૧ નફો થાય એટલે પ્રથમ કરતાં હાલ ૧+૧=૨ રૂ. વધારે લેવા પડે પણ અહીંતો ૫૬-૪૮=૮ વધારે લે છે માટે ૨ રૂ વધારે લે. : ૮ રૂ. વ. લે. :: ૧ રૂ ખોટ : ઈષ્ટ રૂ. ખોટ = ૪ રૂ. ખોટ.

ઘોડો ૪૮ રૂ. એ વેચવાથી ૪ રૂ ખોટ જાય છે માટે ૪૮+૪=૫૨ રૂ. મૂળ કિંમત જવાબ.

૫૭ ઉપર પ્રમાણે ગલીચાની મૂળ કિંમત કાઢશો તો ૧૪૦ રૂ. આવશે. તેના ઉપર સેંકડે ૨૦ ટકા નફો લેવોછે માટે ૧૦૦+૨૦=૧૨૦

૧૦૦ રૂ. : ૧૪૦ રૂ. :: ૧૨૦ રૂ : ઈષ્ટ રૂ. = ૧૬૮ રૂ. જવાબ.

૫૮. ૧૦ પૈસે વેચવાથી ૧ પૈસો ખોટ જાય તો ૫ આને=૨૦ પૈસે વેચવાથી ૧×૪=૪ પૈસા નફો થાય એટલે કુલ ૧+૪=૫ પૈસા વધારે આવે પણ અહીંતો ૨૦-૧૦=૧૦ પૈસા વધારે આવે છે માટે

૫ પૈ. વ. આ. : ૧૦ પૈ. વ. આ. :: ૧ પૈ. ખોટ : ઈષ્ટ પૈસા ખોટ= ૨ પૈસા ખોટ.

૧૦ પૈસે વેચવાથી ૨ પૈસા ખોટ જાય છે માટે તે ૧૨ કેરીના ૧૦+૨=૧૨ પૈસા બેઠેલા તો ૧ કેરીનો ૧ પૈસો બેઠેલો. જવાબ

૫૯ ઉપર પ્રમાણે. જવાબ. ૫ શિ. ૧$\frac{૧}{૨}$ પેન્સ.

૬૦. ૪ શિ ૯ પેન્સે રતલને ભાવે ૪૦ રતલના $\frac{૧૯}{૪}\times\frac{૪૦}{૧}$=૧૯૦ શિ. બેસે. ૩ શિ. ૪ પેન્સે રતલને ભાવે ૫૦ રતલ ના $\frac{૧૦}{૩}\times\frac{૫૦}{૧}=\frac{૫૦૦}{૩}$= ૧૬૬$\frac{૨}{૩}$ શિ. બેસે. કુલ ૧૯૦+૧૬૬$\frac{૨}{૩}$=૩૫૬$\frac{૨}{૩}$ શીલીંગ બેસે. તેના ઉપર સેંકડે ૨૦ ટકા નફો લેવો છે માટે.

૧૦૦ શિ. : $\frac{૧૦૭૦}{૩}$ શિ. :: ૧૨૦ શિ. : ઈષ્ટ શિ. · ૪૨૮ શિ. ઉપજાવવા પડશે. બધી થઇને ૪૦+૫૦=૯૦ રતલ ચહા થઇ માટે.

૯૦ રતલ. : ૧ રતલ. :: ૪૨૮ શિ. : ઈષ્ટ શિ.=૪ શિ. ૯$\frac{૧}{૫}$ પેન્સ. જવાબ.

૬૧. ૩ : ૨ નું પ્રમાણ છે એટલે જો પહેલી જાતની ૩ શેર લઇએ તો બીજી જાતની ૨ શેર લેવી પડે.

જો પહેલી જાતની ૩ શેર લઇએ તો તેની કિંમત ૪ શિલિંગ ૬ પેન્સને ભાવે ૧૩$\frac{૧}{૨}$ શિલિંગ પડે.

બીજી જાતની ૨ શેરની કિંમત ૫ શિલિંગને ભાવ ૫×૨=૧૦ શિ. થાય એટલે બધી થઇને ૩+૨=૫ શેર ચાની કિંમત ૧૩$\frac{૧}{૨}$+૧૦=૨૩$\frac{૧}{૨}$ શિ. થઈ તેના ઉપર સેંકડે ૨૫ ટકા નફો લેવો છે માટે.

૧૦૦ શિ. : $\frac{૪૭}{૨}$ શિ. :: ૧૨૫ શિ : ઈષ્ટ શિ.=$\frac{૨૩૫}{૮}$ શિલિંગ ૫ શેરના ઉપજાવવા તો ૧ શેરના કેટલા ઉપજાવવા તે કાઢવા માટે—

૫ શેર : ૧ શેર :: $\frac{૨૩૫}{૮}$ શિ. : ઈષ્ટ શિ.=૫ શિ. ૧૦$\frac{૧}{૨}$ પેન્સ. જવાબ.

૬૨. પહેલી જાતની જો ૩ રતલ લઈએ તો બીજી જાતની ૭ રતલ લેવી પડે. પહેલી જાતની ૩ રતલ લઇએ તો તેની કિંમત ૯ પેન્સ પ્રમાણે ૯×૩=૨૭ પેન્સ બેસે.

બીજી જાતની ૭ રતલની કિંમત ૪ પેન્સને ભાવે ૭×૪=૨૮ પેન્સ પડે. એકંદર ૩+૭=૧૦ રતલ ચાની કિંમત ૨૭+૨૮=૫૫ પેન્સ પડે.

હવે તે ૧૦ રતલ ૬ પેન્સને ભાવે વેચવાની છે તેથી તેના ૧૦×૬=૬૦ પેન્સ ઉપજે અને ૫૫ પેન્સ બેઠા માટે ૬૦−૫૫=૫ પેન્સ નફો તો સેંકડે કેટલો તે કાઢવા માટે.

૫૫ પે. : ૧૦૦ પે. :: ૫ ટકા. : ઈષ્ટ ટકા.=૯$\frac{૧}{૧૧}$ ટકા નફો. જવાબ.

૬૩. ૧૫ શિ. રતલને ભાવે ૫૬ ગેલન દારૂની કિંમત ૫૬×૧૫=૮૪૦ શિ. થઇ. ૫૬ ગેલન દારૂમાં ૪ ગેલન પાણી ઉમેર્યું એટલે મિશ્રણ ૫૬+૪=૬૦ ગેલન થયું તે ૧૬ શિલિંગે રતલ પ્રમાણે વેચ્યું તો ૬૦×૧૬=૯૬૦ શિલિંગ ઉપજે. ૮૪૦ શિલિંગ બેસે અને ૯૬૦ શિ. ઉપજે માટે (૯૬૦−૮૪૦) ૧૨૦ શિ. નફો.=૬ પાંડ નફો

૮૪૦ શિ. : ૧૦૦ શિ. :: ૧૨૦ : ઈષ્ટ=૧૪ ૨/૭ ટકા નફો. જવાબ.

૬૪. ૬ શિ. ૯ પેન્સે રતલના ભાવે વેચ્યું ત્યારે ૫૦ ટકા નફો થયો માટે તેની મૂળ કિંમત કાઢવા સારૂ.

૧૫૦ શિ. : ૨૭/૪ શિ. :: ૧૦૦ શિ. : ઈષ્ટ શિ=૪½ શિલિંગ ૧ રતલની કિંમત આવી. માટે ૪ રતલના ૪½×૪=૧૮ શિ. બેઠેલા.

પહેલા પ્રકારની ૩ રતલ ચા ૪ શિ. ૮ પેન્સને ભાવે લીધેલી છે માટે તેના ૧૪ શિલિંગ થયા તો બાકીના (૧૮−૧૪) ૪ શિલિંગ બીજી જાતની ૧ રતલ ચા ની કિંમત. જવાબ.

૬૫. ૨ પૈસાની ૩ લેખે ૩૦૦ કેરી લીધી તો તેના ૨૦૦ પૈસા બેઠા. ૩ પૈસાના ૪ પ્રમાણે ૪૦૦ કેરી લીધી માટે તેના ૩૦૦ પૈસાબેઠા.

કુલ ૩૦૦+૪૦૦=૭૦૦ કેરીના ૨૦૦+૩૦૦=૫૦૦ પૈસા બેઠા.

હવે તે ૭૦૦ કેરી ૬ પૈસાની ૫ પ્રમાણે વેચી તેના ૮૪૦ પૈસા ઉપજ્યા અને ૫૦૦ પૈસા બેઠા છે માટે તેને ૮૪૦−૫૦૦=૩૪૦ પૈસા નફો થયો.

૫૦૦ : ૧૦૦ :: ૩૪૦ : ઈષ્ટ ટકા = ૬૮ ટકા નફો. જવાબ.

૬૬. ધારો કે કાછીઆએ ૨૦ કેરી ૩ પૈસાની ૪ પ્રમાણે લીધી તો તેને તેના ૧૫ પૈસા બેઠા.

હવે તે કેરી ૪ પૈસાની ૫ પ્રમાણે વેચી માટે તેને ૧૬ પૈસાઉપજ્યા.

૧૬ પૈસા ઉપજ્યા અને ૧૫ પૈસા બેઠા માટે તેને (૧૬−૧૫) ૧ પૈસો નફો થયો. પણ આપણે તો ૯ આના=૩૬ પૈસા નફો લેવોછે માટે

૧ પૈ. નફો : ૩૬ પૈ નફો:: ૨૦ કેરી:ઇષ્ટ કેરી=૭૨૦ કેરી જવાબ.

૬૭. ધારો કે તે માણસે ૨૪ કેરી ૫ પૈસાની ૮ પ્રમાણે લીધી તો તેને ૧૫ પૈસા બેઠા.

હવે તે ૨૪ કેરી ૨ પૈસાની ૩ પ્રમાણે વેચે છે માટે તેને ૧૬ પૈસા ઉપજ્યા.

૧૬ પૈસા ઉપજ્યા અને ૧૫ પૈસા બેઠા માટે (૧૬−૧૫) ૧ પૈસો નફો થયો. ૧૫ પૈ. : ૧૦૦ પૈ. :: ૧ પૈ. : ઇષ્ટ=૬$\frac{૨}{૩}$ ટકા નફો. જવાબ.

૬૮. ધારો કે એક આનાની ૧૦ પ્રમાણે ૨૦ કેરી વેચાતી લીધી તો તેના ૨ આના બેઠા.

હવે $\frac{૨૦\times૧}{૪}$=૫ કેરી એક આનાની ૫ પ્રમાણે લીધી માટે તે પાંચનો એક આનો થયો એટલે કુલ ૨૦+૫=૨૫ કેરીના ૩ આના થયા. તેના ઉપર ૨૦ ટકા નફો લેવો છે માટે ૧૦૦+૨૦=૧૨૦

૧૦૦ આ. : ૩ આ. :: ૧૨૦ આ. : ઇષ્ટ આના=$\frac{૧૮}{૫}$ આના ૨૫ કેરીના ઉપજે પણ અહીં તો ૧૮ આના ઉપજે છે માટે

$\frac{૧૮}{૫}$ આ. : ૧૮ આ. :: ૨૫ કેરી = ૧૨૫ કેરી. જવાબ.

૬૯ હિસાબ ૬૭ તથા ૬૮ મુજબ.

૭૦. ધારો કે ૧૦૦ રૂા. મૂળ કિંમત હોય તો ૧૦૦+૨૦=૧૨૦ રૂા. ખર્ચ સાથે કિંમત આવે.

ચાર ટકા ખોટ ખાઇને વેચવાથી ૧૦૦−૪=૯૬ પૌન્ડ ઉપજે. બીજી વખત ૧૨ ટકા નફો લેવાથી ૧૦૦+૧૨=૧૧૨ પૌન્ડ ઉપજે એટલે બે વખતના વેચાણ વચ્ચે ૧૧૨−૯૬=૧૬ પૌન્ડનો તફાવત પડે.

૧૬ પૌ. : ૬૦ પૌ. :: ૧૦૦ પૌન્ડ : ઇષ્ટ પૌન્ડ=૩૭૫ પૌ. ખર્ચ સાથે મૂળ કિંમત આવી પણ ખર્ચ સિવાયની મૂળ કિંમત કાઢવા સારૂ.

૧૨૦ પૌ. : ૩૭૫ પૌ. :: ૧૦૦ પૌ. : ઇષ્ટ પૌન્ડ=૧૧૨ પૌન્ડ. ૧૦ શિ. જવાબ.

૭૧. સવારે ૧૦ ટકા નફો લે એટલે ૧૦૦+૧૦=૧૧૦ ઉપજે. બીજી વખત ૧૬ ટકા નફો લે એટલે બે વખતના વેચાણ વચ્ચે ૧૧૬−૧૧૦=૬ નો તફાવત પડે. પણ અહીં તો ૩ પૈસા=$\frac{૩}{૪}$ આનાનો તફાવત પડે છે માટે

૬ આ. તફા. : $\frac{૩}{૪}$ તફા. :: ૧૦૦ આ : ઈષ્ટ આના=$\frac{૨૫}{૨}$ આના મૂળ કિંમત આવી. હવે તે ઉપર સેંકડે ૧૦ ટકા નફો લે છે માટે ૧૦૦+૧૦=૧૧૦

૧૦૦ આ.:$\frac{૨૫}{૨}$ આ.::૧૧૦: ઈષ્ટ આના=૧૩ આ. ૯ પાઈ. જવાબ.

૭૨. ૨૦૦ ચોપડીઓ ૪૦૦ શિલિંગે વેચી ત્યારે તેને ૫૦ ચોપડીની મૂળ કિંમત જેટલો નફો થયો છે માટે ૨૦૦+૫૦=૨૫૦ ચોપડીઓના ૪૦૦ શિલિંગ બેઠા હશે તો ૧ ચોપડીના કેટલા બેઠા હશે તે કાઢવા માટે

૨૫૦ ચો. : ૧ ચો. :: ૪૦૦ શિ. : ઈષ્ટ શિ. =૧ શિ. ૭$\frac{૧}{૫}$ પેન્સ.

૧ ચોપડીના $\frac{૮}{૫}$ શિલિંગ બેસે તો ૨૦૦ ચોપડીઓના $\frac{૨૦૦×૮}{૫}$= ૩૨૦ શિ. બેઠેલા અને ૪૦૦ શિ. ઉપજ્યા માટે (૪૦૦−૩૨૦)૮૦ શિ. નફો.

૩૨૦ શિ. : ૧૦૦ :: ૮૦ શિ. : ઈષ્ટ નફો= ૨૫ ટકા નફો.

જવાબ (૧) ૧ શિલિંગ. ૭$\frac{૧}{૫}$ પેન્સ. (૨) ૨૫ ટકા નફો.

૭૩. ૧૦૦ પૌન્ડે ઘોડો લીધો હોય તો ૨૦ ખર્ચના એટલે કુલ ૧૦૦+૨૦ પૌન્ડ થાય. તે ઘોડો ૧૨૦ પૌન્ડે વેચતાં ૪૦ ખોટ જાય છે તો ખર્ચ સાથે મૂળ કિંમત કાઢવા. ૧૦૦−૪૦=૬૦

૬૦ વે. કિ. : ૧૨૦ વે. કિ. :: ૧૦૦ મૂ. કિ : ઈષ્ટ પૌન્ડ=૨૦૦ પૌન્ડ ખર્ચ સાથે મૂળ કિંમત. પણ ખર્ચ સિવાયની કિંમત કાઢવા સારૂ.

૧૨૫ પૌ. : ૨૦ પૌ. :: ૧૦૦ પૌ. : ઈષ્ટ પૌન્ડ=૧૬૦ પૌંડ જવાબ.

૭૪. આ હિસાબમાં ૮ ગેલન દારૂ ગળી ગયો એ નકામું આપ્યું છે. દારૂ ૧૯ પૌન્ડે વેચવાથી ૫ ટકા ખોટ જાય છે. તો તેની મૂળ કિંમત કાઢવા માટે ૧૦૦−૫=૯૫

૯૫ વે. કિં. : ૧૯ વે. કિ. :: ૧૦૦ મૂ. કિ. : ઈષ્ટ પૌન્ડ.=૨૦ પૌન્ડ મૂ. કિં. જવાબ.

૭૫. ૪૮ ગેલન દારૂમાંથી ૧૦ ગેલન ગળી ગયો એટલે (૪૮–૧૦) ૩૮ ગેલન રહ્યો. તેમાં ૪ ગેલન પાણી મેળવ્યું એટલે ૩૮+૪=૪૨ ગેલન મિશ્રણ થયું તે ૧૬ શિલિંગે ગેલન વેચે છે માટે તેને ૪૨×૧૬=૬૭૨ શિ.=$\frac{૧૬૮}{૫}$ પૌ. ઉપજે અને એટા છે ૪૩ પૌન્ડ ૬ શિ. ૮ પેન્સ=$\frac{૧૩૦}{૩}$ પૌન્ડ માટે $\frac{૧૩૦}{૩}-\frac{૧૬૮}{૫}=\frac{૧૪૬}{૧૫}$=૯ પૌ. ૧૪ શિ. ૮ પેન્સ ખોટ. $\frac{૧૩૦}{૩}$ પૌ. : ૧૦૦ પૌ. :: $\frac{૧૪૬}{૧૫}$ પૌ. : ઈષ્ટ ટકા.=૨૨$\frac{૬}{૧૩}$ ટકા. જવાબ.

(૧) ૯ પૌન્ડ ૧૪ શિ. ૮ પેન્સ ખોટ. (૨) ૨૨$\frac{૬}{૧૩}$ ટકા ખોટ.

૭૬. ૨૧૫ રૂ. એ વેચવાથી ૩૫ રૂ. નફો થાયછે માટે ૨૧૫–૩૫=૧૮૦રૂા. તે ઘરની મૂળ કિંમત આવી. તે ઉપર સેંકડે ૨૫ ટકા નફો લેવો છે માટે ૧૦૦+૨૫=૧૨૫. ૧૦૦ રૂા. : ૧૮૦ રૂા. :: ૧૨૫ રૂા. : ઈષ્ટ રૂા =૨૨૫ રૂા ઉપજાવવા જોઇએ પણ પહેલાં ૨૧૫ રૂા. ઉપજતા હતા માટે ૨૨૫–૨૧૫=૧૦ રૂા. વધારે ઉપજાવવા પડશે માટે ૨૧૫ રૂા. : ૧૦૦ રૂા. :: ૧૦ રૂા, : ઈષ્ટ રૂા.=૪$\frac{૨૮}{૪૩}$ ટકા જવાબ.

૭૭. ધારો કે વેપારીએ ૧૦૦ રૂ. નો માલ લીધો તેના ઉપર ૧૦ ટકા નફો લેવો છે એટલે ૧૦૦+૧૦=૧૧૦ ઉપજાવવા પડશે. ૧૦૦÷૪=૨૫ રૂા. નો માલ ૧૦ ટકા ખોટ ખાઇ વેચે છે તો તેના તેને ૨૨$\frac{૧}{૨}$ રૂા. ઉપજશે.

બધા થઇને ૧૧૦ રૂા. ઉપજાવવા છે તેમાં ૨૨$\frac{૧}{૨}$ રૂા. ઉપજ્યા તો બાકી ૧૦૦–૨૫=૭૫ ના માલના ૧૧૦–૨૨$\frac{૧}{૨}$=૮૭$\frac{૧}{૨}$ રૂા. ઉપજાવવા જોઇએ ૭૫ રૂા : ૨૫ રૂા. :: $\frac{૧૭૫}{૨}$ રૂા. : ઈષ્ટ રૂા.=$\frac{૧૭૫}{૬}$ રૂા. ઉપજાવવા જોઇએ, પણ $\frac{૪૫}{૨}$ ઉપજતા હતા માટે $\frac{૧૭૫}{૬}-\frac{૪૫}{૨}=\frac{૪૦}{૬}$ રૂા. વધારે ઉપજાવવા જોઇએ $\frac{૪૫}{૨}$ રૂા. : ૧૦૦ રૂા. :: $\frac{૪૦}{૬}$ રૂા. : ઈષ્ટ રૂા =૨૯$\frac{૧૭}{૨૭}$ ટકા. જવાબ.

૭૮. સેંકડે ૫૦ ટકા નફો લેવાનો કરાર કર્યો એટલે જો ૧૦૦ રૂ. નો માલ હોયતો ૧૦૦+૫૦=૧૫૦ રૂા. લેવાના. પણ ધરાકે રૂા. એ બાર આના આપ્યા માટે ૧૫૦ રૂા. ના ૧૧૨½ રૂા. આપ્યા અને ૧૦૦ રૂા. એ દા છે માટે (૧૧૨½–૧૦૦) ૧૨½ ટકા નફો જવાબ.

૭૯. ૫ શિ. ૬ પેન્સ=$\frac{૧૧}{૨}$ શિલિંગ વેચવાથી ૧૨ ટકા ખોટ જાયછે. તો તેની મૂળ કિમત્ કાઢવા. ૧૦૦–૧૨=૮૮

૮૮ શિ. : $\frac{૧૧}{૨}$ શિ :: ૧૦૦ શિ. : ઇષ્ટ શિ,=$\frac{૨૫}{૪}$ શિ. મૂળ કિંમત આવી તેના ઉપર ૧૨ ટકા નફો લેવો છે માટે ૧૦૦+૧૨=૧૧૨

૧૦૦ શિ; : $\frac{૨૫}{૪}$ શિ :: ૧૧૨ શિ. : ઇષ્ટ શિ,=૭ શિલિંગ ઉપવવી પડશે પણ પ્રથમ ૫ શિ. ૬ પેન્સ ઉપજતી હતી માટે ૭ શિ.–(૫ શિ. ૬ પેન્સ) = ૧ શિ. ૬ પેન્સ વધારે લેવા. જવાબ.

૮૦. સેકડે ૪ ટકા મજુરી કમી પડે એટલે ૧૦૦ રૂા. મજુરી મળતી હોતતો ૪ ઓછી મળે એટલે ૧૦૦–૪=૯૬ રૂા. થાય

૧૦૦ રૂા. : ૧૫ રૂા. :: ૯૬ રૂા. : ઇષ્ટ રૂા=૧૪$\frac{૨}{૫}$ મજુરી બેસે, અને પ્રથમ ૧૫ રૂા. બેસતી એટલે ૧૫–૧૪$\frac{૨}{૫}$=$\frac{૩}{૫}$ ઓછી બેસે.

$\frac{૩}{૫}$ રૂ. ઓછી : ૨૩૦ રૂ. ઓછી :: ૧૮૦ રૂ.: ઇષ્ટ રૂ. : ૩૮૩૩૩ રૂ. ૫ આ. ૪ પાઇ. જવાબ.

૮૧. ૭ શિ. ૬ પેન્સે ગેલન પ્રમાણે ૮૦ ગેલન દારૂ લીધો માટે તેના $\frac{૮૦}{૧}$×$\frac{૧૫}{૨}$=૬૦૦ શિ. બેઠા. તેના ઉપર સેકડે ૧૨ ટકા નફો થાય છે માટે.

૧૦૦ શિ. : ૬૦૦ શિ. :: ૧૧૨ શિ. : ઇષ્ટ શિ. = ૬૭૨ શિ. ઉપજી હશે. પણ અહિંતો ૧ ગેલનના ૭ શી. ૨$\frac{૩}{૫}$ પેન્સ ઉપજે છે માટે

$\frac{૪૩૩}{૬૦}$ શિ. : ૬૭૨ શિ. :: ૧ ગેલન. : ઇષ્ટ ગેલન. = ૯૩$\frac{૫૧}{૪૩૩}$ ગેલન દારૂ+પાણી થઇને છે તેમાંથી ૮૦ ગેલન દારૂ બાદ કર્યો તો

($૯૩\frac{૫૧}{૪૩૩}$−૮૦) $૧૩\frac{૫૧}{૪૩૩}$ ગેલન પાણી ઉમેરેલું. જવાબ.

૮૨. ૧ ઘોડો ૭૨ રૂ. એ લીધો અને ૮૩ રૂ. એ વેચ્યો માટે તેને ૮૩-૭૨=૧૧ રૂ. નો નફો થયો પણ ૧૮૭ રૂ. નફો કરવો છે માટે.

૧૧ રૂ. : ૧૮૭ રૂ. :: ૧ ઘોડો : ઈષ્ટ ઘોડા = ૧૭ ઘોડા. જવાબ.

૮૩. જો ૧૦ ઘેટાં જીવતાં રહ્યાં હોત તો તેને ૧૦ ઘેટાંની વેચાણ કિંમત જેટલા પૌંડ વધારે મળત. એટલે (૧ પૌં. ૧૩ શિ. ૪ પે. ×૧૦) $\frac{૫૦}{૩}$ પૌંડ વધારે આવત અને ૪૦ પૌંડ વધારે આવે છે એટલે કુલ $\frac{૪૦}{૧}+\frac{૫૦}{૩}=\frac{૧૭૦}{૩}$ પૌંડ વધારે આવત, પણ ૧ ઘેટે (૧ પૌં. ૧૩ શિ. ૪ પે.)−(૧ પૌં. ૬ શિ. ૮ પેન્સ.) ૬ શિ. ૮ પેન્સ = $\frac{૧}{૩}$ પૌંડ નફો રહે છે. માટે $\frac{૧}{૩}$ પૌં. : $\frac{૧૭૦}{૩}$ પૌં. :: ૧ ઘેટું : ઈષ્ટ ઘેટાં = ૧૭૦ ઘેટાં. જવાબ.

૮૪. ભાટીઆએ રૂપીઆનું ૮ શેર એ ભાવે ૧૦ રૂપીઆનું દૂધ ૧૦×૮=૮૦ શેર લીધું. હવે તે દૂધમાં પાણી ઉમેરી થએલું મિશ્રણ રૂપીઆના ૯ શેર પ્રમાણે વેચી તેટલાજ રૂપીઆ એટલે ૧૦ રૂપીઆ ઉપજાવવા છે માટે ૧૦×૯=૯૦ શેર દૂધ તથા પાણીનું મિશ્રણ જોઈએ. તેમાંથી ૮૦ શેર દૂધ છે તે બાદ કરતાં બાકી ૯૦−૮૦=૧૦ શેર રહ્યું તે પાણી હશે. જબાબ. ૧૦ શેર.

૮૫. કલાલે ૮૦ પૌન્ડે દારૂનું એક પીપ એટલે ૧૨૬ ગેલન દારૂ વેચાતો લીધો તે વેચતાં તેને સેંકડે ૨૫ ટકા નફો થયો છે માટે ૧૦૦+૨૫=૧૨૫

૧૦૦ પૌન્ડ : ૮૦ પૌં :: ૧૨૫ : ઈષ્ટ પૌન્ડ. = ૧૦૦ પૌન્ડ ઉપજ્યા હશે. તે ૧૫ શીલીંગે ગેલન પ્રમાણે વેચવાથી ઉપજ્યાં હશે માટે ૧૫ શિ. = $\frac{૩}{૪}$ પૌં. $\frac{૩}{૪}$ પૌં : ૧૦૦ પૌં :: ૧ ગેલન : ઈષ્ટ ગેલન = $૧૩૩\frac{૧}{૩}$ ગેલન દારૂ તથા પાણીનું મિશ્રણ હશે તેમાંથી ૧૨૬ ગેલન દારૂ બાદ કર્યાં તો બાકી $૧૩૩\frac{૧}{૩}$−૧૨૬=$૭\frac{૧}{૩}$ ગેલન પાણી રહ્યું. જવાબ.

૮૬. ધારો કે એક ચોપડીની કિંમત ૧ રૂ. લખેલી છે. સામટો સોદો કરનાર માણસ જો ૧૧ ચોપડીઓ લે તો તેને ૧૦ ચોપડીના ૧૦×૧=૧૦ રૂ. આપવાના હોય પણ વેચનાર સેંકડે ૧૦ ટકા ઓછા લે છે માટે ૧૦૦−૧૦=૯૦

૧૦૦ રૂ. : ૧૦ રૂ. :: ૯૦ રૂ. : ઇષ્ટ રૂ. = ૯ રૂ. લે એટલે સામટો સોદો કરનાર ૧૧ રૂ. ની ૧૧ ચોપડીઓ લઇ ૯ રૂ. આપે માટે તેને ૧૧−૯=૨ રૂ. નફો થાય.

૯ રૂ. : ૧૦૦ રૂ. :: ૨ રૂ. : ઇષ્ટ રૂ. = $૨૨\frac{૨}{૯}$ નફો. જવાબ.

૮૭. ધારો કે રૂપીઆની ૨૦ પ્રમાણે ૧૦૦ નારંગી વેચાતી લીધી તો તેને ૫ રૂ. બેઠા. બીજી તેટલીજ એટલે ૧૦૦ નારંગી રૂપીઆની ૨૫ પ્રમાણે લીધી તો તેને ૪ રૂ. બેઠા.

કુલ ૧૦૦+૧૦૦=૨૦૦ નારંગીના ૫+૪=૯ રૂ. બેઠા. હવે તે બધી નારંગી રૂપીઆની ૨૧ પ્રમાણે વેચે છે માટે તેને $૯\frac{૧૧}{૨૧}$ રૂ. ઉપજે. $૯\frac{૧૧}{૨૧}$ રૂ. ઉપજે અને ૯ રૂ. બેઠા માટે ($૯\frac{૧૧}{૨૧}$−૯) $\frac{૧૧}{૨૧}$ રૂ. નફો થયો. ૯ રૂ.: ૧૦૦ રૂ. :: $\frac{૧૧}{૨૧}$ રૂ. : ઇષ્ટ રૂ. = $૫\frac{૧૫૫}{૧૮૯}$ નફો. જવાબ.

૮૮. હિસાબ ૪૬ પ્રમાણે.

૮૯. ધારો કે તે બોરવાળીએ ૧ પૈસાનાં ૩ પ્રમાણે ૯૬ બોર લીધાં તો તેને ૩૨ પૈસા બેઠા. પ્રથમના જેટલાંજ એટલે ૯૬ બોર પૈસાનાં ૪ પ્રમાણે લીધાં તેથી તેને ૨૪ પૈસા બેઠા. બધા થઇને ૯૬+૯૬ =૧૯૨ બોરના ૩૨+૨૪=૫૬ પૈસા બેઠા. હવે તેને મૂળ કિંમત ૫૬ ના $\frac{૩}{૮}$ નફો લેવો છે માટે $\frac{\overset{૭}{૫૬}\times૩}{૮}$=૨૧ પૈસા નફાના + ૫૬ મૂળ કિંમત મળી કુલ ૭૭ પૈસા ઉપજાવવા જોઇએ માટે ૧૯૨ બોરના ૭૭ પૈસા ઉપજાવવા. ૭૭ પૈસા = ૧ રૂ. ૩ આ. ૩ પાઇ.

જવાબ. ૧ રૂ.−૩ આ.−૩ પાઇનાં ૧૯૨ બોર વેચવાં.

ટીપઃ—હિસાબમાં રકમ ૧ પૈસાનાં ત્રણ અને ૧ પૈસાનાં ૪ એ પ્રમાણે લખે છે માટે તે પ્રમાણે જવાબ કાઢતાં ઉપર પ્રમાણે આવે અને ૧ પૈનાં ૩ અને ૧ પાઇનાં ૪ એ પ્રમાણે ગણતાં ઉપરની રીતે ગણેલા હિસાબમાં જ્યાં ૭૭ પૈસાનાં ૧૯૨ આવે છે ત્યાં ૭૭ પાઇનાં ૧૯૨ પ્રમાણે વેચવાં એ પ્રમાણે આવે. ૭૭ પાઈ = ૬ આ. ૫ પાઇ માટે

જવાબ. ૬ આના ૫ પાઇનાં ૧૯૨ નંગ.

૯૦. મિશ્રણ ૫ આના ને ૬ પાઇએ વેચતાં સેંકડે ૨૦ ટકા નફો થાય છે તો તેની પડતર કિંમત કાઢવા માટે ૧૦૦+૨૦=૧૨૦. ૫ આના ૬ પાઈ = $\frac{૧૧}{૨}$ આના ૧૨૦ ઉપજે. : $\frac{૧૧}{૨}$ ઉપજે. :: ૧૦૦ મૂ. કિં. : ઈઈ મૂ. કિં. = ૪$\frac{૭}{૧૨}$ આના મિશ્ર ભાવ આવ્યો માટે તેની મિશ્રરાશી કાઢી તો—

$૪\frac{૭}{૧૨}$ | ૪ | $\frac{૫}{૧૨}$ પહેલી જાતની જો $\frac{૫}{૧૨}$ શેર લેવાં હોયતો બીજી જા-
| ૫ | $\frac{૭}{૧૨}$ તની $\frac{૭}{૧૨}$ શેર જોઇએ. તેને પૂર્ણાંકમાં લાવવા માટે

બન્નેને ૧૨ ગુણ્યા તો $\frac{૫}{૧૨}\times\frac{૧૨}{૧}=૫$, $\frac{૭}{૧૨}\times\frac{૧૨}{૧}=૭$. જવાબ. ૫ : ૭

૯૧. હિસાબ ૯૦ પ્રમાણે.

૯૨. **અ** ૪૦૦ રૂ. નો ઘોડો સેકડે ૧૦ ટકા નફો ખાઈ **બ** ને વેચે છે માટે **બ** તેને ૧૦૦ રૂ. : ૪૦૦ રૂ. :: ૧૧૦ રૂ. : ઈઈ રૂ. =૪૪૦ રૂ. આપશે માટે તે તેની મૂળ કિંમત થઇ. હવે તે ૪૦૦ રૂ. એ **અ** ને વેચે છે માટે તેને ૪૪૦−૪૦૦=૪૦ રૂ. ખોટ ગઈ માટે ૪૪૦ રૂ. : ૧૦૦ રૂ. :: ૪૦ રૂ. : ઈઈ ટકા. = ૯$\frac{૧}{૧૧}$ ટકા ખોટ. જવાબ.

૯૩. પ્રથમની કિંમત સેંકડે ૨૦ ટકા ઓછી કરવાથી ૪૦ રૂ. થાય છે માટે પ્રથમની કિંમત કાઢવા સારૂ— ૧૦૦−૨૦=૮૦

૮૦ રૂ. : ૪૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઈઈ રૂ. = ૫૦ રૂપીએ પ્રથમ વેચવાનો વિચાર હશે.

૪૦ રૂ. તે વસ્તુ વેચવાથી સેંકડે ૨૦ ટકા નફો થાય છે તો તુ-

ની મૂળ કિંમત કાઢવા સારૂ, ૧૦૦+૨૦=૧૨૦

૧૨૦ રૂ. : ૪૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂ.=૩૩ રૂ. ૫ આ. ૪ પાઈ. જવાબ. (૧) ૫૦ રૂપીઆ. (૨) ૩૩ રૂ. ૫ આ. ૪ પાઇ.

૯૪. ૧ શિ. ૮ પેન્સે કાથળા વેચવાથી ૫ પૌન્ડ નફા થાય છે અને ૧ શિ. ૫ પેન્સે વેચવાથી ૧૦ પૌન્ડ ખોટ જાય છે એટલે ૩ પેન્સ. ઓછા લેવાથી ૫+૧૦=૧૫ પૌન્ડ ખોટ જાય છે. ૧૫ પૌન્ડ=૩૬૦૦ પેન્સ. ૩ પેન્સ. : ૩૬૦૦ પેન્સ. :: ૧ કાથળા. : ઇષ્ટ કાથળા=૧૨૦૦. કાથળા તેની પાસે હશે.

૧૨૦૦ કાથળા ૧ શિ. ૮ પેન્સના કાથળા પ્રમાણે વેચે તો તેને ૧૦૦ પૌન્ડ ઉપજે તેથી તેને ૫ પૌન્ડ નફો થાય છે માટે ૧૦૦-૫=૯૫ પૌન્ડ રોકયા હશે.

(૨) ૧૨૦. કાથળામાં ૬૦ ટન કાથળા છે માટે ૧ કાથળામાં ૧ હંડ્રવેટ હશે. જવાબ. (૧) ૯૫ રૂપીઆ. (૨) ૧ હંડ્રવેટ.

૯૫. ૬ શિ. ૮ પેન્સે. રતલને ભાવે વેચવાથી સેંકડે ૧૨ ટકા નફો થાય છે તો તેની મૂળ કિંમત કાઢવા માટે.

૧૧૨ વે. કિં. : $\frac{20}{3}$ વે. કિં. :: ૧૦૦ મુ. કિં. : ઇષ્ટ મુ. કિં.= $\frac{125}{21}$ શિ. ૧ રતલની પડે પણ કુલ ૧૦+૪=૧૪ રતલ છે માટે તેના $\frac{125}{21}\times\frac{14}{1}=\frac{250}{3}=૮૩\frac{1}{3}$ શિલિંગ બેઠા હશે તેમાંથી પહેલી જાતની ૧૦ રતલના ૬૫ શિ. બાદ કરતાં (૮૩$\frac{1}{3}$-૬૫) ૧૮$\frac{1}{3}$ શિલિંગ બાકી રહી તે બીજી જાતની ૪ રતલની રહી માટે ૧ રતલની કીંમત ૪ શિ. ૭ પેન્સ. જવાબ.

૯૬. ૩ પૈસાનાં ૪ પ્રમાણે વેચવાથી સેંકડે ૨૫ ટકા નફો થાય છે તો તેની પડતર કિંમત કાઢવા માટે—

૧૨૫ પૈસા : ૩ પૈસા. :: ૧૦૦ પૈસા. : ઇષ્ટ પૈસા.=$\frac{12}{5}$ પૈસા

૪ બોરના આવ્યા. તો ૧ બોરના $\frac{૩}{૫}$ પૈસા બેઠા હશે

૩ બોરના બે પૈસા તો ૧ બોરના $\frac{૨}{૩}$ પૈસા. ૨ બોરનો ૧ પૈસો તો ૧ બોરનો $\frac{૧}{૨}$ પૈસો

$\frac{૩}{૫}$ | $\frac{૨}{૩}$, $\frac{૧}{૨}$ | $\frac{૧}{૧૦}$, $\frac{૧}{૧૫}$ જો પહેલી જાતનાં $\frac{૧}{૧૦}$ બોર લઈએ તો બીજી જાતનાં $\frac{૧}{૧૫}$ બોર લેવાં પડે પણ પહેલી જાતનાં ૩૦૦ લઈએ છીએ તો બીજી જાતનાં કેટલાં લેવાં તે કાઢવા માટે.

$\frac{૧}{૧૦}$ બોર. : ૩૦૦ બોર. :: $\frac{૧}{૧૫}$: ઇઇ બોર.=૨૦૦ બોર. જવાબ.

૯૭. પ્રથમ દર ઘેટે ૮ શિલિંગ નફો લઈ વેચે ત્યારે ૫ પૌન્ડ નફો થાય છે અને બીજી વખત ૪ શિલિંગ નફો લઇ વેચે ત્યારે ૭ પૌન્ડ ખોટ જાય છે માટે ૪ શિલિંગ નફો ઓછો લે તો ૫+૭=૧૨ પૌંડ ખોટ જાય.

૧૨ પૌન્ડ=૨૪૦ શિલિંગ. ૪ શિ. : ૨૪૦ શિ. :: ૧ ઘેટું : ઇઇ ઘેટાં=૬૦ ઘેટાં વેચતો હશે અને ૫ ઘેટાં ચોરાઇ ગયાં છે માટે પ્રથમ ૬૦+૫=૬૫ ઘેટાં હશે. જવાબ.

૯૮. ૨૦ પૌન્ડે વેચવાથી ૫ પૌંડ નફો થાય છે માટે ૨૦−૫=૧૫ પૌંડ બેઠા હશે. ધારો કે બધી એટલે ૨૦૦ રતલ ચા દર રતલના ૧ શિ. ૪ પે. ને ભાવે લે તો તેને ૧૩$\frac{૧}{૩}$ પૌન્ડ બેસે પણ અહીં તો ૧૫ પૌન્ડ બેસે છે માટે ૧૫−૧૩$\frac{૧}{૩}$=૧$\frac{૨}{૩}$ પૌન્ડ ઓછા બેઠા તેનું કારણ એ છે કે પ્રથમ ૧ શિ. ૧૦ પેન્સે લે છે અને બીજી ૧ શિ. ૪ પેન્સે લેછે માટે તે બે ભાવ વચ્ચે દર રતલે ૬ પેન્સનો ફેર પડે છે ૬ પેન્સ=$\frac{૧}{૪૦}$ પૌંડ.

$\frac{૧}{૪૦}$ પૌ. : $\frac{૫}{૩}$ પૌ. :: ૧ રતલ : ઇઇ રતલ=૬૬$\frac{૨}{૩}$ રતલ પહેલી જાતની, અને બાકીની (૨૦૦−૬૬$\frac{૨}{૩}$) ૧૩૩$\frac{૧}{૩}$ રતલ બીજી જાતની

જવાબ. ૬૬$\frac{૨}{૩}$ ૧૩૩$\frac{૧}{૩}$

૯૯. ધારો કે તે છોકરાએ ૩ પૈસાનાં ૭ પ્રમાણે ૭ જાંબુ લીધાં

તો તેને ૩ પૈસા બેઠા. હવે તે ૪ પૈસાનાં ૯ પ્રમાણે વેચે છે તો તેને ૩$\frac{૧}{૯}$ પૈસા ઉપજ્યા. માટે (૩$\frac{૧}{૯}$−૩) $\frac{૧}{૯}$ પૈસા નફો થયો.

પહેલી વખત ૭ જાંબુ લીધાં હતાં માટે બીજી વખત પણ ૭ જાંબુ લીધેલાં તેના ૨$\frac{૪}{૫}$ પૈસા બેઠા અને તે ૩ પૈસાનાં ૭ પ્રમાણે વેચ્યાં માટે તેને ૩ પૈસા ઉપજ્યા. તેથી તેને (૩−૨$\frac{૪}{૫}$) $\frac{૧}{૫}$ પૈસા નફો થયો

પહેલી વખત ૩ પૈસાની મૂડી રોકવાથી $\frac{૧}{૯}$ પૈસો નફો થયો માટે ૧ પૈસો રોકવાથી $\frac{૧}{૨૭}$ પૈસા નફો થાય.

બીજી વખત ૨$\frac{૪}{૫}$ પૈસાની મૂડી રોકવાથી $\frac{૧}{૫}$ પૈસો નફો થયો માટે ૧ પૈસા રોકવાથી $\frac{૧}{૧૪}$ પૈસા નફો થાય. પહેલી વખત $\frac{૧}{૨૭}$ અને બીજી વખત $\frac{૧}{૧૪}$ પૈસા નફો થાય માટે તેમના નફાનું ગુણોત્તર ૧૪ : ૨૭ જવાબ.

૧૦૦. જો ૪૦ ટકા ભાવ ન ઉતર્યો હોત તો.

૬૦ આ. : ૧૫ આ. :: ૧૦૦ આ. : ઉ૯ આના=૨૫ આનામાં પ્રથમના જેટલા + ૪ શેર ઘઉં આવત અને હાલ ૧૫ આનામાં પ્રથમ જેટલા ઘઉં આવે છે માટે ૨૫−૧૫=૧૦ આનામાં ૪ શેર ઘઉં આવે તો ૧ શેરના ૨$\frac{૧}{૨}$ આના બેસે. જવાબ.

૧૦૧. ૨૫ ટકા કિંમત વધારે પડી એટલે ૧૦૦+૨૫=૧૨૫.

૧૦૦ રૂ. : ૧૨૦૦ રૂ. :: ૧૨૫ રૂ. : ઉ૯ રૂ.=૧૫૦૦ રૂ. માં ૪ બળદ ઓછા આવે માટે ૧૫૦૦−૧૨૦૦=૩૦૦ રૂપીઆના ૪ બળદ કિંમત વધવાથી આવેલા માટે.

૪ બળદ : ૧ બળદ :: ૩૦૦ રૂ. : ઉ૯ રૂ.=૭૫. જો સેંકડે ૨૫ ટકા કિંમત વધે તો ૧ બળદના ૭૫ રૂ. પડે માટે ન વધે તો કેટલા પડે તે કાઢવા. માટે ૧૨૫ રૂ. : ૭૫ રૂ. :: ૧૦૦ રૂ. :: ઉ૯ રૂ.=૬૦ રૂ. નો ૧ બળદ, ૬૦ રૂ. નો ૧ બળદ એ ભાવે ૧૨૦૦ રૂ. ના બળદ લીધા માટે ૧૨૦૦÷૬૦=૨૦ બળદ લીધેલા.

જવાબ (૧) ૨૦ બળદ (૨) ૬૦ રૂ.

૧૦૨. ૪ શિ. $૭\frac{૧}{૫}$ પેન્સે ૧ રતલ વેચવાથી ૧૫ ટકા નફો થાય છે માટે ૧૧૫ શિ. : $\frac{૨૩}{૫}$ શિ. :: ૧૦૦ શિ. : ઇષ્ટ શિ. = ૪ શિ. ૬૨ રતલના પડેલા તો ૨+૩=૫ રતલના ૫×૪=૨૦ શિ. પડે.

બન્ને પ્રકારની સરખે સુરખી લઇએ તો મિશ્રણ ૬૨ રતલના ૪ શિ. ૧ પેન્સ પડે છે. ધારો કે પહેલી જાતની ૨ રતલ અને બીજી જાતની ૨ રતલ એમ કુલ ૪ રતલ લઇએ તો તેના ૧૬ શિ. ૪ પે. પડે.

૨ રતલ પહેલી જાતની+૩ રતલ બીજી જાતની=૨૦ શિલિંગ. ૨ ,, ,, ,, +૨ ,, ,, ,, =૧૬ શિ. ૪ પે.	બાદબાકી કરી તો

૧ રતલ બીજી જાતની = ૩ શિ. ૮ પેન્સ.

૧ રતલ પહેલી જાતની અને ૧ રતલ બીજી જાતની લઇએ તો કુલ ૨ રતલના (૪ શિ. ૧ પેન્સ) × ૨ = ૮ શિ. ૨ પેન્સ પડે તેમાંથી બીજી જાતની ૧ રતલ ચાના ૩ શિ. ૮ પેન્સ બાદ કર્યા તો બાકી (૮ શિ.–૨ પેન્સ)–(૩ શિ. ૮ પૈ.) = ૪ શિ. ૬ પેન્સ રહ્યા. તે પહેલી જાતની ૧ રતલ ચાની કિંમત. જવાબ.

૧૦૩. ધારો કે ૧ કોથળાની કિંમત ૧ રૂા. હોય તો ૫૦ કોથળાના ૫૦ રૂા. એસે તે સેંકડે ૧૫ ટકા નફો લઈ વેચે છે તેથી તેને.

૧૦૦ રૂા. : ૫૦ રૂ. :: ૧૧૫ રૂા. : ઇષ્ટ રૂા.=$૫૭\frac{૧}{૨}$ રૂા. ઉપજે.

૬૦ કોથળાની કિંમત ૬૦ રૂા. થઈ તે સેંકડે ૨૫ ટકા નફાથી વેચે છે માટે તેને ૧૦૦ રૂા. : ૬૦ રૂા. :: ૧૨૫ રૂા. : ઇષ્ટ રૂા. =૭૫ રૂા. ઉપજે. બધા થઇને (૫૦+૬૦) ૧૧૦ કોથળા ઘઉંના ($૫૭\frac{૧}{૨}$+૭૫) $૧૩૨\frac{૧}{૨}$ રૂા. ઉપજે હવે બધા ઘઉં સેંકડે ૨૦ ટકા નફાથી વેચે તો.

૧૦૦ રૂા. : ૧૧૦ રૂા. :: ૧૨૦ રૂા. : ઇષ્ટ રૂા.=૧૩૨ રૂા. ઉપજે.

પ્રથમ $૧૩૨\frac{૧}{૨}$ રૂા. ઉપજતા હતા ને હાલ ૧૩૨ રૂા. ઉપજે એટલે ($૧૩૨\frac{૧}{૨}$–૧૩૨) $\frac{૧}{૨}$ રૂા. ઓછો ઉપજે પણ અહીં તો ૬ રૂા. ઓછા ઉપજે છે માટે

$\frac{1}{2}$ રૂા. : ૬ રૂા. :: ૧ રૂા. : ઇષ્ટ રૂા.=૧૨ રૂા. જવાબ.

૧૦૪. હિસાબ ૧૦૩ મુજબ.

૧૦૫. ધારોકે એક ઘોડાની કિંમત ૧ પૌ. હોય તો ૫૦ ઘોડાના ૫૦ પૌન્ડ બેસે. ૧૫ ઘોડા સેંકડે ૨૦ ટકા નફાથી વેચ્યા તો તેને. ૧૦૦ પૌ. ૧૫ પૌ. :: ૧૨૦ પૌ. : ઇષ્ટ પૌન્ડ=૧૮ પૌન્ડ ઉપજે.

૨૫ ઘોડા સેંકડે ૧૬ ટકા નફાથી વેચે છે તો તેને ૧૦૦ પૌ. : ૨૫ પૌ. :: ૧૧૬ પૌ. : ઇષ્ટ પૌન્ડ=૨૯ પૌન્ડ ઉપજે.

કુલ (૧૫+૨૫) ૪૦ ઘોડાના (૧૮+૨૯) ૪૭ પૌન્ડ ઉપજ્યા અને બાકીના ૧૦ ઘોડાના ૧૦ પૌં. ઉપજયા એટલે કુલ ૫૦ ઘોડાના (૪૭+૧૦) ૫૭ પૌન્ડ ઉપજયા બધા ઘોડા સેંકડે ૧૮ ટકા નફાથી વેચે તો તેને ૧૦૦ પૌ. : ૫૦ પૌ. :: ૧૧૮ પૌ. : પૌ. ઇષ્ટ પૌન્ડ=૫૯ પૌન્ડ ઉપજે.

હાલમાં ૫૯ પૌન્ડ ઉપજે અને પ્રથમ ૫૭ પૌન્ડ ઉપજતા હતા માટે (૫૯–૫૭) ૨ પૌન્ડ વધારે ઉપજે પણ અહીં ૫૬ પૌન્ડ વધારે ઉપજવાના કહે છે માટે.

૨ પૌ. : ૫૬ પૌ. :: ૧ પૌ. : ઇષ્ટ પૌન્ડ.=૨૮ પૌ. જવાબ.

૧૦૬. બધી ઘડિઆળો વેચી દેવાથી ૨૦ ઘડિઆળની મૂળકિંમત જેટલો નફો થાય છે પણ દશ ઘડિઆળ ખોવાઇ જવાથી ઓછી વેચી તેથી ૫ ઘડિઆળની મૂળ કિંમત જેટલો નફો થયો એટલે ૧૦ ઘડિઆળ નહિ વેચવાથી ૨૦–૫=૧૫ ઘડિઆળના મૂળકિંમત જેટલા પૈસા ઓછા ઉપજયા માટે ૧૫ ઘડિઆળની મુળકિંમત=૧૦ ઘડિઆળની વેચાણ કિંમત આવી. આ ઉપરથી સમજાય છે કે જો ૧ રૂ. મુડી રોકીએ તો ૧$\frac{1}{2}$રૂ. થાય પણ આતો ૪૦૦ રૂ. મુડી રોકી છે માટે ૪૦×$\frac{3}{2}$=૬૦૦ રૂ. ઉપજે. તે ૪૦૦ રૂ. ની ઘડિઆળો+૨૦ ઘડિઆળોની બરાબર છે માટે.

રૂ.	રૂ.	ઘડિઆળ	સમાન પદ બાદકર્યું.
૬૦૦ =	૪૦૦ +	૨૦	
૪૦૦	૪૦૦		

૨૦૦ રૂ. = ૨૦ ઘડિઆળ

૨૦ ઘડિઆળની કિંમત ૨૦૦ રૂ. આવી માટે ૪૦૦ રૂ. ની ૪૦ ઘડિઆળ આવે. જવાબ. ૪૦ ઘડિઆળ.

૧૦૭. એકંદર ભંડોળ ઉપર ૧૮ ટકા નફો થાય છે માટે તે મિશ્ર નફો થશે અને બીજા બે નફા ૨૫ અને ૧૫ ટકા છે તો તેની મિશ્ર રાશી કાઢી તો.—

૧૮ | ૨૫ | ૩ જો પહેલી જાતની ૩ કેરી લઇએ તો બીજી જાતની
| ૧૫ | ૭ ૭ કેરી લેવી પડે એટલે કુલ ૩+૭=૧૦ કેરી લેવાની થાય પણ અહીંતો ૩૦૦ લીધી છે માટે.

૧૦ કેરી : ૩૦૦ કેરી :: ૩ કેરી : ઇષ્ટ કેરી=૯૦ કેરી. જવાબ.

૧૦૮. હિસાબ ૧૦૭ મુજબ

૧૦૯. પ્રથમ ઘોડો ૨૪૦ રૂ. એ વેચવાથી સેંકડે અમુકટકા નફો થતો હતો. હાલ ૨૫૦ રૂ. વેચવાથી સેંકડે ૫ટકા નફો વધે છે. પણ અહીંતો ૨૫૦-૨૪૦=૧૦ રૂ. નફો થાય છે માટે તેની મૂળકિંમત કાઢવા.

૫ રૂ. : ૧૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂ.=૨૦૦ રૂ. જવાબ.

૧૧૦. પ્રથમ ૬ શિલિંગે વેચવાથી કેટલાક ટકા ખોટ જતી હતી પણ હાલ ૫ શિ. ૬ પેન્સે વેચતાં સેંકડે ૮ ટકા વધારે ખોટ જાય છે. એટલે જો ૮ ખોટ જાય (ઓછા લે) તો ૧૦૦ ની જણસ પણ અહીં તો (૬ શી.–૦ પે.)–(૫ શિ. ૬ પે.) = ૬ પેન્સ ઓછા લે છે માટે તેની મૂળ કિંમત કાઢવા સારૂ.

૮ શિ. : $\frac{1}{2}$ શિ. :: ૧૦૦ શિ. : ઇષ્ટ શિ.=૬$\frac{1}{4}$ શિલિંગ. જવાબ.

૧૧૧. એકંદર સેંકડે ૨૦ ટકા નફો થાય એટલે જો ૧૦૦ ઘોડા

હોય તો ૧૦૦+૨૦=૧૨૦ ઘોડાની કિંમત ઉપજે પણ અહીં તો ૬૦ ઘોડા છે માટે

૧૦૦ ઘોડા : ૬૦ ઘોડા :: ૧૨૦ ઘોડા : ક્ષ ઘોડા = ૭૨ ઘોડાની કિંમત ઉપજે તેને બદલે ૧૫ ઘોડાની કિંમત ઓછા ૭૫ રૂ. + ૧૨૧૫ રૂા. ઉપજ્યા માટે નીચે પ્રમાણે સમીકરણ મૂક્યું.

૭૨ ઘોડા = ૧૫ ઘોડા − ૭૫ રૂા. + ૧૨૧૫ રૂા.

∴ ૭૨ ઘોડા= ૧૫ ઘો. + ૧૧૪૦રૂા.
૧૫ „ = ૧૫ „
} બન્નેમાંથી ૧૫ ઘોડા બાદ કર્યા કારણકે સમમાંથી સમ

૫૭ „ = ૧૧૪૦ રૂા. બાદ કરીએ તો સમ રહે માટે

૫૭ ઘોડા=૧૧૪૦ રૂા. થયા માટે ૧ ઘોડાની કીંમત ૧૧૪૦÷૫૭=૨૦રૂા.જવાબ.

૧૧૨ હિસાબ ૧૧૧ મુજબ.

૧૧૩ હિસાબ ૧૧૧ મુજબ.

૧૧૪. જો પહેલો ઘોડો ૧૦૦ પૌંડનો હોય તો ૧૫ ટકા ખોટ ખાય એટલે ૧૦૦−૧૫=૮૫ પૌન્ડ ઉપજે. બીજો ઘોડો તેટલીજ કિંમતે વેચે એટલે ૮૫ પૌંડે વેચે તો તેને ૧૯ ટકા નફો થાય છે માટે તેની મૂળ કિંમત કાઢવા સારૂ. ૧૧૯ પૌં. ઉપજે. : ૮૫ પૌં. ઉપજે. :: ૧૦૦ પૌં. મૂ. કિં. : ક્ષ પૌંડ મૂળ કિંમત = ૫૦૦/૭ પૌંડનો બીજો ઘોડો અને પહેલો ૧૦૦ પૌંડનો છે એટલે કુલ ૧૦૦+૫૦૦/૭=૧૨૦૦/૭ પૌંડ બેસે પણ અહીંતો ૬૦ પૌંડ બેસે છે માટે

૧૨૦૦/૭ પૌં. : ૬૦ પૌં. :: ૧૦૦ પૌં : ક્ષ પૌં. = ૩૫ પૌંડનો પહેલો ઘોડો, અને બીજો (૬૦−૩૫) ૨૫ પૌંડનો. જવાબ.

૧૧૫. ૪ શિ. ૧૦ પેન્સે રતલ પ્રમાણે વેચ્યું તો સેંકડે ૨૦ ટકા નફો થાય છે માટે તેની પડતર કિંમત કાઢવા. ૧૦૦+૨૦=૧૨૦ ૪ શી. ૧૦ પે = ૨૯/૬ શિ. ૧૨૦ શી. : ૨૯/૬ શી. :: ૧૦૦ શી. : ક્ષ શિ. = ૪ ૧/૩૬ શિ. ૧ રતલના પડે.

હવે બીજી અને ત્રીજી જાતની ચા સરખા પ્રમાણમાં લીધી છે એટલે બીજી જાતની ૧ રતલ લઇએ તો ત્રીજી જાતની ૧ રતલ લેવી જોઇએ. બીજી જાતની એક રતલની કિંમત ૪ શી. ૬ પેન્સ છે માટે તેના ૪$\frac{૧}{૨}$ શિ બેઠા અને ઉપજ્યાં છે ૪$\frac{૧}{૩૬}$ માટે (૪$\frac{૧}{૨}$–૪$\frac{૧}{૩૬}$) = $\frac{૧૭}{૩૬}$ શિ. ખોટ આવી.

ત્રીજી જાતની એક રતલની કિંમત ૪ શિ. ૮ પેન્સ છે માટે તેના ૪$\frac{૨}{૩}$ શિ. બેઠા અને ઉપજ્યા ૪$\frac{૧}{૨}$ માટે (૪$\frac{૧}{૨}$–૪$\frac{૨}{૩}$) = $\frac{૨૩}{૩૬}$ શિ. ખોટ.

બીજી વખતની ચામાં $\frac{૧૭}{૩૬}$ ખોટ અને ત્રીજી વખતનીમાં $\frac{૨૩}{૩૬}$ ખોટ એટલે બે જાતમાં થઇને $\frac{૧૭}{૩૬}$ + $\frac{૨૩}{૩૬}$=$\frac{૪૦}{૩૬}$ ખોટ આવી.

તે ખોટ પુરવાને માટે પહેલી જાતની ચા જોઇશે માટે તેના ૪ શિ. બેસે અને ૪$\frac{૧}{૩૬}$ શિ. ઉપજે એટલે (૪$\frac{૧}{૩૬}$–૪) $\frac{૧}{૩૬}$ શિ. નફો થાય.

$\frac{૧}{૩૬}$ શિ. : $\frac{૪૦}{૩૬}$ શિ. :: ૧ શેર : ઇષ્ટ શેર = ૪૦

પહેલી જાતની ૪૦ શેર તો બીજી જાતની ૧ શેર અને ત્રીજી જાતની ૧ શેર લેવી જોઇએ.

જવાબ. ૪૦ : ૧ : ૧

૧૧૬. ૪ શિ. ૮ પેન્સે રતલ વેચવાથી સેંકડે ૧૨ ટકા નફો થાય છે તો તેની પડતર કિંમત કાઢવા સારૂ ૪ શિ. ૮ પે. = $\frac{૧૪}{૩}$ શિ. ૧૧૨ શિ. : $\frac{૧૪}{૩}$ શિ. :: ૧૦૦ શિ. : ઇષ્ટ શિ. = ૪$\frac{૧}{૬}$ શિ. પડતર કિંમત. જો પહેલી જાતની ૧ રતલ ચા લે તો બીજી જાતની ચાર રતલ લેવી પડે.

પહેલી જાતની ૪ શિ. એ રતલ છે માટે તેના ૪ શિ. બેસે અને ૪$\frac{૧}{૬}$×૧=૪$\frac{૧}{૬}$ શિ. ઉપજે માટે ૪$\frac{૧}{૬}$–૩=૧$\frac{૧}{૬}$ શિ. નફો.

$\frac{૭}{૬}$ શિ. નફો : $\frac{૧૯}{૬}$ શિ. નફો. :: ૧ રતલ : ઇષ્ટ રતલ=$\frac{૧૯}{૭}$ ત્રીજી જાતની જોઇએ માટે.

૩ શિ. ના ભાવની $\frac{૧૯}{૭}$ રતલ, ૪ શિ. ના ભાવની ૧ રતલ અને

૫ શિ ના ભાવની ૪ રતલ જોઇએ. માટે $\frac{૧૯}{૭}$: ૧ : ૪ આ પ્રમાણ માં જોઇએ એટલે ૧૯ : ૭ : ૨૮ જવાબ.

૧૧૭. જો ઘઉંના ૧૦૦ રૂ. હોય તો દળામણના ૨૦ રૂ. થાય એટલે કુલ ૧૦૦+૨૦=૧૨૦ રૂ. થાય.

ઘઉંનો ભાવ સેંકડે ૨૦ ટકા ઉતરે એટલે ૧૦૦−૨૦=૮૦ રૂ. થાય. દળામણનો ભાવ સેંકડે ૨૦ ટકા વધે એટલે ૧૦૦ ના ૧૨૦ થાય તો ૨૦ ના કેટલાં થાય. તે કાઢવા માટે ૧૦૦ રૂ. : ૨૦ રૂ. :: ૧૨૦ રૂ. : ઇષ્ટ = ૨૪ રૂ. સેંકડે દળામણ થાય પણ ઘઉંના ૮૦ રૂ. છે માટે

૧૦૦ : ૮૦ :: ૨૪ : ઇષ્ટ = $૧૯\frac{૧}{૫}$ રૂ. દળામણ અને ૮૦ રૂ. ઘઉંના એટલે $૧૯\frac{૧}{૫}+૮૦=૯૫\frac{૧}{૫}=\frac{૪૭૬}{૫}$ રૂ. થાય.

૧૨૦ રૂ. : $\frac{૪૭૬}{૫}$ :: ૧૦ પાઈ : ઇષ્ટ પાઇ=$૮\frac{૪}{૧૫}$ પાઇ. જવાબ.

૧૧૮. બન્ને જાતની ચા રૂપીએ રતલ વેચે તો પહેલી ઉપર સેંકડે ૨૫ ટકા નફો થાય છે માટે તેની મૂળ કિંમત કાઢવા ૧૦૦+૨૫=૧૨૫

૧૨૫ રૂ. : ૧ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂ. = $\frac{૪}{૫}$ રૂ. ઉપજે.

બીજી જાતની ચા ઉપર સેંકડે ૬ ટકા નફો છે માટે ૧૦૦+૬=૧૦૬

૧૦૬ રૂ. : ૧ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂ. = $\frac{૪}{૫}$ રૂ. ઉપજે.

પહેલી જાતની $\frac{૪}{૫}$ રૂ. ને ભાવે ૫ રતલ લઇએ તો $\frac{૪}{૫}\times\frac{૫}{૧}=૪$ રૂ. બેસે. બીજી જાતની $\frac{૫૦}{૫૩}$ રૂ. ને ભાવે ૭ રતલ લઇએ તો $\frac{૫૦}{૫૩}\times\frac{૭}{૧}=\frac{૩૫૦}{૫૩}$ રૂ. બેસે બધા થઇને ૫+૭=૧૨ રતલના $૪+\frac{૩૫૦}{૫૩}=\frac{૫૬૨}{૫૩}$ રૂ. બેઠા અને ૧૨×૧=૧૨ રૂ. ઉપજ્યા. એટલે $\frac{૫૬૨}{૫૩}-\frac{૧૨}{૧}=\frac{૭૪}{૫૩}$ નફો. $\frac{૫૬૨}{૫૩}$: ૧૦૦ રૂ. :: $\frac{૭૪}{૫૩}$ રૂ. : ઇષ્ટ રૂ. = $૧૩\frac{૪૭}{૨૮૧}$ ટકા નફો. જવાબ.

૧૧૯. દરેક જાતની ચા તથા તેનું મિશ્રણ ૧ રૂ. વેચ્યું તો તેની મૂળ કિંમત કાઢવા સારૂ ૧૦૦+૨૦=૧૨૦

૧૨૦ રૂ. : ૧ રૂ. :: રૂ. ૧૦૦ : ઇષ્ટ રૂ.=$\frac{૫}{૬}$ રૂ. પહેલી જાતની ચાની મૂળ કિંમત આવી.

રૂા. ૯૫ : રૂ. ૧ :: રૂ. ૧૦૦ : ઇષ્ટ રૂા.=$\frac{૨૦}{૧૯}$ રૂા. બીજી જાતની ચાની મૂળ કિંમત આવી.

રૂ. ૧૧૫ : રૂ. ૧ :: રૂ. ૧૦૦ : ઇષ્ટ રૂ.=$\frac{૨૦}{૨૩}$ રૂ. મિશ્રણ ભાવ. માટે તેની મિશ્રરાશી કાઢી તો.

	$\frac{૫}{૬}$	$\frac{૮૦}{૪૩૭}$
$\frac{૨૦}{૨૩}$		
	$\frac{૨૦}{૧૯}$	$\frac{૫}{૧૩૮}$

પહેલી જાતની $\frac{૮૦}{૪૩૭}$ શેર લઇએ તો બીજી જાતની $\frac{૫}{૧૩૮}$ શેર જોઇએ માટે ૯૬ : ૧૯ જવાબ.

૧૨૦ **અ** અને **બ** એ ૬ શિ. રતલને ભાવે ૮૦ રતલ ચા લીધી માટે તેઓને ૮૦×૬=૪૮૦ શિ. એકડા હશે.

બ સેંકડે ૧૦ ટકા નફો ખાઈ પોતાનો માલ વ્યાજબી રીતે વેચે છે માટે તેને શું ઉપજશે તે કાઢવા માટે— ૧૦૦+૧૦=૧૧૦

શિ. ૧૦૦ : શિ. ૪૮૦ :: શિ. ૧૧૦ : ઇષ્ટ શિ=૫૨૮ શિ.**બ** ને ઉપજે. **અ**ને તેના કરતા ૧૩ શિ. ૪ પેન્સ. વધારે ઉપજે છે માટે તેને ૫૨૮ શિ + (૧૩ શિ. ૪ પે.) = ૫૪૧ શિ ૪ પેન્સ ઉપજતા હશે તે સેંકડે ૫ ટકા નફો ખાવાથી આવેલા માટે તેની મૂળ કિંમત કાઢી તો ૧૦૦+૫=૧૦૫

શિ. ૧૦૫ : શિ $\frac{૧૬૨૪}{૩}$ :: શિ ૧૦૦ : ઇષ્ટ શિ = $\frac{૪૬૪૦}{૯}$ એકડા. તે દર રતલના ૬ શિ પ્રમાણે ગણતાં આવેલા માટે

શિ. ૬ : શિ. $\frac{૪૬૪૦}{૯}$ :: ૧ રતલ : ઇષ્ટ રતલ= $\frac{૨૩૨૦}{૨૭}$ રતલ. ૮૦ રતલના ગણેલા. રતલ $\frac{૨૩૨૦}{૨૭}$: રતલ ૧ :: રતલ ૮૦ : ઇષ્ટ રતલ= $\frac{૨૭}{૨૯}$ રતલ. જવાબ.

ઉદાહરણ સંગ્રહ ૬.

તત્કાળિક રકમ અને વ્યાજખાધ.

૧. ૫ટકા પ્રમાણે બે વર્ષનું ૧૦૦ રૂ. નું વ્યાજ ૫×૨=૧૦ થયું અને ૧૦૦ મુદ્દલ માટે ૧૦+૧૦૦=૧૧૦ વ્યાજ મુદ્દલ હોય તો ૧૦૦ મુદ્દલ કહેવાય પણ અહીં તો ૧૧૦૦ રૂ. છે માટે

રૂ. ૧૧૦ : રૂ. ૧૧૦૦ :: રૂ. ૧૦૦ : ઇષ્ટ રૂ.=૧૦૦૦ રૂ. જવાબ

૨. ૪ ટકા પ્રમાણે ૧$\frac{૩}{૪}$ વર્ષે ૧૦૦ પૈ. નું વ્યાજ ૭ પૈ. થાય અને ૧૦૦ મુદ્દલ માટે ૭+૧૦૦=૧૦૭ વ્યાજ મુદ્દલ હોય તો ૭ વ્યાજ (વ્યાજ ખાધ કાપવાની રકમ) થાય પણ અહીંતો ૫૩૫ પૌંડ છે માટે

પૌ. ૧૦૭ : પૌ ૫૩૫ :: ૭ : ઇષ્ટ પૌંડ= ૩૫ પૌંડ. જવાબ.

૩. ૪. હિસાબ ૧ પ્રમાણે.

૫. ૬. અને ૭. હિસાબ ૨ પ્રમાણે.

૮. ૫ ટકા પ્રમાણે ૧ વર્ષનું ૧૦૦ પૌંડનું વ્યાજ ૫ થયું અને ૧૦૦ પૌંડનું મુદ્દલ માટે ૧૦૦+૫=૧૦૫ પૌંડ વ્યાજ મુદ્દલ હોય તો ૧૦૦ પૌંડ રોકડા આપવા જોઇએ પણ અહીંતો ૪૬૧ પૌંડ ૫ શિ. છે માટે—

૧૦૫ પૌ. : $\frac{૧૮૪૫}{૪}$ પૌંડ :: ૧૦૦ પૌંડ : ઇષ્ટ પૌન્ડ=૪૩૯ પૌ. ૫ શિ. ૮$\frac{૪}{૭}$ પેન્સ. જવાબ.

૯. દર મહિને દર સેંકડે ૧ ટકો વ્યાજ છે માટે ૧૦૦ પૌન્ડનું ૮ માસનું ૮×૧=૮ પૌંડ વ્યાજ થયું. અને ૧૦૦ પૌંડ મુદ્દલ. માટે ૮+૧૦૦=૧૦૮ પૌંડ વ્યાજ મુદ્દલ હોય તો ૧૦૦ પૌંડ રોકડી કિંમત થાય પણ અહીં તો ૩ પૌં. ૪ શિ. ૨ પેન્સ છે માટે.

૧૦૮ પૌ. : $\frac{૭૭}{૨૪}$ પૌં. :: ૧૦૦ પૌં. : ઇષ્ટ પૌન્ડ=૨ પૌ. ૧૯ શિ. ૪$\frac{૨૬}{૨૭}$ પે. જવાબ.

૧૦. ૭½ ટકા પ્રમાણે ૮ મહીનાનું ૧૦૦ શિ. નું વ્યાજ ૫ શિ. થાય + ૧૦૦ શિ. મુદ્દલ એટલે ૧૦૫ શિ. વ્યા. મુ. હોય તો ૧૦૦ શિ. રોકડા મળે પણ અહીં તો ૨ શિ. ૧ પેન્સ છે માટે—

૧૦૫ શિ. : $\frac{૨૫}{૧૨}$ શિ. :: ૧૦૦ શિ. : ઇષ્ટ શિ.=૧ શિ. ૧૧ $\frac{૧૭}{૨૧}$ પેન્સ. જવાબ.

૧૧. ૨¾ ટકા પ્રમાણે ૩ વર્ષનું ૧૦૦ રૂ. નું $\frac{૧૧}{૪}\times\frac{૩}{૧}=\frac{૩૩}{૪}$ વ્યાજ થાય, અને ૧૦૦ રૂ. મુદ્દલ એટલે ૧૦૦ + $\frac{૩૩}{૪}=\frac{૪૩૩}{૪}$ વ્યાજ મુદ્દલ થાય તો ૧૦૦ રૂ. રોકડી રકમ થાય પણ અહીં તો ૩૬૮૦ રૂ. ૮ આના છે માટે—

$\frac{૪૩૩}{૪}$ રૂ. : $\frac{૭૩૬૧}{૨}$ રૂ. :: ૯૦ રૂ. : ઇષ્ટ રૂ.=૩૪૦૦ રૂ. જવાબ.

૧૨. અહીં ૩૦૦ રૂ. નું વ્યાજ અને વ્યાજ ખાધ કાઢી તેની બાદબાકી કરતાં જે બાકી રહે તે જવાબ આવશે. અથવા વ્યાજ ખાધ અને વ્યાજ એ બે માં વ્યાજખાધના વ્યાજ જેટલો તફાવત હોય છે તેથી અહીં ૩૦૦ રૂ. ની વ્યાજ ખાધ કાઢી વ્યાજખાધનું વ્યાજ કાઢીએ એટલે જવાબ આવશે.

૫ ટકા પ્રમાણે ૨ વર્ષનું ૧૦૦ રૂ. નું ૫×૨=૧૦ રૂ. વ્યાજ થાય+૧૦૦ રૂ. મુદ્દલ. એટલે ૧૦૦+૧૦=૧૧૦ રૂ. વ્યાજ મુદ્દલ હોત તો ૧૦ વ્યાજખાધ પડે પણ અહીં ૩૦૦ રૂ. છે માટે

૧૧૦ રૂ. : ૩૦૦ રૂ. :: ૧૦ રૂ. : ઇષ્ટ રૂ.=$\frac{૩૦૦}{૧૧}$ વ્યાજ ખાધ.

હવે $\frac{૩૦૦}{૧૧}$ રૂ. નું ૨ વર્ષનું ૫ ટકા પ્રમાણે વ્યાજ કાઢવાનું છે માટે—

$\left.\begin{array}{l}૧૦૦ \text{ રૂ. } : \frac{૩૦૦}{૧૧} \\ ૧ \text{ વ. } : ૨ \text{ વ.}\end{array}\right\}$ :: ૫ ટકા : ઇષ્ટ રૂ.=૨ રૂ. ૧૧ આ. ૭$\frac{૭}{૧૧}$ પાઈ. જવાબ.

૧૩. ૧૦૦ : ૧ :: ૪ =.૦૪ વ્યાજ ૧ પૌંડનું આવ્યું.

.૦૪ વ્યાજ + ૧ મુદ્દલ = ૧.૦૪ ૧ પૌંડનું ૧ વર્ષનું વ્યાજ મુદ્દલ આ·

વ્યું (૧.૦૪) × (૧.૦૪) × (૧.૦૪)=૧.૧૨૪૮૬૪ પૌંડ ૧ પૌંડનું ૩ વર્ષનું વ્યાજ મુદ્દલ આવ્યું.

૧.૧૨૪૮૬૪ પૌંડ વ્યાજ મુદ્દલ−૧ પૌંડ મુદ્દલ = .૧૨૪૮૬૪ પૌંડ વ્યાજ (વ્યાજ ખાધ) આવે.

૧.૧૨૪૮૬૪ પૌ. : ૪૬૮૨ પૌં. ૮ શિ :: .૧૨૪૮૬૪ પૌંડ: ૬૦૮=૫૧૯ પૌં. ૧૫ શિ: ૩ ૩$\frac{૫૦૧}{૬૨૫}$ પેન્સ, જવાબ.

૧૪. પટકા પ્રમાણે ૧ રૂ. નું ૨ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢવા માટે–
પૌં. ૧૦૦ : પૌં. ૧ :: પૌ. ૫ = ૯૮ પૌંડ $\frac{૫}{૧૦૦}$=.૦૫ ૧ રૂ. નું વ્યાજ + ૧ મુદ્દલ = ૧.૦૫ વ્યાજ મુદ્દલ બે વર્ષનું કરવાનું છે માટે બે ઘાત કર્યા તો

(૧.૦૫) × (૧.૦૫) = ૧.૧૦૨૫ બે વર્ષનું ૧ રૂ. નું વ્યાજ મુદ્દલ આવ્યું.

૧.૧૦૨૫ વ્યાજ મુદ્દલે ૧ પૌ. રોકડો આપવો પડે પણ અહીંતો ૧૫૪ પૌ. ૧૩ શિ. ૬$\frac{૨}{૫}$ પેન્સ છે માટે—

$\frac{૧૧૦૨૫}{૧૦૦૦૦}$ પૌ. : $\frac{૧૦૧૮૭૧}{૪૦૦}$ પૌ :: ૧ પૌ. : ૯૯ પૌંડ=૨૩૧ પૌં. જવાબ.

૧૫. સાદા વ્યાજ પ્રમાણે પહેલા હિસાબની રીતે તત્કાળિક રકમ કાઢી તો $\frac{૫૦૦૦}{૧૧}$ પૌંડ આવી અને ચક્રવૃદ્ધિ વ્યાજ પ્રમાણે ૧૪ મા હિસાબની રીતે તાત્કાળિક રકમ કાઢી તો $\frac{૭૮૧૨૫}{૧૬૯}$ પૌંડ આવી.

$\frac{૭૮૧૨૫}{૧૬૯}$−$\frac{૫૦૦૦}{૧૧}$=$\frac{૧૪૩૭૫}{૧૮૫૯}$=૭ પૌંડ. ૧૪ શિ. ૭$\frac{૧૫૫૫}{૧૮૫૯}$ પેન્સ તફાવત. જવાબ.

૧૬. ૧૦૦૦ રૂ. નું ચક્રવૃદ્ધિ રીતે વ્યાજ કાઢીએ અને તેજ રકમની તેજ દરે વ્યાજ ખાધ કાઢીએ અને તેની બાદબાકી કરીએ તે જવાબ આવે. તેમજ વ્યાજ ખાધનું વ્યાજ કાઢીએ તે જવાબ આવે એ ૧૨ મા હિસાબમાં જણાવ્યું છે માટે—

દશ ટકા પ્રમાણે ૨ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ મુદ્દલ ૧ રૂ. નું કાઢયું

તો ૧૦૦ રૂ. : ૧ રૂ. :: ૧૦ રૂ. : ઇષ્ટ રૂ. $\frac{૧}{૧૦}$ = ·૧૧ રૂ. નું વ્યાજ. + ૧ મુદ્દલ = ૧·૧ એક વર્ષનું ૧ રૂ. નું વ્યાજ મુદ્દલ આવ્યું માટે બે વર્ષનું કાઢવા સારૂ તેના બે ઘાત કર્યા તો

(૧·૧) × (૧·૧) = ૧·૨૧ રૂ. વ્યાજ મુદ્દલ હોય તો ·૨૧ કાપી આપવા પડે પણ અહીંતો ૧૦૦૦ રૂ. વ્યા. મુદ્દલ છે માટે—

$\frac{૧૨૧}{૧૦૦}$ રૂ. : ૧૦૦૦ રૂ. :: $\frac{૨૧}{૧૦૦}$ રૂ. : ઇષ્ટ રૂ. = $\frac{૨૧૦૦૦}{૧૨૧}$ રૂ. વ્યાજખાધ આવી માટે તેનું ૧૦ ટકા પ્રમાણે ૨ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢ્યું તો. ૧ રૂ. નું ૨ વર્ષે $\frac{૨૧}{૧૦૦}$ વ્યાજ આપે પણ અહીં $\frac{૨૧૦૦૦}{૧૨૧}$ રૂ. છે માટે—

૧ રૂ. $\frac{૨૧૦૦૦}{૧૨૧}$ :: $\frac{૨૧}{૧૦૦}$ રૂ. : ઇષ્ટ રૂ.=૩૬ પૌ. ૭ શી. ૧$\frac{૮૩}{૧૨૧}$ પેન્સ. જવાબ.

૧૭. માર્ચની ૨૬ મી તારીખથી ૮ મહીને બીલ પાકે છે એટલે નવેમ્બરની ૨૬ મીએ પાકે અને ૩ દિવસ સવડના જોઇએ એટલે નવેમ્બરની ૨૯ મીએ બીલ પાકે પણ પૈસા સપટેમ્બરની ૧૭ મી તારીખે લીધા માટે બાકીના દિવસ (સપટેમ્બરના ૧૩+અકટોમ્બરના ૩૧+નવેમ્બરના ૨૯) ૭૩ ની વ્યાજ ખાધ કાપી આપવી પડશે. ૨$\frac{૧}{૨}$ ટકા પ્રમાણે ૭૩ દિવસનું ૧૦૦ રૂ. વ્યાજ $\frac{૫}{૨}$×$\frac{૭૩}{૩૬૫}$=$\frac{૧}{૨}$ થયું અને ૧૦૦ મુદ્દલ એટલે ૧૦૦+$\frac{૧}{૨}$=૧૦૦$\frac{૧}{૨}$=$\frac{૨૦૧}{૨}$ પૌંડ વ્યાજ મુદ્દલ હોય તો $\frac{૧}{૨}$ પૌંડ વ્યાજ ખાધ કાપી આપવી પડે પણ અહીં તો ૪૩૫ પૌ. ૧૦ શિ. છે માટે—

$\frac{૨૦૧}{૨}$ પૌ. : $\frac{૮૭૧}{૨}$ પૌ. :: $\frac{૧}{૨}$ પૌ. : ઇષ્ટ પૌ.=૨ પૌ. ૩ શિ. ૪ પેન્સ. જવાબ.

૧૮. એપ્રિલની ૧૬ મી તારીખે લખેલું બીલ ૯ મહીનાની મુદ્દતનું છે માટે તેની મુદ્દત જાન્યુઆરીની ૧૬ મી તારીખે પૂરી થાય,અને ૩ દિવસ સવડના જોઇએ એટલે જાન્યુઆરીની ૧૯ મી તારીખે તે બીલ વટાવાય; પરંતુ તેં એપ્રિલની ૨૮ મી તારીખે વટાવ્યું માટે તે (એપ્રિલ-

ના ૨+મેના ૩૧+જુનના ૩૦+જુલાઇના ૩૧+અગષ્ટના ૩૧+સપટેમ્બરના ૩૦+અક્ટોમ્બના ૩૧+નવેમ્બરના ૩૦+ડીસેમ્બરના ૩૧+જાન્યુઆરીના ૧૯) ૨૬૬ દિવસ પહેલું વટાવ્યું.

તે બીલ ૨૬૬ દિ. વહેલું વટાવ્યું માટે ૨½ ટકા પ્રમાણે ૫૪૮૨ પૈ. ૧૫ શિ. ની તેટલા દિવસની વ્યાજબાધ કાપીને હિસાબ પહેલા પ્રમાણે તાત્કાળિક રકમ કાઢવી.

૧૯. ૧૮૮૫ ના માર્ચની ૩ જી તારીખે મુદત પુરી થાય છે તે ૧૮૮૪ ના એપ્રીલની ૨૫ મી એ વટાવી માટે તે (એપ્રીલના ૫+મેના ૩૧+જુનના ૩૦+જુલાઇના ૩૧+અગષ્ટના ૩૧+સપટેમ્બરના ૩૦+અક્ટોમ્બરના ૩૧+નવેમ્બરના ૩૦+ડીસેમ્બરના ૩૧+જાન્યુઆરીના ૩૧+ફેબ્રુઆરીના ૨૮+માર્ચના ૩+૩ સવડના) ૩૧૫ દિવસ વહેલી વટાવી માટે તેની ૧૦¾ ટકા પ્રમાણે ૧૩૨૮ પૈં. ૧૩ શિ. ૪ પેન્સની હિસાબ ૨જા પ્રમાણે વ્યાજબાધ કાઢી તો ૧૧૨ પૌંડ આવી. જવાબ.

૨૦. ૧૮૮૪ ના મે મહીનાની ૧૦ તારીખે લખેલી હુંડી ૧ વર્ષની છે એટલે તેની મુદત ૧૮૮૫ ના મે મહીનાની ૧૦ મી તારીખે પૂરી થાય, પણ તે ઉપર ૩ દિવસ સવડના જોઇએ માટે તેની મુદત મે મહીનાની ૧૩ મી તારીખે પુરી થાય, તેને બદલે તે એપ્રીલની ૩ જી તારીખે વટાવે છે માટે તે (એપ્રિલના ૨૭+૧૩ મેના) ૪૦ દિવસ વહેલી વટાવી.

૪૦ દિવસ પહેલી વટાવી માટે તેટલા દિવસની ૯½ ટકા પ્રમાણે ૨૪૫૪ પૌં. ૨ શિ. ૧૦ પે. ની હિસાબ ૨જા પ્રમાણે વ્યાજ બાધ કાઢીતો ૨૪ પૌં. ૫ શિ. ૧૧$\frac{63}{73}$ પેન્સ આવી. જવાબ.

૨૧. ૧૮૮૩ ના જાનેવારીની ૧૦ મી તારીખે બે માસની લખી એટલે ૧૮૮૩ ના માર્ચની ૧૦ મી તારીખે તેની મુદત પુરી થાય અને ૩ દિવસ સવડના જોઇએ એટલે તે માર્ચની ૧૩ મી તારીખે વટાવાય

પરંતુ માર્ચની ૩ જી તારીખે વટાવી એટલે તે (૧૩–૩) ૧૦ દિવસ વ-હેલી વટાવી માટે એટલા દિવસની ૯$\frac{૧}{૨}$ ટકા પ્રમાણે વ્યાજ ખાધ કાપીને ૧૪૮૫ રૂ. ની હિસાબ પહેલા પ્રમાણે તત્કાળિક રકમ કાઢી તો ૧૪૮૧ રૂ. ૪ આ. ૮$\frac{૩૯૨}{૪૦૫}$ પાઇ આવી. જવાબ.

૨૨. હિસાબ ૨૦ પ્રમાણે.

૨૩. ૩૧ મે એ લખેલી હુંડીની મુદત ૪ માસની છે માટે તેની મુદત સપટેમ્બરની ૩૦ મીએ પૂરી થશે પરંતુ કાયદેસર તે અક્ટોબરની ૩ જી તારીખે વટાવાય; અને તે જુલાઇની ૨૦ મી તારીખે વટાવી છે તેથી તે ૭૫ દિવસ વહેલી વટાવી.

તે ૭૫ દિવસની ૮$\frac{૧}{૨}$ ટકા પ્રમાણે ૧૩૦ પૌં. ૧૪ શિ. ૩$\frac{૩}{૪}$ પેન્સ-ની વ્યાજ ખાધ કેટલી થશે ? તે હિસાબ ૧૯ પ્રમાણે કાઢવી. જવબ. ૨ પૌં. ૨ શિ. ૧૦$\frac{૨}{૭}$ પેન્સ.

૨૪. ઉપરં પ્રમાણે જવાબ. ૧ પૌ. ૧૮ શિ. ૮ પેન્સ.

૨૫. હુંડી જુલાઇની ૩૧ મી તારીખે ૪ માસની લખી છે માટે તેની મુદત નવેમ્બરની ૩૦ તારીખે પુરી થશે, પરંતુ તે કાયદેસર ડીસે-મ્બરની ૩ જી તારીખે વટાવ; હવે તે સપટેમ્બરની ૨૧ મી તારીખે વ-ટાવી છે માટે તે ૭૩ દિવસ વહેલી વટાવી.

૭૩ દિવસની ૩$\frac{૩}{૪}$ ટકા પ્રમાણે ૫૧૮ પૌ. ૨ શિ. ૧૦$\frac{૨}{૭}$ પેન્સની હુંડીની તાત્કાળિક રકમ કેટલી થશે ? તે પ્રમાણે હિસાબ થયો. માટે હિ-સાબ ૧૮ પ્રમાણે કરવો, જવાબ. ૫૧૪ પૌં. ૫ શિ. ૮$\frac{૪}{૭}$ પેન્સ.

૨૬. ઉપર પ્રમાણે દિવસો ગણુતાં ૯૩ દિવસની ૫ ટકા પ્રમાણે ૧૧૩૫ પૌંડની વેપારી વ્યાજ ખાધ કાઢવી પડશે.

૫ ટકા પ્રમાણે ૯૩ દિવસનું ૧૦૦ રૂ. નું $\frac{૯૩}{૭૩}$ પૌંડ વ્યાજ થયું.

૧૦૦ પૌંડ. : ૧૧૩૫ પૌ. :: $\frac{૯૩}{૭૩}$ પૌંડ : ઇટ પૌંડ=૧૪ પૌ. [illegible] શિ. ૨$\frac{૨૨}{૭૩}$ પેન્સ. જવાબ.

૨૭. ઉપર પ્રમાણે જવાબ, ૧૫૩ પૌંડ, ૧૭ શિ. ૩$\frac{૬}{૭૩}$ પેન્સ.

૨૮. માર્ચની ૮ મી તારીખે ૬ મહીનાની મુદ્દતની હુંડી લખેલી છે માટે તેની સપટેમ્બરની ૮ મી તારીખે મુદ્દત પુરી થાય, પરંતુ કાયદેસર તે સપટેમ્બરની ૧૧ તારીખે વટાવાય; અને તે મેની ૧૪ મી તારીખે વટાવી માટે ૧૨૦ દિવસ વહેલી વટાવી.

૯$\frac{૨}{૮}$ ટકાને દરે ૧૨૦ દિવસનું ૧૦૦ પાંડનું વ્યાજ ૩ પૌંડ થયું. ૩ પૌંડ વ્યાજ + ૧૦૦ પૌંડ મુદ્દલ=૧૦૩ પૌંડ વ્યાજ મુદ્દલ. ખરી રીતે વ્યાજખાધ ગણીએ તો—

૧૦૩ પૌં. : ૧૨૩૬ પૌ. :: ૩ પૌંડ. : ઈષ્ટ પૌંડ=૩૬ પૌંડ.

વેપારી રીતે રીતે વ્યાજ ખાધ ગણી તો:—

૧૦૦ પૌં. : ૧૨૩૬ પૌ. :: ૩ પૌંડ. : ઈષ્ટ પૌંડ.=૩૭ પૌં. ૧ શિ. ૭$\frac{૧}{૫}$ પે. (૩૭ પૌંડ ૧ શિ. ૭$\frac{૧}{૫}$ પેન્સ. વેપારી વ્યાજખાધ)–(૩૬ પૌંડ. ખરી વ્યાજખાધ.)=૧ પૌંડ ૧ શિ. ૭$\frac{૧}{૫}$ પેન્સ વેપારીને નફો જવાબ.

૨૯. ઉપર પ્રમાણે જવાબ ૧$\frac{૧૧}{૨૫}$ પેન્સ.

૩૦. હુંડી એપ્રિલની ૧૪ મી તારીખે ૬ માસની લખેલી છે માટે તેની મુદ્દત અકટોમ્બરની ૧૪ મી તારીખે પૂરી થાય; પરંતુ કાયદેસર તે અકટોમ્બરની ૧૭ મી તારીખે વટાવાય, અને તે સપટેમ્બરની ૨૭ મી તારીખે વટાવી છે માટે તે ૨૦ દિવસ વહેલી વટાવી.

૪ ટકાને દરે ૨૦ દિવસનું ૧૦૦ પૌંડનું $\frac{૧૬}{૭૩}$ પૌંડ વ્યાજ થયું. જો ૧૦૦ પૌંડની હુંડી હોય તો વ્યાજ ખાધના $\frac{૧૬}{૭૩}$ પૌંડ કપાય એટલે (૧૦૦–$\frac{૧૬}{૭૩}$) $\frac{૭૨૮૪}{૭૩}$ પૌંડ રોકડા મળે, પણ ૪૧૩૬૬ પૌં. ૧૩ શિ. ૪ પેન્સ = $\frac{૧૨૪૧૦૦}{૩}$ પૌંડની હુંડી છે માટે ત્રિરાશીથી.

૧૦૦ પૌંડ. : $\frac{૧૨૪૧૦૦}{૩}$ પૌંડ :: $\frac{૭૨૮૪}{૭૩}$ પૌંડ. : ઈષ્ટ પૌંડ. = ૪૧૨૭૬ પૌંડ. જવાબ.

૩૧. એક વર્ષે ૪ ,વ્યાજ ખાધ કાપી આપવી પડે તો ૨ વર્ષે ૨×૪=૮ વ્યાજ ખાધ કાપવાની (૧૦૦+૮) ૧૦૮ રૂ. વ્યાજ મુદ્દલ હોય તો આવે પણ અહીં ૪૦ રૂ. વ્યાજ ખાધ કાપવાની છે તો મળવાની રકમ કેટલી તે કાઢવા માટે—

૮ રૂ. : ૪૦ રૂ. :: ૧૦૮ રૂ. : ઇષ્ટ રૂ. = ૫૪૦ રૂ. જવાબ.

૩૨. ૩ વર્ષની મુદ્દતની હુંડી છે અને તે આજ વટાવવાની છે માટે ૨$\frac{૧}{૩}$ ટકા પ્રમાણે તેની વ્યાજ ખાધ $\frac{૩×૭}{૩}$ = ૭ રૂ. થાય એટલે ૭+૧૦૦=૧૦૭ રૂ. ની હુંડી હોય તો ૧૦૦ રૂ. રોકડા મળે પણ અહીં ૭૦૦ રોકડા મળે છે માટે—

૧૦૦ રૂ. : ૭૦૦ રૂ. :: ૧૦૭ રૂ. : ઇષ્ટ રૂ. = ૭૪૯ રૂ. જવાબ.

૩૩. ૨૫૨ પૌં. ૧૦ શિ. ની હુંડી છે એટલે તેટલું વ્યાજ મુદ્દલ છે અને ૨ પૌં. ૧૦ શિ. વ્યાજ ખાધ છે એટલે વ્યાજ છે માટે (૨૫૨ પૌં. ૧૦ શિ.) – (૨ પૌં. – ૧૦ શિ.) = ૨૫૦ પૌંડ મુદ્દલ થયા. તેનું $\frac{૧}{૫}$ વર્ષનું ૨ પૌં – ૧૦ શિ વ્યાજ થયું માટે—

૨૫૦ પૌં. : ૧૦૦ પૌં. }
$\frac{૧}{૫}$ વર્ષ. : ૧ વર્ષ. } :: $\frac{૫}{૨}$ પૌં. : ઇષ્ટ પૌંડ = ૫ ટકા વ્યાજનો દર જવાબ.

૩૪. ૧૬૬ પૌં. ૧૩ શિ ૪ પેન્સનું કરજાઉ ખત છે માટે તે વ્યાજ મુદ્દલ કહેવાય. ૧૪૮–૧૫–૨$\frac{૨}{૭}$ રોકડા લેવાના છે માટે તે મુદ્દલ કહેવાય. માટે ૧૭ પૌંડ ૧૭ શિ. ૧$\frac{૫}{૭}$ પેન્સ વ્યાજ થયું.

૧૭ પૌં. ૧૭ શિ. ૧$\frac{૫}{૭}$ પેન્સ = $\frac{૧૨૫}{૭}$ પૌંડ. ૧૪૮ પૌં. ૧૫ શિ. ૨$\frac{૨}{૭}$ પેન્સ = $\frac{૩૧૨૫}{૨૧}$ પૌં. મુદ્દત કાઢવી છે માટે---

$\frac{૩૧૨૫}{૨૧}$ પૌં. : ૧૦૦ પૌં. }
$\frac{૮}{૫}$ વ્યા. : $\frac{૧૨૫}{૭}$ વ્યા. } :: ૧ વર્ષ. : ઇષ્ટ વર્ષ. = ૭$\frac{૧}{૨}$ વર્ષ જવાબ.

૩૫. ૨$\frac{૧}{૨}$ વર્ષનું ૩$\frac{૧}{૩}$ ટકા પ્રમાણે ૧૦૮ રૂ. નું વ્યાજ $\frac{૨૫}{૩}$ થયું અને ૧૦૦ રૂ. મુદ્દલ એટલે $\frac{૩૨૫}{૩}$ વ્યાજ મુદ્દલ થયા. એટલે $\frac{૩૨૫}{૩}$ રૂ. ૧૦૦ રૂ. રોકડા મળે પણ અહીંતો ૧૯૦૦ રૂ. છે માટે

$\frac{૩૨૫}{૩}$ રૂ. : ૧૯૦૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઇ રૂ. = ૧૭૫૩ રૂ. ૧૩ આ. ૬$\frac{૬}{૧૩}$ પાઈ જવાબ.

૩૬. ૩૪૩ પૌં. ૬ શિ. ૮ પેન્સનું દેવું છે એટલે તે વ્યાજ મુદ્દલ કહેવાય. ૧૩ પૌં. ૬ શિ. ૮ પેન્સ વ્યાજ કહેવાય.

૩૩૦—૦—૦ મુદ્દલ કહેવાય.

હવે હિસાબ ૩૩ મુજબ વ્યાજનો દર કાઢવો. જવાબ. ૨$\frac{૨}{૯૯}$ ટકા.

૩૭. હિસાબ ૩૪ પ્રમાણે. જવાબ. ૨$\frac{૧}{૨}$ વર્ષ.

૩૮. હિસાબ ૩૩ મુજબ. જવાબ. ૫ ટકા.

૩૯. હિસાબ ૩૩ મુજબ. જવાબ. ૩ ટકા.

૪૦. ૬$\frac{૧}{૪}$ ટકાના દરે ૪ વર્ષનું વ્યાજ ૨૬ પૌંડ થાય. + ૧૦૦ પૌંડ મુદ્દલ = ૧૨૫ પૌંડની હુંડી હોય તો ૧૦૦ પૌંડ તાત્કાળીક રકમ થાય પણ અહીંતો તાત્કાળિક રકમ ૧૨૩ પૌંડ. ૧૭ શિ. ૭ પેન્સ છે માટે ત્રિરાશી પ્રમાણે.

૧૨૩ પૌં. ૧૭ શિ. ૬ પેન્સ = $\frac{૯૯૧}{૮}$ પૌંડ તાત્કાળિક રકમ.

૧૦૦ પૌં. : $\frac{૯૯૧}{૮}$ પૌં. :: ૧૨૫ પૌં. : ઇ પૌંડ = ૧૪૮ પૌં. ૧૧ શિ. ૧૦$\frac{૧}{૨}$ પેન્સ. જવાબ.

૪૧. હિસાબ ૩૪ પ્રમાણે. જવાબ. ૭ વર્ષ.

૪૨. હિસાબ ૩૩ પ્રમાણે. જવાબ. ૨૬$\frac{૨}{૩}$ ટકા.

૪૩. હિસાબ ૩૪ પ્રમાણે. જવાબ. ૧$\frac{૨}{૩}$ વર્ષ.

૪૪. ૧૦૦ રૂ. ની ચિઠ્ઠી હોય તો. $\frac{૧૦૦ \times ૧}{૫}$=૨૦ રૂ. વ્યાજ બાદ આવે. ૧૦૦ રૂ. વ્યાજ મુદ્દલ–૨૦ રૂ. વ્યાજ=૮૦. રૂ. મુદ્દલ.

૫ ટકા વ્યાજ : ૨૦ વ્યાજ.
૮૦ મુદ્દલ : ૧૦૦ મુદ્દલ. } :: ૧ વર્ષ : ઇ વર્ષ=૪$\frac{૧}{૪}$ વર્ષ. જવાબ.

૪૫. ધારોકે ૧૦૦ પૌંડ વ્યાજે મૂકેલા છે તો ૩ વરસે ૫ ટકા પ્રમાણે ૫×૩=૧૫ પૌંડ વ્યાજ આવે.

૧૦૦ પૌંડ વ્યાજે મૂકેલા માટે તેટલાજ પૌંડની હુંડી હોવી જોઇએ માટે ૧૦૦+૧૫=૧૧૫ પૌંડની હુંડીએ ૧૫ પૌંડ વ્યાજ કપાય તો ૧૦૦ પૌંડે કેટલી તે કાઢવા માટે—

૧૧૫ પૌં. : ૧૦૦ પૌં. :: ૧૫ પૌં. : ઈટ પૌંડ = $\frac{૩૦૦}{૨૩}$ પૌંડ વ્યાજ ખાધ. અને ૧૫ પૌંડ વ્યાજ છે માટે તે બે વચ્ચે $\frac{૧૫}{૧}-\frac{૩૦૦}{૨૩}=\frac{૪૫}{૨૩}$ પૌંડ જેટલો તફાવત રહ્યો પણ અહીંતો ૧૫ પૌં. ૪ શિ. તફાવત પાડવો છે માટે $\frac{૪૫}{૨૩}$ પૌં. : $\frac{૭૬}{૫}$ પૌં. :: ૧૦૦ : ઈટ પૌંડ = ૭૭૬ પૌં. ૧૭ શિ. ૯$\frac{૧}{૩}$ પેન્સ. જવાબ.

૪૬. આપવાની રકમ ૧ રૂ. હોયતો ૭ મહિનાને વાયદે ૧ ચોપડીના $\frac{૧}{૨૦}$ રૂ. બેસે અને તરત તેટલીજ કિંમતમાં ૨૫ ચોપડીઓ મળે છે માટે ૧ ચોપડીનો $\frac{૧}{૨૫}$ રૂ. બેસે એટલે $\frac{૧}{૨૦}$ વ્યાજ મુદલ અને $\frac{૧}{૨૫}$ મુદલ થયું માટે $\frac{૧}{૨૦}-\frac{૧}{૨૫}=\frac{૧}{૧૦૦}$ વ્યાજ $\frac{૧}{૨૫}$ રૂ. નું ૭ માસનું થયું અને દર કાઢવો છે માટે—

$\frac{૧}{૨૫}$ મુ. : ૧૦૦ મુ.
૬ માસ. : ૧૨ માસ. } :: $\frac{૧}{૧૦૦}$ વ્યાજ. : ઈટ ટકા = ૫૦ ટકા જવાબ.

૪૭. આપવાની કિંમત ૧ રૂ. હોય તો ૧૬ મહીનાની મુદતે ૩૦ ચોપડી મળે છે માટે ૧ ચોપડીનો $\frac{૧}{૩૦}$ રૂ. બેસે અને રોકડેથી ૪૦ ચોપડીઓ મળે એટલે ૧ ચોપડીનો $\frac{૧}{૪૦}$ રૂ. બેસે. એટલે $\frac{૧}{૩૦}$ વ્યાજ મુદલ અને $\frac{૧}{૪૦}$ રૂ. મુદલ માટે $\frac{૧}{૩૦}-\frac{૧}{૪૦}=\frac{૧}{૧૨૦}$ વ્યાજ થયું દર કાઢવોછે માટે.

૧૬ માસ. : ૧૨ માસ.
$\frac{૧}{૪૦}$ રૂ. મુદલ : ૧૦૦ રૂ. મુદલ. } :: $\frac{૧}{૧૨૦}$: ઈટ ટકા=૨૫ ટકા જવાબ.

૪૮. ૨૪૩ પૌં. ૧૭ શિ. ૬ પેન્સ. વ્યાજ મુદલ.
૪૩ પૌં. ૧૭ શિ. ૬ પેન્સ વ્યાજ.
———————————
૨૦૦ પૌં. ૦ શિ. ૦ પેન્સ મુદલ.

૪ ટકાને દરે ૨૦૦ મુદલનું ૪૩ પૌં. ૧૭ શિ. ૬ પેન્સ વ્યાજ થવાને કેટલી મુદત જોઇએ ? ૪૩ પૌં. ૧૭ શિ. ૬ પેન્સ=$\frac{૩૫૧}{૮}$ પૌન્ડ.

$\left.\begin{matrix}\text{૨૦૭ પૌં. : ૧૦૦ પૌં.}\\ \text{૪ પૌં. : }\frac{૩૫૧}{૮}\text{ પૌં.}\end{matrix}\right\}$ :: ૧ વર્ષ : ૪૯ વર્ષ=૫$\frac{૩૧}{૬૪}$ જવાબ.

૪૯. ઉપરના હિસાબ પ્રમાણે જવાબ ૨$\frac{૮}{૬૬}$ વર્ષ.

૫૦. ૧૦૦ રૂ. વ્યાજે મૂકીએ તો ૪ ટકાને દરે ૮ મહિનાનું $\frac{૮}{૧૨}$×$\frac{૪}{૧}$=$\frac{૮}{૩}$ રૂ. વ્યાજ થાય. ૧૦૦ રૂ. વ્યાજે મૂકેલા છે માટે તેટલાજ રૂપીઆની વ્યાજ ખાધ ગણવાની. ૧૦૦+$\frac{૮}{૩}$=$\frac{૩૦૮}{૩}$ વ્યાજ મુદ્દલે $\frac{૮}{૩}$ વ્યાજ ખાધ ગણાય તો ૧૦૦ રૂ. એ કેટલી તે કાઢવા માટે ત્રિરાશી પ્રમાણે

$\frac{૩૦૮}{૩}$ રૂ : ૧૦૦ રૂ. :: $\frac{૮}{૩}$: ૪૯ રૂ.=$\frac{૨૦૦}{૭૭}$ રૂ. વ્યાજ ખાધ. $\frac{૨૦૦}{૭૭}$ રૂ. વ્યાજ ખાધ, અને $\frac{૮}{૩}$ વ્યાજ છે માટે તે બે વચ્ચે $\frac{૮}{૩}$−$\frac{૨૦૦}{૭૭}$=$\frac{૧૬}{૨૩૧}$ રૂ. તફાવત પડ્યો અહીં ૧૨ આના=$\frac{૩}{૪}$ રૂ. તફાવત પડે છે માટે—

$\frac{૧૬}{૨૩૧}$ રૂ. : $\frac{૩}{૪}$ રૂ. :: ૧૦૦ રૂ. : ૪૯ રૂ.=૧૦૮૨ રૂ. ૧૩ આના જવાબ.

૫૧. માર્ચની ૧૧ મી તારીખે લખેલી હુંડી ૩૦ દિવસની છે માટે તેની મુદત એપ્રિલની ૧૦ મી તારીખે પૂરી થાય છે, પરંતુ કાયદેસર એપ્રિલ ની ૧૩ મી તારીખે તે મુદત પૂરી થાય છે. અને તે હુંડી માર્ચની ૧૮ મી એ વટાવી છે માટે ૨૬ દિવસની વ્યાજ ખાધ કાપી લેવી જોઇએ, તેથી ત્રિરાશીથી—

૩૬૫ દિ. : ૨૬ :: ૪ પૌં. : ૪૯ પૌંડ=$\frac{૧૦૪}{૩૬૫}$ પૌંડ ૧૦૦ પૌંડનું ૨૬ દિવસનું વ્યાજ માટે ૧૦૦ પૌંડની $\frac{૩૬૬૦૪}{૩૬૫}$ પૌંડ રાસ થઇ.

$\frac{૩૬૬૦૪}{૩૬૫}$ પૌંડની ૨૬ દિવસની ખરી વ્યાજ ખાધ $\frac{૧૦૪}{૩૬૫}$ પૌંડ થાય છે.

૧૦૦ પૌંડ : $\frac{૩૬૬૦૪}{૩૬૫}$ પૌંડ :: $\frac{૧૦૪}{૩૬૫}$ પૌંડ : ૪૯ પૌંડ=$\frac{૯૫૧૭૦૪}{૩૩૩૦૬૨૫}$ પૌંડ વેપારી વ્યાજ ખાધ થાય છે. $\frac{૯૫૧૭૦૪}{૩૩૩૦૬૨૫}$−$\frac{૧૦૪}{૩૬૫}$=$\frac{૨૭૦૪}{૩૩૩૦૬૨૫}$ પૌંડ વેપારીને નફો થયો માટે $\frac{૨૭૦૪}{૩૩૩૦૬૨૫}$ પૌં. નફો : $\frac{૧}{૨}$ પૌંડ નફો :: $\frac{૩૬૬૦૪}{૩૬૫}$ પૌંડ : ૪૯ પૌંડ=૬૧૭૬૨ પૌંડ ૯ શિ. ૭$\frac{૯૫}{૧૬૫}$ પેન્સ. જવાબ.

૫૨. નવેમ્બરની ૩ જી તારીખે ૧ માસની મુદતની હુંડી લખેલી છે માટે તેની મુદત ડીસેમ્બરની ૩ જી તારીખે પૂરી થાય, પરંતુ કાયદેસર તે ડીસેમ્બરની છઠ્ઠી તારીખે પુરી થાય છે અને તે નવેમ્બરની ૭ મી તારીખે વટાવી છે માટે તે ૨૦ દિવસ વહેલી વટાવી. (૨૨૮૬ પૌં. ૧૩ શિ ૯ પેંન્સની હુંડી)−(૫ પૌ. ૮ શિ. ૯ પેન્સ વ્યાજ ખાધ) =૨૨૮૧ પૌં. ૫ શિ. મુદલ.

૨૨૮૧ પૌં. ૫ શિ. મુ. : ૧૦૦ પૌં. મુ. } :: ૫ પૌં. ૮ શિ.
૨૯ દિવસ : ૩૬૫ દિવસ. }

: ૬૪૯ ટકા=૩ ટકા જવાબ.

૫૩. (૧૨૬ પૌં. ૫ શિ. ની હુંડી)−(૧ પૌ. ૫ શિ. વ્યાજ ખાધ) =૧૨૫ પૌંડ મુદલ.

૧૨૫ પૌં. મુદલ : ૧૦૦ પૌં. મુ. } :: ૩૬૫ દિવસ. : ૪૯૨ દિ.
માટે $\frac{२\times२\times१\cdot७३२०५}{४}$ = ૧·૭૩૨૦૫ પાયાનું ક્ષેત્રફળ. પાયા જેવડાંજ દરેક પાસાં છે માટે ૧·૭૩૨૦૫ × ૩ = ૫·૧૯૬૧૫. પાસાંનું ક્ષેત્રફળ.
બન્નેનો સરવાળો કરતાં ૬·૯૨૮૨. જવાબ. ૬·૯૨૮૨ ચો. ફુટ.

૬૪. ચિત્તિનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × ઉંચાઇ. માટે ૨૪× ૩=૭૨ જવાબ. ૭૨. ઘનફુટ.

૬૫. સમખૂણ ચિત્તિનું ઘનફળ = લંબાઇ × પહોળાઇ × ઉંચાઇ.
૮×૬×૪=૧૯૨. જવાબ. ૧૯૨ ઘનફુટ.

૬૬. ૨ ઘનયાર્ડ=૫૪ ઘનફુટ + ૧૦ = ૬૪ ઘનફુટ. તેનુ ઘનમૂળ ૪ જવાબ. ૪ ફુટ.

૬૭. વૃત્તચિત્તિનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × અક્ષ. $६^{२}\times\frac{२२}{७}$ ક્ષેત્રફળ. માટે $६^{२}\times\frac{२२}{७}\times१०=११३१\frac{३}{७}$ ઘન ઈંચ. જવાબ.

૬૮. શંકુનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × ઉંચાઇ ÷ ૩.
$(१\frac{१}{२})^{२}\times\frac{२२}{७}\times\frac{११}{१}\times\frac{१}{३}=२५\frac{१३}{१४}$ · જવાબ. ૨૫$\frac{१३}{१४}$ · ઘનફુટ.

૬૯. ગોળાનું ઘનફળ = વ્યાસ^{३} × $\frac{२२}{७}$ ÷ ૬. ત્રિજ્યા ૧$\frac{१}{२}$ તો વ્યાસ. ૩ · ૩×૩×૩×$\frac{२२}{७}\times\frac{१}{६}$ = ૧૪$\frac{१}{७}$ · ઘન ફુટ. જવાબ.

૭૦. પૃષ્ઠફળ ઉપરથી ઘનફળ કાઢવાને પ્રથમ વ્યાસ કાઢવો પડશે.

વ્યાસ = $\sqrt{\text{પૃષ્ઠફળ} \div \frac{૨૨}{૭}}$. માટે $\sqrt{૧૫૪ \div \frac{૨૨}{૭}} = \sqrt{૪૯} = ૭$ ફુટ વ્યાસ.

ઘનફળ = વ્યાસ^{૩} × $\frac{૨૨}{૭}$÷૬. માટે $\frac{૭×૭×૭×૨૨}{૬ × ૭}$ = ૧૭૯$\frac{૨}{૩}$ ઘનફુટ
જવાબ ૧૭૯$\frac{૨}{૩}$ ઘનફુટ.

૭૧. ઘનની એક બાજુ = $\sqrt{\text{પૃષ્ઠફળ} \div ૬}$. માટે $\sqrt{૧૨૫૦÷૬}$ = $\sqrt{૨૨૫}$=૧૫ ફુટ એક બાજુ થઈ. એક બાજુનો ઘન = ઘનનું ઘનફળ માટે ૧૫^{૩} = ૩૩૭૫ ઘનફુટ. જવાબ. ૩૩૭૫ ઘનફુટ.

૭૨. પિરામીડનું ઘનફળ = $\frac{\text{પાયાનું ક્ષેત્રફળ × ઉંચાઈ.}}{૩}$
$\frac{૭૯૪×૭૯૪×૪૮૦}{૩}$=૧૦૦૮૬૯૭૬૦ ઘનફુટ જવાબ.

૭૩. ૨૪૨ વાર = ૭૨૬ ફુટ. કાટખૂણ ચોખૂણનું ક્ષેત્રફળ = લં × પહો. ૭૨૬×૩૨૦=૨૩૨૩૨૦. ચો. ફુ. જવાબ. ૨૩૨૩૨૦ ચો. ફુટ.

૭૪. દીવાનખાનું કાટખૂણ ચોખૂણ છે માટે ક્ષેત્રફળ = લં × પહો. ૪૦×૩૦=૧૨૦૦ ચો. ફુટ. જવાબ ૧૨૦૦ ચો. ફુટ. ક્ષેત્રફળ.

૭૫. ઉપર મુજબ. જવાબ ૭૬૮ ચો. ફુટ.

૭૬. ઉપર મુજબ ક્ષેત્રફળ ૨૨૫ ચો. ફુટ. તેનું ખર્ચ નીચે મુજબ. ૯ ચો. ફુટના : ૨૨૫ ચો. ફુટના :: $\frac{૩}{૧૬}$ રૂ. = [illegible] રૂ.
જવાબ. ૨૨૫ ચો. ફુટ. ૪ રૂ. ૧૧ આના ખર્ચ.

૭૭. લંબાઈ પહોળાઈનો ગુણાકાર કરવાથી ચોકનું ક્ષેત્રફળ ૧૮૩૬ ચો. ફુટ. હરેક પથ્થર ૯×૮ ઇંચ છે માટે $\frac{૯}{૧૨}×\frac{૮}{૧૨}=\frac{૧}{૨}$ ચો. ફુટ થયો માટે $\frac{૧}{૨}$ ચો. ફુટ. : ૧૮૩૬ ચો. ફુટ. :: ૧ પથ્થર = [illegible] પથ્થર.
જવાબ ૩૬૭૨. પથ્થર.

૭૮. ક્ષેત્રફળ ÷ પહોળાઇ = લંબાઈ. માટે ૧૨૦૦÷૩૦=૪૦ ફુટ. જવાબ. ૪૦ ફુટ લંબાઈ.

૭૯. ક્ષેત્રફળ = લં × પો. માટે ૩૬$\frac{૧}{૨}$×૧૮=૬૫૭ ચો. ફુટ. ખારવાની પહોળાઈ $\frac{૫}{૨}$ ફુટ છે માટે $\frac{૬૫૭}{૧}$÷$\frac{૫}{૨}$=૨૬૨$\frac{૪}{૫}$ ફુટ. જવાબ.

૮૦. ક્ષેત્રફળ = પો. × ઊં. માટે ૨૪×૧૧=૨૬૪ ચો. ફુટ.

૧ યા. લાંબી અને $\frac{૩}{૪}$ યાર્ડ પહોળી એટલે ૧×$\frac{૩}{૪}$=$\frac{૩}{૪}$ ચો. યાર્ડ મલમલના ૫ રૂા. બેસે. $\frac{૩}{૪}$×$\frac{૯}{૧}$=$\frac{૨૭}{૪}$ ચો. ફુટ.

$\frac{૨૭}{૪}$ ચો. ફુટ : ૨૬૪ ચો. ફુટ. :: ૫ રૂા. = ૧૯૫$\frac{૫}{૯}$ રૂા. જવાબ.

૮૧. ક્ષેત્રફળ = ૧૫$\frac{૩}{૪}$×૧૨=૧૮૯ ચો. ફુટ. લંબાઇ = ક્ષેત્રફળ ÷ પોહોળાઇ. $\frac{૧૮૯}{૧}$×$\frac{૨}{૩}$=૧૨૬ ફુ લં. ૧ ફુટ : ૧૨૬ ફુટ :: ૧ કાગળ : ઇ. ૫. જવાબ. ૧૨૬

૮૨. લંબાઈની બે ભીંતોનું ક્ષેત્રફળ = ૩૬×૧૨×૨=૮૬૪ ચો ફુટ

પહોળાઇની બે ભીંતોનું ક્ષેત્રફળ = ૨૫×૧૨×૨=૬૦૦ ચો.ફુટ.

ચારે ભીંતોનું ક્ષેત્રફળ = ૮૬૪+૬૦૦=૧૪૬૪ ચો. ફુટ. જવાબ.

૮૩. ઉપરના હિસાબ મુજબ. જવાબ ૧૩૦૦ ચો. ફુટ

૮૪. ભોંય તળીઉં અને છત મળીને ૬૦૦ ચો. ફુટ છે. જેટલું ભોંય તળીઉં એટલી છત. માટે ૬૦૦ ÷ ૨ = ૩૦૦ ચો. ફુટ ભોંતનું ક્ષેત્રફળ. ક્ષેત્રફળ ÷ લંબાઇ = પહોળાઇ. માટે ૩૦૦ ÷ ૨૦ = ૧૫ ફુટ. જવાબ. ૧૫ ફુટ.

૮૫. હિસાબ ૮૨ મુજબ. જવાબ. ૯૬૨$\frac{૧}{૨}$ ચો. ફુટ.

૮૬. ઉપરના હિસાબની રીતે ચાર ભીંતોનું ક્ષેત્રફળ ૬૩૦ ચો ફુ. છતનું ક્ષેત્રફળ = લં × પો. માટે ૧૯$\frac{૧૧}{૧૨}$×૧૫$\frac{૧}{૧૨}$=$\frac{૪૩૨૫૯}{૧૪૪}$ ચો. ફુટ. $\frac{૬૩૦}{૧}$ + $\frac{૪૩૨૫૯}{૧૪૪}$ = $\frac{૧૩૩૯૭૯}{૧૪૪}$ ચો. ફુટ. ચાર ભીંતો ને છતનું ક્ષેત્રફળ ક્ષેત્રફળ ÷ પહોળાઇ = બધા કાગળોની લંબાઇ. માટે.

$\frac{૧૩૩૯૭૯}{૧૪૪}\times\frac{}{૫}$=૩૭૨ ફુટ. ૧$\frac{૨૯}{૩૦}$ ઇંચ.

જવાબ. ૩૭૨ ફુટ. ૧$\frac{૨૯}{૩૦}$ ઇંચ.

૮૭. ચારે ભીંતોનું પૃષ્ઠફળ ૮૨૦ ચો. ફુટ થાય. પણ તેમાં બારણાં છે તે બારણાંની જગા રંગવાની નહિ માટે બારણાનું પૃષ્ઠફળ બાદ કરવું. બારણાનું પૃષ્ઠફળ ૭×૪=૨૮. ૮૨૦− ૨૮ = ૭૯૨ ચો. ફુટ જગા રંગવાની થઈ. ૧ ચો. ફુટ. : ૭૯૨ ચો. ફુ. :: $\frac{૧}{૩૨}$ રૂ : ઈ. પદ.

જવાબ. ૨૪ રૂ ૧૨ આ.

૮૮. ભીંતોનું પૃષ્ઠફળ= (લં× પો) ×ઉંચાઈ × ૨. માટે ઉંચાઇ કાઢવાને પૃષ્ઠફળ ÷ { ૨ ×(લં. × પો) } ૬૬૦ ÷ ૬૬ = ૧૦ ફુટ ઉંચાઈ. જવાબ. ૧૦ ફુટ.

૮૯. પેટીનાં બહારનાં માપ આપેલાં છે તે ઉપરથી અંદરનાં માપ કાઢવાને પાટીઆંની જાડાઇની બમણાઇ (૨×૨=૪ ઇંચ) દરેક પાટીઆના માપમાંથી બાદ કરવી પડશે; એ લેખે અંદરનાં માપ નીચે પ્રમાણે ૩ ફુટ. ૮ ઇંચ. લંબાઇ. ૨ ફુટ. ૮ ઇંચ. પહોળાઇ અને ૨ ફુટ. ૨ ઇંચ. ઉંચાઇ.

ઉપરનું અને નીચેનું એ બે પાટીઆંનું પૃષ્ઠફળ=$\frac{૧૧}{૩}\times\frac{૮}{૩}\times\frac{૨}{૧}=\frac{૧૭૬}{૯}$ ચો. ફુ.

પડખાનાં એટલે પહોળાઇનાં બે પાટીઆંનું પૃ. =$\frac{૮}{૩}\times\frac{૧૩}{૬}\times\frac{૨}{૧}=\frac{૧૦૪}{૯}$ ચો. ફુ.

આગળ પાછળનાં બે પાટીઆંનું પૃષ્ઠફળ = $\frac{૧૧}{૩}\times\frac{૧૩}{૬}\times\frac{૨}{૧}=\frac{૧૪૩}{૯}$ ચો. ફુ

છએ પ.સાંનુ પૃષ્ઠફળ = $\frac{૧૭૬}{૯}+\frac{૧૦૪}{૯}+\frac{૧૪૩}{૯}$=૪૭ ચો. ફુટ. જવાબ ૪૭

૯૦. પ્રથમ કરી ગએલા હિસાબો મુજબ ચાર ભીંતોનું પૃષ્ઠફળ. ૧૬૮૦ ચો. ફુ. =$\frac{૧૬૮૦}{૯}$ ચો. યાર્ડ.

૧ ચો. યા. : $\frac{૧૬૮૦}{૯}$ ચો. યા. :: $\frac{૯}{૧૬૨}$ રૂ. : ઇષ્ટ પદ.

જવાબ ૮ રૂ ૧૨ આના.

૯૧. ચારે ભીંતોનું પૃષ્ઠફળ = ૨૮૮ ચો. ફુટ.

બારણાનું પૃષ્ઠફળ = ૫×૩=૧૫ ચો. ફુ ૨૮૮−૧૫=૨૭૩ ચો. ફુ.

જગામાં કાગળ લગાડવાના થયા ૨૭૩ ચો. ફુ. = $\frac{૨૭૩}{૯}$ ચો. વા.

૧ ચો. વા. : $\frac{૨૭૩}{૯}$ :: $\frac{૩}{૩૨}$ રૂ. ઇષ્ટ પદ

જવાબ ૨ રૂ. ૧૩ આ. ૬ પાઇ.

૯૨. ચારે ભીંતોનું પૃષ્ઠફળ = ૧૩૨૦ ચો. ફુટ.

દોલાબ = બારણાં વગરનું છોબંધ તાકું. એનાં ઉપર નીચેનાં મળી બે અને ડાબા જમણી બે આ રીતે ચાર પડખાં ધોળવાં જોઇએ માટે તે પાસાંનું પૃષ્ઠફળ ઉમેરવું પડશે

દોલાબનાં ઉપર નીચેનાં પાસાંનું પૃષ્ઠફળ = ૩×૨×૨=૧૨ ચો. ફુટ.

„ ડાબા જમણી પાસાંનું પૃષ્ઠફળ = ૨$\frac{૧}{૨}$×૨×૨=૧૦ ચો. ફુટ.

સામું પડખું ભીંતની ગણત્રીમાં આવી ગયું માટે તે ગણવાનું નહિ.

૧૨+૧૦=૨૨, દોલાબ અને ચાર ભીંતોનું પૃષ્ઠફળ ૧૩૪૨ ચો. ફુટ.

એક બારણાનું પૃષ્ઠફળ = ૭×૫=૩૫ ચો. ફુટ.

બે બારીઓનું પૃષ્ઠફળ = ૪$\frac{૧}{૨}$×૩$\frac{૧}{૨}$×૨=૩૧$\frac{૧}{૨}$ ચો. ફુટ.

૩૫+૩૧$\frac{૧}{૨}$=૬૬$\frac{૧}{૨}$ ચો. ફુટ જગા રંગવાની નથી માટે ૧૩૪૨−૬૬$\frac{૧}{૨}$ =૧૨૭૫$\frac{૧}{૨}$ ચો. ફુટ જગા રંગવાની.

જવાબ. ૧૨૭૫$\frac{૧}{૨}$ ચો. ફુટ.

૯૩. ચારે ભીંતોનું પૃષ્ઠફળ = ૮૮૦ ચો. ફુટ

ઉપરના હિસાબ મુજબ દોલાબનાં ચાર પાસાંનું પૃષ્ઠફળ ૧૫ ચો. ફુટ. એવા બે દોલાબ માટે ૩૦ ચો. ફુટ.

ચાર ભીંતો અને એ દોલાબનું પૃષ્ઠફળ = ૮૮૦+૩૦=૯૧૦ ચો.ફુટ.

બારણાનું પૃષ્ઠફળ = ૪×૬=૨૪. બે બારીઓનું પૃષ્ઠફળ ૪×૩×૨=૨૪.

૨૪+૨૪=૪૮. ∴ ૯ ૧ ૦-૪૮=૮૬૨ ચો. ફુટ જગા રંગવાની.

૧ ચો. વા. : $\frac{૮૬૨}{૯}$ ચો. વા. :: $\frac{૧}{૮}$ રૂ : ઇષ્ટપદ.

જવાબ. ૧૧ રૂ. ૧૫ આ. ૬$\frac{૨}{૩}$ પાઇ.

૯૪. રસ્તાની પોહોળાઇ ૪ ફુટ છે અને ચો તરફ અંદરના ભાગમાં રસ્તો છે માટે અંદરનો પણ એક કાટખૂણ ચોખૂણ થયો અને તેની દરેક બાજુ મોટા કાટખૂણચોખૂણ કરતાં (૪+૪) ૮ ફુટ ઓછી થઇ માટે મોટા કાટખૂણ ચોખૂણનું ક્ષેત્રફળ = ૫૦ × ૪૦ = ૨૦૦૦ ચો. ફુ. અને નાના કાટખૂણ ચોખૂણ ક્ષેત્રફળનું = ૪૨ × ૩૨ = ૧૩૪૪ ચો. ફુ. ૨૦૦૦ − ૧૩૪૪ = ૬૫૬ ચો. ફુટ. રસ્તાનું ક્ષેત્રફળ જવાબ.

૯૫. ઉપરના હિસાબ મુજબ અંદરના કાટખૂણ ચોખૂણનું ક્ષેત્રફળ = ૨૫ × ૧૭ = ૪૨૫ ચો. ફુટ. ક્ષેત્રફળ ÷ પહોળાઇ = લંબાઈ.

$\frac{૪૨૫}{૧}$ × $\frac{૧}{૨}$ = ૨૧૨ $\frac{૧}{૨}$ · જવાબ ૨૧૨$\frac{૧}{૨}$

૯૬. મોટા કાટખૂણ ચોખૂણનું ક્ષેત્રફળ = ૮૦×૫૦=૪૦૦૦ ચો. યા.

નાના ,, ૭૬×૪૬=૩૪૯૬ ચો. યાર્ડ.

૪૦૦૦−૩૪૯૬=૫૦૪ ચો. યાર્ડ. રસ્તાનું ક્ષેત્રફળ. ૫૦૪×૯=૪૫૩૬ ચો. ફુટ. ૧ ચો. ફુટ : ૪૫૩૬ ચો. ફુટ. :: $\frac{૩}{૮}$ રૂા. = ઇષ્ટ પદ.

જવાબ. ૧૭૦૧ રૂા.

૯૭. ૧૨૦ ફુટ લબાઈ અને ૫ ફુટ પહોળાઇના ૩ રસ્તાનું ક્ષેત્રફળ = ૧૨૦×૫×૩=૧૮૦૦ ચો. ફુટ. પોહોળાઇ ૮૦ ફુટ છે તેમાંથી ૫×૩=૧૫ ફુટ બાદ કરીએ તો પહોળાઇના રસ્તાની લંબાઇ ૬૫ ફુટ રહી તે પહોળા ૫ ફુટ છે અને એવા ત્રણ રસ્તા છે માટે—

૬૫×૫×૩=૯૭૫ ચો. ફુટ. ૧૮૦૦+૯૭૫=૨૭૭૫ ચો. ફુટ.

જવાબ. ૨૭૭૫ ચો. ફુટ.

૯૮. પેજારી બાંધવાથી લંબાઇ ૨૦+૧૨=૩૨ ફુટ થશે. પેજારી ૬ ફુટ છે માટે બંને તરફની પેજારીનું ક્ષેત્રફળ=૩૨×૬×૨=૩૮૪ ચોરસ ફુટ. પેજારી લંબાઇમાં ગણી લીધી માટે પહોળાઇ તો ૧૬ જ રહી માટે પહોળાઈ તરફની બે પેજારીનું ક્ષેત્રફળ =૧૬×૬×૨=૧૯૨ ચો. ફુ. ૩૮૪ +૧૯૨=૫૭૬ ચો. ફુટ. હવે એક પથરો ૧×$\frac{૩}{૪}$=$\frac{૩}{૪}$ ચો. ફુટ છે. $\frac{૩}{૪}$ ચો.

ફુટ : ૫૭૬ ચો. ફુ. :: ૧ પત્થર : ૯૯ પઇ. જવાબ ૭૬૮ પત્થર.

૯૯. આખા કાટખૂણુ ચોખૂણુ બાગનું ક્ષેત્રફળ કાઢી તેમાંથી રસ્તાનું ક્ષેત્રફળ બાદ કરવાથી બાકી ફુલ ઝાડ કરવા જેટલી જગા રહેશે.

૧૦૦. ૧ એકર = ૪૩૫૬૦ ચો. ફુટ. ક્ષેત્રફળ÷પહોળાઇ=લંબાઇ. ૪૩૫૬૦÷૧૭૬=૨૪૭$\frac{1}{2}$ ફુટ લંબાઈ.

લંબાઇ અને પહોળાઇ ઉપરથી પ્રથમના હિસાબો મુજબ રસ્તાઓનું ક્ષેત્રફળ કાઢવું.

૧૦૧. આકૃતિ કાઢવાથી માલમ પડશે કે દરેક કાટખૂણુ ચોખૂણુ હોજની લંબાઇ ૨૪ ફુટ અને પહોળાઇ ૧૪ ફુટ છે.

આખા આંગણાનું ક્ષેત્રફળ =૬૦×૪૦=૨૪૦૦ ચો. ફુટ થયું. તેમાંથી ચાર હોજનું ક્ષેત્રફળ =૨૪×૧૪×૪=૧૩૪૪ ચો. ફુટ બાદ કરીએ તો બાકી ૧૦૫૬ચો. ફુ =$\frac{૩૫૨}{૩}$ ચો. યાર્ડ રસ્તાઓનું ક્ષેત્રફળ આવ્યું. ૧ ચો. યા. : $\frac{૩૫૨}{૩}$ ચો. યા. :: $\frac{૧}{૮}$ રૂ. : ૪૯૫૬. જવાબ ૧૪ રૂ ૧૦ આ. ૮ પાઈ

૧૦૨. પહોળાઇ કરતાં લંબાઇ બમણી છે માટે પહોળાઇના જેવડી જેની એક બાજુ થાય એવા બે ચોરસો આખા લંબ ચોરસમાંથી પડશે. માટે ૩૩૮÷૨=૧૬૯ ચો. ફુ. દરેક ચોરસનું ક્ષેત્રફળ.

$\sqrt{૧૬૯}$=૧૩ ફુટ પોહોળાઈ અને ૧૩×૨=૨૬ ફુટ લંબાઇ.

જવાબ ૧૩ ફુટ પોહોળાઇ. ૨૬ ફુટ લંબાઈ.

૧૦૩. ૧$\frac{૬}{૯૨}$ રૂ. : ૨૪ રૂ. :: ૧ ચો. ફુટ. : ૯૯ પઇ માટે ૭૬૮ ચો. ફુટ. તેમાંથી પહોળાઇ જેટલીજ બાજુના ૩ ચોરસ પડશે માટે ૭૬૮÷૩=૨૫૬. $\sqrt{૨૫૬}$=૧૬ ફુટ પહોળાઈ.

૧૬×૩=૪૮ ફુટ લંબાઇ. જવાબ ૧૬ ફુ. પો. ૪૮ ફુ લં.

૧૦૪. હિસાબ ૧૦૨ મુજબ. જવાબ ૪૮ ફુટ.

૧૦૫. હિસાબ ૧૦૩ મુજબ જવાબ. ૨૦ ફુટ. ૧૨ ફુટ.

૧૦૬. ૩ પેન્સ = $\frac{૧}{૮૦}$ પૌંડ. ૧ શિ. ૪ પેન્સ = $\frac{૧}{૧૫}$ પૌન્ડ.

$\frac{૧}{૮૦}$ પૌ. : $\frac{૧}{૧૫}$ પૌ. :: ૧ ચો. યા. : ૪૯ ૫૯. ૯૬ ચો. યાર્ડ =૮૬૪ ચોરસ ફુટ ચારે ભીંતોનું પૃષ્ઠફળ થયું.

પોહોળાઇ = પૃષ્ઠફળ ÷૨÷ ઉંચાઇ − લંબાઇ. ૮૬૪÷૨÷૧૨=૩૬−૨૦=૧૬ પહોળાઇ. જવાબ. ૧૬ ફુટ પહોળાઇ.

૧૦૭. $\frac{૧}{૪}$ રૂ. : ૧૮૦ રૂ. :: ૧ ચો. ફુટ. = ૭૨૦ ચો. ફુ. ૭૨૦÷૩૬=૨૦ ફુટ પોહોળાઇ. $\frac{૧}{૩૬}$ રૂ. : $\frac{૧૦૫}{૨}$ રૂ. :: ૧ ચો. ફુ. : ઉ. ૫૯. = ૧૬૮૦ ચો. ફુટ. પૃષ્ઠફળ. ઉંચાઇ = પૃષ્ઠફળ ÷૨÷ (લં+પો.). ૧૬૮૦÷૨÷ (૩૬+૨૦) = ૧૫ ફુટ ઉંચાઇ. જવાબ ૧૫ ફુટ.

૧૦૮. ૮ રૂ. ૫ આ. ૪ પા. = $\frac{૨૫}{૩}$ રૂ. $\frac{૩}{૩૨}$ રૂ. : $\frac{૨૫}{૩}$ રૂ. :: ૯ ચો. ફુ. : ઉ. પ. = ૮૦૦ ચો. ફુટ બારી બારણાં સિવાયનું પૃષ્ઠફળ.

૮×૫=૪૦ ચો. ફુટ બારણાનું પૃ૦, ૫×૩×૪=૬૦ ચો. ફુ. ચાર બારીનું પૃષ્ઠફળ. ૬૦+૪૦=૧૦૦ ચો. ફુટ બારી બારણાંનું પૃષ્ઠફળ. ૮૦૦+૧૦૦=૯૦૦ ચો. ફુટ ચારે ભીંતોનું પૃષ્ઠફળ. તે ઉપરથી ઉપરના હિસાબ મુજબ ઉંચાઇ ૭$\frac{૧}{૨}$ ફુટ. જવાબ. ૭$\frac{૧}{૨}$ ફુટ.

૧૦૯. ઉપરના હિસાબ મુજબ. જવાબ. ૧૫$\frac{૨}{૭}$ ફુટ.

૧૧૦. $\frac{૯}{૬૪}$ રૂ. : $\frac{૧૦૫}{૮}$ રૂ. :: ૯ ચો. ફુટ. : ઇ૯૫૯. = ૮૪૦ ચો. ફુટ. લંબાઇ + પોહોળાઇ = પૃષ્ઠફળ ÷ ૨ ÷ ઉંચાઈ. તે મુજબ લંબાઇ + પોહોળાઇ = ૩૫ ફુટ. પોહોળાઈ કરતાં લંબાઈ બમણી છે માટે ૧+૨=૩. ૩ ફુટ : ૩૫ ફુટ :: ૧ પો : ઇ. ૫૯. = ૧૧$\frac{૨}{૩}$ પોહોળાઇ. ૧૧$\frac{૨}{૩}$×૨=૨૩$\frac{૧}{૩}$ ફુટ લંબાઈ.

જવાબ. ૧૧$\frac{૨}{૩}$ ફુટ પોહોળાઇ. ૨૩$\frac{૧}{૩}$ ફુટ લંબાઇ.

૧૧૧. હિસાબ ૧૦૫ મુજબ લંબાઈ અને પોહોળાઇ કાઢીને હિસાબ ૧૦૮ મુજબ ઉંચાઇ કાઢવી.

જવાબ. ૩૦ ફુટ લંબાઈ. ૨૦ ફુટ પોળોળાઇ. ૮ ફુટ ઉંચાઇ.

૧૧૨. પરિધ ૫૫ ફુટ તો ત્રીજ્યા ૫૫÷$\frac{૨૨}{૭}$÷૨=$\frac{૩૫}{૪}$.

$\frac{૩૫}{૪}×\frac{૩૫}{૪}×\frac{૨૨}{૭}=\frac{૧૯૨૫}{૮}$ નાના વર્તુળનું ક્ષેત્રફળ. $\frac{૩૫}{૪}+\frac{૯}{૨}=\frac{૫૩}{૪}$ મોટા વર્તુળની ત્રિજ્યાતો $\frac{૫૩}{૪}×\frac{૫૩}{૪}×\frac{૨૨}{૭}=\frac{૩૦૮૯૯}{૫૬}$ મોટા વર્તુળનું ક્ષેત્રફળ. $\frac{૩૦૮૯૯}{૫૬}-\frac{૧૯૨૫}{૮}$=૩૧૧$\frac{૧}{૭}$ ચો. ફુટ. ખાઇના તળીઆનું ક્ષેત્રફળ. જવાબ. ૩૧૧$\frac{૧}{૭}$.

૧૧૩. ઉપરની રીતેજ રસ્તાનું ક્ષેત્રફળ $\frac{૧૭૬}{૭}$ચો. વાર્ડ આવ્યું.

૧ ચો. વા. : $\frac{૧૭૬}{૭}$ ચો. વા. :: $\frac{૧}{૨}$ રૂ : ઇષ્ટ રૂપીઆ.

જવાબ. ૧૨ રૂ. ૯ આ. ૧$\frac{૫}{૭}$ પાઈ.

૧૧૪. ૧૦ ફુટ ૯ ઇંચ અંદરનો વ્યાસ છે તો બહારનો વ્યાસ કાઢવાને ઓસારની બમણાઇ ૨ ફુટ ૬ ઇંચ તેમાં ઉમેર્યા તો ૧૩ ફુટ ૩ ઇંચ બહારથી ભરતાં વ્યાસ થાય.

અંદરનું પૃષ્ઠફળ = પરિઘ × લંબોચાઇ. માટે $\frac{૪૩}{૪}×\frac{૨૨}{૭}×\frac{૧૨}{૧}=\frac{૨૮૩૮}{૭}$

૧ ચો. ફુ.: $\frac{૨૮૩૮}{૭}$ ચો. ફુ. :: $\frac{૧}{૩૨}$ રૂ.= ૧૨ રૂ. ૧૦ આ. ૮$\frac{૪}{૭}$ પા.

બહારનું પૃષ્ઠફળ ઉપર મુજબ $\frac{૫૩}{૪}×\frac{૨૨}{૭}×\frac{૧૨}{૧}=\frac{૩૪૯૮}{૭}$ ચો. ફુટ.

૧ ચો. ફૂ. : $\frac{૩૪૯૮}{૭}$ ચો. ફુ :: $\frac{૧}{૪૮}$ રૂ. = ૧૦ રૂ. ૬ આ. ૬$\frac{૬}{૭}$ પા.

જવાબ. અંદરથી ૧૨ રૂ. ૧૦ આ. ૮$\frac{૪}{૭}$ પા. બહારથી. ૧૦ રૂ. ૬ આ. ૬$\frac{૬}{૭}$ પા.

૧૧૫. અંદરની લંબાઇ અને પોહોળાઇ ઉપરથી બહારની લંબાઈ અને પોહોળાઇ કાઢવા સારૂ બન્નેમાં ઓસારની બમણાઇ ૨ ફુટ ૩ ઇંચ ઉમેરીએ તો બહારની લંબાઈ ૨૭ ફુટ અને પોહોળાઇ ૨૧ ફુટ.

લંબાઇની બે ભીંતોનું પૃષ્ઠફળ = ૨૭×૧૦×૨=૫૪૦ ચો. ફુટ.

પોહોળાઇની બે ભીંતોનું પૃષ્ઠફળ=૨૧×૧૦×૨=૪૨૦ ચો. ફુટ.

૫૪૦+૪૨૦=૯૬૦ ચો. ફુટ ÷ ૯ = $\frac{૯૬૦}{૯}$ ચો. વાર્ડ.

૧ ચો. વા. : $\frac{૯૬૦}{૯}$ ચો. વા. :: $\frac{૧}{૯૬}$: ઇ. રૂ. = ૧ રૂ. ૧ આ. ૯$\frac{૧}{૩}$ પા. જવાબ. ૧ રૂ. ૧ આ. ૯$\frac{૧}{૩}$ પાઇ.

૧૧૬. ઘનફળ = લં × પો × જાડાઇ. માટે ૨૦×૩×૨½=૧૫૦
જવાબ. ૧૫૦ ઘનફુટ.

૧૧૭. ઘનફળ=લં × પો × ઉંચાઇ. માટે ૩×૩×૨½=૨૨½.
જવાબ. ૨૨½ ઘનફુટ.

૧૧૮. તળાવ ચોરસ છે માટે લંબાઇને પોહોળાઈ સરખી છે. ઉંડાઇ = ઘનફળ ÷ (લં. × પો.) એ નિયમે ઉંડાઇ. ૭ ફુટ.
જવાબ. ૭ ફુટ.

૧૧૯. લંબાઇ = ઘનફળ ÷ (પો. × ઉં.). આ નિયમે લંબાઈ. ૧૨૦ ફુટ. જવાબ. ૧૨૦ ફુટ.

૧૨૦. ૨૦ શેર : ૪૩૨૦ શેર :: ૧ ઘનફુટ. : ઘનફુટ.=૨૧૬ ઘનફુટ. આ ઘન આકૃતિ છે માટે $\sqrt[3]{૨૧૬}$=૬ ફુટ. જવાબ ૬ ફુટ.

૧૨૧. લંબાઇ × પોળોળાઈ = $\frac{\text{ઘનફળ}}{\text{ઉંડાઇ}}$ માટે ૧૯૪૪÷૬=૩૨૪ ચો. ફુ. હોજ ચોરસ છે માટે $\sqrt{૩૨૪}$=૧૮ ફુટની એક બાજુ.
જવાબ. ૧૮ ફુટ.

૧૨૨. હોજમાંનું પાણી કેટલા ઘનફુટ છે તે કાઢી ઉપરની રીતે હિસાબ કરવાથી જવાબ. ૫¾ ફુટ.

૧૨૩. હોજ એક યાર્ડ એટલે ત્રણ ફુટ ખાલી કરવો છે માટે ખાલી કરવાના પાણીનું ઘનફળ = ૪૫×૨૩×૩=૩૧૦૫ ઘ. ફુ. = ૫૩૬૫૪૪૦ ઘ. ઈ. ૨૭૭¼ ઘ. ઈંચ : ૫૩૬૫૪૪૦ ઘ. ઇંચ :: ૧ ગેલન : ? ગેલન. જવાબ. ૧૯૩૫૨ $\frac{૩૯૨}{૧૧૦૯}$ ગેલન

૧૨૪. બહારની લંબાઇ અને પોહોળાઇ ઉપરથી અંદરની લંબાઇ અને પોહોળાઇ કાઢવા માટે પતરાની જાડાઇની બમણાઇ બાદ કરી

તો ૬−૧॥=૪$\frac{૧}{૨}$ ઇંચ લંબાઇ અને ૪$\frac{૧}{૨}$−૧$\frac{૧}{૨}$=૩ ઇંચ પોહોળાઇ. વાસણને ઉપરનું ઢાંકણું નથી માટે ઉંચાઇમાંથી પતરાની એકજ વખતની જાડાઇ બાદ જશે માટે ૫−$\frac{૩}{૪}$=૪$\frac{૧}{૪}$ ઇંચ.

ઘનફળ = લં. × પો. × ઊં. =$\frac{૯}{૨}$×$\frac{૩}{૧}$×$\frac{૧૭}{૪}$=૫૭$\frac{૩}{૮}$ ઘન ઇંચ.

જવાબ. ૫૭$\frac{૩}{૮}$ ઘ. ઈ.

૧૨૫. બહારના વ્યાસ ઉપરથી અંદરનો વ્યાસ કાઢવા માટે જાડાઇની બમણાઈ બાદ કરી તો ૮−૪=૪ ઇંચ અંદરનો વ્યાસ.

ગોળાનું ઘનફળ = વ્યાસ^{૩} ×$\frac{૨૨}{૭}$÷૬. માટે $\frac{૪×૪×૪×૨૨}{૭×૬}$=$\frac{૭૦૪}{૨૧}$ ઘ. ઈ.

૩૩ ઘનઇંચ : $\frac{૭૦૪}{૨૧}$ ઘનઇંચ :: $\frac{૧}{૨}$ શેર : ઇષ્ટશેર. = $\frac{૩૨}{૬૩}$ શેર. જવાબ.

૧૨૬. ભીંતનું ઘનફળ =૬૦×૨૦×૪૦=૪૮૦૦૦ ઘનફુટ.

ઇંટનું ઘનફળ =૨×$\frac{૩}{૨}$×$\frac{૧}{૨}$=$\frac{૩}{૨}$ ઘ. ફુ. $\frac{૩}{૨}$ ઘ. ફુ. : ૪૮૦૦૦ ઘ. ફુ. :: ૧ ઇંટ : ઇ. ઈ. જવાબ ૩૨૦૦૦ ઇંટ.

૧૨૭. ભીંતનું ઘનફળ =૨૧×૧૬×૧૨=૪૦૩૨ ઘનફુટ.
૬૧૪૪ ઇંટ : ૧ ઇંટ :: ૪૦૩૨ ઘ. ફુ. ઇષ્ટ ઘનફુટ =$\frac{૪૦૩૨}{૬૧૪૪}$×$\frac{૧૭૨૮}{૧}$= ૧૧૩૪ ઘ. ઇં. ઇંટનું ક્ષેત્રફળ = $\frac{૭}{૪}$×$\frac{૩}{૨}$=$\frac{૨૧}{૮}$ ચો. ફુટ = ૩૭૮ ચો. ઇંચ. જાડાઇ=ઘનફળ÷ક્ષેત્રફળ માટે ૧૧૩૪÷૩૭૮=૩ ઇંચ. જવાબ ૩ ઇંચ.

૧૨૮. બારણાની જગા ચણવાની નં હોય માટે આખી ભીંતના ઘનફળમાંથી બારણાએ રોકેલી જગાનું ઘનફળ બાદ કરી હિ૦ ૧૨૬ મુજબ. જવાબ. ૩૦૭૪૪ ઇંચ, ૨૧૫૨ રૂ. ૧ આ ૩$\frac{૯}{૨૫}$ પાઇ.

૧૨૯. આખા બુરજના ઘનફળમાંથી અંદરના પોલાણનું ઘનફળ બાદ કરવાથી પત્થરનું ઘનફળ આવશે. ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × ઉંચાંઇ, માટે ૩૬÷૨=૧૮ ત્રિજ્યા $\frac{૧૮×૧૮×૨૨×૧૪}{૭}$=૧૪૨૫૬ ઘનફુટ. પોલાણનું ઘનફળ. ૩૬+૬=૪૨ બહારનો વ્યાસ. ૪૨÷૨=૨૧ ત્રિજ્યા. $\frac{૨૧×૨૧×૨૨×૧૪}{૭}$=૧૯૪૦૪ ઘ. ફુટ. આખા બુરજનુ ઘનફળ

૧૯૪૦૪−૧૪૨૫૬=૫૧૪૮ ઘ. ફુ. પત્થરનું ઘનફળ. ૧×$\frac{૩}{૪}$×$\frac{૧}{૩}$=$\frac{૧}{૪}$ ઘનફુટ ૧ પત્થર. $\frac{૧}{૪}$ ઘ. ફુ. : ૫૧૪૮ ઘ. ફુ. :: ૧ પત્થર : ઈ. પત્થર.

જવાબ. ૨૦૫૯૨ પત્થર.

૧૩૦. પાલાની લંબાઇ તે પરિઘ અને પોહોળાઈ તે ઉંચાઇ થશે અને નળાકાર આકૃતિ બનશે. તેનું ઘનફળ = પાયાનું ક્ષે. × ઉંચાઇ. ૧૪ પરિઘ= $\frac{૪૯}{૬૧}$ વ્યા૦. $\frac{૪૯}{૧૧}$×$\frac{૧૪}{૧}$×$\frac{૧}{૪}$×$\frac{૭}{૧}$=૧૦૯$\frac{૩}{૨૨}$ ઘ. ફુટ

જવાબ. ૧૦૯ $\frac{૩}{૨૨}$ ઘનફુટ.

૧૩૧. ખાડાનું ઘનફળ =અંદરથી નીકળેલી માટીનું ઘનફળ માટે ૧૫૪×૧૩×$\frac{૯}{૧૨}$=$\frac{૧૪૫૫૩}{૨}$ ઘ. ફુ. ઉંડાઇ = ઘનફળ ÷ પાયાનું ક્ષેત્રફળ. $\frac{૧૪૫૫૩}{૨}$ ÷ (૨૧×૬૬÷૪)=૨૧ ફુટ. જવાબ. ૨૧ ફુટ.

૧૩૨. ૩૨ પેટીનું ઘનફળ =૫$\frac{૧}{૬}$×૧$\frac{૭}{૮}$×૩૨=૩૧૦ ઘનફુટ. ઓરડાનું ક્ષેત્રફળ =૧૦$\frac{૧}{૩}$×૭$\frac{૧}{૨}$=$\frac{૧૫૫}{૨}$ ચો. ફુટ. ઉંચાઇ = ઘનફળ ÷ ક્ષેત્ર. $\frac{૩૧૦}{૧}$×$\frac{૨}{૧૫૫}$=૪ ફુટ. જવાબ. ૪ ફુટ.

૧૩૩. ભોંય.તળીઆનું ક્ષેત્રફળ = ૩૦×૨૭=૮૧૦ ચો. ફુટ. ૧ પાટીઆનું ક્ષેત્રફળ $\frac{૯}{૧}$×$\frac{૯}{૧૨}$=$\frac{૨૭}{૪}$ ચો. ફુટ. $\frac{૨૭}{૪}$ ચો. ફુ. : ૮૧૦ ચો. ફુ. :: ૧ પાટીઉં : ઇ. પા = ૧૨૦ પાટીઆ. ૧ પાટીઆનું ઘનફળ $\frac{૧૦૮×૯×૧}{૨}$ = ૪૮૬ ઘનઇંચ.

૪૮૬×૧૨૦=૫૮૩૨૦ ઘં. ઇં. ૧ ઘ. ઇં. : ૫૮૩૨૦ ઘ ઇં. :: $\frac{૧}{૨}$ શેર : ઈ. શેર. જવાબ. ૧૨૦ પાટીઆ. ૨૯૧૬૦ શેર.

૧૩૪. ૩×૫૨૮૦=૧૫૮૪૦ ફુટ લંબાઈ. ઘનફળ = ૧૫૮૪૦×૪૦૦×૨૫=૧૫૮૪૦૦૦૦૦. ૬૦ મિ : ૧ મિ :: ૧૫૮૪૦૦૦૦૦ ઘ. ફુ. : ઈ ઘ. ફુટ. જવાબ. ૨૬૪૦૦૦૦

૧૩૫. રૂ. ૮−૧૩ આ. = $\frac{૧૪૧}{૧૬}$ રૂા. $\frac{૩}{૩૨}$ રૂા. : $\frac{૧૪૧}{૧૬}$ રૂા. :: ૧ ચો. ફુ. : ઈ. ચો. ફુ.=૯૪ ચો. ફુટ. પેટીનાં ઉપલાં બે પાટીઆંનું પૃષ્ઠફળ.

$$\text{ઉંચાઇ} = \frac{\text{પૃષ્ઠફળ}}{(\text{લં}+\text{પ})\,૨} = \frac{૫૪}{(૫+૪)૨} = \frac{૫૪}{૧૮} = ૩$$ ફુટ ઉંચાઈ. જવાબ ૩ફુટ.

૧૩૬. ૫ ચો. ફુટ. ૨૬ ચો. ઇં. = $\frac{૩૭૩}{૭૨}$ ચો. ફુટ. ૧ ચો. ફુ. : $\frac{૩૭૩}{૭૨}$: ચો. ફુ. :: ૨ પાઇ : ઇઇ પાઈ = ૧૦$\frac{૧૩}{૩૬}$ પાઇ. જવાબ.

૧૩૭. તે ઓરડાની બાજુ = $\sqrt[૩]{૧૭૨૮}$=૧૨ ફુટ. ઓરડો ઘનાકાર છે માટે કર્ણ = $\sqrt{૧૨^૨+૧૨^૨}$ = $\sqrt{૨૮૮}$ = ૧૬·૯૭૦૫ × ૧૨ = ૨૦૩·૬૪૬ ઇંચ. જવાબ ૨૦૩·૬૪૬ ઇંચ.

૧૩૮. ૫ આ. ૪ પાઈ = $\frac{૧}{૩}$ રૂ. $\frac{૧}{૩}$ રૂ. : ૬૪ રૂ. :: ૧ ચો. ફુ. : ઇઇ ફુટ = ૧૯૨. ઉંચાઈ = ઘનફળ ÷ ક્ષેત્રફળ માટે ૧૫૩૬÷૧૯૨=૮ ફુ.

ઓરડાની લંબાઈ અને પોહોળાઇ ૪ : ૩ ના પ્રમાણમાં છે એટલે ૪ ફૂટ લંબાઇ હોય તો ૩ ફુટ પોહોળાઇ હોય, માટે પોહોળાઈની જેવડીજ બાજુના $\frac{૪}{૩}$ ચોરસ થશે $\frac{૪}{૩}$ ચો. : ૧ ચો :: ૧૯૨ ચો. ફુ. : ઈ. ચો. ફુ. = ૧૪૪ ચો. ફુ. ૧ ચોરસનું ક્ષેત્રફળ માટે ૧ બાજુ=$\sqrt{૧૪૪}$=૧૨ ફુટ. ૩ ફુટ : ૪ ફુટ :: ૧૨ ફુટ : ઇ. ફુટ. = ૧૬ ફુટ.

જવાબ. ૧૨ ફુટ પોહોળાઇ. ૧૬ ફુટ લંબાઇ.

૧૩૯. ૪૦×૩૦×૯૦=૧૦૮૦૦૦ ઘનફુટ કુવામાં પાણી. $\frac{૨}{૧૨}$×$\frac{૩}{૧૨}$×$\frac{૬}{૧}$=$\frac{૨}{૮}$ ઘનફુટ પાણી ૧ નળવાટે આવે. $\frac{૩}{૧૨}$×$\frac{૫}{૧૨}$×$\frac{૮}{૧}$=$\frac{૧૦}{૧૨}$ ઘનફુટ પાણી બીજા નળે આવે $\frac{૨}{૮}$+$\frac{૧૦}{૧૨}$=$\frac{૧૩}{૧૨}$ ઘનફુટ પાણી બે નળ વાટે ૧ સેકન્ડમાં આવે.

$\frac{૧૩}{૧૨}$ ઘ. ફુ. : ૧૦૮૦૦૦ ઘ. ફુ. :: $\frac{૧}{૩૬૦૦}$ કલાક : ઇ. ક. = ૨૭ ક. ૪૧ મિ. ૩૨$\frac{૪}{૧૩}$ સેકન્ડ. જવાબ. ૨૭ ક. ૪૧ મિ ૩૨$\frac{૪}{૧૩}$ સે.

૧૪૦. ૪,૫,૬ કલાકની અનુક્રમે ૧૪૪૦૦,૧૮૦૦૦,૨૧૬૦૦ સેકન્ડ થઇ તે. દરેકને અનુક્રમે ૮, ૬ અને ૪ ફુટ લંબાઇએ ગુણ્યા તો ૧૧૫૨૦૦, ૧૦૮૦૦૦, ૮૬૪૦૦ ચો. ફુટ ક્ષેત્રફળ. તેનું પ્રમાણ કાઢતાં ૧૬, ૧૫, ૧૨,

જવાબ. ૧૬, ૧૫, ૧૨.

૧૪૧. ૬ ફુટ લંબાઈ વધારે છે તેના બે સરખા ભાગ કરી એક લંબાઇમાં રાખી બીજો લંબ ચોરસ પોહોળાઇ તરફ ગોઠવ્યો તો પોહો-

બાઇ + ૩ ફુટ જેટલી બાજુ નવા બનેલા ચોરસની થઇ પણ તેમાં ૩ ×૩=૯ ચો. ફુટનો એક ચોરસ ખૂટયો માટે મૂળના ક્ષેત્રફળમાં ૯ ચોરસ ફુટ ઉમેરીએ તો આખો ચોરસ થાય અને તેની એક બાજુ પોહોળાઇ કરતાં ૩ ફુટ વધારે થાય માટે ૬૬૭+૯=૬૭૬. $\sqrt{૬૭૬}$=૨૬.૨૬−૩=૨૩ ફુટ પોહોળાઇ ૨૩+૬=૨૯ ફુટ લંબાઇ.

જવાબ. ૨૩ ફુટ પોહોળાઇ. ૨૯ ફુટ લંબાઇ.

બીજી રીતે—

કાટખૂણુ ચોખૂણીની બે બાજુનો ગુણાકાર ૬૬૭ છે અને તે બે બાજુની બાદબાકી ૬ છે તો તે દરેક બાજુ શોધી કાઢવાનો નિયમઃ—

બે બાજુના ગુણાકારની ૪ ગણાઈમાં તેજ બે બાજુની બાદબાકીનો વર્ગ ઉમેરવો. જે આવે તેનું વર્ગમૂળ કાઢવાથી તેજ બે બાજુનો સરવાળો આવશે. ∴ બે બાજુનો સરવાળો=$\sqrt{(૬૬૭×૪)+૬^૨}$ =૫૨. $\frac{\text{સરવાળો+બાદબાકી}}{૨}$=મોટી બાજુ ∴ $\frac{૫૨+૬}{૨}$=૨૯ ફુ. એક બાજુ. ૫૨−૨૯=૨૩ ફુ. બીજી બાજુ.

જવાબ ૨૯ ફુ. લંબાઇ. ૨૩ ફુ. બીજી બાજુ.

૧૪૨. પોહોળાઇ કરતાં ૮ ફુટ લંબાઇ વધારે છે માટે ઉપરનાજ હિસાબની રીતે નવા બનેલા ચોરસની એક બાજુ ૪૩ ફુટ થઇ તેમાંથી પાળનું ક્ષેત્રફળ ૪૦૫ બાદ કર્યું. (૪૩×૪૩=૧૮૪૯, ૧૮૪૯−૪૦૫) તો બાકી ૧૪૪૪ ચો. ફુટ અંદરના ચોરસનું ક્ષેત્રફળ રહ્યું $\sqrt{૧૪૪૪}$= ૩૮. અંદરના ચોરસની એક બાજુ ૩૮ ફુટ થઇ અને બહારનાની ૪૩ છે માટે ૪૩−૩૮=૫ ફુટ બન્ને તરફની પાળની પોહોળાઈ માટે ૫÷૨= ૨½ ફુટ પાળની પોહોળાઇ.

જવાબ. ૨½ ફુટ.

૧૪૩. ઉપર પ્રમાણે. જવાબ ૨½ ફુટ.

૧૪૪. ૧૦૦×૮૦=૮૦૦૦ ચો. ફુટ. ક્ષેત્રફળ. $૮૦૦૦\times\frac{૯૯}{૩૨૦}$= ૨૪૭૫ રસ્તાનું ક્ષેત્રફળ. ૮૦૦૦−૨૪૭૫=૫૫૨૫. રસ્તા સિવાયની જગાનું ક્ષેત્રફળ. ૧૦૦−૮૦=૨૦÷૨=૧૦×૧૦=૧૦૦ રસ્તા. ક્ષે. ૫૫૨૫+૧૦૦= ૫૬૨૫ ચોરસનું. ક્ષે. $\sqrt{૫૬૨૫}$=૭૫ ફુટ બાજુ થઇ. ૭૫−૧૦=૬૫ પોહોળાઈ. ૭૫+૧૦=૮૫ લંબાઈ. ૧૦૦−૮૫=૧૫ તફાવત. ૮૫−૬૫= ૨૦−૧૫=૫ ફુટ રસ્તાની પોહોળાઈ. જવાબ. ૫ ફુટ.

૧૪૫. બંગલાને ચારખૂણે ફરતા ૫ ફુટ ચોરસ એટલે ૫×૫=૨૫ ચો. ફુટનો એક એવા ૪ ચોરસ બન્યા. માટે ૨૫×૪=૧૦૦ ચો. ફુટ કુલ ૯૦૦ માથી બાદ કર્યા તો બાકી ૮૦૦ ચો. ફુટ બે લંબાઈ અને બે પોહોળાઇની સાથેની પેંજારીનું ક્ષેત્રફળ. તેની પોહોળાઇ ૫ ફુટ છે માટે ૮૦૦÷૫=૧૬૦ ફુટ લંબાઇ ચારે બાજુઓની થઇ. ચારે બાજુઓ સરખી છે માટે ૧૬૦÷૪=૪૦ ફુટ બંગલાની એક બાજુ.

જવાબ. ૪૦ ફુટ.

૧૪૬. ત્રિકોણની ત્રણ બાજુ અનુક્રમે ૧૪,૧૫,૧૩ ફુટ આપેલી છે તે ઉપરથી હિસાબ ૧૬ મુજબ તેનું ક્ષેત્રફળ ૮૪ ચો. ફુટ.

$$\text{લંબ}=\frac{\text{ક્ષેત્રફળ}\times ૨}{\text{પાયો.}}\ \text{માટે}\ \frac{૮૪\times૨}{૧૪}=૧૨\ \text{ફુટ. લંબ.}$$

પાયાના બે ભાગ કાઢવા છે માટે $\sqrt{૧૩^{૨}-૧૨^{૨}}=\sqrt{૨૫}=૫$ ફુટ.

૧૪−૫=૯ ફુટ. જવાબ. ૧૨ ફુટ ઉંચાઇ. આબાધા. ૫ ફુટ. ૯ ફુટ

૧૪૭. કર્ણ અને લંબ બન્ને થઇને ૩૨ ફુટ છે અને પાયો ૧૬ ફુટ છે તો લંબ કાઢવાને નિયમ—**પાયો કે લંબના વર્ગને કર્ણ અને લંબ કે પાયો** (એટલે કર્ણમાં લંબ ઉમેરવો અથવા કર્ણમાં પાયો ઉમેરવો.) **એ બેના સરવાળાએ ભાગવા, ભાગાકાર તે તે બેની બાદબાકી આવશે,** હવે આ હિસાબમાં પાયો ૧૬ ફુટ આપેલો છે અને લંબ તથા કર્ણનો સરવાળો ૩૨ છે.

માટે $૧૬^{૨}$=૨૫૬÷૩૨=૮ કર્ણ અને લંબની બાદબાકી.

માટે ૩૨−૮=૨૪÷૨=૧૨ લંબ. જવાબ. ૧૨ ફુટ.

૧૪૮. મોર અને સાપ બન્ને સરખું ચાલેલા છે માટે ૨૭ હાથમાંથી સાપને ચાલવાનું જેટલું બાકી રહ્યું તે પાયો થયો, અને મોર ચાલ્યો તે કર્ણ થયો. સાપના ચાલેલામાં પાયો ઉમેરીએ તો ૨૭ હાથ થાય છે. અને મોર તથા સાપ સરખું ચાલ્યા છે માટે મોરના ચાલેલામાં પાયો ઉમેરીએ તો ૨૭ હાથ થાય, એટલે પાયો તથા કર્ણ મળીને ૨૭ હાથ અને લંબ ૯ હાથ; તે ઉપરથી ઉપરના હિસાબના નિયમે $૯^{૨}$=૮૧ ૮૧÷૨૭=૩ તે કર્ણ અને પાયાની બાદબાકી. માટે ૨૭−૩=૨૪÷૨=૧૨ હાથ પાયો. માટે દરથી ૧૨ હાથ દુર સાપ પકડાયો.

જવાબ. ૧૨ હાથ.

૧૪૯. પાણીની ઉંડાઇ + કમળની બહાર દેખાતી દાંડી = ત્રિજ્યા. વર્તુળ ખંડની અર્ધી જ્યા ૨ હાથ થઇ માટે આખી જ્યા ૪ હાથ. અને દાંડીનો પાણીની બહાર દેખાતો ભાગ ૧ વેંત=$\frac{1}{2}$ હાથ વર્તુળ ખંડની ઉંચાઇ થઇ. તે ઉપરથી ત્રિજ્યા કાઢવાનો નિયમ—ઉંચાઇના વર્ગને ૪ ગુણી તેમાં જ્યાનો વર્ગ ઉમેરવો, સરવાળો આવે તેને ઉંચાઇ × ૮ ભાગવા માટે, $\frac{1}{2}\times\frac{1}{2}\times$૪=૧+૧૬ ($૪^{૨}$) = ૧૭÷ (૮÷$\frac{1}{2}$) = ૪$\frac{1}{4}$ હાથ ત્રિજ્યા. તેમાંથી $\frac{1}{2}$ હાથ પાણીની બહાર છે માટે ૪$\frac{1}{4}$−$\frac{1}{2}$=૩$\frac{3}{4}$ હાથ પાણીમાં. જવાબ. ૩$\frac{3}{4}$ હાથ.

૧૫૦ પહેલો વાંદરો નીચે ઉતરીને તળાવ પર ગયો અને તે ટોચે બેઠેલો હતો માટે ૧૦૦ હાથનું ઝાડ અને ૨૦૦ હાથનું અંતર મળી કુલ ૩૦૦ હાથ ઉતરીને જનારો ચાલ્યો, બીજો ઉંચે કુદી તીરકસ લીટીમાં ગયો તે પણ ૩૦૦ હાથ ચાલ્યો છે માટે તેનું ઊંચે કુદેલું + કર્ણ =૩૦૦ હાથ છે એટલે વાંદરા બેઠેલા ત્યાંથી ઉપરનો લંબ અને કર્ણ

૩૦૦ હાથ છે, તેમાં ઝાડની ઉંચાઇ ઉમેરીએ તો બધો લંબ અને કર્ણ =૩૦૦+૧૦૦=૪૦૦ હાથ થાય અને પાયો ૨૦૦ છે તે ઉપરથી હિસાબ ૧૪૭ માં જણાવેલા નિયમ મુજબ.

$૨૦૦^{૨}=૪૦૦૦૦÷૪૦૦=૧૦૦$ કર્ણને લંબની બાદબાકી. ૪૦૦−૧૦૦=૩૦૦÷૨=૧૫૦ લંબ તેમાંથી ઝાડની ઉંચાઇ ૧૦૦ બાદ કરી તો બાકી ૫૦ હાથ એ વાંદરો ઊંચું કુદેલો. જવાબ. ૫૦ હાથ.

ઉદાહરણ સંગ્રહ ૧૩.

ઘાત પ્રકાશક.

૧. $૪^{\frac{૧}{૨}}=\sqrt{૪}=૨.\ ૮^{\frac{૧}{૩}}=\sqrt[૩]{૮}=૨.\ ૧૬^{\frac{૩}{૪}}=\sqrt[૪]{૧૬^{૩}}=૨\times૨\times૨=૮.$
$૧૨૫^{\frac{૨}{૩}}=\sqrt[૩]{૧૨૫^{૨}}=૫\times૫=૨૫.\ \left(\frac{૮૧}{૧૬}\right)^{\frac{૧}{૪}}=\sqrt[૪]{\frac{૮૧}{૧૬}}=\frac{૩}{૨}=૧\frac{૧}{૨}.$
જવાબ. ૨, ૨, ૮, ૨૫, $૧\frac{૧}{૨}$.

૨. $૨^{-\frac{૧}{૪}}=\frac{૧}{૨^{\frac{૧}{૪}}},\ \frac{૧}{૪^{-૨}}=૪^{૨}.\ ૩^{-\frac{૨}{૩}}=\frac{૧}{૩^{\frac{૨}{૩}}}.$

જવાબ. $\frac{૧}{૨^{\frac{૧}{૪}}},\ \frac{૧}{૩^{\frac{૨}{૩}}},\ ૪^{૨}$

૩. $૪^{-૨}\times૪^{૨}=૪^{૦}=૧.\ \left(૫^{\frac{૧}{૨}}\right)^{૨}=૫^{\frac{૧}{૨}}\times૫^{\frac{૧}{૨}}=૫^{૧}=૫.\ ૨^{\frac{૧}{૨}}\times૨^{\frac{૧}{૪}}\times૨^{\frac{૧}{૮}}=૨^{\frac{૭}{૮}}$

જવાબ. ૧, ૫, $૨^{\frac{૭}{૮}}$.

૪. $4^{-\frac{5}{2}} = \frac{1}{4^{\frac{5}{2}}} = \frac{1}{\sqrt{4^5}} = \frac{1}{2^5} = \frac{1}{32}$. $8^{-\frac{2}{3}} = \frac{1}{8^{\frac{2}{3}}} = \frac{1}{\sqrt[3]{8^2}} = \frac{1}{2^2} = \frac{1}{4}$. $36^{-\frac{3}{2}} = \frac{1}{36^{\frac{3}{2}}} = \frac{1}{\sqrt{36^3}} = \frac{1}{6^3} = \frac{1}{216}$

$\left(\frac{1}{25}\right)^{-2} = 25^2 = 625$. $\left(\frac{8}{27}\right)^{-\frac{1}{3}} = \left(\frac{27}{8}\right)^{\frac{1}{3}} = \sqrt[3]{\frac{27}{8}} = \frac{3}{2}$.

$\left(\frac{32}{243}\right)^{-\frac{7}{5}} = \frac{1}{\left(\frac{32}{243}\right)^{\frac{7}{5}}} = \left(\frac{243}{32}\right)^{\frac{7}{5}} = \left(\sqrt[5]{\frac{243}{32}}\right)^7 = \left(\frac{3}{2}\right)^7 = \frac{2187}{128}$

જવાબ. $\frac{1}{32}$, $\frac{1}{4}$, $\frac{1}{216}$, 625, $\frac{3}{2}$, $\frac{2187}{128}$.

ઉદાહરણ સંગ્રહ ૧૪.

કરણી.

૧. $\sqrt{32} = \sqrt{16\times2} = 4\sqrt{2}$. $\sqrt[3]{250} = \sqrt[3]{125\times2} = 5\sqrt[3]{2}$. $\sqrt[4]{162} = \sqrt[4]{81\times2} = 3\sqrt[4]{2}$. $\sqrt{288} = \sqrt{144\times2} = 12\sqrt{2}$. $\sqrt{98} = \sqrt{49\times2} = 7\sqrt{2}$. $\sqrt[3]{128} = \sqrt[3]{64\times2} = 4\sqrt[3]{2}$. $3\sqrt{150} = 3\sqrt{25\times6} = 3\times5\sqrt{6} = 15\sqrt{6}$. $7\sqrt[3]{432} = 7\sqrt[3]{216\times2} = 7\times6\sqrt[3]{2} = 42\sqrt[3]{2}$. જવાબ. $4\sqrt{2}$. $5\sqrt[3]{2}$. $3\sqrt[4]{2}$. $12\sqrt{2}$. $7\sqrt{2}$. $4\sqrt[3]{2}$. $15\sqrt{6}$. $42\sqrt[3]{2}$.

૨. $3\sqrt{2} = 3\sqrt{2}$, $4\sqrt{8} = 4\sqrt{4\times2} = 4\times2\sqrt{2} = 8\sqrt{2}$, $\sqrt{72}$

$=૬\sqrt{૨}.$ $૩\sqrt{૨}+૮\sqrt{૨}-૬\sqrt{૨}=૫\sqrt{૨}.$ જવાબ $૫\sqrt{૨}.$

૩. $૨\sqrt[૩]{૪}=૨\sqrt[૩]{૪}.$ $૫\sqrt[૩]{૩૨}=૫\sqrt[૩]{૮\times૪}=૫\times૨\sqrt[૩]{૪}=$ $૧૦\sqrt[૩]{૪}.$ $\sqrt[૩]{૧૦૮}=\sqrt[૩]{૨૭\times૪}=૩\sqrt[૩]{૪}.$ $૨\sqrt[૩]{૪}+૧૦\sqrt[૩]{૪}$ $-૩\sqrt[૩]{૪}=૯\sqrt[૩]{૪}.$ જવાબ. $૯\sqrt[૩]{૪}.$

૪. $૩\sqrt[૪]{૧૬૨}=૩\sqrt[૪]{૮૧\times૨}=૩\times૩\sqrt[૪]{૨}=૯\sqrt[૪]{૨}.$ $૭\sqrt[૪]{૩૨}=૭\sqrt[૪]{૧૬\times૨}=૭\times૨\sqrt[૪]{૨}=૧૪\sqrt[૪]{૨}.$ $\sqrt[૪]{૧૨૫૦}=$ $\sqrt[૪]{૬૨૫\times૨}=૫\sqrt[૪]{૨},$

$૯\sqrt[૪]{૨}-૧૪\sqrt[૪]{૨}+૫\sqrt[૪]{૨}=૦$ જવાબ ૦

૫. $૨\sqrt{૧૪}=૨\sqrt{૭\times૨}.$ $\sqrt{૨૧}=\sqrt{૭\times૩}.$ $૨\sqrt{૭\times૨}\times\sqrt{૭\times૩}=(\sqrt{૭}\times\sqrt{૭}=૭)$ થાય છે માટે $૨\times૭\sqrt{૬}=૧૪\sqrt{૬}.$ $૩\sqrt{૨૪}=૩\sqrt{૧૨\times૨}.$ $૩\sqrt{૧૨\times૨}\times૮\sqrt{૧૨}=૩\times૮\times૧૨\sqrt{૨}=$ $૨૮૮\sqrt{૨}.$ જવાબ. $૧૪\sqrt{૬}.$ $૨૮૮\sqrt{૨}.$

૬. $૩\sqrt{૨}\times૨\sqrt[૩]{૩}.$ $\sqrt{૨}=૨^{\frac{૧}{૨}},$ $\sqrt[૩]{૩}=૩^{\frac{૧}{૩}},$ $૨^{\frac{૧}{૨}},$ $૩^{\frac{૧}{૩}}=૨^{\frac{૩}{૬}},$ $૩^{\frac{૨}{૬}}=\sqrt[૬]{૨^{૩}},$ $\sqrt[૬]{૩^{૨}},=\sqrt[૬]{૮},$ $\sqrt[૬]{૯},$ માટે $૩\sqrt{૨}\times૨\sqrt[૩]{૩}$ $=૩\sqrt[૬]{૮}\times૨\sqrt[૬]{૯}=૬\sqrt[૬]{૭૨},$ તેમજ $૪\sqrt[૩]{૩}\times૨\sqrt[૪]{૪}.$ $\sqrt[૩]{૩}=૩^{\frac{૧}{૩}}$ $\sqrt[૪]{૪}.=૪^{\frac{૧}{૪}},$ $૩^{\frac{૧}{૩}},$ $૪^{\frac{૧}{૪}}=૩^{\frac{૪}{૧૨}}$ $૪^{\frac{૩}{૧૨}}=\sqrt[૧૨]{૩^{૪}}$ $\sqrt[૧૨]{૪^{૩}}=\sqrt[૧૨]{૮૧},$ $\sqrt[૧૨]{૬૪},$ $૪\sqrt[૩]{૩}\times૨\sqrt[૪]{૪}=૪\sqrt[૧૨]{૮૧}$ ·]

$\times ૨ \sqrt[૧૨]{૬૪} = ૮ \sqrt[૧૨]{૫૧૨૮}.$

જવાબ $૬ \sqrt[૬]{૭૨},\ ૮ \sqrt[૧૨]{૫૧૨૮}.$

૭. $૮ = \sqrt{૬૪} \div \sqrt{૨} = \sqrt{૩૨} = \sqrt{૧૬\times૨} = ૪\sqrt{૨}$
અથવા બીજી રીતે અપૂર્ણાંકના અંશને છેદ બંનેને સરખી રકમે ગુણીએ અથવા સરખી રકમે ભાગીએ તો તેની કિંમતમાં ફેર પડતો નથી તે

નિયમે $\frac{૮}{\sqrt{૨}}\times\frac{\sqrt{૨}}{\sqrt{૨}}=\frac{૮\sqrt{૨}}{૨}=૪\sqrt{૨}.\ \frac{૬}{\sqrt{૩}}\times\frac{\sqrt{૩}}{\sqrt{૩}}=\frac{૬\sqrt{૩}}{૩}=૨\sqrt{૩},\ \frac{૧૨}{\sqrt{૬}}\times\frac{\sqrt{૬}}{\sqrt{૬}}=\frac{૧૨\sqrt{૬}}{૬}=૨\sqrt{૬}\ \frac{૨૫}{\sqrt{૫}}\times\frac{\sqrt{૫}}{\sqrt{૫}}=\frac{૨૫\sqrt{૫}}{૫}$

$=૫\sqrt{૫}.$ જવાબ. $૪\sqrt{૨},\ ૨\sqrt{૩},\ ૨\sqrt{૬},\ ૫\sqrt{૫}.$

૮. $૯\div\sqrt{૩} = \sqrt{૮૧\div૩} = \sqrt{૨૭} = \sqrt{૯\times૩}=\sqrt{૩}$

અથવા $\frac{૯}{\sqrt{૩}}\times\frac{\sqrt{૩}}{\sqrt{૩}}=\frac{૯\sqrt{૩}}{૩}=૩\sqrt{૩}.\ \frac{\sqrt{૨}}{\sqrt{૩}}\times\frac{\sqrt{૩}}{\sqrt{૩}}=\frac{\sqrt{૬}}{૩}$

$=\frac{૧}{૩}\sqrt{૬}.\ \frac{૬૦}{\sqrt{૫}}\times\frac{\sqrt{૫}}{\sqrt{૫}}=\frac{૬૦\sqrt{૫}}{૫}=૧૨\sqrt{૫}.\ ૪\div\sqrt{૨૪૩}=$

$\frac{૪}{\sqrt{૨૪૩}}\times\frac{\sqrt{૨૪૩}}{\sqrt{૨૪૩}}=\frac{૪\sqrt{૨૪૩},}{૨૪૩}=\frac{૪\sqrt{૮૧\times૩}}{૨૪૩}=$

$\frac{૪\times૯\sqrt{૩}}{૨૪૩}=\frac{૪}{૨૭}\sqrt{૩}\quad \frac{૧}{૨\sqrt{૩}}\times\frac{\sqrt{૩}}{\sqrt{૩}}=\frac{\sqrt{૩}}{૨\times૩}=$

$\frac{\sqrt{૩}}{૬} = \frac{૧}{૬}\sqrt{૩}.$

જવાબ. $૩\sqrt{૩},\ \frac{૧}{૩}\sqrt{૬},\ ૧૨\sqrt{૫},\ \frac{૪}{૧૭}\sqrt{૩},\ \frac{૧}{૬}\sqrt{૩}.$

૯. $\frac{૧}{૨-\sqrt{૨}} \times \frac{૨+\sqrt{૨}}{૨+\sqrt{૨}} = \frac{૨+\sqrt{૨}}{૨^{૨}-(\sqrt{૨})^{૨}} = \frac{૨+\sqrt{૨}}{૪-૨} = \frac{૨+\sqrt{૨}}{૨} = \frac{૨+૧{\cdot}૪૧૪૨૧}{૨} =$

$\frac{૩{\cdot}૪૧૪૨૧}{૨} = ૧{\cdot}૭૦૭૧$

$\frac{૨}{\sqrt{૩}-\sqrt{૨}} \times \frac{\sqrt{૩}+\sqrt{૨}}{\sqrt{૩}+\sqrt{૨}} = \frac{૨\sqrt{૩}+૨\sqrt{૨}}{(\sqrt{૩})^{૨}-(\sqrt{૨})^{૨}} = \frac{૨\sqrt{૩}+૨\sqrt{૨}}{૩-૨} =$

$\frac{૨\sqrt{૩}+૨\sqrt{૨}}{૧} = \sqrt{૩}+૨\sqrt{૨} = ૨\times૧{\cdot}૭૩૨૦૫+૨\times૧{\cdot}૪૧૪૨૧ = ૬{\cdot}૨૮૨૫.$

$\frac{૩}{\sqrt{૨}-૧} \times \frac{\sqrt{૨}+૧}{\sqrt{૨}+૧} = \frac{૩\sqrt{૨}+૩}{(\sqrt{૨})^{૨}-૧} = \frac{૩\sqrt{૨}+૩}{૨-૧} = \frac{૩\sqrt{૨}+૩}{૧} = ૩+૩$

$\sqrt{૨} = ૩+૩\times૧{\cdot}૪૧૪૨૧ = ૭{\cdot}૨૪૨૬.$

જવાબ. ૧·૭૦૭૧ ૬·૨૮૨૫. ૭·૨૪૨૬.

૧૦. $\frac{૨}{\sqrt{૩}} \times \frac{\sqrt{૩}}{\sqrt{૩}} = \frac{૨\sqrt{૩}}{૩} = \frac{૨\times૧{\cdot}૭૩૨૦૫}{૩} = ૧{\cdot}૧૫૪$

$\frac{૪}{\sqrt{૫}} \times \frac{\sqrt{૫}}{\sqrt{૫}} = \frac{૪\sqrt{૫}}{૫} = \frac{૪{\cdot}૨\times૨૩૬}{૫} = ૧{\cdot}૭૮૯$

$\frac{૧}{૩\sqrt{૨}} = \frac{\sqrt{૨}}{\sqrt{૨}} = \frac{\sqrt{૨}}{૩\times૨} = \frac{૧{\cdot}૪૧૪૨૧}{૬} = {\cdot}૨૩૬$

જવાબ. ૧·૧૫૪, ૧·૭૮૯, ·૨૩૬.

ઉદાહરણ સં. ૧૫.

ગણિત શ્રેઢી

શ્રેઢીમાંની દરેક સંખ્યાને **પદ** કહે છે, પહેલા પદને **આદિ**, છેલ્લા પદને **અંત્ય**, શ્રેઢીના પદની સંખ્યાને **ગચ્છ** અને સઘળા પદના સરવાળાને **સર્વધન** કહે છે

ચઢતી ગણિત શ્રેઢી.

અંત્ય = આદિ + (ગચ્છ−૧) × ઉત્તર.

$$\text{ઉત્તર} = \frac{\text{અંત્ય}-\text{આદિ}}{\text{ગચ્છ}-૧}$$

$$\text{ગચ્છ} = \frac{\text{અંત્ય}-\text{આદિ}}{\text{ઉત્તર}} + ૧$$

ઉતરતી ગણિત શ્રેઢી.

અંત્ય = આદિ−(ગચ્છ−૧) × ઉત્તર.

$$\text{ઉત્તર} = \frac{\text{આદિ}-\text{અંત્ય}}{\text{ગચ્છ}-૧}$$

$$\text{ગચ્છ} = \frac{\text{આદિ}-\text{અંત્ય}}{\text{ઉત્તર}} + ૧$$

$$\text{સર્વધન} = \frac{\text{ગચ્છ}}{૨} \times (\text{આદિ} + \text{અંત્ય})$$

,, = આદિને અંત્યના સરવાળાને ગચ્છાર્ધે ગુણવા.

$$,, = \frac{\text{ગચ્છ}}{૨} \times \{ \text{આદિ} + \text{આદિ} + (\text{ગચ્છ}-૧) \times \text{ઉત્તર} \}$$

,, = આદિ પદનું બમણું કરી તેમાં ઉત્તરને એકોન ગચ્છનો ગુણાકાર ઉમેરવો અને સરવાળાને ગચ્છાર્ધે ગુણવા.

૧. અંત્ય = આદિ + (ગચ્છ−૧) × ઉત્તર

= ૬ + (૨૦−૧) × ૧૨ = ૬ + (૧૯×૧૨)

= ૨૩૪ જવાબ. ૨૩૪

૨. ૩, ૪, ને ૫, હિસાબ ઉપર પ્રમાણે.

૭. મધ્ય પ્રમાણ $= \frac{૬૧+૮૫}{૨} =$ ૭૩ જવાબ. ૭૩

૬. સાત પ્રમાણેજ—

૮. ઉત્તર $= \frac{\text{અંત્ય} - \text{આદિ}}{\text{ગચ્છ}-૧} = \frac{૩૭-૫}{૧૭-૧} = \frac{૩૨}{૧૬} =$ ૨.

૫,૭,૯,૧૧,૧૩,૧૫,૧૭,૧૯,૨૧,૨૩,૨૫,૨૭,૨૯,૩૧,૩૩,૩૫,

૯. આઠ પ્રમાણેજ—

૧૦. સર્વધન $= \frac{\text{ગચ્છ}}{૨} \times (\text{આદિ} + \text{અંત્ય})$

$= \frac{૨૩}{૨} \times (૪+૭૦) = \frac{૨૩}{૨} \times \frac{૭૪}{૧} =$ ૮૫૧

૧૧, ૧૨. ને ૧૩, હિસાબ ૧૦ પ્રમાણે.

૧૪. ક્રમીક રકમોના વર્ગોનો સરવાળો $= \frac{\text{ગ} \times (\text{ગ}+૧) \times (૨\,\text{ગ} + ૧)}{૬}$

$= \frac{૯ \times (૯+૧) \times (૧૮+૧)}{૬}$

$= \frac{૯ \times ૧૦ \times ૧૯}{૬} =$ ૨૮૫

જવાબ. ૨૮૫.

૧૫ અને ૧૬ ઉપર પ્રમાણે.

૧૭, ક્રમિક રકમોનો સરવાળો $= \frac{\text{ગ} \times (\text{ગ} + ૧)}{૨}$

$= \frac{૧૨ \times (૧૨+૧)}{૨}$

$= \frac{૧૨ \times ૧૩}{૨} =$ ૭૮×૨=૧૫૬

જવાબ. ૧૫૬

૧૮. સર્વધન $= \frac{\text{ગચ્છ}}{૨} \times \left\{ ૨\,\text{આદિ} + (\text{ગચ્છ}-૧) \times \text{ઉત્તર} \right\}$

$$= \frac{૮૬}{૨} \times \left\{ ૧૨\times૨ + (૮૬-૧) \times ૫ \right\}$$

$$= \frac{૮૬}{૨} \times \left\{ ૨૪ + (૮૫\times૫) \right\}$$

$$= \frac{૮૬}{૨} \times \left\{ ૨૪+૪૨૫ \right\}$$

$$= \frac{\overset{૪૩}{\cancel{૮૬}}}{\cancel{૨}} \times \frac{૪૪૯}{૧} = ૧૯૩૦૭$$

જવાબ. ૧૯૩૦૭

૧૯. ક્રમિક રકમોના ઘનનો સરવાળો $= \left\{ \frac{\text{ગ} \times (\text{ગ} + ૧)}{૨} \right\}^{૨}$

$$= \left\{ \frac{૯\times(૯+૧)}{૨} \right\}^{૨}$$

$$= \left(\frac{૯\times૧૦}{૨} \right)^{૨}$$

$$= ૪૫^{૨} = ૨૦૨૫$$

જવાબ. ૨૦૨૫.

૨૦ અને ૨૧ હિસાબ ૧૮ પ્રમાણે કરવા.

૨૨ અંત્ય = આદિ + (ગચ્છ−૧) × ઉત્તર = ૭ + (૮−૧) × ૫ = ૭ + (૭×૫) = ૭+૩૫=૪૨

$$\text{સર્વધન} = \frac{\text{ગચ્છ}}{૨} \times (\text{આદિ} + \text{અંત્ય})$$

$$= \frac{૮}{૨}\times(૭+૪૨) = \frac{\overset{૪}{\cancel{૮}}}{\cancel{૨}} \times \frac{૪૯}{૧} = ૧૯૬$$

જવાબ ૪૨ અંત્ય, ૧૯૬ સર્વધન.

૨૩. $\text{આદિ} = \frac{\text{સર્વધન} \div \text{ગચ્છાર્ધ} - (\text{ઉત્તર} \times \text{એકોન ગચ્છ})}{૨}$

$$= \frac{૧૦૫ \div \frac{૭}{૨} - (૩ \times ૬)}{૨} = \frac{(\frac{૧૦૫}{૧} \times \frac{૨}{૭}) - (૩ \times ૬)}{૨}$$

$$= \frac{\overset{૧૫}{૧૦૫}}{૧} \times \frac{૨}{૭} = ૩૦ - ૧૮ = ૧૨ \div ૨ = ૬$$ જવાબ. ૬

૨૪ સર્વધન ૮૦, ગચ્છ ૭. અને આદિ ૨ છે માટે.

$$૮૦ = \frac{ગચ્છ}{૨} \times \left\{ ૨\ આદિ + (ગચ્છ - ૧) \times ઉત્તર \right\}$$

$$\therefore ૮૦ = \frac{૭}{૨} \times \left\{ ૨ \times ૨ = ૪ + (૭ - ૧ = ૬) \times ઉત્તર \right\}$$

$$\therefore ૮૦ = \frac{૭}{૨} \times (૪ + ૬\ ઉત્તર)$$

$$\therefore ૮૦ \times \frac{૨}{૭} = \frac{૧૬૦}{૭} = ૪ + ૬\ ઉત્તર$$

$$\therefore \frac{૧૬૦}{૭} - ૪ = ૬\ ઉત્તર$$

$$\therefore ૧૮\frac{૬}{૭} = ૬\ ઉત્તર$$

$$\therefore ઉત્તર = ૩\frac{૧}{૭}$$ જવાબ. ૩$\frac{૧}{૭}$

૨૫. આદિ ૫, ઉત્તર ૩. અંત્ય ૩૦૨, છે માટે.

$$ગચ્છ = \frac{અંત્ય - આદિ}{ઉત્તર} + ૧$$

$$\therefore ગચ્છ = \frac{૩૦૨ - ૫}{૩} + ૧$$

$$\therefore ગચ્છ = \frac{૨૯૭}{૩} + ૧$$

$$\therefore ગચ્છ = ૯૯ + ૧ = ૧૦૦$$

$$સર્વધન = \frac{ગચ્છ}{૨} \times (આદિ + અંત્ય)$$

$$\therefore સર્વધન = \frac{૧૦૦}{૨} \times (૫ + ૩૦૨)$$

$$\therefore સર્વધન = \frac{\overset{૫૦}{૧૦૦}}{૨} \times \frac{૩૦૭}{૧} = ૧૫૩૫૦$$

જવાબ. ૧૦૦, ૧૫૩૫૦.

ઉદાહરણ સંગ્રહ. ૧૬.

ભૂમિતિ શ્રેઢી.

ગણિત શ્રેઢીમાં જેને ઉત્તર કહે છે તેને આમાં ગુણોત્તર કહે છે.

$$\text{અંત્ય} = \text{આદિ} + \text{ગુણોત્તર}^{(\text{ગચ્છ} - ૧)} \qquad \text{ગુણોત્તર} = \sqrt[\text{ગ}-૧]{\frac{\text{અંત્ય}}{\text{આદિ}}}$$

$$\text{સર્વધન} = \frac{\text{આદિ}\ (\text{ગુણોત્તર}^{\text{ગચ્છ}} - ૧)}{\text{ગુણોત્તર} - ૧}$$

$$\text{સર્વધન} = \frac{\text{આદિ}\ (૧ - \text{ગુણોત્તર}^{\text{ગચ્છ}})}{૧ - \text{ગુણોત્તર}.} \qquad \text{સર્વધન} = \frac{\text{આદિ}}{૧ - \text{ગુણોત્તર}.}$$

૧. આદિ ૧, ગુણોત્તર ૪ અને ગચ્છ ૬ છે માટે

$$\text{સર્વધન} = \frac{\text{આદિ} \times (\text{ગુણોત્તર}^{\text{ગચ્છ}} - ૧)}{\text{ગુણોત્તર} - ૧} \qquad \therefore \text{સર્વધન} = \frac{૧ \times (૪^{૬} - ૧)}{૪ - ૧}$$

$$\therefore \text{સર્વધન} = \frac{૧ \times ૪૦૯૬ - ૧}{૩} = \frac{૪૦૯૫}{૩} = ૧૩૬૫$$

જવાબ. ૧૩૬૫

૨. પહેલા પ્રમાણે

$$૩.\quad \text{ગુણોત્તર} = \sqrt[\text{ગ}-૧]{\frac{\text{અંત્ય}}{\text{આદિ}}} = \sqrt[૪]{\frac{૨૫૬}{૧}} = ૪$$

૪,૧૬,૬૪

૪. ભૂમતિ મધ્ય પ્રમાણ $= \sqrt{\text{વચલા બે પદનો ગુણાકાર}}$
$= \sqrt{૧૨ \times ૧૭૨૮}$
$= \sqrt{૨૦૭૩૬} = ૧૪૪$

જવાબ. ૧૪૪

૫. ૧. $\frac{૧૫}{૧૦૦} + \frac{૧૫}{૧૦૦૦૦} + \frac{૧૫}{૧૦૦૦૦૦૦} + \cdots\cdots\cdots$ $\frac{૧}{૧૦૦}$ ગુણોત્તર. $\frac{૧૫}{૧૦૦}$ આદિપદ છે માટે—

$$\text{સર્વધન} = \frac{\text{આદિ}}{૧-\text{ગુણોત્તર}} = \frac{\frac{૧૫}{૧૦૦}}{૧-\frac{૧}{૧૦૦}} = \frac{૧૫}{૧૦૦} \times \frac{૧૦૦}{૯૯} = \frac{૫}{૩૩}$$

૨. $\frac{૨૮}{૧૦૦} + \frac{૧૩}{૧૦૦૦૦} + \frac{૧૩}{૧૦૦૦૦૦૦} + \cdots\cdots\cdots$ $\frac{૧૩}{૧૦૦૦૦}$ આદિને $\frac{૧}{૧૦૦}$ ગુણોત્તર છે માટે—

$$\text{સર્વધન} = \frac{\text{આદિ}}{૧-\text{ગુણોત્તર}} = \frac{\frac{૧૩}{૧૦૦૦૦}}{૧-\frac{૧}{૧૦૦}} = \frac{૧૩}{૧૦૦૦૦} \times \frac{૧૦૦}{૯૯} = \frac{૧૩}{૯૯૦૦}$$

$\frac{૧૩}{૯૯૦૦} + \frac{૨૮}{૧૦૦} = \frac{૨૭૮૫}{૯૯૦૦} = \frac{૫૫૭}{૧૯૮૦}$ જવાબ. $\frac{૫}{૩૩}$, $\frac{૫૫૭}{૧૯૮૦}$

૬. આદિ ૧૦, ગુણોત્તર $\frac{૯}{૧૦}$, ગચ્છ ૧૦

$$\text{અંત્ય} = \text{આદિ} \times \text{ગુણોત્તર}^{\text{ગ}-૧}$$
$$= ૧૦ \times \left(\frac{૯}{૧૦}\right)^{૯}$$
$$= \frac{૧૦}{૧} \times \frac{૩૪૮૬૭૮૪૪૦૧}{૧૦૦૦૦૦૦૦૦૦૦}$$

$\frac{૩૪૮૬૭૮૪૪૦૧}{૧૦૦૦૦૦૦૦૦૦} = ૩૪.૮૬૭૮૪૪૦૧$ ૩૪.૮૬૭૮૪૪૦૧ જવાબ.

૭. ભૂમિતિ મધ્ય પ્રમાણ $= \sqrt{૨૭+૨૪૩} = \sqrt{૬૫૬૧} = ૮૧$

ગુણોત્તર $= ૮૧ \div ૨૭ = ૩$ જવાબ. ૩

૮. આદિ ૧, અંત્ય ૬૫૬૧ અને ગચ્છ ૯ છે તો ગુણોત્ત-

$$\text{ર}=\sqrt[\text{ગ-૧}]{\frac{\text{અંત્ય}}{\text{આદિ}}}=\sqrt[૮]{\frac{\text{અંત્ય}}{\text{આદિ}}}=\sqrt[૮]{\frac{૬૫૬૧}{૧}}=૩$$

જવાબ. ૩

૯. ૧૦૦૦૦ આદિ. ૧૪૬૪૧ અંત્ય અને ૫ ગચ્છ છે માટે—

$$\text{ગુણોત્તર}=\sqrt[\text{ગ-૧}]{\frac{૧૪૬૪૧}{૧૦૦૦૦}}=\sqrt[૪]{૧.૪૬૪૧}=૧.૧$$

૧ રૂ. નું ૧.૧ વ્યા. મુદ્દલ માટે ૧ રૂ. નું $\frac{૧}{૧૦}$ વ્યાજ

૧ રૂ. : ૧૦૦ રૂ. :: $\frac{૧}{૧૦}$: ઇષ્ટ વ્યાજ

∴ ઇષ્ટ વ્યાજ=૧૦

જવાબ ૧૦ ટકા.

૧૦. ૧૦૦૦૦ આદિ, ૧૩૩૧૦ અંત્ય. ૪ ગચ્છ છે માટે—

$$\text{ગુણોત્તર}=\sqrt[૪-૧]{\frac{૧૩૩૧૦}{૧૦૦૦૦}}=\sqrt[૩]{૧.૩૩૧}=૧.૧$$

૧ માણસનું ૧ વર્ષે ૧.૧ થાય માટે $\frac{૧}{૧૦}$ વધે.

૧ મા. : ૧૦૦ મા. :: $\frac{૧}{૧૦}$ વધે. : ઇષ્ટ વધે.

∴ ઇષ્ટ=૧૦

જવાબ સેંકડે ૧૦ વધે.

ઉદાહરણ સંગ્રહ ૧૮.

પાયા પ્રકરણ.

૧. ૧૨૫ એ દશના પાયાની સંખ્યા છે તેને ૨ અને ૩ ના પાયામાં લાવવી છે.

૨	૧૨૫
૨	૬૨—૧
૨	૩૧—૦
૨	૧૫—૧
૨	૭—૧
૨	૩—૧
	૧—૧

જવાબ ૧૧૧૧૧૦૧

૩	૧૨૫
૩	૪૧—૨
૩	૧૩—૨
૩	૪—૧
	૧—૧

જવાબ ૧૧૧૨૨.

૨.

૧૨	૭૦૧૯૧
૧૨	૫૮૪૯—૩
૧૨	૪૮૭—૫
૧૨	૪૦—૭
	૩—૪

જવાબ. ૩૪૭૫૩.

૧૨	૨૭૧૭૨૬
૧૨	૨૨૬૪૩—૬
૧૨	૧૮૮૬—અ
૧૨	૧૫૭—૨
૧૨	૧૩—૧
	૧—૧

જવાબ. ૧૧૧૨અ૬.

૩. ૧ ના પાયાની સંખ્યામાં એકમમાં મોટામાં મોટી સંખ્યા ૯ છે તેમ ૧૨ ના પાયામાં એકમમાં મોટામાં મોટી સંખ્યા અ (૧૧) છે. દાખલામાં ૫ આંકડાની ૧૨ ના પાયાની મોટી સંખ્યા લેવાનું કહેલું છે માટે ૫ વાર અ લેવાથી તે સંખ્યા આવે. પછી તે સંખ્યાને ૧૦ ના પાયામાં લાવવાથી જવાબ આવે છે. તે નીચે મુજબ

અઅઅઅઅ

×૧૨
૧૩૨
+૧૧(અ)
૧૪૩
×૧૨
૧૭૧૬
+૧૧(અ)
૧૭૨૭
×૧૨
૨૦૭૨૪

૨૦૭૨૪
+૧૧ (અ)
૨૦૭૩૫
×૧૨
૨૪૮૮૨૦
+૧૧(અ)
૨૪૮૮૩૧

જવાબ. ૨૪૮૮૩૧

૪. ચારના પાયાની ૧૧૩૨ અને ત્રણના પાયાની ૨૨૧૦ એ બન્ને સંખ્યાઓને બેના પાયામાં લાવીશું ત્યારે કઇ મોટી અને કઇ નાની તે જણાશે. અને બાદબાકી પણ થઇ શકશે. આ સંખ્યાઓને પ્રથમ દશના પાયામાં લાવી પછીથી બેના પાયામાં લવાય અગર તે સંખ્યાઓ ઉપરથી બારોબાર પણ બેના પાયાની નીકળી શકે.

પહેલી રીતે એટલે દશના પાયાની કાઢીને બેના પાયાની કાઢવાની રીત ૧૧૩૨ ઉપરથી. ૧×૪+૧=૫, ૫×૪+૩=૨૩. ૨૩×૪+૨=૯૪ દશના પાયાની તેમજ ૧૨૧૦ ઉપરથી ૨×૩+૨=૮, ૮×૩+૧=૨૫. ૨૫×૩+૦ = ૭૫ દશના પાયાની.

૨	૯૪
૨	૪૭—૦
૨	૨૩—૧
૨	૧૧—૧
૨	૫—૧
૨	૨—૧
	૧—૦

૨	૭૫
૨	૩૭—૧
૨	૧૮—૧
૨	૯—૦
૨	૪—૧
૨	૨—૦
	૧—૦

પહેલી ૧૦૧૧૧૧૦. બીજી ૧૦૦૧૦૧૧ માટે પહેલી મોટી.

```
 ૧૦૧૧૧૧૦
 ૧૦૦૧૦૧૧
 -------
   ૧૦૦૧૧
```

એના પાયાની સંખ્યા છે માટે ડાબી બાજુએથી ૧ વદી લઇએ તેના જમણી તરફના અંકના ૨ થાય (દશના પાયાની સંખ્યામાં ૧૦ થાય છે તે રીતે આમાં બે થાય જેટલાના પાયાની સંખ્યા હોય તેટલા વદીના ગણાય.)

બીજી રીતે એટલે ચારના અને ત્રણના પાયાની સંખ્યા ઉપરથી બારોબાર બેના પાયામાં લાવવાની રીત. આમાં પણ ગર્ભિત રીતે તો ઉપલો જ નિયમ લાગુ પડે છે કારણ કે વદીના બે બે ભાગતા જવાનું છે.

૨	૧૧૩૨
૨	૨૩૩—૦
૨	૧૧૩—૧
૨	૨૩—૧
૨	૧૧—૧
૨	૨—૧
	૧—૦

૨	૨૨૧૦
૨	૧૧૦૧—૧
૨	૨૦૦—૧
૨	૧૦૦—૦
૨	૧૧—૧
૨	૨—૦
	૧—૦

જ. ૧૦૧૧૧૧૦, ૧૦૦૧૦૧૧. બાકીનો હિસાબ ઉપર રીતે કરો.

૫. નીચેની સંખ્યાઓ ૭ ના પાયાની છે માટે વદીના ૭ ગણવા. ઉપરના હિસાબમાં વદીના ૨ ગણીને બાદબાકી કરી છે તેમ આમાં વદીના ૭ ગણીને સરવાળો કરવો.

```
 ૨૧૪૩૬
  ૩૬૫૪
 ૫૦૬૧૩
 ------
૧૦૬૩૩૬
```

આ સંખ્યા ૭ ના પાયાની થઇ.

વદીના ૧૦૨૧૧, જવાબ ૧૪૪૨૩.

૬. ૩૧૨૦૪

૧૨૩૪૧ વદીના ૬ ગણવા, કારણકે ૭ ના પાયાની સંખ્યા

૧૪૪૨૩ છે. જવાબ. ૧૪૪૨૩.

૭. ૧૪.૫ અને ૧૮.૯ એ બારના પાયાની સંખ્યાઓ છે એમને પહેલી ૧૦ ના પાયામાં લાવવી. દશના પાયામાં દશાંશ ચિન્હ ૧૦ ભાગ બતાવે છે તેમ બારના પાયામાં ૧૨ મો ભાગ બતાવે છે માટે .૫ = $\frac{૫}{૧૨}$ અને .૯ = $\frac{૯}{૧૨}$. આમ $\frac{૫}{૧૨}$ અને $\frac{૯}{૧૨}$ એ દશના પાયાના થયા. હવે ૧૪ = ૧×૧૨+૪ = ૧૬ અને ૧૮ = ૧×૧૨×૮ = ૨૦ થયા માટે ૧૬$\frac{૫}{૧૨}$ અને $\frac{૯}{૧૨}$ = $\frac{૩}{૪}$ માટે ૨૦$\frac{૩}{૪}$ એ એ દશના પાયાની સંખ્યાઓ થઇ માટે ૧૬$\frac{૫}{૧૨}$×૨૦$\frac{૩}{૪}$ = ૩૪૦$\frac{૩૧}{૪૮}$ અથવા ૩૪૦.૬૪૫૮૩.

જવાબ ૩૪૦$\frac{૩૧}{૪૮}$, અગર ૩૪૦.૬૪૫૮૩

૮.		
૧૨	૧૪૯૬	
૧૨	૧૨૪—૦	
૧૨	૧૦—૪	
	૦—૧૦	

૧૧ ના પાયાની સંખ્યા છે માટે ઉતરતી કીમત બનાવતાં ૧૧ ગુણી તે સ્થાનનો અંક ઉમેરવો. જવાબ. ૧૧૪૦

૯. ૨૪૬૩૩ ને નવના પાયા પ્રમાણે ૬ એ ભાગવા છે એટલે દશના પાયામાં શેષને ૧૦ એ ગુણીએ છીએ તેમ આમાં નવે ગુણવા.

૬	૨૪૬૩૩
	૩૭૦૫—૦

આમાં ૨ ને ૬ એ ભગાતા નથી માટે ૨×૯ = ૧૮+૪ = ૨૨, ૨૨÷૬ = ૩ અને ૪ શેષ ૪×૯=૩૬+૬ = ૪૨, ૪૨÷૬ = ૭ અને ૦ શેષ. ૩ ને ભાગ નથી ચાલતો માટે ભાગાકારમાં શુન્ય, અને ૩×૯ = ૨૭+૩ = ૩૦÷૬ = ૫ જવાબ. ૩૭૦૫.

૧૦. ૧૦ ના પાયાના ૧૨ ઇંચનો ફુટ થાય છે એ ૧૨ ને ૧૨ ના પાયામાં લાવીએ તો ૧૦ આવ્યા માટે બારના પાયાના ૧૦ ઇંચનો એક ફુટ માટે ૧૦×૧૦×૧૦=૧૦૦૦. બારના પાયાના ઘન ઇંચનો ઘનફુટ.

જવાબ. ૧૦૦૦.

૧૧. ૪૦૯૬ એવડું પાઇસ પૌન્ડ ૧૦ ના પાયાના છે. ૧ પૌન્ડના ડ્રામ ૨૫૬ માટે ૪૦૯૬×૨૫૬=૧૦૪૮૫૭૬ એ દશના પાયાની સંખ્યા થઇ તેને ૧૬ ના પાયામાં લાવીએ એટલા ડ્રામ આવે.

૧૬	૧૦૪૮૫૭૬
૧૬	૬૫૫૩૬—૦
૧૬	૪૦૯૬—૦
૧૬	૨૫૬—૦
૧૬	૧૬—૦
	૧—૦

અથવા ૧૦ ના પાયાના ૧૬ ડ્રામનો ઔાંસ લઇએ તો ૧૬ ના પાયાના ૧૦ ડ્રામનો ઔાંસ અને ૧૦ ઔાંસનો પૌન્ડ થયો માટે ૧૦×૧૦=૧૦૦ ડ્રામનો પૌન્ડ. અને ૧૦ ના પાયાના ૪૦૯૬ પૌન્ડ તે ૧૬ ના પાયાના ૧૦૦૦ પૌન્ડ થયા માટે ૧૦૦૦×૧૦૦=૧૦૦૦૦૦

જ. ૧૦૦૦૦૦ જવાબ. ૧૦૦૦૦૦

૧૨. ૧ રૂપીઆની પાઈ ૧૯૨ એ દશના પાયાની સંખ્યા છે તેને ૪ ના પાયામાં લાવવી.

૪	૧૯૨
૪	૪૮—૦
૪	૧૨—૦
	૩—૦

જવાબ. ૩૦૦૦

૧૩. બારના પાયાની ૧૦૦૦ દોરીતો ૧૦ ના પાયાની નીચે મુજબ ૧૭૨૮ દોરી થઇ.

૧૦૦૦ ૧ ઇંચ = ૧૨ દોરી.

```
  ૧૨                                  ૧ ફુટ. = ૧૨ ઈંચ.
 ____
૧૨+૦=૧૨
     ૧૨
    ____
    ૧૪૪+૦=૧૪૪
          ૧૨
         ____
         ૧૭૨૮
           +૦                  ૧૭૨૮÷૧૨=૧૪૪ ઈંચ.
         ____
         ૧૭૨૮               ૧૪૪ ઈંચ ÷ ૧૨=૧૨ ફુટ.
```

૧૪. ૧૩૬ બે આનીના ૧૭ રૂપીઆ થયા તે દશના પાયાની સંખ્યા છે એને બેના પાયામાં લાવવી છે.

```
૨ | ૧૭
  |______
૨ | ૮—૧
  |______
૨ | ૪—૦
  |______          જવાબ. ૧૦૦૦૧.
૨ | ૨—૦
  |______
  | ૧—૦
```

૧૫. ૧ હંડ્રવેટના ૧૧૨ પૌન્ડ માટે ૩ હંડ્રવેટના ૩૩૬ પૌન્ડ થયા માટે ૧, ૨, $૨^{૨}$, $૨^{૩}$ ઈત્યાદિ રકમોમાંથી કઇ સંખ્યાઓનો સરવાળો ૩૩૬ થાય તે કાઢવાનું છે અને તે રકમો ૨, $૨^{૨}$, $૨^{૩}$, $૨^{૪}$ વગેરે છે એટલે એનો કોઇપણ ઘાત છે. ૨ ના પાયાની સંખ્યા તે પણ બેનો કોઇપણ ઘાત છે, કારણ કે ૨ ના પાયાના દરેક અંકની કીંમત ૨ ના ઘાત ઉપર આધાર રાખે છે માટે ૧૦ ના પાયાની ૩૩૬ ની સંખ્યાને ૨ ના પાયાની સંખ્યામાં આણી તો તે ૧૦૧૦૧૦૦૦૦ આવી.

એ સંખ્યામાં જ્યાં આંકડા છે તે સંખ્યા લેવાથી જોખવાનાં કાટ-

લાં આવે છે. આ સંખ્યા ૨ ના પાયાની છે માટે જમણી તરફથી ડાબી તરફ ગણતાં ૧ ના આંકડા ઉપર જે વારસંખ્યાંક આવતો હોય તે ૨ નો વારસંખ્યાંક લેવો એટલે ૧૦ ના પાયાની તે સંખ્યા આવશે. શુન્યનો ગમે તે વારસંખ્યાંક લેતાં તે સંખ્યા શુન્ય આવે છે માટે શુન્યના અંકની જરૂર નથી.

માટે $૧૦૧૦૧૦૦૦૦=૧×૨^{૮}+૧×૨^{૬}+૧×૨^{૪}$. $૧×૨^{૮}=૨૫૬$. $૧×૨^{૬}=૬૪$. $૧×૨^{૪}=૧૬$. જવાબ. ૨૫૬, ૬૪, ૧૬.

૧૬ ૪ ફુટ ૩ ઇંચ અને ૮ ફુટ ૬ ઇંચ એ દશના પાયાના છે એને બારના પાયામાં લાવીએ તો ૩ ઇંચ = ·૩ અને ૬ ઇંચ = ·૬ એકમ દશ તેમ બારથી ઓછા છે માટે તેના તેજ રહ્યા માટે ૪·૩ ફુટ અને ૮·૬ ફુટ થયા. એ બેનો ગુણાકાર બારના પાયા પ્રમાણે કર્યો.

ε = ૧૦ સમજવો.

```
  ૪·૩
  ૮·૬
 ----
  ૨૧૬
 ૨ε૦
 ----
 ૩૦·૧૬
```

બારના પાયા પ્રમાણે ૩૦ ચોરસ ફુટ અને ૧૬ ચોરસ ઇંચ આવ્યા. તેને ૧૦ ના પાયામાં લાવતાં ૩૦=૩૬ ચોરસ ફુટ અને ૧૮ ચોરસ ઇંચ આવ્યા.

૧૭. ૩½ ઈંચ = ૩ ઈંચ ૬ દોરી. (૧૨ દોરી = ઈંચ છે માટે) ઉપર જણાવ્યા પ્રમાણે ફુટ સાથે ઇંચ લખતાં દ્વાદશાંશ રીતે જેમ (·) દશાંશ ચિન્હ આવે છે તેમજ ઇંચ સાથે દોરી લખતાં પણ ઈંચનો બારમો ભાગ દોરી હોવાથી ઇંચની સાથે દોરી લખતાં વચમાં (·) ચિન્હ થાય. અને તે બારગણી કિંમતનો અંક જણાવે; માટે ૩ ઇંચ ૬ દોરી = ૩·૬ ઈંચ તેને ફુટની સાથે લખતાં ·૩૬ ફુટ. ૨૧૭ દશના પાયાના છે તેના બારના પાયામાં ફુટ લાવતાં. ૧૬૧ ફુટ માટે ૧૬૧·૩૬ ફુટ લંબાઈ.

$\frac{૩}{૭}$ ચો. ઇંચ = ૫૪ ચો. દોરી દશના પાયાથી માટે ૧૨ ના પાયાથી ૪૬ ચોરસ દોરી. ૧૩૦ ચો. ઈ. = ૬૬ ચો. ઈ. ૧૨ ના પાયાના. અને ૩૩૩૭૬ ચો. ફુટ = ૧૭૩૯૪ ચો. ફુટ ૧૨ ના પાયાના. ક્ષેત્રફળને લંબાઈએ ભાગવાથી પોહોળાઇ આવશે. માટે બારના પાયાંથી ૧૭૩૯૪ ૬૬૪૬ ÷ ૨૧૭·૩૬

૧૬૧·૩૬) ૧૭૩૯૪·૬૬૪૬ (૧૦૯·૭૩

બારના પાયાથી

```
૧૬૧૩૬
-----
 ૧૨૫૬૬૬
 ૧૧૬અ૭૬
 -------
 ૦૦૬અ૩૪૪
   ૬૬૯૦૬
   -----
   ૪૬૩૬૬
   ૪૬૩૬૬
   ૦૦૦૦૦
```

૧૦૯·૭૩=૧૦૯ ફુટ ૭ ઇંચ ૩ દોરી.

```
  ૧૨
  --
  ૧૨
 ×૧૨
 ---
 ૧૪૪+૯=૧૫૩ ફુટ ૭¼ ઇંચ
```

૩ દોરી = ¼ ઇંચ

જવાબ ૧૫૩ ફુટ. ૭¼ ઇંચ પોહોળાઇ.

૧૮. દોરી એ ઇંચનો બારમો ભાગ છે. ફુટની સાથે દ્વાદશાંશ પદ્ધતિથી ઇંચ લખતાં દશાંશ ચિન્હ જેવું ટપકું મૂકવામાં આવે છે કારણકે બાર ઇંચનો ફુટ થાય છે તેમજ ઇંચની સાથે દોરી લખવામાં પણ તેવું ચિન્હ આવે. માટે ૩ ઇંચ ૬ દોરી = ૩·૬ ઇંચ દ્વાદશાંશથી. તેને ફુટમાં લખતાં ·૩૬ ફુટ. ૧૭ ફુટ દશના પાયાના છે માટે ૧૨ ના પાયાના ૧૫ ફુટ માટે બારના પાયા લેખે ૧૫·૩૬ ફુટ લંબાઈ. તેજ રીતે ૧૨ ફુટ ૯

ઈંચ = ૧૦·૯ પોહોળાઈ આ એનો ગુણાકાર ૧૨ ના પાયાની રીતે નીચે સુજમ થાય.

```
૧૫·૩૬
૧૦·૯
-------
૧૦અ૭૬
૧૫૩૬
-------
૧૬૪·૫૭૬ બારના પાયાના ચો. ફુટ.
 ૧૨
-------
 ૧૨          ૫·૭          ૬
 +૬          ૧૨           ૧૨
            -----        -----
 ૧૮          ૬૦           ૭૨ ચો. દોરી.
+૧૨          ×૭
            -----
૨૧૬          ૬૭ ચો ઈં.
+ ૪
-------
૨૨૦ ચો. ફુટ.
```

જવાબ. ૨૨૦ ચો. ફુટ. ૬૭ ચો. ઈં. ૭૨ ચો. દોરી.

૧૯. ૨/૩ ઇંચ = ૮ દોરી. ૫/૬ ઈંચ = ૧૦ દોરી.

તો દશના પાયાથી ૩૪ ફુટ, ૭ ઈંચ ૮ દોરી દીવાન ખાનાની લંબાઇ.

„ ૨૭ ફુટ, ૧૧ ઈંચ, ૧૦ દોરી „ પોહોળાઈ

૩૪ ફુટ = ૨૬ બારના પાયાના અને ૨૭ ફુટ = ૨૩ બારના પાયાના અને ઉપર ૧૮ મા દાખલામાં બતાવ્યા મુજબ ૭ ઇંચ ૮ દોરી =·૭૮ અને ૧૧ ઈંચ ૧૦ દોરી = અ૬

માટે ૨૬·૭૮ × ૨૩·અ૬.

```
૨૬·૭૮
૨૩·અ૬
-------
```

```
  ૨૪૬૪૮
  ૨૭૯૦૪
  ૮૭૩૫૦
  ૫૯૩૪
 ________
 ૬૮૯.૪૬૮૮

 ૧૨        ૪૬       ૮૮
 ___       ૧૨       ૧૨
 ૭૨        ___      ___
 +૮        ૪૮       ૯૬
 ___       +૧૦      +૮
 ૮૦        ___      ___
 ૧૨        ૫૮ ચો. ઇં. ૧૦૪ ચો. દોરી
 ___
૯૬૦
 +૯
 ___
૯૬૯ ચો. ફુટ.
```

જવાબ. ૯૬૯ ચો. ફુ. ૫૮ ચો. ઇં. ૧૦૪ ચો દોરી.

૨૦. ઉપરના હિસાબોમાં ફૂટ ઇંચમાં લંબાઇ પહોળાઇના ગુણાકારો કરવામાં દ્વાદશાંશ પદ્ધતિથી ઇંચના ફૂટ કરી ગુણાકાર કરેલા છે તેમ નહિ કરતાં ફૂટના ઇંચ દોરી વગેરે કરી ગુણાકાર કરવાથી પણ હિસાબ થાય છે.

આ હિસાબમાં ઘનમાંપ ઉપરથી મજુરી ખર્ચ કાઢવાનું છે માટે ઇ, પોહોળાઇ અને જાડાઇનો ગુણાકાર કરવો પડશે.

૧૫ ફૂ. ૭ ઇંચ = ૧૮૭ ઈંચ.	}	૧૦ ના પાયાના.
૧૩ ફૂ. ૫ ઇંચિ = ૧૬૧ ઇંચ.		
૧૨ ફૂ. ૧૧ ઇંચિ = ૧૫૫ ઇંચ.		

ઉપરના ઈંચને ૧૨ ના પાયામાં લાવતાં અનુક્રમે ૧૩૭, ૧૧૫ અને ૧૦૫ ઇંચિ થયા તેમનો ગુણાકાર નીચે મુજબ ૧૨ ના પાયાથી.

```
      ૧૩૭
     ×૧૧૫
    ------
     ૬૫અ
    ૧૩૭
   ૧૩૭
  --------
   ૧૫૫૦અ
    ×૧૦અ
  --------
   ૧૩અ૭૬૧
  ૧૫૫૦અ
 ---------
  ૧૬૯૦૬૬૧     ઘનઇંચ ૧૨ ના પાયાથી.
```

ઉપરના ઘનઇંચને ૧૦ ના પાયામાં લાવતાં ૪૬૬૬૫૮૫ ઘનઇંચ÷ ૧૭૨૮×$\frac{૩}{૩૨}$ રૂ. (૬ પૈસા = $\frac{૩}{૩૨}$ રૂ.) $\frac{૪૫૬૬૫૮૫}{૧૭૨૮}$×$\frac{૩}{૩૨}$=$\frac{૪૬૬૬૫૮૫}{૧૭૨૮×૩૨}$ =૨૫૩ રૂ. ૨ આના ૧૦$\frac{૨૫}{૯૬}$ પાઇ.

જવાબ. ૨૫૩ રૂ. ૨ આ. ૧૦$\frac{૨૫}{૯૬}$ પાઇ.

ઉદાહરણ સંગ્રહ ૧૯.

હુંડી.

૧. ૪૭ પૌં: ૩ શિ. ૯ પેન્સ. = $\frac{૭૫૫}{૧૬}$ પૌંડ.

૧ શિ. ૧૦$\frac{૧}{૨}$ પેન્સ = $\frac{૩}{૩૨}$ પૌંડ.

$\frac{૩}{૩૨}$ પૌં. : $\frac{૭૫૫}{૧૬}$ પૌ. :: ૧ રૂ.=૫૦૩ રૂ. ૫ આ. ૪ પાઇ.

૨. પૌંડનો ભાવ ૫ વત્તાળાનો થયો એટલે ૧૦૦ ના ૧૦૫ થયા.
૪ શિ. ૨ પેન્સ = $\frac{૫}{૨૪}$ પૌંડ.

૧૦૦ પૌં. : ૧૨૦ પૌ. :: ૧૦૫ પૌંડ. : ઇષ્ટ પૌંડ. = ૧૨૬

$\frac{૫}{૨૪}$ પૌંડ. : ૧૨૬ પૌંડ. :: ૧ ડૉલર : ઇષ્ટ ડૉલર =૬૦૪.૮ જવાબ.

૩. પૌંડની કિંમત સેંકડે ૧૦ ઓછી થઇ એટલે ૧૦૦ ની ૯૦ થઇ માટે—

૩૩૭ પોંડ. ૧૦ શિ. = $\frac{૬૭૫}{૨}$ પોંડ.

૧૦૦ પોં. : $\frac{૬૭૫}{૨}$ પોં. :: ૯૦ પોંડ. : ઇષ્ટ પોંડ. = $\frac{૧૨૧૫}{૪}$ પોંડ.

૧ પોંડ. : $\frac{૧૨૧૫}{૪}$ પોંડ. :: ૧૫ રૂ. : ઇષ્ટ રૂ. = ૪૫૫૬ રૂ. ૪ આ. જવાબ.

૪. ૨ રૂ. ૨$\frac{૨}{૫}$ આના. = $\frac{૪૩}{૨૦}$ રૂ.

$\frac{૫૩૭૫}{૧૦૦૦}$ ફ્રેંક : ૨૫૦ ફ્રેંક. :: $\frac{૪૩}{૨૦}$ રૂ. : ઇષ્ટ રૂ. = ૧૦૦ જવાબ.

૭ જો ભાવ ઘટયો ન હોત તો ૪૫×૧૫=૬૭૫ રૂ. આપવા પડત પણ ભાવ ઘટવાથી—

૯૦ રૂ. : ૧૫ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂ.= $\frac{૫૦}{૩}$ રૂ.

$\frac{૫૦}{\cancel{૩}}\times\frac{\overset{૧૫}{\cancel{૪૫}}}{૧}$=૭૫૦ રૂ.

પહેલાં ૬૭૫ રૂ. આપવા પડતા તે હાલ ૭૫૦ આપવા પડશે માટે ૭૫૦−૬૭૫=૭૫ રૂ. વધારે આપવા પડશે. જવાબ ૭૫.

૮. જો ભાવ વધ્યો ન હોત તો ૭૨×૧૫=૧૦૮૦ રૂ. આપવા પડે પણ ભાવ વધ્યો છે માટે—

૧૦૮ રૂ. : ૧૫ રૂ. :: ૧૦૦ રૂ. : ઇષ્ટ રૂ. = $\frac{૧૨૫}{૯}$

$\frac{૧૨૫}{\cancel{૯}}\times\frac{\overset{૮}{\cancel{૭૨}}}{૧}$=૧૦૦૦. પહેલાં ૧૦૮૦ રૂ. આપવા પડતા તે હવે ૧૦૦૦ આપવા પડે માટે ૧૦૮૦−૧૦૦૦=૮૦ ઓછા આપવા પડે. જવાબ ૮૦

૯. ૫૦૦૦૦ ની લોન ૯૭$\frac{૧}{૨}$ ને ભાવે વેચી માટે—

૧૦૦ રૂ. લોન : ૫૦૦૦૦ રૂ. લોન :: $\frac{૧૯૫}{૨}$ રૂ. : ઇષ્ટ રૂ.=૪૮૭૫૦

૧ રૂ. = ૧ શિ. ૭$\frac{૧}{૨}$ પેન્સ છે માટે ૪૮૭૫૦ રૂ.= $\frac{૬૩૩૭૫}{૧૬}$ પોંડ થયા.

$\frac{૨૦૫}{૨}$ પોં. : $\frac{૬૩૩૭૫}{૧૬}$ પો. :: ૫ વ્યાજ : ઇષ્ટ પોંડ વ્યાજ = ૧૯૩$\frac{૭૧}{૩૨૮}$ પોંડ જવાબ.

૧૦. ૧ શિ. ૬ પેન્સ = $\frac{૩}{૨}$ શિ.

૧ રૂ. : ૨૫૦૦ રૂ. :: $\frac{૩}{૨}$ શિ. : ઇ. શિ. =૩૭૫૦ શિ. મદ્રાસમાં લીધા.

૧ શિ. : ૩૭૫૦ શિ. :: $\frac{૧૧}{૧૬}$ રૂ. : ઇઇ રૂ.=૨૫૭૮ રૂ. ૨ આ.

૨૫૭૮ રૂ. ૨ આના ઉપજ્યાને ૨૫૦૦ એટલા માટે ૭૮ રૂ. ૨ આ. નફો. જવાબ. ૭૮ રૂ. ૨ આના.

ઉદાહરણ સંગ્રહ ૨૦.

મિશ્ર પ્રકરણ.

૧.

૯	૮	...........૧
	૮ા	.........૧ાાા
	૧૦	.........૨
	૧૦ાા	.........૦ાાા

૧૩૪. ધારો કે તે માલ ૧ હંડ્રવેટ ખપતો હશે તો તે પ્રથમ ૬ શિલિંગ કર આપતો હશે. હવે ખપ નીમે વધ્યો એટલે ૧ ને બદલે ૧$\frac{૧}{૨}$ હંડ્રવેટ માલ ખપવા લાગ્યો એટલે તેની જકાત સરકારને ૬×૧$\frac{૧}{૨}$ = ૯ હંડ્રવેટ મળવી જોઇએ. પણ તેને બદલે પ્રથમ કરતાં $\frac{૧}{૩}$ ઓછી મળે છે એટલે $\frac{૬×૧}{૩}$=૨ શિ. ઓછી મળે છે માટે ૪ શિ મળતી હશે. ૯−૪=૫ શિ. ઉપજ ૧$\frac{૧}{૨}$ હંડ્રવેટ ઉપર ઓછી આવી માટે $\frac{૩}{૨}$: ૧ :: ૫ = ૩$\frac{૧}{૩}$ શિલિંગ. જવાબ.

૧૩૫. ધારો કે પ્રથમ દરેક જાતનું એકેક એટલે કુલ બે ઘેટાં ૩+૪=૭ રૂ. આપી લીધાં, પણ તેણે સરખા રૂપીઆના એટલે ૩$\frac{૧}{૨}$ રૂ. ના દરેક જાતનાં ઘેટાં લીધાં હોત તો ૩ રૂ. : ૩$\frac{૧}{૨}$ રૂ. :: ૧ ઘેટું=$\frac{૭}{૬}$ ઘેટાં આવે.

૪ રૂ. : ૩$\frac{૧}{૨}$ રૂ. :: ૧ ઘેટું=$\frac{૭}{૮}$ ઘેટાં આવે. બધાં થઇને $\frac{૭}{૬}$+$\frac{૭}{૮}$ = $\frac{૪૯}{૨૪}$=૨$\frac{૧}{૨૪}$ ઘેટાં આવે અને પ્રથમ તેટલાજ રૂપીઆમાં ૨ ઘેટાં આવતાં હતાં, માટે આ વખતે ૨$\frac{૧}{૨૪}$−૨=$\frac{૧}{૨૪}$ ઘેટાં વધારે આવ્યાં; પણ ૨ ઘેટાં વધારે આવવાનાં કહ્યાં છે માટે $\frac{૧}{૨૪}$: ૨ :: ૨=૯૬ ઘેટાં જવાબ.

૧૩૬. જો હોડીવાળો પ્રવાહની સાથે હોડી ૧ કલાકમાં ૧ માઇલ લઇ જાય તો સામે પ્રવાહે ૧ મૈલ જવાને તેને ૫ કલાક થાય. એટલે પ્રવાહ સાથે હોડીનો વેગ કલાકે ૧ માઇલને પ્રવાહ સામે હોડીનો વેગ

કલાકે $\frac{1}{5}$ માઇલ થયો. $\frac{1}{5}+\frac{1}{5}=\frac{6}{5}$ એ હોડીનો વેગ આવ્યો માટે $\frac{6}{5}\div 2=\frac{3}{5}$ હોડીનો વેગ, અને $1-\frac{3}{5}=\frac{2}{5}$ પ્રવાહનો વેગ આવ્યો.

પ્રવાહનો વેગ જો કલાકે $\frac{2}{5}$ માઇલ હોય તો હોડીનો વેગ કલાકે $\frac{3}{5}$ માઇલ હોય પણ અહીં તો પ્રવાહનો વેગ ૬ માઇલ છે માટે.

$\frac{2}{5}$ મા : ૬ મા. :: $\frac{3}{5}$ મા. : ઇષ્ટ માઇલ = ૯ માઈલ હોડીનો વેગ. જવાબ.

૧૩૭. ધારો કે લંબાઇની ભીંતો ઠેઠ સુધી ચણેલી છે અને પહોળાઇની ભીંતો અંદરથી દેખાય છે તેટલીજ ચણેલી છે માટે લંબાઇની ભીંતો ૨૧+૩=૨૪ ફુટ લાંબી ચણવી પડશે.

૨૪ × ૧૪ × ૧॥×૨=૧૦૦૮ લંબાઇની બે ભીંતોનું ઘનફળ.

૧૩॥× ૧૪ × ૧॥×૨= ૫૬૭ પહોળાઇની બે ભીંતોનું ઘનફળ.

૧૫૭૫ ઘ. ફુ. ચારે ભીંતોનું ઘનફળ આવ્યું.

૬ × ૪॥ × ૧॥ × ૨ = ૮૧

૪॥× ૩ × ૧॥ × ૧ = ૨૦।

૧૦૧। ઘ. ફુ. બારી બારણાનું ઘનફળ આવ્યું માટે ૧૫૭૫−૧૦૧$\frac{1}{4}$=૧૪૭૩$\frac{3}{4}$ ઘ. ફુ. જગા ચણવાની રહી. ૧ ઘનયાર્ડ=૨૭ ઘનફુટ.

૨૭ ઘ. ફુ. : ૧૪૭૩$\frac{3}{4}$ ઘ. ફુ. :: ૫ રૂ. ૧ આ. : ઈષ્ટ રૂ.=૨૭૬ રૂ. ૫ આ. ૩ પાઇ. જવાબ.

૧૩૮. ૧ પુસ્તકના ૪૧ શિ, પ્રમાણે ૩૦૦૦ પુસ્તક ૧૨૩૦૦૦ શિ. વેચ્યાં પણ તે ૬ મહીનાની મુદતે લેવાના છે માટે તેની તાત્કાળિક રકમ કાઢવા માટે ૧૦૦ રૂ.નું ૫ ટકા પ્રમાણે ૬ માસનું ૨$\frac{1}{2}$, વ્યાજ + ૧૦૦ મુદ્દલ=૧૦૨$\frac{1}{2}$ વ્યાજ મુદ્દલ ૧૦૨$\frac{1}{2}$: ૧૨૩૦૦૦ :: ૧૦૦ : ઇષ્ટ શિ.= ૧૨૦૦૦૦ શિ. તાત્કાળિક રકમ આવે.

પરંતુ તે ૩૯ શિ. નાં ૧ એ પ્રમાણે વેચે તો ૩૦૦૦×૩૯=૧૧૭૦૦૦

શિ. ઉપજે માટે ૧૨૦૦૦૦—૧૧૭૦૦૦ = ૩૦૦૦ શિ. = ૧૫૦ પૌંડ. ટોટો જવાબ.

૧૩૯. ઉદાહરણ સંગ્રહ ૧૫ ના હિસાબ ૮ પ્રમાણે.

૧૪૦. $\frac{૮-૫\sqrt{૨}}{૩-૨\sqrt{૨}}\times\frac{૩+૨\sqrt{૨}}{૩+૨\sqrt{૨}}=\frac{૪+\sqrt{૨}}{૧}=૪+\sqrt{૨}$

બીજો ભાગ ઉપરની રીતેજ

૧૪૧. क ને બાકીનાઓના હિસ્સાના સરવાળાનો $\frac{૧}{૬}$ મળે છે એટલે બાકીના બધાને ૧ મળે તો क ને $\frac{૧}{૬}$ મળે એટલે કુલ મુડી ૧+$\frac{૧}{૬}$ =$\frac{૭}{૬}$ હોય તો क ને $\frac{૧}{૬}$ મળે એટલે કુલ મુડીનો $\frac{૧}{૭}$ कને મળે, તેજ પ્રમાણે च ને કુલ મુડીનો $\frac{૧}{૬}$, ट ને કુલ મુડીનો $\frac{૧}{૫}$, त ને કુલ મુડીને $\frac{૧}{૪}$, અને प ને ૧−($\frac{૧}{૭}+\frac{૧}{૬}+\frac{૧}{૫}+\frac{૧}{૪}$)=$\frac{૧૦૧}{૪૨૦}$ કુલ મુડીનો મળે.

૧ રૂ. : ૪૨૦ રૂ. :: $\frac{૧}{૭}$ क ને : ઈ. પ. = ૬૦ રૂ. क
,, ,, $\frac{૧}{૬}$ च ને ,, = ૭૦ રૂ. च.
,, ,, $\frac{૧}{૫}$ ट ને ,, = ૮૪ રૂ. ट.
,, ,, $\frac{૧}{૪}$ त ને ,, = ૧૦૫ રૂ. त
,, ,, $\frac{૧૦૧}{૪૨૦}$ प ને ,, = ૧૦૧ રૂ. प

જવાબ. રૂ. ૬૦ क. ૭૦ च, ૮૪ ट, ૧૦૫ त, ૧૦૧ प,

૧૪૨. પેહેલાં ૧૦ વર્ષમાં સેંકડે ૨૫ વધી એટલે ૧૦૦ ની ૧૨૫ થઈ. બીજાં ૧૦ વર્ષમાં તે ઉપર સેંકડે ૨૦ વધી એટલે ૧૦૦ વસ્તી : ૧૨૫ વસ્તી :: ૧૨૦ વસ્તી : ઈ૦ ૫ = ૧૫૦ માણસ થયાં અને મૂળ ૧૦૦ હતાં માટે ૫૦ વધ્યાં તે ૧૦૦ ઉપર વધ્યાં છે માટે સેકડે ૫૦.

જવાબ. સેંકડે ૫૦.

૧૪૩. ૮×૮×૮×·૫૨૩૬=૨૬૮·૦૮૩૨ ઘ. ઈ. સીસાના આખા ગોળાનું ઘનફળ આવ્યું માટે ૨૬૮·૦૮૩૨÷૨=૧૩૪·૦૪૧૬ ઘ. ઈ. અડધા ગોળાનું ઘનફળ.

૩

·૨૫×·૫૨૩૬=·૦૦૮૧૮૧૧૨૧ ઘ. ઈં. બંદૂકની ૧ ગોળીનું ઘનફળ આવ્યું. માટે ૧૩૪·૦૪૧૬÷·૦૦૮૧૮૧૧૨૧=૧૬૩૮૪ ગોળીઓ થશે. જવાબ.

૧૪૪. ૧૦૦+૧૦=૧૧૦ પૌંડ કીંમત : ૧૧ પૌં. ૧ શિ. ૧૦ પે. :: ૧૦૦ પૌં. મૂ. કિં. = $\frac{૧૨૧}{૧૨}$ પૌં. ત્રીજા વેપારીએ તે માલની કિંમત આપી હશે. તેમજ ૧૧૦ પૌં. વે. કિં. : $\frac{૧૨૧}{૧૨}$ પૌં. :: ૧૦૦ પૌં. મૂ. કિં. =$\frac{૫૫}{૬}$ પૌંડ કિંમત બીજા વેપારીને બેઠેલી અને ૧૧૦ પૌં. : $\frac{૫૫}{૬}$ પૌં. :: ૧૦૦ પૌં. = ૮ પૌં. ૬ શિ. ૮ પેન્સ પહેલા વેપારીને બેઠેલા જવાબ.

૧૪૫. **ब** અને **क** દરેક જણ કામની વ્યવસ્થા બદલ ૩૦૦ રૂા. વધારે લે એટલે કુલ ૬૦૦ રૂા. વધારા ખાતે જવાના એટલે બાકીના ૯૩૦−૬૦૦=૩૩૦ રૂા. ત્રણે જણ વચ્ચે વહેંચવાના રહ્યા. **ब** અને **क** સેંકડે ૧૫ ટકા **अ** કરતાં વધારે લે છે એટલે **अ** ૧૦૦ રૂા. લેતો **ब** ને **क** દરેક જણ ૧૧૫ રૂા. લે

૧૦૦+૧૧૫+૧૧૫=૩૩૦ રૂા. વહેંચવાના હોય તો **अ** ૧૦૦ રૂા. લે, **ब** ૧૧૫ રૂા. લે, અને **क** ૧૧૫ રૂા. લે. અને વહેંચવાના ૩૩૦ રૂા. છે માટે **अ** ૧૦૦ રૂા. લે, **ब** ૩૦૦+૧૧૫=૪૧૫ રૂા. લે, અને **ब** ૩૦૦+૧૧૫=૪૧૫ રૂા. લે. **જવાબ.** **अ** ૩૦૦, **ब** ૪૧૫ અને **क** ૪૧૫

૧૪૬. ધારો કે તે માણુસ પાસે ૧૦૦ રૂા. ની લોન છે તો તેનું તેને ૪ રૂા. વ્યાજ આવતું હશે- હવે તે લોન વેચી દે છે માટે તેને ૧૧૭$\frac{૧}{૩}$ રૂા. ઉપજશે, તેના અડધા એટલે $\frac{૧૭૬}{૩}$ રૂા. ૨ ટકાની ૯૬ ના ભાવની લોનમાં રોકયા છે માટે

૯૬ રૂા. : $\frac{૧૭૬}{૩}$ રૂા. :: ૨ ટકા : ક્ષ રૂા. વ્યાજ = ૧$\frac{૨}{૯}$ રૂા. વ્યાજ આવે અને બાકીના $\frac{૧૭૬}{૩}$ રૂા. ૩ ટકાની ૯૯ ના ભાવની લોનમાં રોકયા છે માટે—

૯૯ રૂા. : $\frac{૧૭૬}{૩}$ રૂા. :: ૩ રૂા. = ૧$\frac{૭}{૯}$ રૂા. વ્યાજ આવે. કુલ ૧$\frac{૨}{૯}$+

$\frac{૨૭}{૯}$=૩ રૂ. વ્યાજ આવે અને પ્રથમ ૪ રૂ. વ્યાજ આવતું હતું માટે ૪−૩=૧ રૂ. વ્યાજ ઓછું આવ્યું પણ ૨૦ રૂ. ઓછું આવવાનું કહ્યું છે માટે—

૧ રૂ. : ૨૦ રૂ. :: ૧૦૦ રૂ. : ઈષ્ટ રૂ = ૨૦૦૦ રૂ. ની લોન. જવાબ.

૧૪૭. ઉદાહરણ સંગ્રહ ૨૦ માના હિસાબ ૩ જા પ્રમાણે.

૧૪૮. ઉદાહરણ સંગ્રહ ૧૫ માના હિસાબ ૧૧ મા પ્રમાણે.

૧૪૯. ઉદાહરણ સંગ્રહ ૧૬ માના હિસાબ ૫ મા પ્રમાણે.

૧૫૦. ગુણવાની રકમોનો ક્રમ બદલીએ તો પણ તેની કિંમતમાં ફેર પડતો નથી માટે એ હિસાબને નીચે મુજબ ગોઠવવાથી ઠીક પડશે.

$(૧+૨\sqrt{૨}) \times (૨\sqrt{૨}-૧) \times (૪-\sqrt{૩}) \times (૪+\sqrt{૩}) \times (\sqrt{૨}+\sqrt{૩}) \times (\sqrt{૩}-\sqrt{૨})$, પહેલી અને પાંચમી રકમને આ પ્રમાણે પણ લખી શકાય, $(૨\sqrt{૨}+૧)$ એ પેહેલી અને $(\sqrt{૩}+\sqrt{૨})$ પાચમી, હવે બન્નેનાં જોડકાં લઇ ગુણાકાર કરીએ.

$(૨\sqrt{૨}+૧) \times (૨\sqrt{૨}-૧) = ૭$, $(૪-\sqrt{૩}) \times (૪+\sqrt{૩}) = ૧૩$

$(\sqrt{૩}+\sqrt{૨}) \times (\sqrt{૩}-\sqrt{૨}) = ૧$, માટે $૭ \times ૧૩ \times ૧ = ૯૧$

જવાબ. ૯૧.

૧૫૧. ધારો કે એ માણસને ઘેર દરરોજ ૮ શેર ચોખાનો ખપ છે. માટે ત્રણ મહિને $૮ \times ૩૦ \times ૩ = ૭૨૦$ શેર ચોખા જોઇએ. માટે તેને નીચે પ્રમાણે ખર્ચ થશે.

૮ શેર : ૭૨૦ શેર :: ૧ રૂ.=૯૦ રૂ. પહેલા ત્રણ મહિનાનું ખર્ચ.

૯ શેર : ૭૨૦ શેર :: ૧ રૂ.=૮૦ રૂ. બીજા ,, ,, ,,

૧૦ શેર : ૭૨૦ શેર :: ૧ રૂ.=૭૨ રૂ. ત્રીજા ,, ,, ,,

૧૨ શેર : ૭૨૦ શેર :: ૧ રૂ.=૬૦ રૂ. ચોથા ,, ,, ,,

એકંદર ૯૦+૮૦+૭૨+૬૦=૩૦૨ રૂ. ખર્ચ થાય પણ અહીં તો ૭૫$\frac{૧}{૨}$ રૂ. થાય છે માટે ૩૦૨ રૂ : ૭૫$\frac{૧}{૨}$ રૂ. :: ૮ શેર : ઈષ્ટ શે-

૨=૨ શેર. જવાબ.

૧૫૨. પહેલા ૬ મહિના ૧૦૦ રૂ. નફો થાય તો બીજા ૬ મહિના ૧૦૦+૨૦=૧૨૦ રૂ. નફો થાય, એટલે કુલ (૧૦૦+૧૨૦) ૨૨૦ રૂ. નફો થાય. ૨૨૦ રૂ. : ૮૮૦૦ રૂ. :: ૧૦૦ રૂ.=૪૦૦૦ રૂ. પહેલા ૬ મહિનામાં નફો થએલો અને બાકીના (૮૮૦૦−૪૦૦૦) ૪૮૦૦ રૂ. બીજા ૬ મહિનામાં નફો થએલો.

પહેલા ૬ મહિનાના ૪૦૦૦ રૂ. **अ** અને **ब** વચ્ચે સરખે હિસ્સે વહેંચવાના છે માટે દરેકને ભાગે ૨૦૦૦ રૂ. આવશે.

૧૦૦૦+૧૦૦૦+૧૫૦૦=૩૫૦૦

૩૫૦૦ રૂ. : ૧૦૦૦ રૂ. :: ૪૮૦૦ રૂ.=૧૩૩૩$\frac{૧}{૩}$ રૂ. **अ** ને ભાગ બીજા ૭ માસમાં આવે અને પહેલા ૭ મહિનામાં ૨૦૦૦ રૂ. આવેલા છે માટે ૨૦૦૦+૧૩૩૩$\frac{૧}{૩}$=૩૩૩૩$\frac{૧}{૩}$ રૂ. **अ**ને મળે, અને **ब**ના સુધી તેટલીજ છે માટે **ब**ને પણ તેટલાજ રૂ. મળે.

૩૫૦૦ રૂ. : ૧૫૦૦ રૂ. :: ૪૮૦૦ રૂ.=૨૧૩૩$\frac{૧}{૩}$ રૂ **क**ને મળે.

જવાબ. **अ**ને ૩૩૩૩$\frac{૧}{૩}$ રૂ., **ब**ને ૩૩૩૩$\frac{૧}{૩}$ રૂ., ને **क**ને ૨૧૩૩$\frac{૧}{૩}$ રૂ.

૧૫૩. ૧ ક.=૩૬૦૦ સેકન્ડ : ૫$\frac{૫}{૮}$ સે. :: ૪૦ મૈ=$\frac{૧}{૧૬}$ મૈલ તે ગાડી ૫$\frac{૫}{૮}$ સેકન્ડમાં ચાલી અને તે માણસ ૫$\frac{૫}{૮}$ સેકન્ડમાં ૩૬૦૦ સે. : ૫$\frac{૫}{૮}$ સે. :: ૪ મૈ.=$\frac{૧}{૧૬૦}$ મૈલ ચાલ્યો. માટે બંને મળી ૫$\frac{૫}{૮}$ સે. માં $\frac{૧}{૧૬}$+$\frac{૧}{૧૬૦}$=$\frac{૧૧}{૧૬૦}$ મૈલ=૧૨૧ યાર્ડનું અંતર ભાગ્યું. માટે તે ટ્રેન ૧૨૧ યાર્ડ લાંબી હશે.

હવે તે ગાડી ૧ કલાકમાં ૪૦ મૈલ ચાલે છે અને તે માણસ ૪ મૈલ ચાલે છે માટે ૧ કલાકમાં ૪૦−૪=૩૬ મૈલ ગાડી અગાડી નીકળી જાય; પણ ગાડી ૧૨૧ યાર્ડ લાંબી છે માટે તેને ૧૨૧ યાર્ડ=$\frac{૧૨૧}{૧૭૬૦}$ મૈલ અગાડી નીકળવાનું છે માટે ૩૬ મૈ. : $\frac{૧૨૧}{૧૭૬૦}$ મૈ. :: ૧ ક.=૬$\frac{૭}{૮}$ સેકન્ડ. જવાબ.

૧૫૪. ઉદાહરણ સગ્રહ ૧૨ ના હિસાબ ૧૦૦ મુજબ રસ્તાઓનું અને બાકીની જગાનું ક્ષેત્રફળ કાઢીને ત્રિરાશીથી તેનુ ખર્ચ કાઢવું.

૧૫૫. ૧ પૌંડ પર ૪ પેન્સ લેખે ૧ હંડ્રવેટપર $\frac{૨૮}{૧૫}$ પૌડ બન્ને જાતની ચાની વેચાણ કીંમત પર તફાવત પડે છે. વળી બીજી જાતની ચાના ૧ હંડ્રવેટ પર ૧ પૌંડ વધારે બેઠેલો છે તે ૧૨ ટકા લેખે નફો મળીને $\frac{૨૮}{૨૫}$ પૌંડ થાય છે માટે $\frac{૨૮}{૧૫}-\frac{૨૮}{૨૫}=\frac{૫૬}{૭૫}$ પૌં. બાજી જાતની ચાના ૧ હંડ્રવેટ પર વધારે ઉપજ્યા છે તેનું કારણ એ કે પહેલી જાત કરતાં બીજી જાતની ચા પર સેંકડે (૧૨−૫) ૭ ટકા વધારે નફો લે છે માટે ૭ પૌંડ. વ. : $\frac{૫૬}{૭૫}$ પૌં. વ. :: ૧૦૦ પૌંડ $=\frac{૩૨}{૩}$ પૌંડ= ૧૦ પૌં. ૧૩ શિ. ૪ પેન્સ પર વધારે ઉપજે છે માટે ૧૦ પૌંડ ૧૩ શિ. ૪ પેન્સ. પહેલી જાતની ચાની કિંમત. અને (૧૦ પૌંડ. ૧૩ શિ. ૪ પે)+૧=૧૧ પૌં. ૧૩ શિ. ૪ પેન્સ બીજી જાતની ચાના ૧ હંડ્રવેટની કિંમત. જવાબ.

૧૫૬. મિનિટ કાંટો ૧૦ મિ. ચાલશે તેટલામાં કલાક કાંટો ૧૨ : ૧૦ :: ૧ = $\frac{૫}{૬}$ મિ. ચાલશે. એટલે પ્રથમ કલાક કાંટો જ્યાં હતો તે જગા અને બીજી વખત કલાક કાંટો જ્યાં ગયો તે જગા વચ્ચે $\frac{૫}{૬}$ મિ. નું અંતર હશે. માટે ૧૦$-\frac{૫}{૬}=\frac{૫૫}{૬}\times\frac{૧}{૨}=\frac{૫૫}{૧૨}$ મિ. નુ અંતર પ્રથમ કલાકને મિનિટ કાંટા વચ્ચે પાડવું પડે. ૨ વાગ્યા ત્યારે કલાક અને મિનિટ કાંટા વચ્ચે ૧૦ મિ. નું અંતર હતું અને હવે $\frac{૫૫}{૧૨}$ અંતર પાડવું છે માટે ૧૦ $-\frac{૫૫}{૧૨}=\frac{૬૫}{૧૨}$ મિ. નું અંતર પાડવું પડશે. ૧૧ : $\frac{૬૫}{૧૨}$ :: ૧૨ = ૫$\frac{૧૦}{૧૧}$ મિ જવાબ. ૫$\frac{૧૦}{૧૧}$ મિનિટ.

૧૫૭. ધારોકે પહેલા વર્ષની આખરે તેને ૧ રૂા. વર્ષાસન મળ્યું તે તેણે વ્યાજે મૂક્યું તો ૧૦૦ : ૧ :: ૧૧૦ = $\frac{૧૧}{૧૦}$ રૂા. + ૧ રૂા. વર્ષાસન મળે = $\frac{૨૧}{૧૦}$ રૂા. બીજા વર્ષની આખરે થાય. તે વ્યાજે મૂકે માટે ૧૦૦ રૂા. : $\frac{૨૧}{૧૦}$ રૂા. :: ૧૧૦ રૂા. = $\frac{૨૩૧}{૧૦૦}$+૧ રૂા. વર્ષાસન મળે = $\frac{૩૩૧}{૧૦૦}$ રૂા. ત્રીજા વર્ષની આખરે થાય તે વ્યાજે મૂકે છે માટે ૧૦૦ રૂા.

રૂા. $\frac{૩૩૧}{૧૦૦૦}$ રૂા. :: ૧૧૦ રૂા=.$\frac{૩૬૪૧}{૧૦૦૦૦}$ રૂા. + ૧ રૂા વર્ષાસન મળે=$\frac{૪૬૪૧}{૧૦૦૦૦}$ રૂા. ચોથા વર્ષની આખરે થાય પણ અહીંતો ૪૬૪૧ રૂા. થાય છે માટે $\frac{૪૬૪૧}{૧૦૦૦૦}$ રૂા. : ૪૬૪૧ રૂા. :: ૧ રૂા. :: ૧૦૦૦ રૂા. જવાબ.

૧૫૮. $૭^{૯} \div ૪૯^{૩} = ૭^{૯} \div ૭^{૬} = ૭^{૩} = ૩૪૩$ (૧ લો જવાબ).

$$\frac{૪}{૯}^{-૨} \div \sqrt{\frac{૮૧}{૧૬}} = \frac{૧}{\frac{૪}{૩}^{૨}} \div \sqrt{\frac{૮૧}{૧૬}} = \frac{૧}{\frac{૧૬}{૯}} \div \frac{૯}{૪} = \frac{૯}{૧૬} \times \frac{૪}{૯} = \frac{૧}{૪}$$

જવાબ ૩૪૩; $\frac{૧}{૪}$.

૧૫૯. ધારોકે ૧ રૂા. આવક થાય તો તેમાંથી ૧ આનો ઇન્કમ ટેક્સનો જાય તો ૧૫ આના ચોખ્ખી આવક રહે. માટે ૧૫ : ૪ :: ૧૬ $\frac{૬૪}{૧૫}$ ટકા વ્યાજ ઈ. ટે. આપ્યા પહેલાં પડેલું ∴ $\frac{૬૪}{૧૫}$: ૪ :: ૧૦૦ = ૯૩$\frac{૩}{૪}$ − $\frac{૧}{૮}$ કમીશન = ૯૩$\frac{૫}{૮}$ બજાર ભાવ, જવાબ.

૧૬૦. ૪ છોકરા વધારે આવ્યા હોત તો ૪×૦॥=૨ રૂા. બીજા બધા છોકરાને ઓછા ભરવા પડત પણ અહીંતો દરેક જણ ૧ આનો ઓછો ભરે છે માટે ૨ રૂા. = ૩૨ આના ૩૨÷૧=૩૨ છોકરા ૪ છોકરા આવ્યાથી થયા હશે માટે પ્રથમ ૩૨−૪=૨૮ છોકરા હશે. (૧ લો જવાબ) દરેક છોકરો ૦॥ રૂા. આપે છે માટે ૨૮×૦॥=૧૪ રૂા. ઉજાણીનો ખર્ચ હશે. (૨ જો જવાબ).

૧૬૧. ૨+૩=૫ ભાગે : ૧ ભા. :: ૨ ભા. દૂ. $\frac{૨}{૫}$ ભાગ દૂધ પહેલા વાસણમાં છે.

૩+૪=૭ ભાગે : ૧ ભા. :: ૩ ભા. દૂ.=$\frac{૩}{૭}$ ભાગ દૂધ બીજા વાસણમાંછે.

૪+૫=૯ ભા. : ૧ ભા. :: ૪ ભા. દૂ.=$\frac{૪}{૯}$ ભાગ દૂધ ત્રીજા વાસણમાંછે.

એ બધાને એકઠા કરીએ તો ત્રણ વાસણમાં $\frac{૨}{૫}+\frac{૩}{૭}+\frac{૪}{૯}=\frac{૪૦૧}{૩૧૫}$ ભાગ દૂધ છે. તો બાકીનું (૩−$\frac{૪૦૧}{૩૧૫}$) $\frac{૫૪૪}{૩૧૫}$ ભાગ પાણી છે માટે $\frac{૪૦૧}{૩૧૫} \times \frac{૩૧૫}{૫૪૪}$ ∴ ૪૦૧ દૂધ : ૫૪૪ પાણી. જવાબ.

૧૬૨. દરેક છોકરાને બમણો ભાગ મળે છે માટે ૫ છોકરાના ૫×૨=૧૦ ભાગ + ૪ ભાઈના ૪ ભાગ મળીને ૧૪ ભાગ થયા. હવે છોકરાઓ ૧ ટકો અને ભાઇ ૪ ટકા વારસાની ડ્યુટી આપે છે માટે ૧૦૦−૧=૯૯ : ૧૦ :: ૧૦૦=$\frac{૧૦૦૦}{૯૯}$ ભાગ પાંચ છોકરાઓને અને ૧૦૦−૪=૯૬ : ૪ :: ૧૦૦=$\frac{૨૫}{૬}$ ભાગ ૪ ભાઇના મળીને ($\frac{૧૦૦૦}{૯૯}+\frac{૨૫}{૬}$) $\frac{૨૮૨૫}{૧૯૮}$ ભાગે ૬૭૮૦ પૌંડ વહેંચવાના છે માટે $\frac{૨૮૨૫}{૧૯૮}$: $\frac{૧૦૦૦}{૯૯}$ :: ૬૭૮૦ પૌં=૪૮૦૦ પૌંડ પાંચ છોકરાને મળે એટલે દરેક છોકરાને ૪૮૦૦÷૫=૯૬૦ પૌંડ મળે. (૧ લો જવાબ) અને $\frac{૨૮૨૫}{૧૯૮}$: $\frac{૨૫}{૬}$ :: ૬૭૮૦ પૌં=૧૯૮૦ પૌંડ ચાર ભાઇઓને મળ્યા એટલે દરેક ભાઈને ૧૯૮૦÷૪=૪૯૫ પૌંન્ડ મળ્યા (૨ જો જવાબ).

૧૬૩. ૨ : ૩ : ૪ ચાલવાની ગતનું પ્રમાણ. ૩ : ૪ : ૫ રસ્તાનું પ્રમાણ આપેલું છે તે } ૧ ક. નું ધારો.

૨ મૈ. : ૩ મૈ. :: ૧ ક.=૧$\frac{૧}{૨}$ ક. ટેકરીપર ચાલતાં લાગે. ૩ મૈ. : ૪ મૈ. : ૧ ક.=$\frac{૪}{૩}$ ક. સપાટ જમીનપર ચાલતાં અને ૪ મૈ. : ૫ મૈ. :: ૧ ક.=$\frac{૫}{૪}$ ક. ઉતરતાં લાગે. } ૧$\frac{૧}{૨}$+$\frac{૪}{૩}$+$\frac{૫}{૪}$=$\frac{૪૯}{૧૨}$ કલાકમાં ૩+૪+૫=૧૨ મૈલની મુસાફરી કરે તો ૪૯ ક માં ૧૪૪ મૈલની મુસાફરી કરે છે માટે તે રસ્તો ૧૪૪ મૈલ લાંબો હશે.

ધારો કે બધો રસ્તો સપાટ છે તો ૩ મૈ. : ૧૪૪ મૈ. :: ૧ ક.= ૪૮ કલાકમાં તે બધો રસ્તો કાપે. (૧ લો જવાબ) પણ જો અડધો રસ્તો એટલે ૧૪૪÷૨=૭૨ મૈલ ટેકરાપર હોત તો ૨ મૈ. : ૭૨ મૈ. :: ૧ ક.=૩૬ કલાક + બાકીનો અડધો રસ્તો એટલે ૭૨ મૈલ નીચો છતે પસાર કરતાં ૪ મૈ. : ૭૨ મૈ. :: ૧ ક.=૧૮ કલાક લાગત તે મળી (૩૬+૧૮) ૫૪ કલાક લાગત. (બીજો જવાબ.)

૧૬૪. દાખલામાં આપેલા પ્રમાણ ઉપરથી જણાય છે કે જો વહાણમાં ૧ મૈલ જાય તો આગગાડીએ $\frac{૩}{૨૦}$ મૈલ અને ઘોડાગાડીએ $\frac{૧}{૨૦}$ મૈલ જાય છે માટે ૧+$\frac{૩}{૨૦}$+$\frac{૧}{૨૦}$ = ૧$\frac{૧}{૫}$ મૈલની મુસાફરી થાય પણ

અહીંતો ૪૮૦ માઇલની મુસાફરી કરવાની છે માટે
૧$\frac{૧}{૫}$ મૈ. : ૪૮૦ મૈ. :: ૧ મૈલ = ૪૦૦ મૈલ વહાણમાં બેસીને ગયેલો.
૧$\frac{૧}{૫}$ મૈ. : ૪૮૦ મૈ. :: $\frac{૩}{૨૦}$ મૈલ= ૬૦ મૈલ આગગાડીમાં ,, ,,
૧$\frac{૧}{૫}$ મૈ. : ૪૮૦ મૈ. :: $\frac{૧}{૨૦}$ મૈલ= ૨૦ મૈલ ઘોડાગાડીમાં ,, ,,

હવે થએલા ખર્ચના આપેલા પ્રમાણ ઉપરથી માલમ પડે છે કે વહાણનો, આગગાડીનો અને ઘોડાગાડીનો ખર્ચ અનુક્રમે ૧ : $\frac{૩}{૧૦}$: $\frac{૧}{૫}$ ના પ્રમાણમાં થએલો છે. એ ઘોડાગાડીમાં બેસીને ૨૦ મૈલ ગયો તેનો ખર્ચ આખા ખર્ચના $\frac{૧}{૫}$ ભાગની બરાબર છે: ∴ ૨૦ મૈ.×૪ પે. =૮૦ પેન્સ ઘોડાગાડીનો ખર્ચ. $\frac{૧}{૫}$ ભા. : $\frac{૩}{૧૦}$ ભા. :: ૮૦ પે. = ૧૨૦ પેન્સ આગગાડીનો ખર્ચ. $\frac{૧}{૫}$ ભા. : ૧ ભા. :: ૮૦ પે. = ૪૦૦ પેન્સ વહાણનો ખર્ચ માટે ૮૦+૧૨૦+૪૦૦ = ૬૦૦ પેન્સ = ૨ પૌ. ૧૦ શિ. કુલ ખર્ચ. જવાબ. ૨ પૌ. ૧૦ શિ.

૧૬૫. ૧ સે. : ૧૫ સે. :: ૧૨૦૦ ફૂ. = ૧૮૦૦૦ ફૂટ દૂરથી તે અવાજ આવેલો માટે તે વહાણ ૧૮૦૦૦ ફૂટ દૂર હશે. પછી ૫ મિ. −૧૫ સે = ૪$\frac{૩}{૪}$ મિ. માં તે માણુસે, ૬૦ મિ. : $\frac{૩}{૪}$ મિ. :: ૩ મૈ.=$\frac{૧૯}{૮૦}$ મૈ. = ૧૨૫૪ ફૂટ સામા ગયા પછી બીજો ઝપકારો જોયો; તે વખતે તે વહાણ તે માણુસથી ૧ સે. : ૧૦$\frac{૫}{૧૨}$ સે. :: ૧૨૦૦ ફૂટ = ૧૨૫૦૦ ફૂટ દૂર હશે. પણ પ્રથમ તે માણુસ જે જગાએ હતો ત્યાંથી તે વહાણ ૧૨૫૦૦+૧૨૫૪ = ૧૩૭૫૪ ફૂટ દૂર હશે. માટે તે વહાણ ૫ મિ. માં ૧૮૦૦૦−૧૩૭૫૪ = ૪૧૪૬ ફૂટ ચાલ્યું હશે. તે લેખે ૧ કલાકમાં ૪૯૭૫૨ ફૂટ = ૯$\frac{૯૩}{૨૨૦}$ મૈલ ચાલતુ હશે. જવાબ.

૧૬૬. ૫ માણુસો ૫૦ દિવસમાં જેટલું પાણી ખાલી કરે છે તે-ટલું પાણી ૭ માણુસો ૩૫$\frac{૫}{૭}$ દિ.માં ખાલી કરે. એટલે

૧૫૦૦૦ ધ. ફૂ. + ૫૦ દિ. માં ભરાએલું ૩૫$\frac{૫}{૭}$ દિ. માં ૭ મા. ખાલી કરે.
૧૦૦૦૦ ધ. ફૂ. + ૨૦ દિ. માં „ ૨૦ દિ. માં ૭ મા. „ „

∴ ૫૦૦૦ ધ. ફૂ. + ૩૦ દિ. માં ભરાએલું. ૧૫$\frac{૫}{૭}$ દિ માં ૭ મા. ખાલી કરે છે ૧૫$\frac{૫}{૭}$ દિ. : ૨૦ દિ. :: ૫૦૦૦ ધ. ફૂ. + ૩૦ દિ. નું પાણી ૭ મા. ૨૦ દિ. માં ખાલી કરે છે. તે = ૬૩૬૩$\frac{૭}{૧૧}$ ધ. ફૂ. + ૩૮$\frac{૨}{૧૧}$ દિ. નું પાણી ૭ મા. ૨૦ દિ. ખાલી કરે માટે ૧૦૦૦૦ ધ. ફૂ.−૬૩૬૩$\frac{૭}{૧૧}$ ધ. ફૂ. = ૩૬૩૬$\frac{૪}{૧૧}$ ધ. ફૂ. પાણી = ૩૮$\frac{૨}{૧૧}$ દિ. નું−૨૦ દિ. નું= ૧૮$\frac{૨}{૧૧}$ દિ. માં ભરાયલું હશે તો ઝરામાં ૧૮$\frac{૨}{૧૧}$ દિ. : ૧ દિ :: ૩૬૩૬$\frac{૪}{૧૧}$ ધ. ફુ. = ૨૦૦ ધ. ફૂ. પાણી આવતું હશે. જવાબ.

૧૬૭. ૭૨ રૂ. = ૧૧૫૨ આના આવ્યા તે જેટલા દિવસ જાત્રા કરેલી તેના અડધા આનાએ ગુણવાથી આવેલા માટે તેટલાજ આનાએ ગુણીએ તો ૧૧૫૨×૨=૨૩૦૪ આવે. તે એકંદર થએલા દિવસનો વર્ગ છે માટે √૨૩૦૪=૪૮ દિ. થએલા જવાબ.

૧૬૮. ઘેટું ૧ કલાકમાં ૩ માઇલ લેખે ૧૧૧ મા થાંભલાથી ૧૧૨ મા થાંભલા સુધી = ૮૦ યાર્ડ $\frac{૧}{૬૬}$ કલાકમાં ચાલ્યું, એટલામાં સિપાઇ ૧૧૦ મા થાંભલાથી ૧૧૨ મા થાંભલા સુધી = ૧૬૦ યાર્ડ ચાલ્યો અને આગળ કરતાં અડધી ઝડપથી ૧૧૦ મા થાંભલા આગળ આવતાં તેને અગાઉ કરતાં બમણો વખત એટલે $\frac{૧}{૩૩}$ કલાક લાગ્યો. એટલે તે ઘેટાને હાંકવા જઇને પાછાં આવતા સુધીમાં એકંદર $\frac{૧}{૬૬}$+$\frac{૧}{૩૩}$=$\frac{૧}{૨૨}$ કલાક લાગ્યો. તેટલા વખતમાં આગગાડી ૧૩૨ મા થાંભલાથી ૧૧૨ મા થાંભલા સુધી એટલે ૨૦ થાંભલા = ૧૬૦૦ યાર્ડ ચાલી આવી માટે $\frac{૧}{૨૨}$ ક. : ૧ ક. :: ૧૬૦૦ યાર્ડ = ૨૦ માઇલ. જવાબ.

૧૬૯. ૯ મિ. : ૧ મિ. :: ૧ ટાંકી = $\frac{૧}{૯}$ ટાંકી પહેલી નળીથી ૧ મિ. માં ભરાય અને ૧૧$\frac{૧}{૪}$ મિ. : ૧ મિ. :: ૧ ટાં. = $\frac{૪}{૪૫}$ ટાંકી બીજી નળીથી ૧ મિ. માં ભરાય. એટલે બન્ને નળીથી ૧ મિ. માં $\frac{૧}{૯}$+$\frac{૪}{૪૫}$=$\frac{૧}{૫}$ ટાંકી ભરાય. તે લેખે આખી ટાંકી ૫ મિ. માં ભરાય માટે ૫ મિ. સુધી

ત્રણે નળ ઉઘાડા રહ્યા હશે. તેટલા વખતમાં ખાલી કરનારા નળથી ૩$\frac{૩}{૪}$ મિ. માં $\frac{૩}{૪}$ ટાંકો પાણી ભરાયું તેટલું ખાલી થઇ ગયું હશે. માટે $\frac{૩}{૪}$ ટાં. : ૧ ટાં :: ૫ મિ = ૬$\frac{૨}{૩}$ મિ. માં આખી ટાંકી ખાલી થઇ શકે.

જવાબ. ૬$\frac{૨}{૩}$ મિનિટ.

૧૭૦ **अ** ગામથી એક માણુસ ૪ મૈલ પ્રમાણે ચાલતો ગયો તે ટેકરીની ટોચ ઉપર એટલે ૩ માઇલ જશે ત્યારે $\frac{૩}{૪}$ કલાક થશે. તેટલા-જ વખતમાં **ब** ગામથી ઉપડેલો માણુસ કલાકના ૩$\frac{૧}{૨}$ માઇલના વેગ પ્રમાણે $\frac{૨૧}{૮}$ મૈલ ચાલશે. તો બાકી $\frac{૧૨}{૧}-\frac{૨૧}{૮}=\frac{૭૫}{૮}$ માઇલ બન્ને માણુસને ચાલવાનું રહ્યું. તેમાં પહેલો માણુસ ૫$\frac{૧}{૪}$ મા. પ્રમાણે નીચે ઉતરે છે અને બીજો માણુસ ૩$\frac{૧}{૨}$ માઇલ પ્રમાણે ઉપર ચઢે છે તેથી તે બન્ને થઇને ૫$\frac{૧}{૪}$+૩$\frac{૧}{૨}$=$\frac{૩૫}{૪}$ માઇલ ચાલશે પણ ચાલવાનું છે $\frac{૭૫}{૮}$ માઇલ માટે $\frac{૩૫}{૪}$ મા. : $\frac{૭૫}{૮}$ મા. :: ૧ ક. = $\frac{૧૫}{૧૪}$ કલાક થાય અને પ્રથમ $\frac{૩}{૪}$ કલાક થયા હતા માટે $\frac{૧૫}{૧૪}+\frac{૩}{૪}=\frac{૫૧}{૨૮}$ ક. = ૧ કલાક ૪૯$\frac{૨}{૭}$ મિ. જવાબ.

૧૭૧. ઉદાહરણ સંગ્રહ ૪ ના હિસાબ ૭૨ પ્રમાણે.

૧૭૨. આગગાડી તથા ટપાલનો ટાંગો એકી વખતે ઉપડે છે તે વખતે બન્ને વચ્ચે ૫૦ માઇલનું અંતર છે તે કપાય એટલે સાથે થશે. આગગાડી દર કલાકે ૩૦ માઇલ અને ટપાલનો ટાંગો દર કલાકે ૧૦ માઇલ ચાલે એટલે ૧ કલાકે ૩૦−૧૦=૨૦ મા. નું અંતર કપાય છે તે લેખે ૫૦ માઇલનું અંતર કાપતાં ૨$\frac{૧}{૨}$ કલાક લાગશે. માટે ૩૦×૨$\frac{૧}{૨}$=૭૫ માઇલ આગગાડી ચાલશે એટલે ટપાલનો ટાંગો પકડાશે. ત્યાંથી **क** માત્ર ૧૦૦−૭૫=૨૫ માઇલ દૂર રહેશે. જવાબ. ૨૫ માઇલ.

૧૭૩. ધારો કે ૧૬ મૈલ સુધી મુસાફરી કરવાની છે માટે ૧૬ ના $\frac{૧}{૨}$=૮ મૈલ ચાલતાં **अ** ને ૨ કલાક લાગ્યા; તે દરમ્યાનમાં **ब** ૩×૨=૬ મૈલ ચાલ્યો પછી ઘોડે બેઠો. આ વખતે **अ** અને **ब** વચ્ચે ૮−૬=૨ મૈલનું અંતર હતું. હવે **ब** દર કલાકે ૮ મૈલ જાય છે તેમાંથી **अ** દર

કલાકે ૪ મૈલ ચાલે છે તે બાદ કરતાં (૮−૪) ૪ મૈલનું અંતર દર કલાકે ભાગે છે તે લેખે ગણતાં ૪ મૈ. અં : ૨ મૈ અં. :: ૧ ક. = $\frac{૧}{૨}$ કલાક પછી ૨ મૈલનું અંતર કપાઇ ગયું અને બન્ને સાથે થયા. આ વખતે **अ** અને **ब** બન્ને દશ દશ માઇલ ચાલી આવ્યા છે માટે હવે ૧૬−૧૦=૬ મૈલ ચાલવાનું બાકી રહ્યું તેમાંથી આખી એટલે ૧૬ મૈ. ની મુસાફરીનો $\frac{૨}{૧૩}$ ભાગ=૨$\frac{૬}{૧૩}$ મૈલ સુધી **ब** ઘોડે બેસીને ગયો. ત્યાર પછી **ब** ને માત્ર ૧૬ મા.−(૧૦ મૈ. + ૨$\frac{૬}{૧૩}$ મૈ.) =૩$\frac{૭}{૧૩}$ મૈ. સુધી પગે ચાલવાનું બાકી રહ્યું તે વખતે **अ** ને કેટલું ચાલવાનું રહેલું તે શોધીએ. **ब** ને **अ** થી છુટા પડીને ૨$\frac{૬}{૧૩}$ માઇલ જતાં ૮ મૈ. : ૨$\frac{૬}{૧૩}$ મૈ. :: ૧ ક. = $\frac{૪}{૧૩}$ કલાક લાગ્યો હશે. તેટલામાં **अ** ૧ ક. : $\frac{૪}{૧૩}$ ક. :: ૪ મૈ. = ૧$\frac{૩}{૧૩}$ મૈલ ચાલેલો. માટે **अ** ને હમણાં માત્ર ૧૬−(૧૦+૧$\frac{૩}{૧૩}$)=૪$\frac{૧૦}{૧૩}$ મૈ. ચાલવાનું બાકી રહ્યું માટે **अ** ૪ મૈ. : ૪$\frac{૧૦}{૧૩}$ મૈ. :: ૧ ક = $\frac{૩૧}{૨૬}$ કલાક પછી આવી પહોંચશે. અને **ब** ૩ મૈ. : ૩$\frac{૭}{૧૩}$ મૈ. :: ૧ ક. =$\frac{૪૬}{૩૯}$ કલાક પછી આવી પહોંચશે. તે સરખાવતાં માલમ પડે છે કે **अ** કરતાં **ब** $\frac{૧૦}{૧૩}$ મિ. વહેલો આવશે. એટલે **अ** $\frac{૧૦}{૧૩}$ મિ. માં જેટલું ચાલી શકે તેટલો પાછળ પડશે. એટલે ૬૦ મિ. : $\frac{૧૦}{૧૩}$ મિ. :: ૪ મૈ.=$\frac{૨}{૩૯}$ મૈ. પાછળ પડ્યો તે આખી મુસાફરી એટલે ૧૬ માઇલનો ($\frac{૨}{૩૯}$×$\frac{૧}{૧૬}$)$\frac{૧}{૩૧૨}$ મો ભાગ છે. જવાબ.

૧૭૪. બીજી ટોળીનો ૧ મજુર ૧ અઠ. માં જે કામ કરે, તે કામ પહેલી ટોળીનો મજુર ૫ : ૪ :: ૧=$\frac{૪}{૫}$ અઠ. માં કરે એમ છે. માટે બીજી ટોળીના ૧ મજુરનું ૧ અઠ. નું કામ કરવા માટે પહેલી ટોળીનો ૧ મજુર રાખ્યો હોય તો ૧−$\frac{૪}{૫}$=$\frac{૧}{૫}$ અઠ. ઓછું લાગે. પણ દાખલામાં ૪ અઠવાડીઆં ઓછાં લાગે એમ કહ્યું છે. માટે તે આખું કામ, $\frac{૧}{૫}$ અઠ. ઓછું : ૪ અઠ. ઓછાં. :: ૧ અઠ =૨૦ અઠવાડીઆં સુધી ચાલે એવું હશે. અને પહેલી ટોળીના માણસો એ તે કામ ૨૦−૪=૧૬ અઠ

માં પુરૂં કીધું હશે એમ સાબિત થયું.

હવે જો એ ૨૦ અઠ. ના કામ પાછળ બન્ને ટોળીનો એક એક માણસ લગાડયો હોય તો $૨૬\frac{૧}{૨}$ શિ.=$\frac{૫૩}{૪૦}$ પૈં×૧૬ અઠ.=$\frac{૧૦૬}{૫}$ પૈં.=$૨૧\frac{૧}{૫}$ પૈં. પહેલી ટોળીના ૧ મજુરની મજુરીના થાય અને $૧૮\frac{૧}{૨}$ શિ.=$\frac{૩૭}{૪૦}$ પૈં.×૨૦ અઠ.=$૧૮\frac{૧}{૨}$ પૈં બીજી ટોળીના ૧ મજુરની મજુરી થાય. એટલે $૨૧\frac{૧}{૫}-૧૮\frac{૧}{૨}=\frac{૨૭}{૧૦}$ પૈં. નો તફાવત ૧ મજુરે પડયો. પણ દાખલામાં ૨૭૦ પૌંડનો તફાવત પડેલો કહ્યો છે માટે $\frac{૨૭}{૧૦}$: ૨૭૦ :: ૧ મજુર=૧૦૦ મજુર. માટે તે કામ પહેલી ટોળીના ૧૦૦ મજુર ૧૬ અઠવાડીઆમાં અથવા બીજી ટોળીના ૧૦૦ મજુર ૨૦ અઠ. માં પુરૂં કરે એમ સાબિત થયું. એટલે કામનો સર ૧૦૦×૫×૧૬=૮૦૦૦ અથવા ૧૦૦×૪×૨૦=૮૦૦૦ થયો.

હવે જો તે કામપર એકજ ટોળીના ૧૦૦ મજુરને બદલે બન્ને ટોળીના પચાસ પચાસ મજુર રાખીએ તો દર એક અઠ. માં (૫૦×૫) ૨૫૦+(૫૦×૪) ૨૦૦=૪૫૦ સરનું કામ થાય માટે ૪૫૦ સર : ૮૦૦૦ સર :: ૧ અઠ.=$\frac{૧૬૦}{૯}$ અઠ. માં તે આખું કામ પુરૂં થશે. ત્યાં સુધીમાં.

પહેલી ટોળીના મજુરને

$\left.\begin{array}{l}\text{૧ મજુર : ૫૦ મજુર}\\ \text{૧ અઠ : }\frac{૧૬૦}{૯}\text{ અઠ.}\end{array}\right\}$ :: $\frac{૫૩}{૪૦}$ પૈં.=$\frac{૧૦૬૦૦}{૯}$ પૌંડ આપવા પડે.

બીજી ટોળીના મજુરને

$\left.\begin{array}{l}\text{૧ મજુર : ૫૦ મજુર}\\ \text{૧ અઠ. : }\frac{૧૬૦}{૯}\text{ અઠ.}\end{array}\right\}$ :: $\frac{૩૭}{૪૦}$ પૈં.=$\frac{૭૪૦૦}{૯}$ પૌંડ આપવા પડે.

એટલે બધા મળીને $\frac{૧૦૬૦૦}{૯}+\frac{૭૪૦૦}{૯}=\frac{૧૮૦૦૦}{૯}$=૨૦૦૦ પૌંડ ખર્ચ થશે જવાબ.

૧૭૫. દોરીના બે ભાગ થયા તેમાંનો ૧ ભાગ $\frac{૭}{૧૯}$ છે તો બીજો ભાગ $\frac{૧૨}{૧૯}$ હશે. આખી દોરી ૮૫ ફુટ છે તો $\frac{૧૨}{૧૯}$ ભાગ=૬૦ ફુટ છે.

હવે આકૃતિ કાઢી જોવાથી માલુમ પડશે કે નાનો સોટો, સોટા અને ખીલી વચ્ચેનું અંતર અને ૬૦ ફુટની દોરી થઇને એક કાટખૂણુ ત્રિકોણુ બન્યો. તેનો પાયો ૪૮ ફુટ ને કર્ણ ૬૦ ફુટ છે તો લંબ (સોટાની લંબાઇ) ઉદાહરણુ સંગ્રહ ૧૨ના ૧ લા હિસાબ પ્રમાણે ૩૬ ફુટ થયો મોટો સોટો ૫૭ ફુટ છે અને નાનો ૩૬ ફુટ છે માટે મોટો સોટો નાના કરતાં ૫૭–૩૬=૨૧ ફુટ વધારે ઉંચો હશે.

જવાબ. ૨૧ ફુટ.

૧૭૬. તે હોજમાં ૧૦$\frac{૧}{૮}$×૬$\frac{૧}{૪}$×૩$\frac{૧}{૨}$=૨૨૧$\frac{૩૧}{૬૪}$ ઘન ફુટ પાણી માય પરંતુ તેમાં ૧૪૦$\frac{૫}{૮}$ ઘ. ફુ. પાણી છે તો બાકી ૮૦$\frac{૫૫}{૬૪}$ ઘ. ફુ. પાણી માય એટલી ઇંટો નાંખવી જોઇએ. ૯×૪$\frac{૧}{૨}$×૩=૧૨૧$\frac{૧}{૨}$ ઘ. ઇં. દરેક ઇંટનુ ઘનફળ છે માટે ૧૨૧$\frac{૧}{૨}$×$\frac{૧}{૫}$=૨૪$\frac{૩}{૧૦}$ ઘ. ઇં. પાણી દરેક ઇંટ સુચી લેશે. ∴ ૯૭$\frac{૨}{૧૦}$ ઘ. ઈં. = $\frac{૯}{૧૬૦}$ ઘ. ફુ. પાણી ૧ ઇંટ નાંખવાથી ઉંચુ આવે તેથી $\frac{૯}{૧૬૦}$ ઘ. ફુ. : ૮૦$\frac{૫૫}{૬૪}$ ઘ. ફુ. :: ૧ ઈંટ =૧૪૩૭$\frac{૧}{૨}$ ઇંટ જવાબ.

૧૭૭. **બ** થી ૯ વાગે ઉપડેલી ગાડી ૧૧ ને ૩૦ મિ. એ **અ** થી ઉપડેલી ગાડીને મળી માટે તે ૧૧ ક. ૩૦ મિ. –૯ ક. = ૨ કલાક ૩૦ મિ. ચાલી. અને **અ** થી ઉપડેલી ગાડી ૧૧ ક. ૩૦ મિ. – ૧૦ ક. = ૧ કલાક ૩૦ મિ. ચાલી. એટલે તે બન્ને ગાડીઓ થઇને (૨ ક. ૩૦ મિ.)+(૧ ક. ૩૦ મિ.)=૪ કલાકમાં ૧૪૪ માઈલ ચાલી માટે દરેક ગાડી દર કલાકે ૧૪૪÷૪=૩૬ માઇલ ચાલતી હશે.

અ થી ૧૦ વાગે ઉપડેલી ગાડી **બ** થી જે ધીમે ચાલનારી ગાડી નીકળી છે તેને ૧૨ ક. ૩૨ મિ. મળે છે માટે તે ૨ ક. ૩૨ મિ. ચાલી, અને તેનો વેગ કલાકે ૩૬ માઇલ છે માટે તે (૩૬ × ૨ ક. ૩૨ મિ.) ૯૧$\frac{૧}{૫}$ માઇલ ચાલી ત્યારે ભેગી થઇ હશે. તો ૧૪૪ – ૯૧$\frac{૧}{૫}$ = =૫૨$\frac{૪}{૫}$ માઇલ ધીમે ચાલનારી ગાડી (૧૨ ક. ૩૨ મિ. – ૧૦ ક. ૨૦)

૨ ક. ૧૨ મિ. માં ચાલી માટે તે દર કલાકે કેટલું ચાલે તે ત્રિરાશી પ્રમાણે કાઢીએ તો ૨ ક. ૧૨ મિ. : ૧ ક. :: ૫૨$\frac{૪}{૫}$ માઇલ = ૨૪ માઇલ.

જવાબ. ૩૬, ૨૪

૧૭૮. જો પુરૂષ ૧ હોય તો તેને ૧ આનો મળે અને સ્ત્રીને ૪ ×૪=૧૬ પાઇ મળે. એટલે પુરૂષ ને ભાગે ૧૨ પાઇ જાય તો સ્ત્રીને ભાગે ૧૬ પાઇ જાય. માટે ૭૫૬ રૂ. ના ૧૨ : ૧૬ ના પ્રમાણમાં ભાગ પાડવાના થયા. તે ઉદાહરણ સંગ્રહ ૩ જા ના ૧ લા દાખલા પ્રમાણે પાડ્યા તો પુરૂષને ભાગ ૩૨૪ રૂ. આવશે. ૩૨૪×૧૬=૫૧૮૪ આના પુરૂષની સંખ્યાનો વર્ગ કરવાથી આવેલા માટે √૫૧૮૪=૭૨ પુરૂષ અને (૭૨×૪) ૨૮૮ સ્ત્રી. જવાબ.

૧૭૯. ધારોકે દરેક પદાર્થમાં ૧૦૦ ઔંસ મિશ્રણ છે. તો બીજા પદાર્થમાં ૮૦ ઔંસ ચાંદી અને ૧૦૦−૮૦=૨૦ ઔંસ તાંબુ હશે ૮૦×$\frac{૫}{૨૦}$=૨૦ પૌંડ ચાંદીની કિંમત + $\frac{૨૦×૫}{૧૨}$ = ૮ શિ. ૪ પેન્સ તાંબાની કિમત = ૨૦ પૌન્ડ ૮ શિ. ૪ પેન્સ બીજા પદાર્થની કિંમત આવી તો પહેલા પદાર્થની તેથી ૧૫ ગણી એટલે ૩૦૬ પૌં. ૫ શિ. કિંમત હશે. માટે નીચે મુજબ હિસાબ થયો.

સોના અને તાંબાના મિશ્રણનો ૧૦૦ ઔંસ વજનનો પદાર્થ છે સોનાના ૧ ઔંસની કિંમત ૫ પૌંડ અને તાંબાના એક ઔંસની કિંમત ૫ પેન્સ લેખે તેની કુલ કિંમત ૩૦૬ પૌં. ૫ શિ. થાય છે તો તેમાં તાંબુ કેટલું? તે ઉદાહરણ સંગ્રહ ૩ ના હિસાબ ૭૧ મુજબ કરવો. જવાબ ૩૮$\frac{૨૧૯}{૨૩૯}$.

૧૮૦. ચોર ટેકરી ઉપર ૧૨ મૈલ ચાલ્યો માટે તેને ૧૨÷૩=૪ કલાક લાગ્યા. ઉતરતી જગામાં ૩ માઇલ ચાલ્યો માટે તેને ૩÷૪=$\frac{૩}{૪}$ કલાક લાગ્યા. વળી લાંબે રસ્તે ૧ કલાક ચાલ્યો છે માટે કુલ ચોર

૪+$\frac{૩}{૪}$+૧=૫$\frac{૩}{૪}$ કલાક ચાલ્યો. ફોજદાર ચોર પછી $\frac{૩}{૪}$ કલાકે નીકળ્યો છે માટે તે ૫$\frac{૩}{૪}$−$\frac{૩}{૪}$=૫ કલાક ચાલ્યો. ફોજદાર લાંબે રસ્તે ૫ કલાકમાં ૫×૪=૨૦ મૈલ ચાલ્યો. અને ચોર ૧×૩=૩ મૈલ ચાલ્યો. એટલે બન્ને થઇને ૨૦+૩=૨૩ મૈલ ચાલ્યા હશે પણ ચાલ્યા છે ૩૬−૧$\frac{૧}{૨}$=૩૪$\frac{૧}{૨}$ મૈલ માટે ૨૩ મૈ. : ૩૪$\frac{૧}{૨}$ મૈ :: ૨૦ મૈ. =૩૦ મૈલ ફોજદાર ૫ કલાકમા ચાલ્યો માટે તે કલાકે ૩૦÷૫=૬ મૈલ ચાલે અને ચોર ૪ : ૬ :: ૩=૪$\frac{૧}{૨}$ મૈલ ચાલે. ચોર કલાકે ૧$\frac{૧}{૪}$ મૈલ વેગ વધારે છે માટે તે ૪$\frac{૧}{૨}$+૧$\frac{૧}{૪}$=૫$\frac{૩}{૪}$ મૈલ ચાલે.

૫$\frac{૩}{૪}$ મૈ. : ૪$\frac{૧}{૨}$ મૈ. :: ૧ ક. =$\frac{૧૯}{૨૩}$ કલાક ચોરને પ્રથમ ૧ કલાક લાગતો હતો તેટલામાં લાગે અને ફોજદારને ૧ કલાક લાગે છે માટે $\frac{૧}{૧}$−$\frac{૧૯}{૨૩}$=$\frac{૫}{૨૩}$ કલાક ચોર આગળ ગયો છે માટે ૧ ક. : $\frac{૫}{૨૩}$ :: ૩ મૈ. =$\frac{૧૫}{૨૩}$ મૈલ ચોર ગયો; માટે તેટલું અંતર ફોજદારને ચોર વચ્ચે પડશે તેથી તેટલું અંતર ભાગવાને ફોજદારને કેટલુ ચાલવુ પડશે તે કાઢવા સારૂ− ૪−૩=૧ મૈલનું અંતર પડે. ૧ મૈ. : $\frac{૧૫}{૨૩}$ મૈ :: ૪ મૈ.=૨$\frac{૧૪}{૨૩}$ મૈલ વ સ્થળેથી આગળ ચોર જશે કે ફોજદાર તેને પકડશે. જવાબ ૨$\frac{૧૪}{૨૩}$ મૈલ

૧૮૧. ૧ હિંદુનો છોકરો હોય તો .૨૫૫̇=$\frac{૨૫૩}{૯૯૦}$ મુસલમાનના છોકરા હોય એટલે બધા થઇને ૧+$\frac{૨૫૩}{૯૯૦}$=$\frac{૧૨૪૩}{૯૯૦}$ છોકરા હોય પણ છે ૯૦૪ માટે $\frac{૧૨૪૩}{૯૯૦}$ છો. : ૯૦૪ છો. :: $\frac{૨૫૩}{૯૯૦}$ મુ. છો. : ઈષ્ટ મુ. છોકરા. = ૧૮૪ જવાબ.

૧૮૨. ૨૩ ગેલન ૧ ક્વા.=૨૩$\frac{૧}{૪}$ ગેલન.

૧ મિ. માં ૨૩$\frac{૧}{૪}$ ગેલન લેખે ૩૧$\frac{૧}{૨}$ કલાક=૧૮૯૦ મિ. માં ૪૩૯૪૨$\frac{૧}{૨}$ ગેલન પાણી આવેલું પણ ૪૩૦૯૨ ગેલન પાણી રહેલું છે માટે

૪૩૯૪૨$\frac{૧}{૨}$−૪૩૦૯૨=૮૫૦$\frac{૧}{૨}$ ગેલન પાણી ૧૮૯૦ મિ. માં ટપકી ગયું. ∴ ૧૮૯૦ મિ. : ૬૦ મિ. :: ૮૫૦$\frac{૧}{૨}$ ગેલન : ઈષ્ટ ગેલન = ૨૭ ગેલન જવાબ.

૧૮૩. ૨૦× ૮=૧૬૦ આઠ સંખ્યાનો ટોટલ.

૧૫$\frac{1}{2}$×૨=૩૧ પહેલી બે સંખ્યાનો ટોટલ.

૨૧$\frac{1}{3}$×૩=૬૪ ત્રીજી, ચોથી અને પાંચમી સંખ્યાનો ટોટલ.

૧૬૦-(૩૧+૬૪)=૬૫ છેલ્લી ૩ સંખ્યાનો ટોટલ.

∴ { ૬૫-(૪+૭) } ÷૩=૧૮ છઠ્ઠી સંખ્યા

અને ૧૮+૭=૨૫ આઠમી સંખ્યા. જવાબ.

૧૮૪. अ ના (૩×૩ મ.) + { (૩-$\frac{2}{3}$) × ૯ મ. } =૩૦ સર.

ब ના { ૨×(૩ મ. + ૩ મ.) } + { (૨+$\frac{2}{3}$)×૬ મ. }

=૨૮ સર.

૩૦-૨૮=૨ સર अ ના વધારે છે તે બદલ अને ૧૧૦ રૂા. વધારે મળેછે.

∴ ૨ સર : ૩૦ સર :: ૧૧૦ રૂા.=૧૬૫૦રૂા. अના નફાના }
૨ સર : ૨૮ સર :: ૧૧૦ રૂા.=૧૫૪૦રૂા. बના નફાના } જવાબ

૧૮૫. સેંકડે ૫ ટકા તરવાર નકામી જાય એટલે ૧૦૦-૫=૯૫ રહે. ૧૦૦ : ૨૦૦૦ :: ૯૫=૧૯૦૦ તરવાર સારી રહે. તેના દર તરવારે ૧૭ શિ. ૩ પે. પ્રમાણે ૧૬૩૮$\frac{3}{4}$ પૌંડ ઉપજે તેથી સેંકડે ૧૫ ટકા નફો થાય છે તો તેની મૂળ કિંમત કાઢવા સારૂ-૧૧૫ પૌં. : ૧૬૩૮$\frac{3}{4}$ :: ૧૦૦ પૌંડ = ૧૪૨૫ પૌંડ મૂળ કિંમત આવી. હવે સેંકડે ૩૫ ટકા નકામી જાય માટે ૬૫ તરવાર સારી રહે. તે લેખે ૧૦૦ : ૨૦૦૦ :: ૬૫ = ૧૩૦૦ તરવાર સારી રહે તેના દર તરવારે ૧૭ શિ. ૩ પેન્સ પ્રમાણે ૧૧૨૧ પૌંડ ૫ શિ. ઉપજે.

૧૪૨૫ પૌંડ મૂળ કિંમત છે અને ૧૧૨૧ પૌં. ૫ શિ. ઉપજે છે માટે બાદબાકીથી જણાય છે કે ૩૦૩ પૌંડ ૧૫ શિ. ખોટ જશે જવાબ.

૧૮૬. ઉદાહરણ સંગ્રહ ૧૨ ના હિસાબ ૧૪૯ મુજબ.

૧૮૭. ધારો કે તે માણસે ૮૬$\frac{1}{4}$ રૂા. આપી ૪ ટકા વ્યાજ આવે એવી ૧૦૦ રૂા. ની લોન લીધી. તે વેચી દે છે માટે ૯૦ રૂા.

ઉપજશે. ઉપજેલા રૂા. માંથી એટલા રૂ. ની લોન લે છે કે પ્રથમના જેટલીજ આવક થાય, માટે $૪\frac{૧}{૬}$ ટકાવ્યા. : ૪ ટકાવ્યા. :: $૫૭\frac{૭}{૮}$ રૂા. : ૪૯ રૂા.=૮૭ રૂા. રોકેલા. ૯૦ રૂા. હતા અને ૮૭ રૂા રોકયા માટે ૩ રૂ. પાસે રહ્યા પરંતુ ૪૦ રૂ. પાસે રાખવાના કહે છે માટે ૩ રૂા. : ૪૦ રૂા. :: $૮૬\frac{૧}{૪}$ રૂા. : ૪૯ રૂા. = ૧૧૫૦ રૂા. જવાબ.

૧૮૮. $\sqrt[3]{૧૬} = ૨$; $\sqrt[3]{૮૧} = ૩\sqrt[3]{૩} = ૩\sqrt[6]{૯}$; $\sqrt[3]{૫૧૨} = ૮$; $\sqrt[3]{૧૯૨} = ૪\sqrt[3]{૩} = ૪\sqrt[6]{૯}$;

$\therefore ૨+૩\sqrt[6]{૯} + ૮ + ૪\sqrt[6]{૯} - ૭\sqrt[6]{૯} = ૧૦$ જવાબ.

૧૮૯. ૧ થી ૧૧ સુધી સઘળા ક્રમિક આંકડાના ઘનનો સરવાળો ઉદાહરણ સંગ્રહ ૧૫ ના હિસાબ ૧૯ મુજબ કરી તેને ૧ થી ૧૧ સુધીના સઘળા ક્રમિક આંકડાનો સરવાળો ઉદાહરણ સંગ્રહ ૧૫ ના હિસાબ ૧૨ મુજબ કરી ભાગવા. જવાબ ૬૬.

૧૯૧. ધારો કે ત્રણ કારીગરો હતા તેમાંના $\frac{૨}{૩}$ એટલે બે કારીગરોને ૨×૧॥=૩ રૂ. મળ્યા અને બાકીના ૧ કારીગરને ૧×૨॥=૨॥ રૂા. આપ્યા. કુલ ત્રણે કારીગરો વચ્ચે (૩+૨॥) ૫॥ રૂા. આપ્યા પણ હિસાબમાં ૫૫ રૂા. આપ્યા છે માટે $૫\frac{૧}{૨}$ રૂા. : ૫૫ રૂા. :: ૩ કારીગર : ૪૯ કારીગર=૩૦ કારીગર જવાબ.

૧૯૨. ૧૨ છો. + ૧૫ છોકરીઓ ૧ દિ. માં $\frac{૧}{૨૦}$ કામ કરે.
અને ૧૨ છો. + ૨૫ છોકરીઓ ૧ દિ. માં $\frac{૧}{૨૫}$ કામ કરે.

$\therefore$ ૧૦ છોકરીઓ ૧ દિ. માં $\frac{૧}{૬૦}$ કામ કરે. તો ૧ છોકરી ૧ દિ. માં $\frac{૧}{૬૦૦}$ કામ કરે માટે તેને આખું કામ કરતાં ૬૦૦ દિવસ થાય.

૧૨ છોકરા + ૧૫ છોકરીઓ ૧ દિ. માં $\frac{૧}{૨૦}$ કામ કરે છે તે. માંથી ૧૫ છોકરીઓનું (૧૦ છોકરીઓ : ૧૫ છોકરીઓ :: $\frac{૧}{૬૦}$ કામ) $\frac{૧}{૪૦}$ કામ બાદ કરીએ તો બાકીનું $\frac{૧}{૪૦}$ કામ ૧૨ છોકરા ૧ દિ. માં

કરે માટે ૧ છોકરો ૧ દિ. માં $\frac{1}{૪૮૦}$ કામ કરે, તેથી આખું કામ કરવાને તેને ૪૮૦ દિવસ થાય. જવાબ. છોકરાને ૪૮૦ દિવસ ને છોકરીને ૬૦૦ દિવસ.

૧૯૩. પરચુરણના હિસાબ ૬૫ મુજબ તે દિવાનખાનાની લંબાઈ કાઢી તો ૧૬ ફુટ આવી. માટે તે દિવાનખાનું ૧૮ ફુટ લાંબુ અને ૧૬ ફુટ પહોળું હશે. તેની ભીંતે ચોંટાડેલા કાગળનો ખર્ચ ૧૩ રૂ. ૪ આ. ૬ પાઈ થયો છે તે ઉપરથી ઉંચાઈ શોધીએ. ૨$\frac{1}{૪}$ પાઈ : ૧૩ રૂ. ૪ આના ૬ પાઈ :: ૧ ચો. ફુ. = ૧૦૨૦ ચો. ફુ. કાગળ ચોંટાડેલા છે-માટે તે ઓરડાની ચારે ભીંતોનું ક્ષેત્રફળ ૧૦૨૦ ચો. ફુ. હશે. તેની ચારે ભીંતોની લંબાઈ (૧૮+૧૮+૧૬+૧૬) ૬૮ ફુટ વડે ભાગીએ તો ઉંચાઈ આવે માટે ૧૦૨૦ ચો. ફુ. ÷ ૬૮ ફુ. = ૧૫ ફુ. ઉંચાઈ જવાબ

૧૯૪. ઉદાહરણ સંગ્રહ ૭ ના હિસાબ ૨૦ મુજબ. જ. ૧૧$\frac{3}{૪}$ મહિના.

૧૯૫. ૫ કલાકમાં ૩૦ હાંડા × ૩ ઘડા = ૯૦ ઘડા પાણી આવે.
૩ કલાકમાં ૨૦ હાંડા × ૪ ઘડા = ૮૦ ઘડા ,, ,,
∴ ૨ કલાકમાં .... ૧૦ ઘડા પાણી ટપકી ગયું હશે તે લેખે ૩ કલાકમાં ૧૫ ઘડા પાણી ટપકી ગયું હશે અને ૮૦ ઘડા રેડેલું. માટે ૮૦ ઘડા–૧૫ ઘડા=૬૫ ઘડા પાણી ટાંકીમાં માતું હશે. (૧ લો. જવાબ.)

૧૦ ઘડા : ૬૫ ઘડા :: ૨ કલાકમાં ટપકે = ૧૩ કલાકમાં બધું પાણી ટપકી જાય (૨ જો જવાબ.)

૧૯૬. મુકરર સમયમાં ભરતીની ગતિ + હોડીની ગતિ = ૫ મૈલ.
,, હોડીની ગતિ – ભરતીની ગતિ = ૩ મૈલ.
સરવાળો કર્યાથી તેજ વખતમાં સ્થિર પાણીમાં હોડીની ગતિ (૫ +૩)×$\frac{1}{૨}$=૪ મૈલ. અને બાદબાકી કર્યાથી ભરતીની ગતિ (૫–૩)×$\frac{1}{૨}$=૧ મૈલ.
ભરતીની ગતિ = સ્થિરપાણીમાં હોડીની ગતિનો (૧÷૪) $\frac{1}{૪}$ મૈલ.

$\therefore$ ભરતીની ગતિ+હોડીની ગતિ=૨ મૈલ } હોડીની ગતિ (૨+૧) $\times\frac{૧}{૨}$=૧$\frac{૧}{૨}$
હોડીની ગતિ−ભરતીની ગતિ=૧ મૈલ } મૈલ અને ભરતીની ગતિ
(૨−૧) $\times\frac{૧}{૨}$=$\frac{૧}{૨}$ મૈલ. $\therefore$ ભરતીની ગતિ = હોડીની ગતિનો $\frac{૧}{૩}$ થયો આ અન્ને ભરતીની ગતિના વેગનું અંતર $\frac{૧}{૨}$ મૈલ છે એટલે સ્થિર પાણીમાં હોડીની ગતિના ($\frac{૧}{૩}$−$\frac{૧}{૪}$)=$\frac{૧}{૧૨}$= ૦॥ મૈલ છે માટે સ્થિર પાણીમાં હોડીની ગતિ$\times\frac{૧}{૧૨}$: હોડીની ગતિ :: $\frac{૧}{૨}$ મૈલ=૬ મૈલ સ્થિર પાણીમાં ૧ કલાકે હોડીની ગતિ. જવાબ.

૧૯૭. ધારો કે ૧૦૦ પૌંડની લોન છે તેનો $\frac{૧}{૩}$ ભાગ એટલે $\frac{૧૦૦}{૩}$ ભાગ વેચવાથી ૧૦૦ : $\frac{૧૦૦}{૩}$ :: ૧૦૪=$\frac{૧૦૪}{૩}$ પૌં. ઉપજ્યા. તેને ૯૮ ના ભાવમાં રોક્યા પછી ૨ ટકા વધ્યા ત્યારે વેચી દે છે તેથી ૯૮ પૌં. : $\frac{૧૦૪}{૩}$ પૌં. :: ૧૦૦ પૌં. =$\frac{૫૨૦૦}{૧૪૭}$ પૌં. ઉપજ્યા તેમાંથી $\frac{૧૦૦}{૩}$ પૌં. ની લોન અસલ વેચી હતી તે પાછી લે છે તેના ૧૦૦ પૌં. ની લોન : $\frac{૧૦૦}{૩}$ પૌં. લોન :: ૧૦૨ પૌં. = ૩૪ પૌં. બેઠા માટે $\frac{૫૨૦૦}{૧૪૭}$−૩૪=$\frac{૨૦૨}{૧૪૭}$ પૌં. નફો થયો પણ દાખલામાં ૨૦૨ પૌંડ નફો થએલો લખ્યો છે માટે $\frac{૨૦૨}{૧૪૭}$ પૌં. : ૨૦૨ પૌં. :: ૧૦૦ પૌં. મૂળ કિં. = ૧૪૭૦૦ પૌંડની લોન અસલ લીધી હશે. જવાબ. ૧૪૭૦૦ પૌંડ.

૧૯૮. ઉદાહરણ સંગ્રહ ૩ ના હિસાબ ૫૯ મુજબ.

જવાબ. ૨૮૦; ૪૦૦

૧૯૯. કલાકના ૧૮ માઇલ લેખે ચાલનારી સુરતથી ૨ વાગતે ઉપડેલી માલ ગાડીને ભરૂચ (૪૮ મૈ.) પહોંચતાં $\frac{૮}{૩}$ કલાક લાગવા જોઇએ તેને બદલે $\frac{૮}{૩}$+$\frac{૫}{૬}$=૩$\frac{૧}{૨}$ કલાક લાગ્યા. એટલે બે વાગતે ઉપડીને ૨+૩$\frac{૧}{૨}$=૫$\frac{૧}{૨}$ વાગતે પહોંચી. ત્યાર પછી ૬ મિનિટે એટલે ૫ કલાક ૩૬ મિનિટે ઉતારૂની ગાડી ઉપડી અને મેલટ્રેન બરાબર ૬ વાગતે સુરતથી ઉપડીને સુરત અને ભરૂચની વચ્ચે એટલે ૨૪ મે મૈલે ભેગી થઇ. માટે ૨૪ મૈલના અંતરમાં ઉતારૂની ગાડીને મેલટ્રેન કરતાં ૬ ક. − ૫ ક. ૩૬

મિ. = ૨૪ મિ. વધારે લાગી. પણ દાખલામાં આપેલા બન્ને ટ્રેનની ચાલના પ્રમાણ (૨ : ૩) ઉપરથી માલમ પડે છે કે (૨ મૈ. : ૩ મૈ. :: ૧ ક. = ૧$\frac{1}{2}$ ક.) મેલટ્રેન ૧ કલાકમાં જેટલું ચાલે તેટલું ચાલતાં ઉતારૂની ગાડીને ૧$\frac{1}{2}$ કલાક લાગે છે. એટલે ૧$\frac{1}{2}$–૧=૩૦ મિનિટ વધારે લાગે છે. માટે ૩૦ મિ. : ૨૪ મિ. :: ૧ કલાકે = $\frac{4}{5}$ કલાકે ૨૪ મિનિટનો ફેર પડે તે ઉપરથી જણાય છે કે મેલટ્રેન $\frac{4}{5}$ કલાકમાં ૨૪ મૈલ ચાલી હશે માટે ૧ કલાકે ૩૦ મૈલ ટ્રેન ચાલતી હશે.

હવે મેલ ટ્રેન ૬ વાગતે ઉપડી છે તે પહેલાં ભારખાનાની ગાડી ૫$\frac{1}{2}$ વાગતા સુધીમાં ભરૂચ સુધી=૪૮ મૈલ ચાલી હશે તે+(૧૮×$\frac{1}{2}$) ૯ મૈલ બીજા અડધા કલાકમાં ચાલી હશે તે=૫૭ મૈલ અગાડી નીકળી ગઇ છે તેટલું અંતર કાપીને ભારખાનાની ટ્રેનને પકડવી છે. પણ આપણે શોધી કાઢયું છે કે મેલ ટ્રેન દર કલાકે ૩૦ મૈલ ચાલે છે અને ભારખાનાની ગાડી ૧૮ મૈલ ચાલે છે એટલે ૧ કલાકમાં ૧૨ મૈલનું અંતર કપાય છે. તે લેખે ૫૭ મૈલનું અંતર કાપવા માટે મેલ ટ્રેનને ૪$\frac{3}{4}$ ક. ચાલવું પડશે. એટલે ૧ ક. : ૪$\frac{3}{4}$ ક. :: ૩૦ મૈલ.=૧૪૨$\frac{1}{2}$ મૈલ ચાલવું પડશે. જવાબ. ૧૪૨$\frac{1}{2}$ મૈલ.

૨૦૦. ઉદા૦ ૫ ના હિસાબ ૯૦ મુજબ મિશ્રણનું પ્રમાણ કાઢયું તો ૪ : ૫ આવ્યું.

૧૦૦ : ૫ શિ. :: ૧૨૦ શિ.=૬ શિ.×૪=૨૪ શિ. ભાવ વધ્યો ત્યારે બેઠેલા.

૧૦૦ : ૬ શિ. :: ૫૩$\frac{1}{3}$ શિ.=$\frac{16}{5}$ શિ.×૫=૧૬ શિ ભાવ ઘટયો ત્યારે બેઠેલા.

∴ ૪+૫=૯ પૌંડ ચાની કિંમત ૨૪+૧૬=૪૦ શિ બેઠી છે તેને બદલે ૬ શિ. ૬ પે×૯=૪૮$\frac{1}{2}$ શિ. ઉપજાવ્યા એટલે ૫૮$\frac{1}{2}$–૪૦=૧૮$\frac{1}{2}$ શિ. નફો થયો. તે સેંકડે ૪૦ : ૧૦૦ :: ૧૮$\frac{1}{2}$=૪૬$\frac{1}{4}$ ટકા પડયો.

જવાબ. ૪૬$\frac{1}{4}$ ટકા નફો.

૨૦૧. પહેલા અને બીજા માણસના ભાગ વચ્ચે ૧૨૨−૯૮=૨૪ રૂ. નો તફાવત પડે છે; કારણ કે બીજી રકમના પહેલા બે ભાગ વચ્ચે ૩−૨=૧ રૂ. નો તફાવત છે. ૧ રૂ. તફા. : ૨૪ રૂ. તફા. :: ૨ રૂ.= ૪૮ રૂ. બીજી રકમનો પહેલો ભાગ. પહેલાને ભાગે ૯૮ રૂ. આવે છે માટે ૯૮−૪૮=૫૦ રૂ. પહેલી રકમના ત્રણ સરખા ભાગમાંનો ૧ ભાગ. ૨ રૂ. : ૪૮ રૂ. :: ૫ રૂ. = ૧૨૦ રૂ. બીજી રકમમાંથી ત્રીજાને ભાગ જાય અને પહેલી રકમમાંથી ૫૦ રૂ. આવે. કુલ ત્રીજાને ભાગ ૧૨૦ +૫૦=૧૭૦ રૂ. આવે. જવાબ.

૨૦૨. **अ**, **ब**, **क**, અનુક્રમે ૧૦, ૧૨ અને ૧૬ માઈલ ચાલે છે માટે તેઓ $\frac{૬૩}{૧૦}$, $\frac{૬૩}{૧૨}$ અને $\frac{૬૩}{૧૬}$ દિવસમાં એક પ્રદક્ષિણા પૂરી કરશે. માટે એ ત્રણેનો લઘુતમ સાધારણ ભાજ્ય કાઢ્યો તો ૩૧$\frac{૧}{૨}$ દિવસે તે ત્રણે ભેગા થશે. જવાબ ૩૧$\frac{૧}{૨}$ દિવસ.

૨૦૩. ઉપર પ્રમાણે. જવાબ ૩૦૦ દિવસ.

૨૦૪. ૪ કલાક પહે. નળ+૫ કલાક બી. નળ =૯૦ ઘડા } પહેલા પદને
૭ ,, +૩$\frac{૧}{૨}$,, =૧૨૬ ઘડા } ૧$\frac{૩}{૪}$ ગણા કર્યા
૭ કલાક પહે. નળ+૮$\frac{૩}{૪}$ કલાક બી. નળ=૧૫૭$\frac{૧}{૨}$ ઘડા. } બાદબાકી
૭ ,, +૩$\frac{૧}{૨}$,, =૧૨૬ ઘડા. } કરી.

∴ ૫$\frac{૧}{૪}$ ક. માં બી. નળ ૩૧$\frac{૧}{૨}$ ઘડા ભરે. માટે ૧ કલાકમાં ૬ ઘડા ભરે. ૬×૫=૩૦ ઘડા ૫ કલાકમાં ભરે. ∴ ૯૦−૩૦= ૬૦ ઘડા પહેલો નળ ૪ કલાકમાં ભરે, તો ૧ કલાકમાં ૬૦÷૪=૧૫ ઘડા ભરે. બન્ને નળ થઇ ૧ કલાકમાં ૧૫+૬=૨૧ ઘડા ભરે પણ ભરવું છે ૨૧૦ ઘડા માટે ૨૧૦÷૨૧=૧૦ કલાક જોઇએ. જવાબ ૧૦ કલાક.

૨૦૫. ૩૭૮ અને ૩૩૬ નો ૯૯ ભાજક કાઢતાં ૪૨ આવ્યો માટે ૪૨ થી ૩૩૬ ને ભાગતાં જે ભાગાકાર આવે તે જવાબ. ∴ ૩૩૬÷ ૪૨=૮ જવાબ.

૨૦૬. પરચુરણ દાખલા ૧૩ મુજબ.

૨૦૭. તે ગાડી ૧૨ સેકન્ડમાં પોતાની લંબાઈ + પૂલની લંબાઇ ચાલે છે માટે ૩૬૦૦ સે. : ૧૨ સે. :: ૩૦ મા. = $\frac{૧}{૧૦}$ મા. = ૧૭૬ યાર્ડ. ૧૭૬ યાર્ડ ગાડી અને પૂલની લંબાઈ છે તેમાંથી ગાડીની લંબાઈ ૧૧૦ યાર્ડ બાદ કરી તો બાકીની ૬૬ યાર્ડ પૂલની લંબાઇ. જવાબ

૨૦૮. ટાંકી પૂરેપૂરી ભરાઇ રહે એટલે કંઇ ખાલી કરવાનું રહે નહિ માટે છેલ્લી $\frac{૧}{૧૦}$ ટાંકી પહેલો નળ ૧ મિ. માં ભરશે. એટલે ૧−$\frac{૧}{૧૦}$=$\frac{૯}{૧૦}$ ટાંકી ભરાય અને ખાલી થાય એ ક્રમમાં ભરવી પડશે. પહેલો નળ $\frac{૧}{૧૦}$ ભરે અને બીજો $\frac{૧}{૧૫}$ ખાલી કરે માટે તે બન્ને થઇને ૨ મિનિટે $\frac{૧}{૧૦}$−$\frac{૧}{૧૫}$=$\frac{૧}{૩૦}$ ટાંકી ભરે પણ ભરવી છે $\frac{૯}{૧૦}$ માટે $\frac{૧}{૩૦}$ ટાં. ભ. : $\frac{૯}{૧૦}$ ટાં ભ. :: ૨ મિ. = ૫૪ મિ માં $\frac{૯}{૧૦}$ ટાંકી ભરાય અને $\frac{૧}{૧૦}$ ટાંકી ૧ મિ. માં ભરાશે એટલે કુલ ૫૪+૧=૫૫ મિ. જોઇએ.

જવાબ ૫૫ મિનિટ.

૨૦૯. ત્રીજી સંખ્યા ૧૫ હોય તો બીજી ૧૨ અને પહેલી ૮ થાય; એટલે તેનો સરવાળો ૮+૧૨+૧૫=૩૫ થાય. ૩૫ થી ભાગી શકાય એવી ૧૦૦૦ કરતાં ઓછી સંખ્યા શોધી કાઢતાં ૯૮૦ જડે છે માટે તેના ઉપરના પ્રમાણથીજ ભાગ પાડતાં ૨૨૪, ૩૩૬ અને ૪૨૦ આવશે.

જવાબ. ૨૨૪, ૩૩૬, ૪૨૦.

૨૧૦. ૪ પુ. + ૬ બા. ૧ કામ ૫ દિ. માં કરે છે માટે ૨ પુ. અને ૩ બાયડી તે કામ ૧૦ દિ. માં કરે. અને ૩ બાયડી + ૪ છો. તે કામ ૧૦ દિ. માં કરે છે. માટે બાદબાકીથી જણાય છે કે ૨ પુ.=૪ છો. ∴ ૧ પુ. = ૨ છો.

૫ પુ. + ૧૦ છો. ૧ કામ ૪ દિ. માં કરે તો ૫×૨=૧૦ છો. + ૧૦ છો. = ૨૦ છો. તે કામ ૪ દિ. માં કરે માટે ૧ છો. તે કામ ૨૦×૪=૮૦ દિ. માં કરે.

પુરૂષ છોકરાથી બમણું કામ કરે છે માટે ૮૦÷૨=૪૦ દિ. માં પુરૂષ તે કામ કરે.

૧ પુ. ૪૦ દિ. માં ૧ કામ કરે તો ૪ પુ. ૫ દિ. માં $\frac{૧}{૨}$ કામ કરે. ૪ પુ.+૬ બા. ૫ દિ. માં ૧ કામ કરે છે તેમાંથી ૪ પુ. નું ૫ દિ. નું $\frac{૧}{૨}$ કામ બાદ કરીએ તો બાકીનું $\frac{૧}{૨}$ કામ ૬ બાયડી ૫ દિ. માં કરે માટે એક બાયડી તે કામ ૬૦ દિ. માં કરશે. જવાબ. પુ. ૪૦ દિ., બા. ૬૦ દિ., છો. ૮૦ દિ.

૨૧૧. ઘનફુટ પાણીનું વજન ૧૦૦૦ ઔંસ ગણવાથી હિસાબ આવશે.

પાણીનું ઘનફળ=૬૨$\frac{૧}{૨}$×૩૬×૨૪=૫૪૦૦૦ ઘનઈંચ

ટાંકીનાં લંબાઇનાં બે પતરાં સળંગ છે એમ ધારીએ તો તે ૬૨$\frac{૧}{૨}$+$\frac{૧}{૨}$=૬૩ ફુટ લાંબાં હશે.

૬૩×૨૪×$\frac{૧}{૪}$×૨=૭૫૬ ઘ. ઈં. લંબાઇનાં બે પતરાંનું ઘનમાપ.

૩૬×૨૪×$\frac{૧}{૪}$×૨=૪૩૨ ઘ. ઈં. પહોળાઇનાં બે પતરાંનું ઘનમાપ.

૬૨$\frac{૧}{૨}$×૩૬×$\frac{૧}{૪}$=૫૬૨$\frac{૧}{૨}$ ઘ. ઈં તળીઆનું ઘનમાપ.

કુલ આખી ટાંકી ૭૫૬+૪૩૨+૫૬૨$\frac{૧}{૨}$=૧૭૫૦$\frac{૧}{૨}$ ઘ. ઈં. થઇ.

૧ ઘ. ફુ. : $\frac{૫૪૦૦૦}{૧૭૨૮}$ ઘ. ફુ. :: ૧૦૦૦ ઔં.=૩૧૨૫૦ ઔંસ=$\frac{૧૫૬૨૫}{૮}$ પૌંડ પાણીનું વજન. ૧ ઘ. ફુ. : $\frac{૩૫૦૧}{૩૪૫૬}$ ઘ. ફુટ. :: ૭૦૦૦ ઔં=$\frac{૩૪૦૩૭૫}{૪૮}$ ઔંસ=$\frac{૩૪૦૩૭૫}{૭૬૮}$ પૌંડ ટાંકીનું વજન થયું. માટે પાણી સુદ્ધાં ટાંકીનું વજન $\frac{૧૫૬૨૫}{૮}$+$\frac{૩૪૦૩૭૫}{૭૬૮}$=૨૩૯૬ પૌં. ૫$\frac{૭}{૪૮}$ ઔંસ.

જવાબ. ૨૩૯૬ પૌં. ૫$\frac{૭}{૪૮}$ ઔંસ.

૨૧૨. ૧ ગૅલનમાં ૨૭૭·૨૭૪ ઘ ઈં. પાણી માય છે. માટે ૪૩૨૦ ગેલનમાં ૨૭૭·૨૭૪×૪૩૨૦=૧૧૯૭૮૨૩·૬૮ ઘ. ઈં.=$\frac{૧૩૮૬૩૭}{૫૦}$ ઘ. ફુ. પાણી તે હોજમાં હશે.

તે હોજ બહારથી ૧૪·૧૧૩૭ ફુટ લાંબો છે તેથી અંદરથી

૧૪·૧૧૩૭—·૨૫ (૧·૫ ઈં×૨=૩ઇં=·૨૫ ફુટ.)=૧૩·૮૬૩૭ ફુટ લાંબો હશે તેવીજ રીતે અંદરથી ૧૦·૨૫—·૨૫=૧૦ ફુટ પહોળો હશે. ૧૩·૮૬૩૭×૧૦=૧૩૮·૬૩૭ ચો ફુ. ટાંકીના તળીઆનું ક્ષેત્ર ફળ થયું; માટે $\frac{૧૩૮૬૩૭}{૫૦}$÷૧૩૮·૬૩૭=૫ ફુટ તે હોજની અંદરથી ઉંડાઇ હશે.

∴ ૫·૧૬̇–૫=·૧૬̇=$\frac{૧૫}{૯૦}$=$\frac{૧}{૬}$ ફુટ=૨ ઈંચ તળીઆની જાડાઇ હશે.

૨૧૩. **अ, ब, क** એ ત્રણે જણાએ ૬ દિ. ઉપરાંત છેલ્લા ૩ દિ. એકેક કલાક વધારે કામ કર્યું છે, એટલે દરેકે ત્રણ ત્રણ કલાક વધારે કામ કર્યું તે ત્રણ કલાક **अ** ના ૮ ક. : ૩ ક. :: ૧ દિ. = $\frac{૩}{૮}$ દિ. બરાબર છે. તેમજ **ब**ના $\frac{૧}{૩}$ દિ. બરાબર અને **क** ના $\frac{૩}{૧૦}$ દિ. બરાબર છે. તે વધારાના દિવસનો પગાર બાદ કરીને ત્રણ સરખા ભાગ કરીને દરેક જણના વધારાના કામ બદલ મળેલો પગાર ઉમેરી દેતાં જવાબ આવશે.

∴ તેઓએ ૬$\frac{૩}{૮}$+૬$\frac{૧}{૩}$+૬$\frac{૩}{૧૦}$=૧૯$\frac{૧}{૧૨૦}$ દિ. કામ કર્યું તે બદલ ૨ પૈં ૭ શિ. ૬$\frac{૧}{૨}$ પેન્સ=$\frac{૨૨૮૧}{૯૬૦}$ પૈં. પગાર મળ્યો તેમાંથી $\frac{૩}{૮}$+$\frac{૧}{૩}$+$\frac{૩}{૧૦}$ = $\frac{૧૨૧}{૧૨૦}$ દિ. ના પગારના (૧૯$\frac{૧}{૧૨૦}$ દિ. : $\frac{૧૨૧}{૧૨૦}$ દિ. :: $\frac{૨૨૮૧}{૯૬૦}$ પૈં.) $\frac{૧૨૧}{૯૬૦}$ પૈં. બાદ કરતાં રહેલા પૈંડ ૩ જણને સરખે ભાગે વહેંચતાં દરેકને ભાગે $\frac{૩}{૪}$ પૈં.=૧૫ શિ. આવે. તેમાં તેઓએ વધારે વખત જે કામ કીધું છે તે બદલ નીચે પ્રમાણે મળેલો પગાર ઉમેરો.

$\frac{૧૨૧}{૧૨૦}$ દિ. : $\frac{૩}{૮}$ દિ. :: $\frac{૧૨૧}{૯૬૦}$ પૈં.=૧૧$\frac{૧}{૪}$ પેન્સ.
∴ ૧૧$\frac{૧}{૪}$ પે.+૧૫ શિ. = ૧૫ શિ. ૧૧$\frac{૧}{૪}$ પે. **अ** ને.
$\frac{૧૨૧}{૧૨૦}$ દિ. : $\frac{૧}{૩}$ દિ. :: $\frac{૧૨૧}{૯૬૦}$ પૈં. = ૧૦ પે.
∴ ૧૦ પે.+૧૫ શિ. = ૧૫ શિ. ૧૦ પે. **ब** ને.
$\frac{૧૨૧}{૧૨૦}$ દિ. : $\frac{૩}{૧૦}$ દિ. :: $\frac{૧૨૧}{૯૬૦}$ પૈં. = ૯ પે.
∴ ૯ પે. + ૧૫ શિ. = ૧૫ શિ. ૯ પે **क** ને.
} ઉત્તર.

૨૧૪. **ब+क** ને ૧ પૈંડ મળે તો **अ**ને $\frac{૪}{૫}$ પૈં. મળે. એટલે કુલ

૧+$\frac{૪}{૯}$=$\frac{૧૩}{૯}$ પૌંડ વહેંચવાના હોય પણ અહીં તો ૪૨૧૨ પાં. વહેંચવાના છે માટે $\frac{૧૩}{૯}$: ૪૨૧૨ :: $\frac{૪}{૯}$=૧૨૯૬ પૌંડ अ ને મળે.

अ + क ને ૧ પૌં. મળે તો ब ને $\frac{૪}{૫}$ પૌં. મળે એટલે કુલ ૧+$\frac{૪}{૫}$=$\frac{૯}{૫}$ વહેંચવાના થાય માટે $\frac{૯}{૫}$: ૪૨૧૨ :: $\frac{૪}{૫}$=૧૮૭૨ પૌંડ ब ને મળે અને બાકીના ૪૨૧૨−(૧૨૯૬+૧૮૭૨)=૧૦૪૪ પૌંડ क ને મળે.

જવાબ. अ ૧૨૯૬; ब ૧૮૭૨; क ૧૦૪૪.

૨૧૫. હાલ સરવાળો ૫૫ થાય છે માટે ૧૦ વર્ષ અગાઉ ૫૫−(૧૦×૨)=૩૫ હશે, અને તે બેની ઉમ્મર તે વખતે ૪ : ૩ ના પ્રમાણમાં છે. માટે ૪+૩=૭. ૭ : ૩૫ :: ૪=૨૦ વર્ષ अ ની ઉમ્મર. ૭ : ૩૫ :: ૩=૧૫ વર્ષ ब ની ઉમ્મર.

अ ને ब ની ઉમ્મર અનુક્રમે દશ વર્ષ અગાઉ ૨૦ અને ૧૫ વર્ષ છે માટે હાલ (૨૦+૧૦) ૩૦ ને (૧૫+૧૦) ૨૫, વર્ષ હશે.

જવાબ. ૩૦, ૨૫.

૨૧૬. આખો સિક્કો ભેગનો હોય તો તેની કિંમત ૬ પાઈ છે માટે $\frac{૧}{૧૨}$ ભેગની કિંમત $\frac{૧}{૨}$ પાઇ આવી. માટે ૧−$\frac{૧}{૧૨}$=$\frac{૧૧}{૧૨}$ ચાંદીની કિંમત $\frac{૧}{૧}$−$\frac{૧}{૩૮૪}$=$\frac{૩૮૩}{૩૮૪}$ રૂા. આવી. $\frac{૧૧}{૧૨}$ રૂા. : ૧ રૂા. :: $\frac{૩૮૩}{૩૮૪}$ રૂા.=૧$\frac{૩૧}{૩૫૨}$ રૂા.

જવાબ ૧$\frac{૩૧}{૩૫૨}$ રૂા.

૨૧૭. ધારો કે વહેંચવાની રકમ ૩૬ રૂા. છે તો अ ને ૩૬×$\frac{૨}{૩}$ =૨૪ રૂા. મળે, ब ને (૩૬−૨૪) ×$\frac{૩}{૪}$=૯ રૂા. મળે, क ને (૩૬−૨૪ −૯) ×$\frac{૪}{૫}$=$\frac{૧૨}{૫}$ રૂા. મળે અને ड ને બાકીના $\frac{૩}{૫}$ રૂા. મળે. હવે તે $\frac{૩}{૫}$ નો વર્ગ=$\frac{૯}{૨૫}$ તે ૩૬ બરાબર છે માટે $\frac{૯}{૨૫}$: ૩૬ :: ૩૬=૩૬૦૦ આખી રકમ હશે. ૩૬૦૦×$\frac{૨}{૩}$=૨૪૦૦ अ ને, ૩૬૦૦−૨૪૦૦=૧૨૦૦×$\frac{૩}{૪}$=૯૦૦ ब ને, ૧૨૦૦−૯૦૦=૩૦૦×$\frac{૪}{૫}$=૨૪૦ क ને અને બાકીના ૬૦ ड ને.

જવાબ. अ ને ૨૪૦૦, ब ને ૯૦૦, क ને ૨૪૦, ને ड ને ૬૦.

૨૧૮. ધારો કે તેની પાસે ૧ ભાગ હતો તો પહેલાને $\frac{૧}{૩}$ ભા.

+ ૧ આપ્યો માટે તેની પાસે બાકી $\frac{૨}{૩}$ ભા. − ૧ રહ્યા. તેના $\frac{૧}{૩}$ = $\frac{૨}{૯}$ ભા. − $\frac{૧}{૩}$ **ब** ને આપ્યા માટે ($\frac{૨}{૩}$ ભા. −૧)−($\frac{૨}{૯}$ ભા.−$\frac{૧}{૩}$) = $\frac{૪}{૯}$ ભા. −$\frac{૨}{૩}$ બાકી રહ્યા તેના $\frac{૩}{૪}$ એટલે $\frac{૧}{૩}$ ભા.−$\frac{૧}{૨}$ **क** ને આપ્યા માટે ($\frac{૪}{૯}$ ભા. −$\frac{૨}{૩}$)−($\frac{૧}{૩}$ ભા. −$\frac{૧}{૨}$)=$\frac{૧}{૯}$ ભા−$\frac{૧}{૬}$ રૂ. રહ્યા તે ૫$\frac{૫}{૬}$ રૂ બરાબર છે માટે $\frac{૧}{૯}$ ભાગ =(૫$\frac{૫}{૬}$+$\frac{૧}{૬}$) ૬ માટે ૧ ભાગ=૫૪ રૂ. જવાબ

૨૧૯. મુંબઈથી પાલધર સુધીના પહેલા વર્ગની બે ટીકીટના ૨ ×૨॥=૫ રૂ. બેસે, અને બીજા વર્ગની ત્રણ ટીકીટના ૩×૧।=૩।।। રૂ. બેસે. કુલ ૫+૩।।।=૮।।। રૂ. બેસે ત્યારે પહેલા વર્ગની ૧ ટીકીટનું ભાડું ૨$\frac{૧}{૨}$ રૂ. છે પણ અહીં તો ૨૬$\frac{૧}{૪}$ રૂ. પડે છે માટે ૮।।। રૂ. : ૨૬$\frac{૧}{૪}$ રૂ. :: ૨$\frac{૧}{૨}$ રૂ.=૭॥ રૂ. પહેલા વર્ગની ૧ ટીકીટનું ભાડું. ૮।।। રૂ. : ૨૬$\frac{૧}{૪}$ રૂ. :: ૧$\frac{૧}{૪}$ રૂ.=૩।।। રૂ. બીજા વર્ગની ૧ ટીકીટનું ભાડું જ. ૭॥, ૩।।।.

૨૨૦. ૧૨ કેરીની કિંમત ૪ સંત્રાં કરતાં ૧ આનો વધારે છે માટે ૧૨ કેરીના ૩ આના લીધા હશે એટલે ૧ કેરી ૧ પૈસે વેચતો હશે.

જે ૧૮૦ કેરી સંત્રાં કરતાં વધારે છે તેની કિંમત ૧૮૦ પૈસા=૨ રૂ. ૧૩ આના થયા તે ૪ રૂ. ૧૧ આ. માંથી બાદ ૨ કર્યા તો બાકી ૧ રૂ. ૧૪ આ. રહ્યા તે સરખાં સંત્રાં અને કેરીની કિંમત રહી.

ધારો કે ૧૨ સંત્રાં અને ૧૨ કેરી છે તો સંત્રાંના ૬ આના + કેરીના ૩ આના ઉપજે એટલે કુલ ૯ આના ઉપજે; પણ ઉપજે છે ૩૦ આના માટે ૯ આ. : ૩૦ આ. :: ૧૨ સંત્રાં. = ૪૦ સંત્રાં જવાબ.

૨૨૧. ઉદાહરણ સંગ્રહ ૧૨ ના હિસાબ ૬૯ મુજબ નક્કર ગોળાનું ઘનફળ કાઢ્યું તો ૩૩·૫૨ આવ્યું, અને પોલા ગોળાનું અંદરના પોલાણના ભાગનું ઘનફળ કાઢ્યું તો ૪·૧૯ આવ્યું માટે ૩૩·૫૨−૪·૧૯ =૨૯·૩૩ ઘનફુટ. પોલા ગોળાના નક્કર ભાગનું ઘનફળ.

૩૩·૫૨ ઘ. ફુ. : ૨૯·૩૩ ઘ. ફુ. :: ૪ પૌંડ=૩$\frac{૧}{૨}$ પૌંડ જવાબ.

૨૨૨. ૪૯ મા. ૨૦ દિ. કામ કરે તે ૯૮૦ માણસ ૧ દિ. કામ કરે તેની બરાબર છે. કામ ૫ દિવસ વહેલું પુરૂં થયું એટલે ૩૫−૫=૩૦ દિ. માં પુરૂં થયું માટે ૩૦−૨૦=૧૦ દિવસ ૪૯+૨૫=૭૪ માણસ કામે લાગેલાં તે ૭૪૦ માણસ ૧ દિ. કામે લાગે તેની બરાબર છે. ∴ ૯૮૦ +૭૪૦=૧૭૨૦ માણસો ૧ દિ.માં તે કામ પુરૂં કરે પણ ૪૯ માણસ કામે લગાડ્યાં છે માટે ૪૯ મા. : ૧૭૨૦ મા. :: ૧ દિ.=૩૫$\frac{૫}{૪૯}$ દિ. જોઇએ. પણ ૩૫ દિવસ છે માટે ૩૫$\frac{૫}{૪૯}$−૩૫=$\frac{૫}{૪૯}$ દિવસ વધારે જોઇએ.

જવાબ $\frac{૫}{૪૯}$ દિવસ.

૨૨૩. ધારો કે ૧૦૦ રૂ. મુદ્દલ છે તો ૫ ટકા પ્રમાણે ૯ મહિને ૩$\frac{૩}{૪}$ રૂ. વ્યાજ થશે પરંતુ આપણે (૧૨ મહિના : ૧૫ મહિના :: ૪ વ્યા.) ૫ વ્યાજ કરવું છે. માટે ૫−૩$\frac{૩}{૪}$=૧$\frac{૧}{૪}$ રૂ. ઉમેરવો પડે પણ હિસાબમાં ૧૫૦ રૂ. ઉમેરવાના કહે છે માટે $\frac{૫}{૪}$ રૂ. : ૧૫૦ રૂ. :: ૧૦૦ મુદ્દલ = ૧૨૦૦૦ રૂ. જવાબ.

૨૨૪. બે ઘડિઆળ વચ્ચે દરરોજ ૧$\frac{૧}{૨}$+૧=૨$\frac{૧}{૨}$ મિનિટનો તફાવત પડે માટે ૨$\frac{૧}{૨}$ મિ. : ૬૦ મિ. :: ૧ દિ=૨૪ દિવસે ૧ કલાકનો તફાવત પડે પણ બન્ને ઘડિઆળમાં બરોબર વાગવા સારૂ ૧૨ કલાકનો તફાવત પાડવો પડશે માટે ૨૪×૧૨=૨૮૮ દિવસ જોઇશે. જાનેવારીની પહેલી તારીખ પછી ૨૮૮ દિવસે એટલે અકટોમ્બરની ૧૫ મી તારીખે બન્ને ઘડિઆળ બરોબર થશે.

એક કલાકે ૧$\frac{૧}{૨}$ મિ. આગળ જાય માટે ૨૮૮ કલાકે ૭$\frac{૧}{૫}$ કલાક આગળ જશે. માટે ૭ ઉપર ૧૨ મિનિટે સરખાં થશે.

જવાબ. તા. ૧૫ મી અકટોમ્બર, ૧૮૯૬ ને રોજ ૭ ઉપર ૧૨ મિનિટે.

૨૨૫. બીજી ગાડીને ૩૦×૧॥=૪૫ માઇલ ચાલવાનું બાકી રહ્યું ત્યારે પહેલી પહોંચી ગઇ. એક કલાકે બે વચ્ચે ૩૬−૩૦=૬ માઇલનું અંતર છે માટે ૬ મા. : ૪૫ મા. :: ૧ ક. = ૭$\frac{૧}{૨}$ કલાક પહેલી ગા-

ડીને ચાલવું પડ્યું હશે. ∴ $૭\frac{૧}{૨}$×૩૬=૨૭૦ માઇલની મુસાફરી કરવાની હશે. હવે બન્ને ગાડી થઇને એક કલાકે ૩૬+૩૦=૬૬ માઇલ ચાલે છે માટે ૬૬ મા. : ૨૭૦ મા. :: ૧ ક. = $૪\frac{૧}{૧૧}$ કલાકે બે ગાડીઓ ભેગી થશે.   જવાબ $૪\frac{૧}{૧૧}$ કલાકે.

૨૨૬. ધારોકે બધા (૨૪) અર્ધાના સિક્કા છે માટે ૨૪×૦॥=૧૨ રૂ. તેની કિંમત થઇ. હવે તેના ઢબુ લઇએ તો ૧૨×૩૨=૩૮૪ આવે પણ આવવા જોઇએ ૪૫૬. માટે તે બે વચ્ચે ૭૨ સિક્કાનો તફાવત પડ્યો. હવે અડધા રૂ. ના ઢબુ અને બેઆનીની પાઇઓ એ બે વચ્ચે (૦॥ રૂ. = ૧૬ ઢબુ. ૧ બેઆની = ૨૪ પાઇ) ૨૪–૧૬=૮ સિક્કાનો તફાવત છે માટે ૮ ત. : ૭૨ ત. :: ૧ બેઆની = ૯ બેઆનીના સિક્કા, અને ૨૪–૯=૧૫ અડધાના સિક્કા.

૯ બેઆની = ૧ રૂ. ૨ આ. અને ૧૫ અડધા=૭ રૂ. ૮ આના માટે ૭ રૂ. ૮ આ. + ૧ રૂ. ૨ આ. = ૮ રૂ. ૧૦ આના. જવાબ.

૨૨૭. ધારો કે બધા ઘોડા લીધા તો ૩૬ ઘોડાના ૩૦૦+૬૦= ૩૬૦ રૂ. બેઠા માટે ૧ ઘોડાના ૩૬૦÷૩૬=૧૦ રૂ. બેઠા હશે.

જો બધી ગાય લીધી હોય તો ૩૬ ગાયના ૩૦૦–૪૮=૨૫૨ રૂ. બેસે માટે ૧ ગાયના ૨૫૨÷૩૬=૭ રૂ. બેસે. ∴ ૧ ગાયને ૧ ઘોડાની કિંમત વચ્ચે ૧૦–૭=૩ રૂ. નો તફાવત પડે છે તેથી ૩ રૂ : ૬૦ રૂ. :: ૧ ગાય = ૨૦ ગાય અને બાકીના ૩૬–૨૦=૧૬ ઘોડા.

જવાબ. ૨૦ ગાય ને ૧૬ ઘોડા.

